સાપ્તાહિક
203 વર્ષ
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 16
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ ચૈત્ર વદ-૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૨૦ એપ્રિલ, ૨૦૨૫, (૧૬ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

વિલે પાર્લેનું દેરાસર તોડવાનો વિવાદ

# મંદિર વહીં બનાયેંગે...



## હજારોની સંખ્યામાં રેલીમાં જોડાયેલા જૈનોની બે મોટી જીત: કાટમાળ હટાવવાનો અને ડિમોલિશન માટે જવાબદાર અધિકારીની બદલીના આદેશ

**જનાક્રોશ:** વિલે પાર્લેમાં કાંબળીવાડીમાં આવેલા દેરાસરને સુધરાઈ દ્વારા તોડી પાડવામાં આવ્યું તેના વિરોધમાં ગઈ કાલે હજારો જૈનોએ વિશાળ રેલી કાઢી હતી. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિલે પાર્લે (પૂર્વ)ની કાંબળીવાડીમાં આવેલા શ્રી ૧૦૦૮ પાર્શ્વનાથ દિગમ્બર જૈન દેરાસરને પાલિકા દ્વારા ૧૬ એપ્રિલ, ૨૦૨૫ના તોડી પાડવાના વિરોધમાં આક્રમક થયેલા જૈનોએ શનિવારે એક વિશાળ રેલી યોજીને સંબંધિત અધિકારીને હટાવી દેવાની અને દેરાસર પાછું બાંધી આપવાની માગણી કરી હતી. તેની સામે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ શનિવારે દેરાસરના તોડી પાડવામાં

(જુઓ પાનું ૨) ▸▸

ANTARA GOLD & DIAMONDS DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 87,840/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
WE BUY OLD GOLD AT BEST RATE
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS




## ૨૦ દિવસમાં જ નવનાથ ઘાડગેને રવાના કરાયા

વિલેપાર્લામાં જૈન દેરાસર તોડી પાડવાનો જોરદાર વિરોધ થયા બાદ શનિવારે પાલિકાએ કે-પૂર્વ વોર્ડના આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર (એએમસી) નવનાથ ઘાડગેની બદલી કરી હતી. ઘાટગેની આ પદ પર નિયુક્તિ કરાયાના ફક્ત વીસ દિવસમાં જ આ કાર્યવાહી કરવામાં આવી છે. હાલમાં એચ-પૂર્વ વોર્ડમાં એએમસીની ફરજ બજાવી રહેલાં સ્વપ્નજા ક્ષીરસાગરને કે-પૂર્વ વોર્ડનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

કે-પૂર્વ વોર્ડમાં એએમસી તરીકે સૌથી ટૂંકા સમયગાળા માટે સેવા આપનારા ઘાડગે પહેલા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટ હેઠળ અર્બન સેનિટેશન પ્રોગ્રામ માટે ડેપ્યુટી ચીફ એન્જિનિયરના પદ પર હતા. તાજેતરમાં બહુ ઝટપટ થયેલી બે બદલીઓમાંથી એક છે. ગયા મહિને એફ-ઉત્તર વોર્ડના એએમસી નીતિન શુકલાની ફક્ત અખત્યાર સંભાળ્યાના ફક્ત બે મહિનામાં બદલી કરવામાં આવી હતી. માટુંગા ફુલ બજારમાં સ્ટોલ તોડી પાડવા મુદ્દે સ્થાનિકોનો વિરોધ સહન કર્યા બાદ રાજકીય દખલગીરી બાદ તેમની બદલી કરાઇ હતી. ■

## મુર્શિદાબાદ હિંસાની સીબીઆઇ તપાસ યોજવા માગણી

### રાજ્યપાલ મરનારા લોકોના પરિવારને મળ્યા

કોલકાતા: પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સી. વી. આનંદ બોઝ મુર્શિદાબાદમાં સુધારિત વક્ફ કાયદા-વિરોધી હિંસામાં માર્યા ગયેલા એક માણસ અને તેના દીકરાના પરિવારને ઘેર જઇને મળ્યા હતા અને દરેક પ્રકારની સહાય કરવાની બાંયધરી આપી હતી. અસરગ્રસ્તોએ આ હિંસાની સીબીઆઇ દ્વારા તપાસ યોજવાની માગણી કરી હતી.

અગાઉ, રાજ્યપાલે શુક્રવારે હિંસાથી અસરગ્રસ્ત લોકોને મળીને

(જુઓ પાનું ૨) ▸▸

## દિલ્હીમાં બહુમાળી ઈમારત ધરાશાયી: ૧૧નાં મોત

નવી દિલ્હી: ઈશાન દિલ્હીના શક્તિ વિહાર વિસ્તારમાં શનિવારે એક બહુમાળી ઈમારત તૂટી પડવાની ઘટનામાં ઓછામાં ઓછાં ૧૧ જણનાં મોત થયાં હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. દિલ્હીના મુસ્તફાબાદ વિસ્તારમાં આ ઘટના બની હતી. ફસાયેલા તમામ લોકોને કાટમાળ હેઠળથી બહાર કાઢવામાં આવ્યા હોવાનું વધારાના ડીસીપી (નોર્થ-ઈસ્ટ) સંદીપ લામાએ કહ્યું હતું.

કમનસીબે ઉગારી લેવામાં આવેલાઓમાંથી ૧૧નાં મોત થયાં હતાં અને બાકીના ૧૧ને સારવારાર્થે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું.

ગીચ વિસ્તારમાં આ ઘટના બની હોવાને કારણે કાટમાળ ખસેડવાનું કામ ધીમી ગતિએ ચાલી રહ્યું હોવાનું તેમણે કહ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યાનુસાર ઈમારતના ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલી બે-ત્રણ દુકાનમાં ચાલી રહેલું બાંધકામ આ દુર્ઘટના માટે જવાબદાર હોવાનું માનવામાં આવે છે. જગ્યાના અભાવને કારણે અત્યાધુનિક ઉપકરણોને સેવામાં લઈ શકાય એમ ન હોવાને લીધે રાહત અને બચાવ કામગીરી ધીમી ચાલી રહી છે. શનિવારે વહેલી સવારે ૩:૦૨ વાગ્યે ઘટનાની જાણ કરતો ફોન આવ્યો

હોવાનું દયાલપાર પોલીસ સ્ટેશનના અધિકારીઓએ કહ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ પોલીસની ટીમ ઘટનાસ્થળે એટલે કે શક્તિ વિહારની ગલી નં.૧ પહોંચી હતી.

નેશનલ ડિઝાસ્ટર રેસ્ક્યુ ફોર્સ (એનડીઆરએફ), દિલ્હી ફાયર સર્વિસ (ડીએફએસ) અને એમ્બ્યુલન્સ સેવા પણ રાહત કામગીરી માટે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

એનડીઆરએફની બે ટુકડી અને ડીએફએસની ટુકડી હાલ રાહત કામગીરીમાં જોડાયેલી છે. (એજન્સી)

### મુખ્ય પ્રધાને તપાસના આદેશ આપ્યા

નવી દિલ્હી: દિલ્હીના મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાએ શનિવારે ઉત્તર-પૂર્વ દિલ્હીના મુસ્તફાબાદમાં ઇમારાત ધરાશાયી થવાની ઘટનાની તપાસના આદેશ આપ્યા છે. જેમાં ૧૧ લોકોનાં મોત નીપજ્યાં હતા અને ૧૧૧ લોકો ઘાયલ થયા હતા.

ગુપ્તાએ જણાવ્યું કે દિલ્હી ડિઝાસ્ટર મેનેજમેન્ટ (ડીડીએમએ), નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ), દિલ્હી ફાયર સર્વિસ (ડીએફએસ) અને અન્ય એજન્સીઓ રાહત અને બચાવ કામગીરીમાં રોકાયેલા છે. તમામ ઘાયલોની યોગ્ય સારવાર માટે વ્યવસ્થા કરવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું.

મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાએ એક્સ પર જણાવ્યું કે મુસ્તફાબાદમાં ઇમારત ધરાશાયી થવાની દુઃખદ ઘટનાથી ખૂબ દુઃખ થયું છે. ઘટનાની તપાસના આદેશ આપવામાં

આવ્યા છે અને દોષિતો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે. મુખ્ય પ્રધાને જણાવ્યું કે આ દુર્ભાગ્યપૂર્ણ દુર્ઘટનામાં જીવ

(જુઓ પાનું ૨) ▸▸

## કેનેડામાં ભારતીય વિદ્યાર્થિનીનું મોત

### મૃતદેહ ભારત લાવવા પરિવારજનોએ કેન્દ્ર સરકારની મદદ માગી

તરન તરન: કેનેડામાં આકસ્મિક રીતે ગોળી વાગવાથી મૃત્યુ પામેલી ૨૧ વર્ષની ભારતીય વિદ્યાર્થિનીનો મૃતદેહ ભારત લાવવા મદદ કરવા પરિવારજનોએ કેન્દ્ર સરકારને વિનંતી કરી હતી.

કામના સ્થળેથી ઘરે જવા બસ સ્ટોપ પર બસની રાહ જોઈ રહેલી હરસિમરત કૌર રંધવાનું છાતીમાં ગોળી વાગવાથી મોત થયું હતું.

કૌર ઑન્ટારિયોના હૅમિલ્ટનસ્થિત મોહવાક કૉલેજમાં અભ્યાસ કરતી હતી.

સારવારાર્થે તાત્કાલિક તેને હૉસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, પરંતુ ત્યાં તેને મૃત જાહેર કરવામાં આવી હતી.

તરન તરન જિલ્લાના ગોન્દવાલ સાહિબસ્થિત

(જુઓ પાનું ૨) ▸▸

## કિશ્તવાડમાં ભૂસ્ખલન થતાં મચૈલ માતાના મંદિરે જવાનો માર્ગ ત્રણ દિવસથી બંધ

જમ્મુ: જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં ભેખડો ધસી પડવાને લીધે મચૈલ માતાના મંદિરે જવાનો રસ્તો ત્રણ દિવસથી બંધ છે.

શિયાળા બાદ મચૈલ માતાનું મંદિર દર્શનાર્થે હજી ગયા અઠવાડિયે જ ખોલાયું હતું. દરમિયાન, વધુ ભૂસ્ખલનના ભયને લીધે ઓછામાં ઓછા ૨૨ પરિવારનું સલામત જગ્યાએ સ્થળાંતર કરાવાયું હતું.

કિશ્તવાડ - પદ્દાર રોડ પરના વાહનવ્યવહારને અટકાવી દેવાયો હતો. મચૈલ માતાના મંદિરે જવાનો આ રસ્તો સતત ત્રીજા દિવસે પણ બંધ રાખવો પડ્યો હતો.

જિલ્લા વિકાસ કમિશનર રાજેશકુમાર શવાને ભેખડો ધસી પડવાની જ્યાં સંભાવના વધુ છે ત્યાંની પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું અને જરૂરી પગલાં લેવા સૂચના આપી હતી.

સ્થાનિક લોકો ભેખડો ધસી પડવાના ભય માટે કિરુ ખાતેના જળવિદ્યુત પ્રકલ્પને જવાબદાર ગણાવે છે.

અહીં પર્વતો પરથી સતત ભેખડો ધસી પડતી હોવાથી ૨૦૦ મીટરથી વધુ લાંબા રસ્તાને નુકસાન થયું છે. રસ્તાનું સમારકામ યુદ્ધના ધોરણે હાથ ધરાયું હતું.

ભાજપના સ્થાનિક વિધાનસભ્ય સુનીલ શર્માએ ભેખડો ધસી પડવાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માગણી કરી હતી અને જણાવ્યું હતું કે અહીં છેલ્લાં દોઢ વર્ષથી અવારનવાર ભૂસ્ખલનની ઘટના બને છે અને તેનો જલદી ઉકેલ લાવવો જોઇએ. (એજન્સી) ■

## પંજાબમાં બે ત્રાસવાદી મૉડ્યૂલનો પર્દાફાશ

### વિપુલ માત્રામાં વિસ્ફોટકો જપ્ત: ૧૩ જણની ધરપકડ

ચંડીગઢ: પંજાબ પોલીસે પાકિસ્તાનની ઇન્ટર-સર્વિસીસ ઇન્ટેલિજન્સ (આઇએસઆઇ)નો ટેકો ધરાવતા ખાલિસ્તાની ત્રાસવાદીઓના બે મૉડ્યૂલનો પર્દાફાશ કરીને ૧૩ જણની ધરપકડ કરી હતી તેમ જ વિપુલ માત્રામાં વિસ્ફોટકો જપ્ત કર્યા હતા.

પંજાબ પોલીસે બે રૉકેટ-પ્રોપેલ્ડ ગ્રેનેડ, બે હાથગોળા, આઇઇડી અને આરડીએક્સ તેમ જ શસ્ત્રો જપ્ત કર્યાં હતાં. પોલીસ ડિરેક્ટર

(જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકામાંથી વેનેઝુએલાના લોકોનો દેશનિકાલ રોકતી સુપ્રીમ કોર્ટ

ન્યૂ યોર્ક: અમેરિકાની સર્વોચ્ચ અદાલતે ટેક્સાસના ડિટેન્શન સેન્ટરમાં રખાયેલા વેનેઝુએલાના નાગરિકોનો દેશનિકાલ હાલમાં રોકવાનો આદેશ આપ્યો હતો.

અગાઉ, અમેરિકન સિવિલ લિબર્ટીઝ યુનિયને શુક્રવારે જણાવ્યું હતું કે અમે ટ્રમ્પના વહીવટીતંત્ર દ્વારા ૧૮મી સદીના યુદ્ધના સમયના કાયદા હેઠળ ઉત્તર ટેક્સાસમાંથી વેનેઝુએલાના કોઇનો દેશનિકાલ નહિ કરવા બે ફેડરલ જજને વિનંતિ કરી હતી.

અમેરિકન સિવિલ લિબર્ટીઝ યુનિયને ફિફ્થ સર્કિટ

(જુઓ પાનું ૨) ▸▸

### ૧૧ નક્સલીના આત્મસમર્પણ સાથે

## બડેસટ્ટી છત્તીસગઢની પ્રથમ નક્સલમુક્ત ગ્રામ પંચાયત બની

સુકમા: છત્તીસગઢના સુકમા જિલ્લામાં બડેસટ્ટી શુક્રવારે ૧૧ નક્સલીના આત્મસમર્પણ સાથે રાજ્યની પ્રથમ નક્સલમુક્ત ગ્રામ પંચાયત બની છે, જેના કારણે દૂરના વિસ્તારને નવી સરકારી યોજના મુજબ એક કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ્સ માટે પાત્ર બનાવવામાં આવ્યો છે. છત્તીસગઢ નક્સલી શરણાગતિ/પીડિત રાહત અને પુનર્વસન નીતિ-૨૦૨૫નો ભાગ, એલવાડ પંચાયત યોજના નામની યોજનામાં નક્સલીઓના આત્મસમર્પણને સરળ બનાવતી અને પોતાને માઓવાદી મુક્ત જાહેર કરતી ગ્રામ પંચાયતોને એક કરોડ રૂપિયાના વિકાસ કાર્યો મંજૂર કરવાની જોગવાઈ છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. ''પોલીસના સમર્થનથી,

(જુઓ પાનું ૨) ▸▸

## ભારતે બાંગ્લાદેશમાં હિન્દુ નેતાની હત્યાને વખોડી

નવી દિલ્હી: ભારતે શનિવારે બાંગ્લાદેશમાં હિન્દુ લઘુમતી નેતાના કથિત અપહરણ અને હત્યાની નિંદા કરી હતી અને ઢાકામાં વચગાળાની સરકારને લઘુમતીઓનું રક્ષણ કરવાની તેની જવાબદારી નિભાવવા હાકલ કરી હતી.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ભાવેશ ચંદ્ર રોયની 'ક્રૂર હત્યા' બાંગ્લાદેશમાં હિન્દુ લઘુમતીઓના 'વ્યવસ્થિત સતાવણીના પેટર્ન' ફરી એકવાર વચગાળાની સરકારને યાદ અપાવીએ છીએ કે તેઓ બહાના શોધ્યા વિના કે ભેદભાવ કર્યા વિના હિન્દુઓ સહિત તમામ લઘુમતીઓનું રક્ષણ કરવાની પોતાની જવાબદારી નિભાવે,' એમ તેમણે ઉમેર્યું હતું.

ગયા વર્ષે ઓગસ્ટમાં સરકાર વિરોધી ભારે વિરોધને કારણે પદભ્રષ્ટ વડા પ્રધાન શેખ હસીના ઢાકાથી ભાગી ગયા પછી ભારત-બાંગ્લાદેશ

(જુઓ પાનું ૨) ▸▸



## સાપ્તાહિક ભવિષ્ય – પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૦–૪–૨૦૨૫ થી તા. ૨૬–૪–૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં મેષ રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ કર્ક રાશિમાં ભ્રમણ કરે છે. બુધ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. ગુરુ વૃષભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે ધનુમાંથી મકર રાશિમાં તા. ૨૦મીએ પ્રવેશે છે. તા. ૨૩મીએ કુંભ રાશિમાં, તા. ૨૫મીએ મીન રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં તેજીના વેપારમાં લાભ થશે. નોકરી માટે દૂરના સ્થળનો પ્રવાસ શક્ય છે. પ્રવાસ દ્વારા કામકાજ સંપન્ન થશે. સપ્તાહમાં રાજકારણના કામકાજમાં આત્મવિશ્વાસ દૃઢ થશે. વ્યવસ્થાશક્તિ, આત્મવિશ્વાસ, કાર્યક્ષમતાનો પૂર્ણ ઉપયોગ કરી શકશો. વેપારમાં લાભ થાય, પરંતુ અકારણ નાણાં ખર્ચ ઉપર સાવધાની દાખવવી જરૂરી છે. મહિલાઓને પરિવારના કામકાજમાં વડીલોનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓનો શૈક્ષણિક કાર્યક્રમ સફળ થશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લે–વેંચના વેપારમાં લાભ થશે. નોકરી માટે તા. ૨૨, ૨૩, ૨૪ શુભ પુરવાર થશે. નોકરીમાં ઉપરી અધિકારી ઉપયોગી થશે. જૂનાં ઉઘરાણીના નાણાંની વસૂલી થાય. નાણાંના આવકનાં સાધનો વધુ સક્ષમ બની રહેશે. વેપાર વધશે. મહિલાઓને કાર્યક્ષેત્રે પતિનો સહયોગ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યયનના નિર્ણયો સફળ પુરવાર થશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. નવું નાણાંનું આયોજન જણાય છે. નોકરીમાં ઉપરી અધિકારી તથા સહકાર્યકરોમાં સંપ વધશે. નવા નાણાં આવકનાં સાધનો મેળવશો. આયોજનબદ્ધ કામકાજ પૂર્ણ કરવા માટે ગોચરફળ શુભ જણાય છે. નાણાં વ્યવસ્થા જળવાઈ રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં નવા કામકાજના પ્રારંભ માટે સફળતા જણાશે. વિદ્યાર્થીઓને વિભાગીય પરીક્ષામાં સફળ રહેશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણાંનું રોકાણ શક્ય છે. શૅરબજારની કાર્યપદ્ધતિમાં પરિવર્તનો લાવશો. નોકરીમાં તા. ૨૧, ૨૫ શુભ જણાય છે. કારોબાર માટેના થતાં પ્રવાસ શુભ પુરવાર થશે. વેપાર વધશે. કાર્યક્ષેત્રની નાણાં આવકની વૃદ્ધિ થશે. આત્મવિશ્વાસ અને કાર્યદક્ષતાપૂર્વક હસ્તગત કાર્યો પૂર્ણ કરી શકશો. મહિલાઓના પરિવારના કામકાજ સફળ બનશે. વિદ્યાર્થીઓ અભ્યાસ ક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળ રહેશે. નોકરીમાં નિયમિતતા અને સફળતા મેળવશો. ભાગીદાર ઉપયોગી થશે. ભાગીદાર સાથેના આર્થિક વ્યવહાર સફળ નીવડશે. રાજકારણ માટે ગોચરફળ શુભ નથી. કુટુંબજીવનના મતભેદો દૂર થવાથી મહિલાઓને સફળતા પ્રાપ્ત થાય. પરિવાર માટે કિંમતી ચીજોની ખરીદી કરી શકશો. વિદ્યાર્થીઓના અધ્યયનના નિર્ણયો સફળ બની રહેશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં યશ મેળવશો. નોકરી માટે તા. ૨૩, ૨૪, ૨૫ શુભ છે. ભાગીદારીના મતભેદો દૂર થાય. વેપાર વધશે. વેપારનાં મિત્રોમાં યશ મેળવશો. કારોબારની નાણાં આવકની વૃદ્ધિ થશે. ભાગીદાર સાથેના વિવાદનો ઉકેલ આવશે. નાણાં વ્યવસ્થા જળવાઈ રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસની તક મળશે. મહિલાઓને તીર્થયાત્રા પ્રવાસની તક પ્રાપ્ત થશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણાં રોકાણ શક્ય છે. નોકરી માટે તા. ૨૩, ૨૪, ૨૫ સાનુકૂળ બની રહેશે. રાજકારણની પ્રવૃત્તિઓમાં સાવધાની દાખવવી જરૂરી છે. મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે અકારણ નાણાં ખર્ચ થાય તેમ છે. પરંતુ નાણાં આવક જળવાઈ રહેશે. મહિલાઓને નોકરીમાં યશસ્વી અનુભવ થશે. પતિનો સહયોગ મેળવશો. વિદ્યાર્થીઓ અભ્યાસમાં નિયમિતતા જાળવી શકશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ રહેશે. નોકરી માટે તા. ૨૧, ૨૨, ૨૬ શુભ જણાય છે. સંતાન પરિવારના કારોબારમાં સામેલ થશે. નાણાં વ્યવસ્થા વધુ સુનિશ્ચિત, આયોજનબદ્ધ બનાવી શકશો. પ્રવાસ દ્વારા જૂની ઉઘરાણીની વસૂલીના કામકાજ સફળ બનશે. મહિલાઓને સામાજિક પ્રવૃત્તિઓમાં યશસ્વી અનુભવ થાય. વિદ્યાર્થીઓનો શિક્ષણક્ષેત્રે સફળ અનુભવ નિર્માણ થશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં આત્મવિશ્વાસ વધુ દૃઢ બનશે. ઉત્સાહ વધશે. વેપાર લાભદાયી પુરવાર થાય. નોકરી માટે તા. ૨૩, ૨૪ના નિર્ણયો સફળ બની રહેશે. વેપારમાં જરૂરી સાધનો મેળવી શકશો. વેપારની પ્રવૃત્તિઓમાં યશ મેળવશો. નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓ પરિવારજનો માટે જરૂરી સાધનો મેળવી શકશે. તીર્થયાત્રા પ્રસંગનું આયોજન સફળ નીવડશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યયનના કામકાજ સફળ બની રહેશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા કામકાજ અને નવા રોકાણના નિર્ણયો લઈ શકશો. જરૂરી માર્ગદર્શન મેળવશો. નોકરી માટે પ્રવાસ શક્ય છે. કાર્યક્ષેત્રે સરકારી કામકાજ સફળ થાય. નોકરીમાં તા. ૨૧, ૨૨, ૨૫, ૨૬ શુભ પુરવાર થશે. અપયશનો ભય દૂર થશે. મહિલાઓને નિજી પ્રવૃત્તિઓમાં પતિનો સહયોગ પ્રાપ્ત થાય. નાણાં વ્યવસ્થા વધુ સાનુકૂળ અને મજબૂત બની રહેશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણાંરોકાણ શક્ય જણાય છે. નોકરીમાં ઉપરી અધિકારીની મદદ મેળવશો. કાર્યક્ષેત્રે આત્મવિશ્વાસ વધશે. મિત્રોની મદદ મેળવશો. રાજકારણ, જાહેરજીવનની પ્રવૃત્તિઓમાં યશ મેળવશો. અધિકારીના સહયોગથી મહિલાઓને નોકરીમાં જૂનાં અધૂરાં કાર્યો પૂર્ણ કરવામાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અધ્યયનના પ્રારંભ માટે સફળતા જણાશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળ રહેશે. નોકરીમાં તા. ૨૧, ૨૨, ૨૪, ૨૫ શુભ પુરવાર થશે. ભાઈ–બહેનો સાથેના નાણાં વ્યવહાર આ સપ્તાહમાં સફળતાથી પૂર્ણ કરી શકશો. પરિવારમાં સંપ જળવાશે. પરિવારના સભ્યોની પ્રગતિ થશે. સગવડતાનાં સાધનો મેળવી શકશો. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબમાં યશસ્વી અનુભવ થાય. સ્વાસ્થ્ય જળવાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યયનના કામકાજ નિયમિત જળવાઈ રહેશે. ■

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ,

### રવિવાર, તા. ૨૦–૪–૨૦૨૫, વાર અને પર્વનો ઉત્તમ યોગ ભાનુ સપ્તમી, કાલાષ્ટમી

ભારતીય દિનાંક ૩૦, માહે ચૈત્ર, શકે ૧૯૪૭

વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ચૈત્ર વદ – ૭

જૈન વીર સંવત ૨૫૫૧, માહે ચૈત્ર, તિથિ વદ–૭

પારસી શહેનશાહી રોજ ૯મો આદર, માહે ૯મો આદર, સને ૧૩૯૪

પારસી કદમી રોજ ૯મો આદર, માહે ૧૦મો આવાં, સને ૧૩૯૪

પારસી ફસલી રોજ ૧લો હોરમજદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪

મુસ્લિમ રોજ ૨૧મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬

મીસરી રોજ ૨૨મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬

નક્ષત્ર પૂર્વાષાઢા સવારે ક. ૧૧–૪૭ સુધી, પછી ઉત્તરાષાઢા

ચંદ્ર ધનુમાં સાંજે ક. ૧૮–૦૩ સુધી, પછી મકરમાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ), મકર (ખ, જ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૭, સ્ટા.ટા.,

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૫, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૦, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

ભરતીઃ સાંજે ક.૧૬–૫૧, મધ્યરાત્રિ પછી ક. ૦૪–૨૦ (તા. ૨૧)

ઓટઃ સવારે ક. ૦૯–૩૪, રાત્રે ક. ૨૩–૧૧

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ – સપ્તમી. ભાનુ સપ્તમી, કાલાષ્ટમી, ઈસ્ટર સન્ડે, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૬–૪૭.

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.

મુહૂર્ત વિશેષઃ લગ્ન, સર્વદેવ પ્રતિષ્ઠા.

ભાનુ સપ્તમી ઉત્સવ, સૂર્યનારાયણ મંદિરોમાં વિશેષ ભગવાન સૂર્યનારાયણનું પૂજન, ગાયત્રી હવન જાપ, શિવ–પાર્વતી પૂજા, કુળદેવીનું પૂજન, સપ્તસતી પાઠ હવન, પરગામ પ્રયાણ મધ્યમ, માલ વેંચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, નિત્ય થતાં પશુ લે–વેંચના કામકાજ,

આચમનઃ શુક્ર–રાહુ યુતિ, વ્યવહારમાં ઊણપ, ચંદ્ર–હર્ષલ ત્રિકોણ એકાગ્ર સ્વભાવ.

ખગોળ જ્યોતિષઃ શુક્ર–રાહુ યુતિ, ચંદ્ર–હર્ષલ ત્રિકોણ,

ગ્રહગોચરઃ સૂર્ય–મેષ, માર્ગી મંગળ–કર્ક, માર્ગી બુધ–મીન, માર્ગી ગુરુ–વૃષભ, માર્ગી શુક્ર–મીન, માર્ગી શનિ–મીન, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૦–૪–૨૦૨૫ થી તા. ૨૬–૪–૨૦૨૫

રવિવાર, ચૈત્ર વદ–૭, વિ. સં. ૨૦૮૧, તા. ૨૦મી એપ્રિલ, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર પૂર્વાષાઢા સવારે ક. ૧૧–૪૭ સુધી, પછી ઉત્તરાષાઢા. ચંદ્ર ધનુમાં સાંજે ક. ૧૮–૦૩ સુધી, પછી મકર રાશિ પર જન્માક્ષર. ભાનુ સપ્તમી, કાલાષ્ટમી, ઈસ્ટર સન્ડે, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૬–૪૭. લગ્ન, સર્વદેવ પ્રતિષ્ઠા શુભ દિવસ.

સોમવાર, ચૈત્ર વદ–૮, તા. ૨૧મી ઉત્તરાષાઢા બપોરે ક. ૧૨–૩૬ સુધી, પછી શ્રવણ. ચંદ્ર મકરમાં મધ્યરાત્રે ક. ૨૪–૩૦ સુધી, પછી કુંભ રાશિ પર જન્માક્ષર. ભારતીય વૈશાખ માસારંભ. લગ્ન, વાસ્તુકળશ ખાતમુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા (બપોરે ક. ૧૨–૩૮ પછી શુભ)

મંગળવાર, ચૈત્ર વદ–૯, તા. ૨૨મી એપ્રિલ, નક્ષત્ર શ્રવણ બપોરે ક. ૧૨–૪૩ સુધી, પછી ઘનિષ્ઠા. ચંદ્ર મકરમાં મધ્યરાત્રે ક. ૨૪–૩૦ સુધી, પછી કુંભ રાશિ પર જન્માક્ષર. પંચક પ્રારંભ મધ્યરાત્રે ક. ૨૪–૩૦, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૯–૩૨, લગ્ન, સિવાયનાં શુભ કાર્યો વર્જ્ય છે.

બુધવાર, ચૈત્ર વદ–૧૦, તા. ૨૩મી, નક્ષત્ર ઘનિષ્ઠા બપોરે ક. ૧૨–૦૭ સુધી, પછી શતભિષા

ચંદ્ર કુંભ રાશિ પર જન્માક્ષર. બાબુ કેયુરસિંહ શહીદ દિન (બિહાર), પંચક, ભદ્રા સમાપ્તિ સાંજે ક. ૧૬–૪૩. વાસ્તુકળશ, (બપોરે ક. ૧૨–૩૭ પછી શુભ કાર્ય વર્જ્ય છે.)

ગુરુવાર, ચૈત્ર વદ–૧૧, તા. ૨૪મી, નક્ષત્ર શતભિષા સવારે ક. ૧૦–૪૮ સુધી, પછી પૂર્વાભાદ્રપદા ચંદ્ર કુંભમાં ક. ૨૭–૨૫ સુધી, પછી મીન રાશિ પર જન્માક્ષર. વરુથિની એકાદશી (સક્કરટેટી), શ્રી વલ્લભાચાર્ય જયંતી, પંચક. ખાતમુહૂર્ત, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, શુભ દિવસ.

શુક્રવાર, ચૈત્ર વદ–૧૨, તા. ૨૫મી, નક્ષત્ર પૂર્વાભાદ્રપદા સવારે ક. ૦૮–૫૩ સુધી, પછી ઉત્તરાભાદ્રપદા

ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. પ્રદોષ, પંચક, લગ્ન, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા. શુભ દિવસ.

શનિવાર, ચૈત્ર વદ–૧૩, તા. ૨૬મી નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા સવારે ક. ૦૬–૨૬ સુધી, પછી રેવતી મધ્યરાત્રિ પછી ૨૭–૩૮ (તા. ૨૭) પછી અશ્વિની. ચંદ્ર મીનમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭–૩૮ સુધી (તા. ૨૭), પછી મેષ રાશિ પર જન્માક્ષર. ચતુર્દશી ક્ષયતિથિ છે. શિવરાત્રિ, ભદ્રા સવારે ક. ૦૮–૨૭થી સાંજે ક. ૧૮–૪૧. પંચક સમાપ્તિ મધ્યરાત્રિ પછી ક. ૨૭–૩૮, શુભ કાર્ય વર્જ્ય છે. ■

# પાકિસ્તાનમાં ૫.૯ની તીવ્રતાનો ભૂકંપ

ઈસ્લામાબાદઃ પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં શનિવારે ૫.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જોકે ભૂકંપને કારણે જાનમાલનું નુકશાન થયું હોવાનાં કોઈ અહેવાલ નથી. નેશનલ સિસ્મિક મોનિટરિંગ સેન્ટરના જણાવ્યાનુસાર ભૂકંપનું કેન્દ્રબિંદુ અફઘાનિસ્તાન–તાજિકિસ્તાનના સરહદી વિસ્તાર નજીક ૯૫ કિ.મી.ની ઊંડાઈએ આવેલું હતું.

ઈસ્લામાબાદ, લાહોર, પેશાવર, રાવલપિંડી સહિત ખૈબર પખ્તુનખ્વાના વિવિધ વિસ્તારોમાં ભૂકંપનાં આંચકા અનુભવાયા હતા.

ભૂકંપનાં સૌથી તીવ્ર આંચકા ખૈબર પખ્તુનખ્વાના લૉઅર દિર, બાજૌર, મલકંદ, નૌશેરા, દિરબાલા, શાબકદાર વિસ્તારમાં અનુભવાયા હતા જેને કારણે લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો.

ગયા શનિવારે પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદ, પંજાબ પ્રાન્ત અને ખૈબર પખ્તુનખ્વાના અનેક વિસ્તારોમાં ૫.૫ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયા બાદ એક જ અઠવાડિયામાં આ બીજો ભૂકંપ આવ્યો હતો.

પાકિસ્તાનમાં અવારનવાર ભૂકંપ અનુભવાય છે. છેલ્લે વર્ષ ૨૦૦૫માં આવેલા વિનાશક ભૂકંપમાં ૭૪,૦૦૦ કરતાં પણ વધુ લોકોનાં મોત થયાં હતાં. (એજન્સી) ■

# જેઈઈ મેઈન્સની બીજી આવૃત્તિમાં ૨૪ વિદ્યાર્થીઓના પરફેક્ટ ૧૦૦ માર્ક્સ

## તણાવ દૂર કરવા જેઈઈ મેઈનના ટોપરોએ આપ્યો સફળતાનો મંત્ર નૉ ફોન્સ, સંપૂર્ણ ધ્યાન અભ્યાસ પર અને પ્લાન 'બી'

નવી દિલ્હીઃ તણાવ દૂર કરવા જેઈઈ મેઈનના ટોપરોએ સફળતાનો મંત્ર આપ્યો હતો અને કહ્યું હતું કે આ માટે વિદ્યાર્થીઓએ ફોનનો ઉપયોગ બંધ કરવો જોઈએ, સંપૂર્ણ ધ્યાન અભ્યાસ પર કેન્દ્રિત કરવું જોઈએ અને પ્લાન 'બી' તૈયાર રાખવો જોઈએ.

જેઈઈ મેઈન્સની બીજી આવૃત્તિમાં કુલ ૨૪ વિદ્યાર્થીએ પરફેક્ટ ૧૦૦ એનટીએ સ્કૉર કર્યો હતો.

આ ૨૪ વિદ્યાર્થીઓમાં રાજસ્થાનના સાત, તેલંગણા, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્ર પ્રત્યેકના ત્રણ, દિલ્હી, પ. બંગાળ અને ગુજરાત પ્રત્યેકના બે તેમ જ કર્ણાટક અને આંધ્ર પ્રદેશ પ્રત્યેકના એક વિદ્યાર્થીનો સમાવેશ થાય છે.

રાજસ્થાનના કોટાના રહેવાસી અને જેઈઈના ટોપર્સમાંનાં એક ઓમપ્રકાશ બહેરાએ કહ્યું હતું કે સંપૂર્ણ ધ્યાન અભ્યાસ પર કેન્દ્રિત રહે તે માટે હું મોબાઈલ ફોનનો ઉપયોગ કરવાથી દૂર રહેતો હતો અને જેમાં સૌથી વધુ માર્ક્સ મેળવી શકાય હોય તેવા પ્રકરણોના અભ્યાસ પર વધુ ધ્યાન આપતો હતો.

અભ્યાસના ભારથી તણાવમુક્ત રહી શકાય તે માટે માતા માતાપિતા મને હંમેશાં પ્લાન 'બી' તૈયાર રાખવા જણાવતાં હતાં, એમ તેણે કહ્યું હતું.

ટોપર્સની યાદીમાં સ્થાન પામેલાં રાજસ્થાનના અન્ય એક વિદ્યાર્થી રજિત ગુપ્તાનું કહેવું છે કે નવમા ધોરણથી જ મેં મારું લક્ષ્ય સ્પષ્ટ રાખ્યું હતું અને મુશ્કેલ પ્રશ્નોના જવાબ શોધી કાઢવા પર વધુ ધ્યાન આપતો હતો.

તેલંગણાના વાન્ગલા અજય રેડ્ડીનું કહેવું છે કે જેઈઈ મેઈન્સ સૌથી મુશ્કેલ પરીક્ષા હોવાનું હું કાયમ સાંભળતો હતો. આ બાબત દબાણ વધારતી હતી, પરંતુ હું મૉક ટેસ્ટના પરિણામને વધુ ધ્યાન પર નહોતો લેતો અને મનને શાંત રાખતો હતો.

મને ખબર હતી કે પરીક્ષામાં હું સારો દેખાવ કરીશ, પરંતુ પૂરા ૧૦૦ ટકા માર્ક્સ આવશે એવી ધારણા નહોતી રાખી. આઈઆઈટી–બૉમ્બેમાં પ્રવેશ મેળવવાની રેડ્ડીની ઈચ્છા છે.

ટોપર્સની યાદીમાં સ્થાન મેળવનારાં ૨૧ ઉમેદવાર જનરલ કેટગરીનાં છે. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત જાતિ પ્રત્યેકના એક ઉમેદવારનો આ યાદીમાં સમાવેશ થાય છે. ટોપર્સની યાદીમાં બે મહિલા ઉમેદવાર (પ. બંગાળની દેવદત્તા માંઝી અને આંધ્ર પ્રદેશની સાંઈ મનોજ્ઞા ગુથીકોન્ડા)નો પણ સમાવેશ થાય છે.

જેઈઈ મેઈન્સના અન્ય ટોપર્સમાં રાજસ્થાનના એમ. ડી. અનાસ, આયુષ સિંઘલ, લક્ષ્ય શર્મા અને સાક્ષમ જિન્દાલ, પ. બંગાળના આર્ચિસમેન નંદી, મહારાષ્ટ્રના આયુષ રવી ચૌધરી, કર્ણાટકના કુશાગ્ર ગુપ્તા, તેલંગણાના હર્ષ. એ. ગુપ્તા, ગુજરાતના આદિ પ્રકાશ બાગાડે તેમ જ દિલ્હીના હર્ષ ઝા અને દક્ષનો સમાવેશ થાય છે. (એજન્સી) ■

# નેપાળમાં માર્ગ અકસ્માતમાં પચીસ ભારતીયો ઘાયલ

બલરામપુરઃ નેપાળના ડાંગ જિલ્લામાં નેપાળના પોખરા જઇ રહેલી બસને અકસ્માત નડતાં ઓછામાં ઓછા ૨૫ ભારતીય પ્રવાસીઓ ઘાયલ થયા હતા. જ્યારે ત્રણની હાલત ગંભીર હોવાના અહેવાલ છે. આ માહિતી પોલીસે શનિવારે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર ઉત્તર પ્રદેશના બલરામપુર જિલ્લાના તુલસીપુર ખાતેના સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં ૧૯ પ્રવાસીઓને દાખલ કરવામાં આવ્યા છે. આ જિલ્લો નેપાળની સરહદને અડીને આવેલો છે. ઘાયલોમાંથી ત્રણની હાલત ગંભીર છે અને નેપાળની એક હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે.

પોલીસે જણાવ્યું કે શુક્રવારે બ્રેક ફેલ થવાને કારણે અકસ્માત સર્જાયો હતો. મોટાભાગના ઘાયલો ઉત્તર પ્રદેશના લખનઉ, સીતાપુર, હરદોઇ અને બારાબંકી જિલ્લાના છે. ■

# અમેરિકામાં ફરી વિમાન દુર્ઘટના, ત્રણનાં મોત

ફ્રેમોન્ટઃ અમેરિકાના પૂર્વી નેબ્રાસ્કામાં એક નાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. જેમાં ત્રણ લોકોનાં મોત નીપજ્યાં હતાં. શુક્રવારે રાત્રે એક નાનું વિમાન ક્રેશ થઇને નદીમાં ખાબક્યું હતું. આ માહિતી અધિકારીઓએ આપી હતી.

ડોજ કાઉન્ટી શેરિફ ઓફિસના સાર્જન્ટ બ્રી ફ્રેન્કે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે વિમાન પ્લેટ નદીના કિનારે મુસાફરી કરી રહ્યું હતું. રાત્રે ૮–૧૫ વાગ્યે ફ્રેમોન્ટની દક્ષિણે પાણીમાં દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. ફ્રેન્કે ત્રણ લોકોના મૃતદેહ મળી આવ્યા હોવાની પુષ્ટિ કરી હતી. અધિકારીઓએ તાત્કાલિક મૃતકોની ઓળખ જાહેર કરી નથી. ■

પહેલા પાનાનું ચાલુ

### અમેરિકામાંથી

કોર્ટ ઑફ અપીલ્સ અને અમેરિકાની સુપ્રીમ કોર્ટમાં તાકીદની અરજીઓ (ઇમર્જન્સી પિટિશન્સ) કરી હતી અને આ કાયદા હેઠળ દેશનિકાલ રોકવાની દાદ ચાહી હતી.દરમિયાન, એક ન્યાયાધીશે જણાવ્યું હતું કે તમે (અમેરિકન સિવિલ લિબર્ટીઝ યુનિયને) યોગ્ય કાનૂની મુદ્દો ઉઠાવ્યો છે, પરંતુ હું આ કિસ્સામાં આદેશ આપી ન શકું. બ્લૂબોનેટ ડિટેન્શન સેન્ટરમાંના વેનેઝુએલાના બે જણનો ૧૭૯૮ના 'એલિયન એનિમિસ એક્ટ' હેઠળ દેશનિકાલ રોકવા કાનૂની લડત ચાલી રહી છે. આ કાયદાનો અમેરિકાના ઇતિહાસમાં અત્યાર સુધીમાં માત્ર ત્રણ વખત જ ઉપયોગ કરાયો હતો. છેલ્લે આ કાયદો બીજા વિશ્વયુદ્ધ વખતે ઇન્ટર્મેન્ટ કેમ્પ્સમાં રખાયેલા જાપાનીઝ–અમેરિકન નાગરિકો માટે વાપરવામાં આવ્યો હતો.

### બડેસટ્ટી

સ્થાનિક પંચાયતે અમારા વિસ્તારમાં પ્રતિબંધિત સંગઠન સાથે જોડાયેલા લોકોને હિંસા છોડીને મુખ્ય પ્રવાહમાં જોડાવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. શુક્રવારે, અમારી પંચાયતના ૧૧ નક્સલી કાર્યકરોએ આત્મસમર્પણ કર્યું હતું.

હવે અમારા ગામનો કોઈ પણ વ્યક્તિ સંગઠન સાથે જોડાયેલો નથી અને અમારું ગામ નક્સલ મુક્ત થઈ ગયું છે,'' એમ બડેસટ્ટીના સરપંચ કાલ્મુ જોગાએ ફોન પર જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે ગામને એલવાડ પંચાયત યોજના માટે લાયક બનાવવા માટે તેને નક્સલ મુક્ત જાહેર કરવાનો ઠરાવ ટૂંક સમયમાં પસાર કરવામાં આવશે.

''ગામમાં કોઈ પંચાયત મકાન અને હોસ્પિટલ નથી જ્યારે શાળામાં ફક્ત આઠમા ધોરણ સુધીના વર્ગો છે. (એલવાડ યોજના) ના પૈસા રસ્તાઓ, પાણી પુરવઠા અને અન્ય માળખાગત કાર્યો પર ખર્ચ કરવામાં આવશે,'' એમ જોગાએ કહ્યું, જેમણે બારમા ધોરણ સુધી અભ્યાસ કર્યો છે.

એક સમયે ડાબેરી ઉગ્રવાદ માટે કુખ્યાત, સુકમા જિલ્લા મુખ્યાલયથી લગભગ ૪૫ કિલોમીટર દૂર ફુલબાગી પોલીસ સ્ટેશન હદ હેઠળ બડેસટ્ટીએ ૨૦૨૧માં છત્તીસગઢ સશસ્ત્ર દળના કેમ્પની સ્થાપના પછી શાંતિ તરફ પહેલું પગલું ભર્યું છે. ■

### પંજાબમાં

જનરલ ગૌરવ યાદવે જણાવ્યું હતું કે બબ્બર ખાલસા ઇન્ટરનેશનલના આ મૉડ્યૂલનું સંચાલન ફ્રાંસમાંના સતનામ સિંહ ઉર્ફે સત્તા અને ગ્રીસમાંના જસવિંદર ઉર્ફે મન્નુ આગવાન દ્વારા કરાતું હતું.

આ પ્રકરણમાં વધુ લોકોની ધરપકડ થવાની સંભાવના છે.

પંજાબ પોલીસે આ કિસ્સામાં સરહદી રાજ્યમાંની શાંતિ અને એખલાસને નુકસાન પહોંચાડવા માટેના પાકિસ્તાની જાસૂસી સંસ્થા ઇન્ટર–સર્વિસીસ ઇન્ટેલિજન્સ (આઇએસઆઇ)ના ષડ્યંત્રનો પર્દાફાશ કર્યો છે.

જલંધરના કાઉન્ટર ઇન્ટેલિજન્સ (સીઆઇ) અને બટાલાની જિલ્લા પોલીસે બે અલગ કાર્યવાહીમાં ત્રાસવાદીઓના આ બે મૉડ્યૂલ પકડી પાડ્યા હતા. આ ત્રાસવાદીઓનો મૂળ હેતુ પંજાબમાં અશાંતિ અને હિંસા ફેલાવવાનો હતો.

પોલીસે એક લૉન્ચર સાથેના બે રોકેટ–પ્રોપેલ્ડ ગ્રેનેડ, ડેટોનેટર સાથેના બે હાથગોળા, રિમોટ કન્ટ્રોલ સાથેના બે કિલોગ્રામ આરડીએક્સ, પાંચ પિસ્તોલ, છ મેગેઝીન, ૪૪ કારતૂસ, એક વાયરલેસ સેટ અને ત્રણ વાહન જપ્ત કર્યાં હતાં.

પોલીસે હોશિયારપુરમાંથી જગરૂપ સિંહ, કપૂરથાલામાંથી જતીન્દર સિંહ ફર્ફે હની, હોશિયારપુરમાંથી હરપીત સિંહ અને કપૂરથાલામાંથી જગજિત સિંહની ધરપકડ કરી હતી તેમ જ તેઓની પાસેથી વિસ્ફોટકો જપ્ત કર્યાં હતાં.

અગાઉ, ૨૦૧૦માં આઇઇડી અને આરડીએક્સ પકડાયું ત્યારે તેમાં સતનામનું નામ બહાર આવ્યું હતું.બટાલામાંથી પકડાયેલા નવ જણમાં ૧૭ વર્ષના એક છોકરાનો પણ સમાવેશ થાય છે. (એજન્સી) ■

### ભારતે

સંબંધોમાં તીવ્ર મંદી આવી છે.

મુહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકાર દેશમાં લઘુમતીઓ, ખાસ કરીને હિન્દુઓ પરના હુમલાઓને રોકવામાં નિષ્ફળ ગયા પછી સંબંધોમાં નાટકીય રીતે ખટાશ આવી છે. ■

### મુર્શિદાબાદ હિંસાની

તેઓની આપવીતી સાંભળી હતી.

તેમણે આ જિલ્લાના હિંસાગ્રસ્ત ધુલિયાં, સુતી અને જાંગીપુરમાં હિંસાના અસરગ્રસ્તોને મળ્યા હતા. મુસલમાનોની બહુમતી ધરાવતા આ વિસ્તારમાં આઠથી બાર એપ્રિલ દરમિયાન સુધારિત વક્ફ કાયદાના વિરોધમાં થયેલી હિંસામાં હિંદુઓને લક્ષ્ય બનાવાયા હતા.રાજ્યનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ રાજ્યપાલને આ મુલાકાત હાલમાં મુલતવી રાખવા કરેલી વિનંતિને તેમણે અવગણી હતી.

રાજ્યપાલ સી. વી. આનંદ બોઝ પશ્ચિમ બંગાળના માલદામાં રેલવે સ્ટેશન ખાતેની રાહત છાવણીની મુલાકાતે ગયા હતા.

રાજ્યપાલે માલદા જતી ટ્રેનમાં બેસતા પહેલાં કોલકાતા ખાતે પત્રકારોને જણાવ્યું હતું કે હું હિંસાથી અસરગ્રસ્તોને મળવા જઇ રહ્યો છું. હું રાહત છાવણીઓ અને હૉસ્પિટલોમાંના અસરગ્રસ્તોને મળીને પરિસ્થિતિની ખરી માહિતી જાતે મેળવીશ. કેન્દ્રના સુરક્ષા દળો અને રાજ્યની પોલીસ કાયદો અને વ્યવસ્થા જાળવવા પ્રયાસ કરી રહી છે.

હિંસાગ્રસ્ત વિસ્તારોમાં અર્ધલશ્કરી દળો અને પોલીસના જવાનો સતત પહેરો ભરી રહ્યા છે. આ હિંસામાં ઓછામાં ઓછા ત્રણ જણ માર્યા ગયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા. (એજન્સી) ■

### કૅનેડામાં

ધુન્દા ગામની તે વતની હતી. કૌરના દાદા સુખવિન્દરસિંહે કહ્યું હતું કે બે વર્ષ અગાઉ વધુ અભ્યાસ કરવા તે કેનેડા ગઈ હતી. પત્રકારોને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે કૌર બસની રાહ જોઈ રહી હતી તે સમયે આકસ્મિક રીતે ગોળી વાગવાથી તેનું મૃત્યુ થયું હોવાની જાણ અમારાં સંબંધિએ અમને કરી હતી.

કૌરનો મૃતદેહ વહેલામાં વહેલી તકે ભારત લાવી શકાય તે માટે મદદ કરવાની અમે બંને દેશની સરકારને વિનંતી કરી છે, એમ તેમણે કહ્યું હતું. કૌરનાં મૃત્યુનાં સમાચાર સાંભળી સમગ્ર ગામમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. ટૉરન્ટોસ્થિત ભારતીય એલચીએ કહ્યું હતું કે ભારતીય વિદ્યાર્થિનીનાં કમનસીબ મોતથી અમને ઊંડો આઘાત લાગ્યો છે અને અમે ઘેરા શોકની લાગણી અનુભવી રહ્યા છીએ.

### મુખ્ય પ્રધાને

ગુમાવનારાઓના પરિવારો પ્રત્યે હું ઊંડી સંવેદના વ્યક્ત કરું છું. ભગવાન મૃતકોના આત્માઓને શાંતિ આપે અને શોકગ્રસ્ત પરિવારોને ક્યારેય ન પૂરી શકાય તેવી ખોટ સહન કરવાની શક્તિ આપે.આપ સુપ્રીમો અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે પણ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. બચાવ એજન્સીઓ સાથે પોલીસ ટીમો ઘટનાસ્થળે હાજર છે અને ઇમારત ધરાશાયી થવાના કારણો જાણવા માટે તપાસ ચાલી રહી છે.

### મંદિર વહીં

આવેલા કાટમાળને હટાવી લેવાનો નિર્દેશ આપ્યો હતો. સાથે જ પાલિકા અધિકારી નવનાથ ઘાડગેની બદલી કરીને જૈનોની માગણી સ્વીકારી લીધી હતી. તેથી દેરાસરના ટ્રસ્ટીગણે શનિવારથી દેરાસરમાં ભગવાનની ફરી પૂજા ચાલુ કરી દીધી હતી

પણ દેરાસરના બાંધકામને કાયદેસરનો બનાવવા માટે તેમનો સંઘર્ષ ચાલુ રહેશે એવો દાવો કર્યો હતો.

વિલે પાર્લેના ૯૦ વર્ષ જૂના દેરાસર તોડી પાડયા બાદ મુંબઈ સહિત સમગ્ર જૈનોમાં ભારે વ્યાપી ગયો હતો. પાલિકાના આ પગલાને અન્યાયી અને હિંસક ગણાવીને તેમની કાર્યવાહી વિરુદ્ધ શનિવારે સવારના વિલેપાર્લે પૂર્વથી અંધેરી પૂર્વમાં પાલિકાની કે–પૂર્વ વોર્ડની ઓફિસ સુધી ભવ્ય રેલીનું આયોજન કર્યું હતું. રેલી સવારના ૯.૩૦ વાગે ચાલુ થવાની હતી પણ વિલે પાર્લે સ્ટેશન બહાર બાંધવામાં આવેલા સ્ટેજ પાસે વહેલી સવારથી જ મુંબઈના જુદા જુદા વિસ્તારમાંથી હજારો જૈન ભાઈ–બહેનો, સિનિયર સિટિઝનો ભેગા થવા માંડયા હતા, જેમાં સાધુ–સંતો, મહારાજ સાહેબ રાજકીય નેતાઓએ પણ હાજરી પૂરાવીને જૈન સમાજને સમર્થન આપ્યું હતું.

સ્ટેજ પર જૈન મહારાજ સાહેબ સહિત જૈન અગ્રણીઓએ પાલિકાના કાર્યવાહીનો વિરોધ નોંધાવ્યો હતો અને છેલ્લે સુધી લડી લેવાનો નિર્ધાર કર્યો હતો.

આ દરમ્યાન થોડા સમય માટે ટોળું ઉશ્કેરાઈ ગયું હતું અને હોટલના શેડ હટાવવાથી લઈને તેમાં અંદર ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો પણ પોલીસ તેમનો પ્રયાસ નિષ્ફળ બનાવીને પરિસ્થિતિને નિયંત્રણમાં લાવી હતી. એ બાદ સવારના ૧૦.૩૦ વાગે વિલે પાર્લે રેલવે સ્ટેશન બહારથી હાથમાં બેનરો અને પોસ્ટરો લઈને મુંબઈ પાલિકાના આ પગલા વિરુદ્ધમાં નારાબાજી કરીને અંધેરી પાલિકાની ઓફિસ સુધી રેલી લઈ ગયા હતા ત્યાં પહોંચીને તેમણે આવેદનપત્ર આપ્યું હતું, જ્યાં તેમણે પાલિકા કમિશનર સાથે ફોન પર આ મુદ્દે ચર્ચા કરી હતી.

#### નિયમ મુજબ થશે

આ દરમ્યાન પાલિકા કમિશનરે ભૂષણ ગગરાણીએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે દેરાસરના તોડી પાડવામાં આવેલા કાટમાળને હટાવવાનો આદેશ કે–પૂર્વ વોર્ડને આપવામાં આવ્યો છે. આગળના પગલાં કાયદા મુજબ લેવામાં આવશે.

#### કાયદેસર બનાવવાનો સંઘર્ષ

વિલે પાર્લેના શ્રી ૧૦૦૮ પાર્શ્વનાથ દિગમ્બર જૈન દેરાસરના ટ્રસ્ટી અનિલ શાહે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે પાલિકાની કે–પૂર્વ ઓફિસમાં પહોંચ્યા બાદ અમારી વાત પાલિકા કમિશનર સાથે થઈ હતી અને તેમણે દેરાસરના તોડી પાડવામાં આવેલા કાટમાળને હટાવી દેવાની અને સંબંધિત અધિકારીની ટ્રાન્સફર કરવાનો નિર્દેશ આપ્યો હતો. તે મુજબ સાંજના પાલિકા દ્વારા દેરાસરના તોડી પાડયા બાદ ત્યાં પડી રહેલા કાટમાળને હટાવી લેવામાં આવ્યો હતો અને બાદમાં અમે ત્યાં ભગવાની પૂજા પણ ચાલુ કરી દીધી હતી. તેમ જ સંબંધિત અધિકારીને હટાવી દેવામાં આવ્યો હતો. કાટમાળ હટાવી દેવામાં આવતા પૂજા તો ચાલુ થઈ ગઈ છે. પરંતુ જયાં સુધી અમે દેરાસરને કાયદેસરનું બનાવશું નહીં ત્યાં સુધી અમારો સંઘર્ષ ચાલુ રહેશે. કોર્ટમાં સુનાવણી ચાલુ રહેશે. કોર્ટે લીગલ ડોક્યુમેન્ટસ અને વીડિયો સહિતની વિગતો મગાવી છે તેને સબમીટ કરશું. જે સ્ટ્રક્ચરમાં દેરાસર બાંધવામાં આવ્યું છે તે બહુ જૂનું છે અને ૧૯૬૧–૬૧ના કાયદા મુજબ તે કાયદેસરનું છે તે સાબિત કરીને રહીશું.

### ન્યૂ ઈન્ડિયા બૅંક કૌભાંડ

# કાં બૅંકને બેઠી કરો, કાં મર્જર કરોઃ ડિપોઝિટરો

થાણેઃ કૌભાંડગ્રસ્ત ન્યૂ ઈન્ડિયા કો-ઓપરેટિવ બૅંકના ડિપોઝિટરો રિઝર્વ બૅંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ) દ્વારા નિમાયેલા સલાહકારો તથા સર્વોચ્ચ બૅંકના વરિષ્ઠ અધિકારીઓને મળ્યા હતા તથા બૅંકને ફરી બેઠી કરવા અથવા મર્જર કરવા અંગે અને ખાતાધારકોના હિતોની વધુ સલામતી માટે મજબૂત પગલાં લેવાની માગણી કરી હતી, એમ એક નિવેદનમાં જણાવાયું હતું.

આરબીઆઇ દ્વારા ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના બૅંક પર અમુક પ્રતિબંધો લાદ્યા હતા તેથી હજારો ખાતાધારકોને થઇ રહેલી નાણાકીય મુશ્કેલીઓ દૂર કરવા તથા ડિપોઝિટરોનો વિશ્વાસ ફરી બેઠો કરવા માટે તાત્કાલિક પગલાં લેવાની માગણી એનઆઇસીબી ડિપોઝિટર્સ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી હતી.

ન્યૂ ઈન્ડિયા કોઓપરેટિવ બૅંકના ૧૨૨ કરોડના કૌભાંડ પ્રકરણે પોલીસે અત્યાર સુધી આઠ જણની ધરપકડ કરી છે. એનઆઇસીબી ડિપોઝિટર્સ ફાઉન્ડેશનના પ્રમુખ ટી. એન. રઘુનાથે જણાવ્યું હતું કે ડિપોઝિટર્સનું પ્રતિનિધિમંડળ આરબીઆઇના સલાહકાર રવીન્દ્ર ચવાણ અને રવીન્દ્ર સાપરાને શુક્રવારે પ્રભાદેવી ખાતેના બૅંકના કોર્પોરેટ ઓફિસમાં મળ્યું હતું.

સર્વોચ્ચ બૅંકના સલાહકારોએ ડિપોઝિટરોને તેમની વ્યક્તિગત ભલામણો સહિત લેખિત માગણીઓ, તેમની ચિંતાઓ આરબીઆઇ સુધી પહોંચાડવાની ખાતરી આપી હતી, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# માલેગાંવ બ્લાસ્ટ કેસનો ચુકાદો આઠમી મેએ

મુંબઈઃ ૨૦૦૮ના માલેગાંવ બ્લાસ્ટ કેસની સુનાવણી અંદાજે ૧૭ વર્ષ બાદ શનિવારે પૂર્ણ થઇ હતી અને નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ)ની વિશેષ અદાલતે આ કેસનો ચુકાદો અનામત રાખ્યો હતો.

તપાસકર્તા પક્ષે શનિવારે અમુક મહત્ત્વના મુદ્દાઓ ટાંકતા અંતિમ લેખિત દલીલો રજૂ કરી હતી અને ત્યાર બાદ કોર્ટે ચુકાદા માટે કેસ આઠમી મે સુધી મુલતવી રાખ્યો હતો. આટલા વર્ષ લાંબી ચાલેલી સુનાવણી દરમિયાન ૩૨૩ સાક્ષીની જુબાની નોંધવામાં આવી હતી જેમાંથી ૩૪ જણે ફેરવી તોળ્યું હતું.

શરૂઆતમાં આ કેસની તપાસ મહારાષ્ટ્ર એન્ટિ ટેરરિસ્ટ સ્કવૉડ (એટીએસ) દ્વારા કરાઇ હતી અને ૨૦૧૧માં કેસ એનઆઇએને સોંપવામાં આવ્યો હતો.

૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૮ના માલેગાંવમાં એક મસ્જિદ નજીક મોટરસાઇકલમાં વિસ્ફોટક ડિવાઇસ લગાવીને બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો જેમાં છ લોકોનાં મોત અને ૧૦૦થી વધુ ઘાયલ થયા હતા. લેફ્ટનન્ટ કર્નલ પ્રસાદ પુરોહિત, ભાજપનાં નેતા પ્રજ્ઞાસિંહ ઠાકુર, મેજર રમેશ ઉપાધ્યાય (નિવૃત્ત), અજય રાહિરકર, સુધાકર દ્વિવેદી, સુધાકર ચતુર્વેદી અને સમીર કુલકર્ણી આ કેસના આરોપીઓ છે. ■

# મરાઠી ભાષાના અવમૂલ્યનના પ્રયાસો સાંખી નહીં લેવાયઃ સુપ્રીયા સુળે

પુણેઃ મહારાષ્ટ્રમાં નેશનલ એજ્યુકેશન પોલિસી (એનઇપી)-૨૦૨૦ બળજબરીથી લાગુ કરી મરાઠીને દબાવી દેવાના પ્રયાસને સાંખી નહીં લેવાય, એમ એનસીપી-એસપીનાં સાંસદ સુપ્રિયા સુળેએ શનિવારે જણાવ્યું હતું.

રાજ્યમાં મરાઠી અને અંગ્રેજી માધ્યમની સ્કૂલોમાં પહેલાથી પાંચમા ધોરણ સુધી હિન્દીને ત્રીજી ભાષા તરીકે ફરજિયાત સામેલ કરવાના મહારાષ્ટ્ર સરકારના નિર્ણય સામે વિપક્ષોએ વાંધો ઉઠાવ્યો છે અને આક્ષેપ કર્યો છે કે રાજ્યમાં મરાઠી ભાષાને દબાવી દેવાના પ્રયાસ થઇ રહ્યા છે.

પુણેમાં પત્રકારો સાથેની વાતચીતમાં બારામતીનાં સાંસદ સુપ્રિયા સુળેએ જણાવ્યું હતું કે મહારાષ્ટ્રમાં સીબીએસઇ બોર્ડને ફરજિયાત બનાવવાના શિક્ષણ પ્રધાનના નિવેદનનો મેં સૌથી પહેલા વિરોધ કર્યો હતો. મહારાષ્ટ્ર બોર્ડને સીબીએસઇ સાથે બદલવાની શું જરૂર છે? ભાષાના મુદ્દાઓ પર વાત કરવા પહેલા રાજ્યમાં શિક્ષણના પાયાભૂત માળખા વિશે ચર્ચા કરવાની જરૂર છે.

કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરાયેલા અને બિનસરકારી સંસ્થા પ્રથમ ફાઉન્ડેશન દ્વારા પ્રસિદ્ધ કરાયેલા એન્યુઅલ સ્ટેટસ ઓફ એજ્યુકેશન રિપોર્ટ (એએસઇઆર)ને ટાંકતા તેમણે ગણિત, વિજ્ઞાન અને ભાષાઓ પ્રત્યે વિદ્યાર્થીઓના વલણના મૂલ્યાંકન પર ભાર મૂક્યો હતો.

સરકારે એનઇપી અમલમાં મૂકવા માટે ઉતાવળ નહીં કરવી જોઇએ, કારણ કે વિદ્યાર્થીઓ પર તેની આડઅસર પડશે તથા શિક્ષકો પણ આ બદલાવ અપનાવવા માટે હાલમાં તૈયાર નથી, એમ તેમણે કહ્યું હતું. એનઇપીને કારણે મહારાષ્ટ્રમાં જો મરાઠી ભાષાને જરાય નુકસાન થયું તો તે સહન નહીં કરવામાં આવે. મરાઠીને પ્રાથમિકતા મળવી જ જોઇએ, એમ સુળેએ જણાવ્યું હતું.

કોઇ અન્ય ભાષા રજૂ કરતી વખતે વાલીઓ પાસે વિકલ્પ પસંદ કરવાનો પર્યાય હોવો જોઇએય કોઇ પણ વસ્તુને ફરજિયાત કરવું યોગ્ય નથી. રાજ્યના લોકોની માતૃભાષા મરાઠી અને તે પ્રથમ જ રહેવી જોઇએ, એમ સુપ્રીયા સુળેએ કહ્યું હતું. ■

# કર્ણાક પુલ હવે સાતમી નહીં પણ દસમી જૂને ખુલ્લો મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસટી) અને મસ્જિદ બંદર રેલવે સ્ટેશનથી અમુક અંતરે આવેલ અને પી. ડી'મેલો રોડને જોડનારા કર્ણાક રેલવે ઓવર બ્રિજનું કામ ૧૦ જૂન, ૨૦૨૫ સુધીમાં પૂરી કરીને તેને વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવવાનો હોવાની જાહેરાત પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે કરી હતી. નક્કી કરેલી મુદતમાં એટલે કે આગામી ૫૩ દિવસમાં પુલનાં તમામ કામ પૂરા કરવા અને તેમાં કોઈ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં એવી ચોખ્ખા શબ્દોમાં તેમણે અધિકારીને તાકીદ પણ કરી હતી.

સીએસટી, મસ્જિદ બંદર અને મોહમ્મદ અલી રોડના વાહનવ્યહાર માટે કર્ણાણ પુલ અત્યંત મહત્ત્વનો છે. લોકમાન્ય ટિળક રોડ પર આવેલો કર્ણાક પુલ જોખમી જાહેર થતા તેના પુનઃબાંધકામનું કામ પાલિકાએ હાથ ધર્યું હતું. હાલ પૂર્વ દિશામાં આઠ થાંભલાનું કામ પૂરું થયું છે અને પેડેસ્ટલ સ્તરનું કા ચાલુ છે. દમણ સ્થિત ફેબ્રિકગેશન પ્લાન્ટમાંથી ૪૦માંથી પાંચ લોખંડના ગર્ડર સાઈટ પર આવી ગયા છે અને આગામી દિવસમાં પેડેસ્ટલ અને બેઅરિંગનું કામ સમાંતર રીતે કરવામાં આવશે. બીજી મે સુધીમાં ગર્ડર બેસાડી દેવામાં ાવશે અને પાંચ જૂન, ૨૦૨૫ સુધીમાં અપ્રોચ રોડ તૈયાર કરવામાં આવશે અને સાત મે સુધી રેલવે ભાગનું કોંક્રીટીકરણનું કામ પૂરું થશે અને ત્યારબાદ ૧૦ જૂન, ૨૦૨૫ સુધીમાં પુલને વાહનવ્યહાર માટે ખુલ્લો મૂકવામાં આવશે. ■

# બનાવટી દસ્તાવેજો રજૂ કરી મુખ્ય પ્રધાન રાહત ભંડોળમાંથી લાખો રૂપિયા મેળવ્યા

થાણેઃ બોગસ દસ્તાવેજો તેમ જ દર્દીઓના તૈયાર કરાયેલા બનાવટી રેકોર્ડને આધારે મુખ્ય પ્રધાન રાહત ભંડોળ (સીએમઆરએફ)માંથી ૪.૭૫ લાખ રૂપિયા મેળવીને છેતરપિંડી આચરવા બદલ ત્રણ જણ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. સીએમઆરએફના આસિસ્ટન્ટ ડિરેક્ટરે આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે ગુરુવારે ભારતીય દંડસંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરાયો હતો. ખડકપાડા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે મે અને જુલાઇ, ૨૦૨૩ દરમિયાન આ છેતરપિંડી આચરવામાં આવી હતી.

એફઆઇઆર અનુસાર આરોપીઓ ડૉ. અનુદુર્ગ ધોની (૪૫), પ્રદીપ બાપુર પાટીલ (૪૧) અને ઇશ્વર પવારે અસ્તિત્વ ન ધરાવતા ૧૩ દર્દીઓ માટે મોહને, આંબિવલી ખાતેની ગણપતિ મલ્ટિ-સ્પેશ્યલિટી હોસ્પિટલમાં પ્રવેશ અને સારવારના બનાવટી રેકોર્ડ બનાવ્યા હતા.

અધિકારીએ જણાવ્યું હતું કે સીએમઆરએફ પાસેથી ૪.૭૫ લાખ રૂપિયાનો દાવો કરવા માટે સર્જરી અને સારવારના રેકોર્ડ સહિતના બોગસ દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા હતા.

આરોપીઓએ બોગસ તબીબી દસ્તાવેજોનું એક એવું જાળું તૈયાર કર્યું હતું, જેના પરથી એવું ફલિત થાય કે ખરેખર દર્દીઓની સારવાર કરવામાં આવી હતી. ઓપરેશન અને સારવારના પણ બનાવટી રેકોર્ડ તૈયાર કરવામાં આવ્યા હતા.

આંતરિક તપાસ દરમિયાન આ છેતરપિંડી પ્રકાશમાં આવી હતી, જેને પગલે ફરિયાદ નોંધાવવામાં આવતાં ગુનો દાખલ કરાયો હતો. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોવાથી હજી સુધી કોઇની ધરપકડ કરવામાં આવી નથી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

# ઇડી ઓફિસના ગેટ પર ચડી વિરોધ પ્રદર્શનઃ કૉંગ્રેસી કાર્યકરો સામે ગુનો

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી)ની ઓફિસ બહાર શનિવારે વિરોધ પ્રદર્શન કરી રહેલા કોંગ્રેસના કાર્યકરો પરિસરના ગેટ પર ચડી ગયા હતા, જેને પગલે પોલીસે તેમની વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

યુવા કૉંગ્રેસના કાર્યકરોનું જૂથ બેલાર્ડ એસ્ટેટ વિસ્તારમાં ઇડીની ઓફિસ બહાર વિરોધ પ્રદર્શન કરી રહ્યું હતું. કાર્યકરો દ્વારા આરોપ લગાવાયો હતો કે ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર નેશનલ હેરાલ્ડ કેસ બાદ મની લોન્ડરિંગ વિરોધી એજન્સીનો ઉપયોગ તેમના વરિષ્ઠ નેતાઓ સામે કરી રહી છે.

ઇડી દ્વારા નેશનલ હેરાલ્ડ કેસમાં મની લોન્ડરિંગના આરોપસર કૉંગ્રેસનાં નેતા સોનિયા ગાંધી, રાહુલ ગાંધી તથા અન્ય સામે આરોપનામું દાખલ કરવામાં આવ્યું હતું.

અધિકારીના જણાવ્યા અનુસાર ૧૫થી ૨૦ પ્રદર્શનકારીઓ શનિવારે બપોરે ત્રણ વાગ્યે કૈસરે હિંદ બિલ્ડિંગમાં આવેલી ઇડીની ઓફિસ બહાર એકઠા થયા હતા. આમાંના કેટલાક ઇડી ઓફિસના ગેટ પર ચડી ગયા હતા. રજા હોવાથી ઓફિસને તાળું મારવામાં આવ્યું હતું અને સુરક્ષારક્ષકે સાંકળની મદદથી ગેટને તાળું મારીને વધુ સુરક્ષિત બનાવ્યો હતો.

કૉંગ્રેસના કાર્યકરો ગેટને બહારથી તાળું મારવાનો પ્રયાસ કરતા વીડિયોમાં નજરે પડ્યા હતા. આ પ્રકરણે એમઆરએ માર્ગ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો હતો. (પીટીઆઇ)

# ત્રીજા મુંબઈના નિર્માણમાં દક્ષિણ કોરિયા કરશે રોકાણ

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ અટલ સેતુ પ્રભાવિત કર્નાલા-સાઇ-ચિરનેર નવનગર વિસ્તારમાં ત્રીજી મુંબઈ વિકસાવવાની દૃષ્ટિએ એક મહત્ત્વનો તબક્કો પાર કર્યો છે. ત્રીજી મુંબઈ, સ્માર્ટ સિટીના નિર્માણ માટે હવે એમએમઆરડીએને દક્ષિણ કોરિયાની મદદ મળવાની છે. દક્ષિણ કોરિયાએ આ માટે રોકાણ કરવાની તૈયારી દેખાડી છે.

દક્ષિણ કોરિયાના સરકારમાના અધિકારી, ઉદ્યોગપતિઓ, શહેર નિયોજન નિષ્ણાતો અને શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાતોનો સમાવેશ કરતા પ્રતિનિધિમંડળે હાલમાં જ એમએમઆરડીએના કમિશનર ડો. સંજય મુખરજીની મુલાકાત લીધી હતી. તે વખતે ત્રીજી મુંબઈના નિર્માણ અંગેની ચર્ચા થઇ હતી. ત્યારે દક્ષિણ કોરિયા તરફથી ત્રીજી મુંબઈમાં રોકાણ કરવાની તૈયારી દેખાડવામાં આવી હતી.

ત્રીજી મુંબઈમાં રેસિડેન્શિયલ, નોન-રેસિડેન્શિયલ કોમ્પ્લેક્સ, સ્કૂલો, હોસ્પિટલો, રસ્તાઓ, ગ્રીન ઝોન વગેરે સુવિધાઓનો સમાવેશ કરાશે. આ માટે એમએમઆરડીએને વિશેષ આયોજન ઓથોરિટીનો દરજ્જો પણ આપવામાં આવ્યો છે. હવે ટૂંક સમયમાં જ તેનું કામ શરૂ થશે.

# બાળકીની જાતીય સતામણીઃ દુકાનદારની ધરપકડ

થાણેઃ થાણેના શિળફાટા વિસ્તારમાં નવ વર્ષની બાળકીની જાતીય સતામણી કરવા બદલ પોલીસે દુકાનદારની ધરપકડ કરી હતી. શિળ ડાયઘર પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર સંદીપન શિંદેએ જણાવ્યું હતું કે આરોપીને જાફરઅલી શોએબ સિદ્દીકી (૪૮) તરીકે ઓળખી કઢાયો હતો, જે અચારગલીનો રહેવાસી છે. ૧૭ એપ્રિલે બાળકી સ્કૂલેથી ઘરે જઇ રહી હતી ત્યારે આરોપીએ તેને પોતાની દુકાનમાં બોલાવી હતી. તેણે બાળકીને અયોગ્ય સ્પર્શ કર્યો હતો. આ ઘટના બાદ બાળકીના પરિવારજનોએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)

# 'ઈરાની' ગૅન્ગના બે કુખ્યાત ચેન-સ્નેચરની ધરપકડ

થાણેઃ ચેન-સ્નેચિંગના અનેક ગુનામાં સંડોવાયેલા કુખ્યાત 'ઈરાની' ગૅન્ગના બે સભ્યને થાણે પોલીસે પકડી પાડ્યા હતા.

ઝોન-પાંચના ડેપ્યુટી પોલીસ કમિશનર પ્રશાંત કદમે જણાવ્યું હતું કે કલ્યાણ પાસેના આંબિવલીમાં રહેતા જાફર યુસુફ જાફરી ઉર્ફે ચવાણ (૨૬) અને સંદીપ ગિરીશચંદ્ર પ્રસાદ (૨૦)ની ધરપકડ કરવામાં આવી હતી. કુખ્યાત ઈરાની ગૅન્ગ સાથે સંકળાયેલા બન્ને આરોપી વિરુદ્ધ થાણે, નવી મુંબઈ અને મુંબઈમાં ગુના નોંધાયેલા હોવાનું તપાસમાં જણાયું હતું.

જાફરી અને પ્રસાદને વર્તક નગર પોલીસે પકડી પાડ્યા હતા. ૧૨ માર્ચે યશોધન નગરમાં ૫૬ વર્ષની મહિલાના ગળામાંથી સોનાની ચેન આંચકી બન્ને ફરાર થઈ ગયા હતા. બાઈક પર ફરાર થયેલા બન્ને આરોપીની શોધ માટે પોલીસ અધિકારીઓની એક ટીમ બનાવવામાં આવી હતી.

પકડાયેલા બન્ને આરોપી પાસેથી ૩.૯૦ લાખ રૂપિયાના સોનાના દાગીના, બે બાઈક અને મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા હતા. આરોપીઓના પકડાવાથી સાત ગુના ઉકેલાયા હતા. પૂછપરછમાં તેમણે વધુ આઠ ગુનાની કબૂલાત કરી હોવાનું વર્તક નગર પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર રાજકુમાર વાકચૌરેએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

# મરાઠવાડાને દુકાળમુક્ત બનાવવા સરકાર કટિબદ્ધઃ ફડણવીસ

બીડઃ મહારાષ્ટ્ર સરકાર મરાઠવાડાને દુકાળમુક્ત બનાવવા માટે કટિબદ્ધ છે અને આ માટેના તમામ પ્રયાસ ચાલી રહ્યા છે, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે જણાવ્યું હતું.

મરાઠવાડામાં પાણીની અછત દૂર કરવા માટે સરકાર દ્વારા કયા પગલાં લેવામાં આવ્યા છે એ અંગે જણાવતા ફડણવીસે કહ્યું હતું કે દરિયામાં વહી જતું ઓછામાં ઓછું ૫૩ ટકા ટીએમસી પાણીને ગોદાવરી નદીના બેસિનમાં લાવવામાં આવશે તથા કૃષ્ણા અને કોયના નદીનું વધારાનું પાણી ડાયવર્ટ કરવામાં આવશે. સરકારે આ અંગેનાં કામ માટે ટેન્ડર પણ બહાર પાડ્યાં છે, એમ બીડ જિલ્લામાં યોજાયેલા એક કાર્યક્રમ દરમિયાન તેમણે કહ્યું હતું. મરાઠવાડામાં છત્રપતિ સંભાજીનગર, જાલના, બીડ, પરભણી, હિંગોલી, ધારાશિવ, લાતુર અને નાંદેડ જિલ્લાનો સમાવેશ થાય છે. આ પ્રાંતમાં ભલે દુકાળ હોય, પરંતુ અહીંના લોકો સંતોની પરંપરા માટે વફાદાર રહ્યા છે. આગામી પેઢીઓને દુકાળનો અનુભવ ન થાય તેની અમે ખાતરી કરીશું, એમ તેમણે કહ્યું હતું.












### બાબા સિદ્ધીકીની હત્યા

# કેસમાં દખલ આપવાની પત્ની શેહઝીન સિદ્ધીકીને કોર્ટની મંજૂરી

મુંબઈઃ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન બાબા સિદ્ધીકીનાં પત્ની શેહઝીન સિદ્ધીકીને વિશેષ અદાલતે શનિવારે તેમની હત્યા કેસની કાર્યવાહીમાં દખલ આપવાની પરવાનગી આપી હતી.

ઉલ્લેખનીય છે કે ૧૨મી ઓક્ટોબર, ૨૦૨૪ના મુંબઈના બાન્દ્રા પૂર્વ ખાતેની તેમનાં ઝીશાન સિદ્ધીકીના કાર્યાલયની બહાર ત્રણ હુમલાખોરોએ ગોળીબાર કરીને ૬૬ વર્ષીય એનસીપીના નેતા બાબા સિદ્ધીકીની હત્યા કરી હતી.

ગયા મહનિ શેહઝીને મધ્યસ્થી માટેની અરજી કરી હતી અને જણાવ્યું હતું કે કોઇ પણ ભરપાઇ ન કરી શકે એવું પોતાને નુકસાન થયું છે તથા તેમણે કોર્ટ સમક્ષ ખરી હકીકત લાવવા પર ભાર મૂક્યો હતો. મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (એમસીઓસીએ)ની વિશેષ અદાલતે શેહઝીન સિદ્ધીકીની અરજીનો સ્વીકાર કર્યો હતો.

આ કેસમાં શેહઝીન સત્તાવાર રીતે એક પક્ષ તરીકે રજૂઆત કરી શકે છે અને કેસની કાર્યવાહીમાં તપાસકર્તા પક્ષને મદદ કરી શકે છે, એમ શેહઝીન સિદ્ધીકીના વકીલે કોર્ટને જણાવ્યું હતું. શહેરના એક સમૃદ્ધ અને હંમેશા લોકોની ભીડથી ધમધમતા આ હુમલાને કારણે તેમના પરિવારમાં શોક અને આક્રોશની છાપ છોડી દીધી છે, એમ અરજીમાં જણાવાયું હતું.

એક નેતાએ લોકોની સેવા કરતા પોતાના જીવનું બલિદાન આપ્યું છે, એમ તેમાં વધુમાં જણાવ્યું હતું. ■

### દીનાનાથ મંગેશકર હૉસ્પિટલ વિવાદ

# ગાયનેક ડૉ. ઘૈસાસની જ બેદરકારીઃ ગુનો દાખલ

પુણેઃ દીનાનાથ મંગેશકર હૉસ્પિટલમાં એડવાન્સ ડિપોઝિટ નહીં ચૂકવવા બદલ દાખલ ન કરાયેલી ગર્ભવતી મહિલાના મૃત્યુ અંગે કથિત બેદરકારી બદલ શનિવારે ડૉ. સુશ્રુત ઘૈસાસ સામે ફોજદારી ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. કન્સલ્ટિંગ ગાયનેકોલોજિસ્ટ તરીકે હૉસ્પિટલમાં જોડાયેલા ડૉ. સુશ્રુત ઘૈસાસે રાજ્યના ભાજપના વિધાનસભ્ય અમિત ગોરખેના અંગત સચિવ સુશાંત ભીસેની પત્ની તનિશા ભીસેના મૃત્યુ બાદ રાજીનામું આપ્યું હતું, જેનાથી ભારે વિવાદ થયો હતો.

આરોપ કરવામાં આવ્યો હતો કે તનિશા ભીસેના પરિવારજનોએ ડિપોઝિટ તરીકે ૧૦ લાખ રૂપિયા ન ચૂકવતાં તેને મંગેશકર હૉસ્પિટલમાં દાખલ કરાઇ નહોતી. અન્ય હોસ્પિટલમાં જોડિયા બાળકને જન્મ આપ્યાના બે દિવસ બાદ તેનું મૃત્યુ થયું હતું. દરમિયાન અલંકાર પોલીસ સ્ટેશનમાં ડૉ. ઘૈસાસ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૬ (૧) (બેદરકારીને કારણે મૃત્યુ) હેઠળ ગુનો દાખલ કરવામા આવ્યો હતો.

ભીસે પરિવારે ડૉ. ઘૈસાસ પર હૉસ્પિટલમાં પ્રવેશ અગાઉ ૧૦ લાખ રૂપિયા ડિપોઝિટનો આગ્રહ કર્યો હોવાનો આરોપ લગાવ્યો હતો. (પીટીઆઇ)■

# વૉટસઍપ થકી અફવા ફેલાવી લોકોની ઊંઘ હરામ કરનાર પકડાયા

નાગપુરઃ સોશ્યલ મીડિયા દ્વારા લોકોને ગભરાવવા તથા ખોટા સમાચાર ફેલાવવાનું નાગપુરના બે રહેવાસીને ભારે પડ્યું છે. તેમના આવા પરાક્રમને કારણે નાગપુરના ગામવાસીઓ રાતભર ઊંઘી નહોતા શકતા. પોલીસે હવે તેમને પકડી પાડ્યા છે. ઓલ્ડ કામ્પ્ટીના રહેવાસી અને મુખ્ય આરોપી પવન વિનાયક ઉકે (૨૯)એ 'ચોરો સે સાવધાન' નામનું વોટ્સએપ ગ્રુપ બનાવ્યું હતું. આ ગ્રુપમાં તેણે સ્થાનિક રહેવાસી પ્રદીપ ઉકે (૩૪) સહિત ૧૪૫ જણને સામેલ કર્યા હતા. છેલ્લા આઠ દિવસથી આ ગ્રુપમાં વિવિધ વિસ્તારમાં ચોરો ફરી રહ્યા હોવાના સમાચાર ફેલાવવામાં આવ્યા હતા, એમ પોલીસે જણાવ્યું હતું. આ ખોટા સમાચારનો પ્રભાવ એવો પડ્યો કે ઘણા ગામના રહેવાસીઓ રાત્રે સૂતા નહોતા અને લાકડીઓ અને મશાલ લઇને રાતભર પારો કરવા લાગ્યા હતા. આ આગમાં ઘી હોમવાનું કામ કર્યું વોટ્સ ગ્રુપના સભ્ય અને ઓલ્ડ કામ્પ્ટીના અન્ય રહેવાસી તેજસ દિલીપ ભુરેએ. તેણે ગ્રુપમાં વિવાદાસ્પદ વીડિયો શેર કર્યો. તેમ છતાં પોલીસને પાછળથી ખબર પડી હતી કે આ વીડિયો કામ્પ્ટીનો નહોતો અને ફક્ત ખોટા સમાચાર ફેલાવવા માટે પોસ્ટ કરાયો હતો. આ અંગે પોલીસને જાણ થયા બાદ પવન ઉકે અને તેજસ ભુરે સામે સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. ■

# આગ્રાની સગીરા મુંબઈના એલટીટી સ્ટેશને છોકરા સાથે નજરે પડ્યા પછી ફરી ગુમ!

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આગ્રાથી ગુમ થયેલી ૧૬ વર્ષની સગીરા મુંબઈના એલટીટી સ્ટેશનના સીસીટીવી કૅમેરામાં નજરે પડી હતી, પરંતુ ત્યાંથી તે ક્યાં ગઈ તેની કોઈ ભાળ મળી નહોતી. પોલીસના જણાવ્યા મુજબ સગીરા ૧૨ એપ્રિલની સવારે સાડાછ વાગ્યાની આસપાસ પરિવારજનોને જાણ કર્યા વિના ઘરથી નીકળ્યા પછી પાછી ફરી નહોતી. આસપાસના પરિસરમાં અને સગાંસંબંધીઓને ત્યાં તપાસ કર્યા છતાં સગીરાની કોઈ ભાળ ન મળતાં વડીલો પોલીસ સ્ટેશને ગયા હતા. સગીરાના પિતાની ફરિયાદને આધારે આગ્રા પોલીસે અપહરણનો ગુનો નોંધ્યો હતો. અધિકારીના જણાવ્યા મુજબ સગીરા આગ્રા સ્ટેશનેથી મુંબઈ આવતી ટ્રેનમાં ચઢી હતી. ૧૩ એપ્રિલના મળસકે ૪.૩૦ વાગ્યાની આસપાસ સગીરા લોકમાન્ય ટિળક ટર્મિનસ (એલટીટી) રેલવે સ્ટેશને પહોંચી હતી. બાદમાં તે એક છોકરા સાથે સ્ટેશન બહાર જતી સીસીટીવી કૅમેરાનાં ફૂટેજમાં નજરે પડે છે. સગીરા મુંબઈમાં હોવાની જાણ થતાં યુપી પોલીસે મુંબઈ પોલીસની મદદ માગી હતી. પોલીસે રેલવે સ્ટેશન બહારના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ પણ તપાસ્યાં હતાં. સ્ટેશન બહાર ગયેલી સગીરા થોડા સમય પછી ફરી સ્ટેશનમાં પ્રવેશતી ફૂટેજમાં દેખાય છે. જોકે પછી સગીરા ક્યાં ગઈ તેનું કોઈ પગેરું પોલીસ શાધી શકી નથી. આ પ્રકરણે વધુ તપાસ ચાલી રહી છે, એમ પોલીસે જણાવ્યું હતું. ■




## સંસ્થા સમાચાર

### ઓમાનવાલા વિદ્યામંદિર નામ કાયમી રાખવાના ઉમદા ઉદાહરણથી હર્ષોલ્લાસ




વર્ષો પૂર્વે સરસ્વતી શિશુમંદિરમાં શારદાબેન રમણીકલાલ શાહ-ઓમાનવાલા અને છબીલદાસ ગુલાબચંદ શાહ સરસ્વતી માધ્યમિક વિદ્યામંદિર નામકરણમાં દાતાએ દાન અર્પણ કરેલ. કોરોના પછી મહાત્મા ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત સંકુલમાં સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ દ્વારા વિનામૂલ્યે સ્કૂલ ચાલુ હતી. પૂ. શ્રી. ધીરગુરુદેવના માર્ગદર્શનથી ઓમાનવાલા સ્કૂલ નામકરણ યથાવત રહે તેવા શુભાશયથી આજે શનિવારે સવારે ૮.૦૦ કલાકે આયોજિત તકતી અનાવરણ પ્રસંગે ચેરમેન અપૂર્વ મણીઆર, ડો. બળવંત જાની, પલ્લવીબેન દોશી વગેરેનાં હસ્તે ૨૧ લાખનો ચેક સુશ્રી હેલીબેન ત્રિવેદીને અર્પણ કરાયો હતો. પીયૂષ મહેતા, વિજય મહેતા તથા બન્ને ટ્રસ્ટના ટ્રસ્ટીઓની ઉપસ્થિતિ હતી.

આવા ઉમદા અને પ્રેરણાદાયી સમારોહમાં ગુરુદેવે જણાવેલ કે- જીવનમાં કયારેય સત્તાનો દુરુપયોગ ન થાય તેની છેલ્લા શ્વાસ સુધી કાળજી રાખશો. દુનિયામાં દાતઓ છે તો ટ્રસ્ટીઓની કિંમત છે. માટે નાના કે મોટા કોઇ દાતાને અન્યાય ન થઇ જાય તેવી વફાદારી રાખીને કાર્ય કરશો. જો સમાજના ઠેકેદારો મનમાની કરીને કોઇના દાન અને નામ ઉપર પોતાના નામો ચડાવવા લાગશે તો દાનવીર નહીં બની શકે. સમાજ સત્તા લીઝ પર આપે છે, ઓનરશિપથી નહીં. તે કદી ભૂલવું નહીં! ■

# ભાંડુપમાં બેસ્ટ બસના ચાલકને ધમકાવી તલવારથી કર્યો હુમલો

## અન્ય વાહનોના કાચ તોડ્યાઃ સગીર વિરુદ્ધ ગુનો

મુંબઈઃ ભાંડુપ વિસ્તારમાં બેસ્ટ બસના ચાલક પર તલવારથી હુમલો કર્યા બાદ બસના કાચ તોડવા ઉપરાંત અન્ય વાહનોના કાચ તોડવા બદલ ૧૬ વર્ષના સગીર વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ભાંડુપમાં ટેન્ક રોડ પર મિનિલેન્ડ સોસાયટી નજીક શનિવારે બપોરે ૩.૧૦ વાગ્યે બનેલી આ ઘટના બાદ બસચાલક જ્ઞાનેશ્વર રાઠોડે નોંધાવેલી ફરિયાદને આધારે સગીર સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. સગીર વિરુદ્ધ ગયા વર્ષે ત્રણ ગુના દાખલ હોવાનું તપાસમાં જણાયું હતું.

બેસ્ટની બસ પ્રવાસીઓ સાથે ઘટનાસ્થળેથી પસાર થઇ રહી હતી ત્યારે સગીરે કોઇ બાબતને લઇ તેને માર્ગમાં રોકી હતી અને બસચાલક રાઠોડને તલવારની ધાક દાખવી હતી. તેણે બાદમાં ચાલકને જાનથી મારવાની ધમકી આપી તેના પર તલવારથી હુમલો કર્યો હતો અને બાદમાં તેણે બસના કાચ તોડ્યા હતા. એ સિવાય તેણે રિક્ષા અને પાણીના ટેન્કરના કાચ પણ તોડ્યા હતા. ભાંડુપમાં રહેતા સગીર વિરુદ્ધ આ પ્રકરણે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ■

# મુંબઈ એરપોર્ટ નવમી મેએ બંધ રહેશે

મુંબઈઃ રોજના હજારો હવાઈ યાત્રીઓથી ધમધમતું મુંબઈ એરપોર્ટ એક દિવસ છ કલાક માટે બંધ રહેવાનું છે. મુંબઈ એરપોર્ટમાં અમુક સમારકામ અને જાળવણીનું કામ કરવાનું હોવાથી આ નિર્ણય લેવાયો છે.

આથી ૯મી મે, ૨૦૨૫ ના રોજ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર એર ટ્રાફિક છ કલાક માટે બંધ રહેશે. આ કામ ચોમાસા પહેલા પૂર્ણ કરવામાં આવશે. મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડે શનિવારે આ અંગે માહિતી આપી.

મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડે જણાવ્યું છે કે ચોમાસા પહેલા બન્ને રનવે ૦૯/૨૭ અને ૧૪/૩૨ પર જાળવણીના ભાગરૂપે કામ હાથ ધરવામાં આવશે. આ કાર્ય ૯ મેના રોજ સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી પૂર્ણ થશે. તમામ લાગતાવળગતાઓને જાણ કરવા માટે પાઇલટ્સને છ મહિના પહેલા જણાવવામાં આવ્યું હતું. જેથી એક દિવસ પૂરતી ફ્લાઈટ્સ તે પ્રમાણે શિડ્યુઅલ કરવામાં આવે.

એરપોર્ટના હવાઈ માળખાને સુધારવા માટે ચોમાસા પહેલાની જાળવણી મહત્વપૂર્ણ છે. એમઆઇએએલે પણ સ્પષ્ટતા કરી કે ચોમાસા દરમિયાન સેફ લેન્ડિંગ અને ટેકઓફ થાય તે માટે નિષ્ણાતો રન-વેનું નિરીક્ષણ કરશે. ■

# સાત વર્ષની બાળકીના અકસ્માત મૃત્યુના કેસમાં આંચકાજનક વળાંકઃ સગીર ભાઈએ કરેલી હત્યા

પાલઘરઃ નાલાસોપારામાં સાત વર્ષની બાળકીના અકસ્માત મૃત્યુના કેસમાં પોલીસ તપાસમાં આંચકાજનક વળાંક સામે આવ્યો હતો. ઝઘડો થતાં સગીર ભાઈએ કટરથી હુમલો કરી બાળકીની હત્યા કરી હોવાનું તપાસમાં જણાયું હતું.

એમબીવીવી પોલીસના સેન્ટ્રલ ક્રાઈમ યુનિટના અધિકારીના જણાવ્યા મુજબ બાળકી નાલાસોપારામાં વલઈપાડા ખાતેના ઘરમાંથી ૧૭ એપ્રિલે મૃત અવસ્થામાં મળી આવી હતી. ટેબલ પરથી પડી જવાને કારણે ગરદન પર ઇજા થતાં બાળકીએ જીવ ગુમાવ્યો હોવાનું તેના પિતાએ પેલ્હાર પોલીસને કહ્યું હતું. આ પ્રકરણે પેલ્હાર પોલીસે અકસ્માત મૃત્યુની નોંધ કરી હતી, પરંતુ પોલીસને શંકા જતાં ક્રાઈમ બ્રાન્ચે તપાસ હાથ ધરી હતી.

બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મુંબઈની જે. જે. હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. ગરદન ફરતેની ઇજાને કારણે બાળકીનું મૃત્યુ થયું હોવાનું પોસ્ટમોર્ટમના પ્રાથમિક અહેવાલમાં જણાવાયું હતું. પોલીસે કરેલા ઘટનાસ્થળના નિરીક્ષણ અને પડોશીઓની પૂછપરછમાં બાળકીના સગીર વયના ભાઈ તરફ શંકાની સોય તકાઈ હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પૂછપરછમાં સગીરે કબૂલાત કરી હતી કે ૧૭ એપ્રિલે તેની વિનંતી છતાં બહેને જમવાનો ઇનકાર કર્યો હતો. આ વાતથી રોષે ભરાઈ તેણે બહેનને સ્લિપરથી મારી હતી.

બાળકીએ ગાળાગાળી કરતાં ગુસ્સામાં આવી સગીરે કટરથી હુમલો કર્યો હતો, જેમાં બાળકીના ગરદન પર ઇજા થઈ હતી. હુમલા પછી સગીર ઘરની બહાર ભાગી ગયો હતો અને પાછા ફરી તેણે બહેનની કોઈએ હત્યા કરી હોવાની બૂમાબૂમ કરી હતી. વધુ પૂછપરછમાં સગીરે જ તેની બહેનની હત્યા કરી હોવાની ખાતરી થતાં તેને તાબામાં લેવાયો હતો. વધુ કાર્યવાહી માટે તેને પેલ્હાર પોલીસને સોંપાયો હતો. (પીટીઆઈ) ■

# નવી મુંબઈમાં પ્લાસ્ટિકના ભંગારના ગોડાઉનમાં ભીષણ આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નવી મુંબઈમાં દહિસર વિસ્તારમાં પ્લાસ્ટિકના ગોડાઉનમાં શુક્રવારે મોડી રાત બાદ ભીષણ આગ ફાટી નીકળી હતી. સદ્નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી પણ ગોડાઉનમાં રહેલો માલ-સામાન બળીને ખાખ થઈ ગયો હતો.લગભગ નવ કલાકે આગ નિયંત્રણમાં આવી હતી. જોકે કૂલિંગ ઓપરેશન મોડે સુધી ચાલ્યું હતું.

નવી મુંબઈના દહિસર વિસ્તારમાં ઠાકુર પાડામાં પિંપરી ઈરાની મસ્જિદ સામે ગોડાઉન આવેલાં છે. શુક્રવારે મોડી રાતના ૧.૧૯ વાગે પ્લાસ્ટિક સહિત અન્ય ભંગારના ગોડાઉનમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ભંગારનો સામાન હોવાથી આગ ઝડપભેર લગભગ પચીસ ત્રીસ ગોડાઉનમાં ફેલાઈ હતી.

આગ ભીષણ હોવાથી તેને બુઝાવવા માટે કોપરખૈરાણે ફાયરબ્રિગેડ, સીબીડી બેલાપુર સહિત કળંબોલી, નેરુળ, વાશી અને અને થાણે ફાયરબ્રિગેડથી ગાડીઓ રવાના કરવામાં આવી હતી.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ઘટના સ્થળે તાત્પૂરતા સ્વરૂપમાં પતરાનાં શેડ બનાવીને ઊભા કરાયેલાં ડામર, પ્લાસ્ટિકના ડ્રમ, ખાલી પતરાના ડ્રમ, કૉમ્પ્રેસર સહિત અન્ય ભંગારના પચીસ ત્રીસ ગોડાઉનમાં લાગી હતી. આગમાં તમામ ગોડાઉન અને માલ-સામાન બળીને ખાખ થઈ ગયો હતો.

શુક્રવારના મોડી રાતના લાગેલી આગ છેક નવ કલાકે એટલે કે શનિવારે સવારના ૧૦.૩૦વાગે નિયંત્રણમાં આવી હતી. જોકે કૂલિંગ ઓપરેશન મોડે સુધી ચાલ્યું હતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. ■

## હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ અમલસાડ (હાલ વિરાર) હરીલાલ (કાંતીભાઈ) ભીખુભાઈ પટેલના ધર્મપત્ની પાર્વતીબેન (ઉ.વ. ૬૯) ગુરુવાર, તા. ૧૭-૪-૨૫ના રોજ દેવલોક પામ્યા છે. તે વૈશાલી, ચેતના, નિખીલના માતા. તે મુકેશ, સંતોષ, નેહલના સાસુ. તે સ્વયંના દાદી. તે વિનીતના નાની. તે સોમીબેન ભીખુભાઈ પટેલના વહુ. તે મણીબેન વસંતભાઈ પટેલ (વળોટી)ની પુત્રી. તેમનું બંને પક્ષનું બેસણું સોમવાર, તા. ૨૧-૪-૨૫ના બપોરે ૨.૦૦ થી ૪.૦૦ કલાકે. શાસ્ત્રી વિદ્યાલય હાઈ સ્કૂલ, ગ્રાઉન્ડ ફ્લોર, ગુરૂકૃપા હોલની બાજુમાં, વિરાર (પૂર્વ) રેલવે સ્ટેશનની બાજુમાં તેમજ પુચ્છપાણી રવિવાર, તા. ૨૭-૪-૨૫ના રોજ ૩ થી ૪ કલાકે નિવાસસ્થાને રાખેલ છે. ૨૦૧, સાઈરાજ કલાસીક, મનવેલપાડા રોડ, તારવાડી કોર્નર, વિરાર (પૂર્વ) રેલવે સ્ટેશનની બાજુમાં (લૌકિક વ્યવહાર બંધ છે).

**કચ્છી લોહાણા**

મૂળ ગામ દરસડી હાલ ભુજ તે સ્વ. ઝવેરબેન કુંવરજીભાઇ પંડિતપૌત્રના સુપુત્ર વસંતકુમાર પંડિતપૌત્ર (ઉં. વ. ૭૧) તા. ૧૯-૪-૨૫ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. કાંતાબેનના પતિ. ગામ માંડવીવાળા સ્વ. કરસનદાસભાઇ રાચ્છના જમાઇ. તે સ્વ. છગનભાઇ, સ્વ. વીરેન્દ્રભાઇ, સ્વ. ચંદ્રકાંતભાઇ, ગં. સ્વ. મંગળાબેન પ્રભુરામ, સ્વ. પુષ્પાબેન તુલસીદાસ, સૌ. ગોદાવરી બેન જીતેન્દ્રભાઇ, સૌ. વિમળાબેન કરસનદાસ, સૌ. ઉર્મિલા (મીરા)બેન અશોકભાઇ, સ્વ. કોકીલાબેન દિલીપભાઇના ભાઇ. સૌ. લ્યુસીના હીરેન ગંધા, સૌ. ફાલ્ગુની મયૂર ભલ્લા, સૌ. ખુશાલી ચિંતન જોબનપુત્રા ને યશ (લાલા)ના પિતાશ્રી. તે આનંદ, કપિલ, કલ્પેશ, હાર્દિક ને વિનેશનાં કાકાશ્રી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૦-૪-૨૫ના રવિવારે ૫.૩૦થી ૭. ઠે. ગોપુરમ હોલ, પુરુષોતમ ખેરાજ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ડો. રાજેન્દ્ર પ્રસાદ આરડી, જગજીવનરામ નગર, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા પોરવાડ વૈષ્ણવ વણિક**

હાલ મુંબઇ વિનોદભાઇ અંબાલાલ શાહનાં ધર્મપત્ની નિરંજના શાહ (રાધા) (ઉં. વ. ૮૦) તે પ્રીતેશ અને પ્રિતીનાં માતુશ્રી. બિજલ અને મેહુલનાં સાસુજી તા. ૧૮-૪-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૧-૪-૨૫ સોમવારના ૫થી ૭. ઠે. શ્રી લુહાર સુતાર જ્ઞાતી હિતેચ્છક મંડળ (મુંબઇ) કલ્યાણ કેન્દ્ર, દત્તપાડા મેઇન રોડ, વિશ્વકર્મા ચોક, કાર્ટર રોડ-નંબર-૩, અંબાજી મંદિર પાસે, બોરીવલી (ઇ), લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

કાનપર નિવાસી હાલ મુલુંડ ગં.સ્વ. નલિનીબેન વ્રજલાલ સાંગાણી (ઉં. વ. ૮૫) તે સ્વ. સરસ્વતીબેન જમનાદાસ સાંગાણીના પુત્રવધૂ. અતુલભાઈ અને પ્રશાંતભાઈના માતુશ્રી. ભાવનાબેન હર્ષદરાય વોરા, રક્ષાબેન ચંદ્રકાંત પારેખના સાસુ. હર્ષ, નિધિ નિજેશ શાહ, માનસી મયંક પંચમીયાના દાદી. લક્ષ્મીચંદ કાનજી મલકાણના પુત્રી. અરૂણભાઈ, મહેશભાઈના બેન. તા. ૧૮-૪-૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**નવગામ વિસાનાગર વણિક**

પિલવાઈ નિવાસી હાલ કાંદિવલી, ભરતભાઈ (ઉં. વ. ૬૭) તે ગો.વા. રમણલાલ મનસુખરામ શાહ તથા ગો.વા. શારદાબેન શાહના પુત્ર. માલતીબેનના પતિ. સૌરભ તથા સોનમના પિતાશ્રી. તે પુનમ તથા જયકુમારના સસરા. સ્વ. નારણદાસ ચુનીલાલ શાહ તથા સ્વ. શારદાબેન નારણદાસ શાહના જમાઈ. પ્રબોધભાઈ, પંકજભાઈ તથા મનોજભાઈના ભાઈ. પ્રફુલભાઈ, મહેશભાઈ, અનુપભાઈ, ગીતાબેન તથા કલ્પનાબેનના બનેવી તા. ૧૬-૪-૨૫ના બુધવારે શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૦-૪-૨૫ના ૫ થી ૭, લોહાણા બાળાશ્રમ હોલ, મથુરાદાસ એક્સેટેન્સન રોડ, અતુલ ટાવરની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ)

**કપોળ**

સિહોરવાળા (હાલ માટુંગા) ભુતા કીર્તિકુમાર અનંતરાયના ધર્મપત્ની અ.સૌ. ભારતીબેન (ઉં. વ. ૭૫) તે નિરવ તથા અમીના માતા. અ.સૌ. હેતા અને ચિ. સોમીલ જયંતભાઈ શેઠના સાસુ. લોઠપુરવાળા નાગરદાસ લવજીભાઈ ગોરડિયાની દીકરી. સુરેશભાઈ, મધુભાઈ તથા ચંદ્રકાંતભાઈના બહેન. સાહિલના દાદી તથા દિવીત અને જેહાનના નાની શુક્રવાર તા. ૧૮-૪-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારશે બ્રાહ્મણ**

ઉરસડ નિવાસી, હાલ કાંદિવલી, ગં. સ્વ. મુક્તાબેન જાની (ઉં. વ. ૯૦) ૧૬/૪/૨૫ના કૈલાશવાસી થયેલ છે. તે સ્વ. ભુપતરાય નાનાલાલ જાનીના ધર્મપત્ની. રમેશભાઈ, મહાસુખભાઈ, અનિલભાઈ, હરીશભાઈ, સંજયભાઈ, ગીતાબેનના માતુશ્રી. સ્વ. નિર્મળાબેન રમેશભાઈ, વંદનાબેન હરીશભાઈ, કવિતાબેન સંજય, મહેશકુમાર ભટ્ટના સાસુ. પિયરપક્ષે બુધેલ નિવાસી જડીબા ભાણશંકર દવેના દીકરી. જયા, કમળા, મધુ, બાળકૃષ્ણ, મનહર, જગદીશ, દુર્ગાદાસ દવેના બહેન. પ્રાર્થનાસભા ૨૧/૪/૨૫ના ૫ થી ૭. વાંઝાજ્ઞાતિ વાડી, મથુરાદાસ રોડ, ઈરાનીવાડી ધનામલ સ્કૂલની પાસે, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી લોહાણા**

સ્વ. કસ્તુરબેન જમનાદાસ કોરજી પોપટના પુત્ર કિશોરભાઈ (ઉં. વ. ૬૫) કચ્છ ગામ નલિયા હાલ મુલુંડ તા.૧૮-૦૪-૨૫ શુક્રવારના શ્રીરામશરણ પામેલ છે. તે શીલાબેનના પતિ. મહેશભાઈ જમનાદાસના ભાઈ. સ્વ. શિવજીભાઈ નેન્સી કતીરા (ગામ કોટેશ્વર)ના જમાઈ. જીગર તથા શ્વેતાના પિતા. શિલ્પાબેન તથા રિતેશભાઈ વોરાના સસરા. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૦.૦૪.૨૫ને રવિવાર ૫ થી ૭. શ્રી કચ્છી લોહાણા મહાજન ટ્રસ્ટ, મુલુંડ પવાણી બેન્ક્વેટ, પ્રથમ માળો, આર.આર.ટી. રોડ, મુલુંડ પશ્ચિમ, લૌકિક વ્યવહાર સદંતર બંધ છે. બહેનોએ તેજ દિવસે આવી જવું.

**નાથળિયા ઉનેવાળ બ્રાહ્મણ**

ઓલવાણ/ઉના નિવાસી હાલ કાંદિવલી, નિર્મળાબેન ઠાકર (ઉં. વ. ૮૫) તા. ૧૯/૦૪/૨૫ને શનિવાર કૈલાસવાસી થયેલ છે. તે સ્વ.નર્મદાશંકર રણછોડદાસ ઠાકરના પત્ની. સ્વ.પ્રતાપભાઇ, ગૌતમભાઈ, જયવંતભાઈ, ચંપાબેન (અનિલાબેન ચેતનકુમાર પાઠક)ના માતુશ્રી. જશ્મિના, વિભા, રૂપલ, ચેતનકુમારના સાસુ. સચિન, કૃપા, દીપક, હેતલ, રાહુલના દાદી. પ્રભુતના નાની. પાટી માણસા નિવાસી અમૃતબેન ભીખાભાઈ જોશીના દિકરી પ્રાર્થનાસભા તા.૨૦/૦૪/૨૫ને રવિવાર ૪ થી ૬. ઠઠાઈ ભાટિયા સેવા ફંડ, હોલ નં. ૫ નમ હોસ્પિટલની સામે, શંકરગલી, એસ.વી.રોડ કાંદિવલી વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

મૂળગામ રાજકોટવાળા હાલ મીરારોડ, સ્વ. જમનાબેન તથા સ્વ જમનાદાસ સાતાના પુત્ર નલીનભાઇ (ઉં. વ. ૭૫) તે લતાબેનના પતિ. સ્વ. જશવંતીબેન, સ્વ. તાપીદાસ મહેતાના જમાઈ. દિવ્યેશ, સ્વ. મિતેશના પિતા. જાગૃતિના સસરા. ઈશ્વરી, ગૌતમના દાદા. સ્વ. જ્યોતિબેન સોમૈયા, સ્વ. જગદીશભાઈ, સ્વ. ગીતાબેન સોડાના ભાઈ ૧૮/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૦/૪/૨૫ના ૪ થી ૬. સ્વામિનારાયણ મંદિર, સેક્ટર ૧૦, મીરારોડ ઈસ્ટ.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

ફરાદી (કચ્છ) હાલ ઘાટકોપર અરવિંદ સાહેલ (ઉં. વ. ૭૮) તે સ્વ. શકુંતલાબેન હંસરાજ સાહેલના સુપુત્ર. ગં. સ્વ. જયશ્રીબેનના પતિ. સૌ. ડો. વૈશાલી પરેશ સુડિયા, ભાવિનના પિતા. ડો. પરેશ કૃષ્ણકાંત સુડિયા અને સૌ. ફાલ્ગુની ભાવિનના સસરા. જાન્હવીના નાનાજી. શિવાંગ અને કનિષ્કાના દાદાજી. સ્વ. સુરેશભાઇ હંસરાજ સાહેલ, સૌ. મીનાબેન કાંતિલાલ રાડિયા, સૌ. રમાબેન હંસરાજ રત્નેશ્વર, સૌ. પુષ્પાબેન પ્રેમજી ટપરિયાના ભાઇ તા. ૧૮-૪-૨૫ના શુક્રવારના રામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨૧-૪-૨૫ સાંજે ૫થી ૭. ઠે. સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ (વે).

**દશા સોરઠિયા વણિક**

હાલ મુંબઇ સ્વ. જયંતીલાલ ભૂપતાની અને જયશ્રીબેન ભૂપતાણીના સુપુત્ર રાજેશ ભૂપતાણી (ઉં. વ. ૫૮) ગુરુવાર તા. ૧૭-૪-૨૫ના નિધન થયેલ છે. તે ઉરેશભાઇ, સમીરભાઇ, પરેશભાઇના મોટાભાઇ. ભૈરવી ભૂપતાની પૂજા ભૂપતાનીના જેઠ. કુનાલ ભૂપતાની, ખુશી ભૂપતાની તથા યશ ભૂપતાનીના મોટા પપ્પા. શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી રાજગોર**

ગામ નાગલપર હાલ ઘાટકોપરના અ. સૌ. હિનાબેન નિલેશ ઉગાણી (ઉં. વ. ૪૭) તા. ૧૭-૪-૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. ઉષાબેન પ્રભાશંકર, ગં. સ્વ. પ્રેમીલાબેન નવીનચંદ્ર, ગં. સ્વ. પ્રેમીલાબેન ભાઇલાલ ઉગાણીના પુત્રવધૂ. તે સ્વ. રમીલાબેન મોહનલાલ જેસરગોર ગામ : પત્રીવાળાના સુપુત્રી. આદિત્યના માતુશ્રી. દીપા રાજ, અલ્પા ત્રિપલ, હિના કિશોર, ચૈતાલી કલ્પેશ, લતા દિનેશ, તેજલ કેતનના ભાભી. વનિતાબેન મુકેશ, નીતાબેન સંજય, અંજની પ્રીતેશ, યોગેશ મોહનલાલ, રેખાબેન મનોજના બહેન. વિનલ વેદ તથા કીથના મામી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૦-૪-૨૫ સાંજે ૪થી ૬. ઠે. બી.એ.પી.એસ, સ્વામિનારાયણ મંદિર હોલ, લવંડર બાગની બાજુમાં, ૯૦ ફીટ રોડ, ગારોડિયા નગર, ઘાટકોપર (પૂર્વ).

**હાલાઇ લોહાણા**

હાલ મુંબઇ પરાગભાઇ સામાણી (ઉં. વ. ૫૨) તા. ૧૮-૪-૨૫ના શ્રીચરણ પામેલ છે. તે સ્વ. ઇન્દિરાબેન તથા સ્વ. નારાયણભાઇ સામાણીના સુપુત્ર. મમતાબેન સામાણીના પતિ. આદિત્ય સામાણીના પિતા. બ્રિજેશ નારાયણ સામાણીના મોટાભાઇ. અ. સૌ. મનિષાબેન બ્રિજેશ સામાણીના જેઠ. જેસિકા બ્રિજેશ સામાણીના મોટા પપા. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

સરોશ દાદીબા ભાવનગરી તે નીલુફર એસ. ભાવનગરીના ખાવીંદ. તે મરહુમો દીનામાય તથા દાદીબા ભાવનગરીના દીકરા. તે વરુન એસ. ભાવનગરીના પપ્પા. તે ફરોખ ડી. ભાવનગરીના ભાઇ. (ઉં. વ. ૭૯) રે. ઠે. એમ-૧૭, ખુશરુ બાગ, શહીદ ભગતસિંહ રોડ, કોલાબા કોઝવે, કોલાબા મુંબઇ-૪૦૦૦૦૫. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૧-૪-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે કરાની અગિયારીમાં છેજી.

## જૈન મરણ

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ લાકડીયાના અ. સૌ. શાંતીબેન ગાલા (હિરાણી) (ઉં. વ. ૫૪) બુધવાર, તા. ૧૬-૪-૨૫ના દેહ પરિવર્તન કરેલ છે. માતુશ્રી હિરૂબેન પ્રેમજી જેઠાલાલના પુત્રવધૂ. હસમુખના પત્ની. ચિંતનના માતુશ્રી. વર્ષાના સાસુ. હંસરાજ, હરખચંદ, અમરશી, ગાંગજીના ભાઇપત્ની. માતુશ્રી મણીબેન રામજી (બાબુ)ની સુપુત્રી પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨૧-૪-૨૫ના ૧૦થી ૧૧.૩૦, ઠે. યોગી સભાગ્રૃહ, સ્વામી નારાયણ મંદિરની બાજુમાં, દાદર - ઇસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ચુડા (ભેંસાણ) નિવાસી હાલ ભાઈંદર, ઉપેન્દ્રભાઈ દોશી (ઉં. વ. ૪૬) તા. ૧૮-૪-૨૫ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. હંસાબેન રમેશચંદ્ર દોશીના સુપુત્ર. તેઓ અતુલભાઈ, મનોજભાઈ અને રૂપાબેનના ભાઈ. તેઓ સોનલબેન અતુલભાઈ દોશીના દેવર. ઈલાબેન ચંદ્રકાંતભાઈ કોઠારીના ભત્રીજા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી પાટણ જૈન**

ગોદડના પાડાના હાલ પૂના, ડી સારાભાઈ પરિવાર, સ્વ. કાંતિલાલ મણિલાલ સફરીના ધર્મપત્ની રમીલાબેન સફરી (ઉં. વ. ૯૨) ગુરુવાર તા. ૧૭. ૦૪. ૨૫ના અરિહંતશરણ થયેલ છે, તે સ્વ. હીરાભાઈ જીવાચંદ શાહ ચૌધરીની શેરીના સુપુત્રી. સ્વ. ગીરીષભાઈ, સ્વ.જતીનભાઇ, હેમંતભાઇ, ભાવનાબેનના માતુશ્રી. સ્વ. કલ્પનાબેન, વૈભવીબેન, કલ્પનાબેન (કપુ), હીતેષકુમારના સાસુ. રચના - મેહુલકુમાર, આકાશ - સપના, રિદ્ધિ, અંકિત - સિલ્વરી, રોનક - રીતુ, રોશની - અમનકુમાર, તન્વી - નીરવકુમારના દાદી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાદ્રોડ નિવાસી હાલ બોરીવલી, અનંતરાય મોહનલાલ દોશી (ઉં. વ. ૭૯) તે સરોજબેનના પતિ. સ્વ. નીતિનભાઈ, વસંતભાઈ, સ્વ. અરુણભાઈ, સ્વ. હંસાબેન ચુનીલાલ શાહ, મંજુલાબેન પ્રવિણચંદ્ર શાહના ભાઈ. બાબુલાલ પરષોત્તમદાસ દોશી મહુવાવાળાના જમાઈ. પ્રવિણાબેન કિર્તીકુમાર શેઠ, દક્ષાબેન શશીકાંત દોશી, કમલેશના બનેવી, કલ્યાણજી કમળશી શાહ બરોડાવાળાના ભાણેજ. ૧૮/૪/૨૫ના અરિહંતશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**રાધનપુરી જૈન**

રાધનપુર તીર્થ નીવાસી હાલ બોરીવલી, સતીષભાઈ ભીખાલાલ દોશી (ઉં. વ. ૭૫) તે અનીલાબેનના પતિ. સત્યેન પારસ ફોરમના પિતાશ્રી. ડિમ્પલ પીંકી સંદિપકુમારના સસરા. સ્વ. રતિભાઈ, સ્વ. બચુભાઈ, સ્વ. ચીનુભાઈ, સ્વ. રમેશભાઈ, સ્વ. મીનાક્ષીબેન, ભાવનાબેન નરેશભાઈના ભાઈ. માણેકલાલ જગજીવનદાસના જમાઈ. ૧૯-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા : ૨૦-૪-૨૫ના રવિવાર ૩:૩૦ થી ૫:૩૦. આધાર હોલ, દૌલતનગર ૧૦ નંબર, બોરીવલી ઇસ્ટ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વઢવાણ નિવાસી હાલ કાંદિવલી સ્વ. મહેન્દ્રકુમાર અમૃતલાલ ગોવિંદજી શાહના ધર્મપત્ની લતાબેન (ઉં. વ. ૮૫) તા.૧૯/૪/૨૫ના અરિહંતશરણ પામેલ છે. જે સ્વ.રમેશચંદ્ર-સ્વ. સરોજબેન, સ્વ.સુધાબેન નવીનચંદ્ર ગોસલિયાના ભાભી. કાશ્મીરા રજનીકાંત દોશી, મનીષા જીતેન દોશી, શીતલ હેમાંગ મહેતાના માતુશ્રી. પિયરપક્ષે સ્વ. શિવલાલભાઈ રતનશી શેઠના પુત્રી. સૌમિલ-પિકલ, હેમિલ-વિધિ, વેદાંત, ધ્રુવ, કિયાન, કવીરના નાની. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યાવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભુજપુરના કેશવજી દેઢીયા (કેશુ) (ઉં. વ. ૬૭)તા. ૧૮-૪-૨૫ના મુંબઇમાં અવસાન પામેલ છે. તે માતુશ્રી મણીબાઇ કાનજી ધનજી દેઢીયાના સુપુત્ર. બીનાના ભાઇ. ભુજપુરના ધનજી વેલજીના પૌત્ર. ગેલડાના લધીબાઇ ભીમશી સૈયાના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. ફોન આવકાર્ય. ઠે. રમેશ રતનશી સોની, ૧૦૦૪, ગાંધી ભવન, ચુનામ લેન, લેમીંગ્ટન રોડ, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭.

ભીંસરાના ખેતબાઇ કાનજી ચાંપશી દેઢીયા (ઉં. વ. ૯૬) તા. ૧૮-૪-૨૫ના મુંબઇ મધ્યે અવસાન પામેલ છે. બાડાના સ્વ. ગંગાબેન શીવજીના સુપુત્રી. માપરના ગં.સ્વ. પ્રભાબેન જીવરાજ રાયશી છાડવાના માતુશ્રી. બાડાના સ્વ. ભવાનજી શીવજીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. એડ્રેસ : નીલેશ જીવરાજ છાડવા, એ-૭૦૪, શ્રી શત્રુંજય સોસાયટી, પટેલ નગર, કાંદીવલી (વે.).

નવાવાસના પ્રીતિ (પ્રેમીલા) ગિરીશ છેડા (ઉં. વ. ૬૬) તા. ૧૭-૪-૨૫ના દેહ પરિવર્તન કરેલ છે. રૂક્ષ્મણીબેન મોતીલાલના પુત્રવધુ. ગિરીશના પત્ની. બ્રિજેશના માતા. કાંડાગરા હીરબાઈ શામજી ધારશીની પુત્રી. વિમળા, વસંત, ઉષા, લતાના બેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ : પ્રીતિ છેડા. ૧૫૦૧, નમો હેરિટેજ, રામગલી, એસ.વી.રોડ, કાંદિવલી (૫).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગોપાલ ગ્રામ (ઢસા) હાલ કાંદિવલી સ્વ. ચંચળબેન તથા સ્વ. રતીલાલ શામળજી કામદારના સુપુત્રી મનીષાબેન (બોબી) (ઉ. વ. ૫૦) ગુરુવારના તા. ૧૭-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે રાજેશભાઇ, જીમીતભાઇના બહેન. ઇંદુ તથા અભિલાષાબેનના નણંદ. રીતવીના ફૈબા. મોસાળ પક્ષે સ્વ. દયાળજી શોમચંદ દોશીની દોહીત્રી. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**દિશા શ્રીમાળી જૈન**

સ્વ. જયશ્રીબેન શાહ (ઉં. વ. ૮૨) હાલ મુંબઇ તા. ૧૨-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે શાંતિલાલ કક્કલભાઇ શાહનાં ધર્મપત્ની. ચિરાગ તથા રેશમાનાં માતુશ્રી. પુત્રવધૂ પ્રિતી અને કલ્પેશકુમારના સાસુ. સૌરીન તથા દેવલના દાદી. અનમોલ અને ઉદીતાના નાની. બબુબેન અમૃતલાલ લહેરચંદ શાહના પુત્રવધૂ.

છેલ્લા પાનાનું ચાલુ

### એક શરત પર

ઉદ્ધવ ઠાકરેએ એમ પણ કહ્યું હતું કે, શિવસેનાનો જન્મ મરાઠી લોકોના અધિકારો મેળવવા માટે થયો હતો. દરેક કાર્યકર્તાએ શાખા સાથે સંકલન કરવું જોઈએ. ભલે ઘણા લોકો કંઈ આપી ન શક્યા, તેઓ હિન્દુત્વ અને પાર્ટી માટે મારી સાથે રહ્યા. આજે પણ, જ્યારે કાયદા લાવવામાં આવે છે, ત્યારે કાર્યકરોએ તેમનો વિરોધ કરવો જોઈએ, પરંતુ ચૂંટણી દરમિયાન, આપણે વિચલિત થઈ જઈએ છીએ.

આગળ બોલતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, અમે મહારાષ્ટ્રના પાકા મરાઠી લોકો છીએ. જ્યારે ખેડૂત સંબંધી કાયદા આવ્યા, ત્યારે કામદારો ખેડૂતોની સાથે રસ્તા પર ઉતર્યા ન હતા. તેમનું મિશન એ છે કે કોઈએ ભેગા ન થવું જોઈએ. જુઓ તો ખરા કે તેઓ આપણને લડાઈમાં ફસાવીને શું કરી રહ્યા છે. મુંબઈમાં પણ, કેટલીક બાબતો અદાણીના પક્ષમાં થઈ રહી છે અને તેઓ તમને લડાઈમાં વ્યસ્ત રાખવા માગતા હતા જેથી તમે તેના વિશે વાત ન કરો. કેટલા અફસોસની વાત છે કે હવે સરકાર સત્તામાં આવી ગઈ છે, કોઈ પણ મેનિફેસ્ટો વિશે વાત કરી રહ્યું નથી. અમે થોડા સમય માટે કહીશું કે તમે ગપ્પાં સાંભળીને મતદાન કર્યું પણ હવે કોઈ તેના વિશે વાત કરતું નથી.

અજિત પવાર કહે છે કે મેં મારા ભાષણમાં લોન માફી વિશે ક્યારેય વાત કરી નથી. આ કેવું રાજકારણ છે. હિન્દી પહેલા ધોરણથી ફરજિયાત છે તેનું આપણે શું કરવું જોઈએ? અમે બધું પ્રેમથી સાંભળીશું, પણ જો તમે અમને દબાણ કરશો, તો અમે તમારી સાંકળો ઉખેડીને ફેંકી દઈશું. ઘણી જગ્યાએ મરાઠી શીખવા માટે ઉત્સાહ વધી રહ્યો છે. તો જો તેમને એવું લાગે છે, તો ચાલો હવે હિન્દી શીખવીએ, એમ પણ ઉદ્ધવ ઠાકરેએ પણ કહ્યું હતું.

### થોભો અને રાહ જુઓ

ગઠબંધન હતું. તે સમય દરમિયાન રાજ ઠાકરે પણ તેમાં સામેલ હતા, પરંતુ શિવસેનાને તોડવા અને મહારાષ્ટ્રના પાયાને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ થયો. જ્યારે ખેડૂતો વિરુદ્ધ કાળા કાયદાઓ છે, મહારાષ્ટ્રમાં ઉદ્યોગો બહાર જઈ રહ્યા છે, ત્યારે પણ આ દળો સાથે રહેવું આપણા માટે યોગ્ય નથી,

મહારાષ્ટ્ર આ પરવડી શકે તેમ નથી, અમારું વલણ હજુ પણ એ જ છે,' એમ સાંસદ સંજય રાઉતે કહ્યું હતું. મહારાષ્ટ્રની હાલની પરિસ્થિતિ ગંભીર છે. સત્તાધારીઓ એક વાત કહે છે અને બીજું કરે છે. અમે આવા લોકોને ક્યારેય અમારા દરવાજે આશ્રય આપીશું નહીં, આ અમારું વલણ છે અને રાજ ઠાકરે અથવા તેમના લોકો માટે આ વલણ અપનાવવું જરૂરી છે. ભારતીય જનતા પાર્ટી અને તેના સાથીઓ ઠાકરે નામ ભૂંસી નાખવા માંગે છે. આવી સ્થિતિમાં, જો બંને ઠાકરે ભાઈઓ ભેગા થઈ જશે તો મહારાષ્ટ્ર તેનું સ્વાગત કરશે. અત્યારે અમે થોભો અને રાહ જુઓની સ્થિતિમાં છીએ, પરંતુ, અમે ચોક્કસપણે આ મુદ્દાને સકારાત્મક દૃષ્ટિકોણથી જોઈ રહ્યા છીએ,' એમ સાંસદ સંજય રાઉતે જણાવ્યું હતું.

### મહારાષ્ટ્રના અચ્છે દિન

સારી વાત છે. કોણ શાસન કરશે કે નહીં તેની વિગતોમાં હું જઈશ નહીં. પણ અંતે, મરાઠી રાજ્ય આવશે અને મરાઠી લોકોની હાલત સારી થશે. ગઠબંધન ન થવાનું એક કારણ ગેરસમજ છે. પણ આજે ભૂતકાળમાં બનેલી બાબતોને બાજુ પર રાખવા તૈયાર છે. આનાથી સાહેબ (બાળ ઠાકરે)ને શાંતિ મળશે. આપણે આશાવાદી રહેવું જોઈએ, કોઈ કારણોસર તેમાં સમય લાગ્યો પણ હવે સૂર્યપ્રકાશના ઝાંખા કિરણો દેખાવા લાગ્યા છે એમ ચંદુમામાએ કહ્યું હતું.

ચંદુમામાએ કહ્યું હતું કે બે ભાણેજ ઝઘડતા હોય ત્યારે કોઈપણ મામાને ગમતું નથી. જે લાગણીઓ હંમેશા વ્યક્ત કરવાની જરૂર નથી હોતી તે બોડી લેંગ્વેજમાં દેખાય છે. આ બધું આપણા મા સાહેબ, મરાઠી લોકોના આશીર્વાદથી થઈ રહ્યું છે. બધું જ શબ્દોમાં વ્યક્ત કરી શકાતું નથી. લાગણીઓ બતાવી શકાતી નથી.

### ઘાટકોપર, ચેમ્બુર,

રહેશે. પાલિકાના પાણીપુરવઠા વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ અમલ મહેલ જંકશન પાસે મેટ્રોનું કામ ચાલી રહ્યું છે. ખોદકામ દરમ્યાન પાણીની ૧૨૦૦ મિલીમીટર વ્યાસની પાઈપલાઈનમાં ગળતર થયું હતું. તેથી તાત્કાલિક ધોરણે સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું. જોકે તે માટે ૧,૮૦૦ મિલીમીટર વ્યાસની પાઈપલાનને બંધ કરવી પડી હતી. આ સમારકામ ૨૪ કલાક ચાલવાનું હોવાથી આ પાઈપલાઈનને ૨૪ કલાક માટે બંધ કરવાને કારણે પૂર્વનાં ઉપનગરમાં ઘાટકોપર, ચેમ્બુર, કુર્લા, સાયન, દાદર, માટુંગા, વડાલા, ચુનાભટ્ટી જેવા વિસ્તારોમાં પાણીપુરવઠાને અસર થઈ હતી.

તેથી સંબંધિત વિભાગના નાગરિકોને તકેદારીનાં પગલારૂપે પાણીનો સ્ટોક કરી રાખવાની તથા પાણીની કરકસર કરીને વાપરવાની અપીલ પાલિકા દ્વારા કરવામાં આવી હતી. આ વિસ્તારોમાં પાણીપુરવઠો બંધ રહેશે.

### ઠાકરે ભાઈઓ

કોઈ સમસ્યા નથી.

ઇન્ટરવ્યુમાં રાજ ઠાકરેએ આગળ કહ્યું હતું કે, 'શિવસેના છોડ્યા પછી, મેં વિચાર્યું હતું કે હું બાળાસાહેબ સિવાય કોઈના હાથ નીચે કામ નહીં કરું, પરંતુ જ્યારે હું શિવસેનામાં હતો, ત્યારે મને ઉદ્ધવ સાથે કામ કરવામાં કોઈ સમસ્યા નહોતી. શું બીજી પાર્ટી ઇચ્છે છે કે હું તેમની સાથે કામ કરું?' એમ રાજ ઠાકરેએ પૂછ્યું હતું.

આ અંગે મહેશ માંજરેકરે કહ્યું હતું કે, 'મહારાષ્ટ્રની એવી ઈચ્છા છે.' માંજરેકરની ટિપ્પણી પર રાજે ઉદ્ધવ ઠાકરેને ગઠબંધન માટે આવકારતાં કહ્યું, 'જો મહારાષ્ટ્ર ઇચ્છે છે કે આપણે ગઠબંધન કરીએ, તો મહારાષ્ટ્રે જઈને તેમને (ઉદ્ધવ ઠાકરે) કહેવું જોઈએ. હું ક્યારેય મારા અહંકારને નાની બાબતોમાં લાવતો નથી, હું એને વચ્ચે લાવતો પણ નથી.'

### મહારાષ્ટ્રમાં હિન્દી

માટે હિન્દીને ફરજિયાત ત્રીજી ભાષા બનાવવાના મહારાષ્ટ્ર સરકારના નિર્ણય પર વિપક્ષના હોબાળા વચ્ચે તેમની ટિપ્પણી આવી છે, જે બે ભાષાઓનો અભ્યાસ કરવાની પ્રથાથી અલગ છે. તમે લાગણીથી અમને જે કહેશો તે અમને સ્વીકાર્ય છે, પરંતુ જો તમે અમારા પર કશું લાદવાનો પ્રયાસ કરશો તો અમે તેનો વિરોધ કરીશું. હિન્દી ભણવા માટેનું દબાણ શા માટે? મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને કહ્યું હતું કે તેમની સરકારના કાર્યકાળમાં મરાઠી મહારાષ્ટ્રમાં ફરજિયાત બનાવવામાં આવી હતી. મહારાષ્ટ્રમાં રહેવું હશે તો જય મહારાષ્ટ્ર બોલવું પડશે એમ તેમણે કહ્યું હતું.

તેમણે એવો દાવો કર્યો હતો કે રાજ્યમાં તેમની સરકારને એટલા માટે ઉથલાવવામાં આવી હતી, કેમ કે તેમણે શ્રમ કાયદાને રાજ્યમાં લાગુ થવા દીધો નહોતો.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# આજે જીપીએસસી ક્લાસ ૧-૨ની પરીક્ષા યોજાશે

## ૯૭ હજારથી વધુ ઉમેદવારો પરીક્ષા આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત જાહેર સેવા આયોગ (જીપીએસસી)ની ક્લાસ ૧-૨ની પરીક્ષા આજે રવિવારે (૨૦ એપ્રિલ, ૨૦૨૫) ના રોજ યોજાશે. જેમાં ગુજરાતના ૨૧ જિલ્લામાં ૯૭ હજારથી વધુ ઉમેદવારો માટે પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષા કેન્દ્ર પર ઉમેદવારોને પોણા બે કલાક વહેલા પ્રવેશ આપવામાં આવશે.

જીપીએસસીની ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ની જાહેરાત ક્રમાંક- ૨૪૦/૨૦૨૪-૨૫ની કુલ ૨૪૪ જગ્યા માટે આવતીકાલે રવિવારે પ્રિલિમિનરી પરીક્ષા યોજાશે. જેમાં જીપીએસસીની વર્ગ-૧ની ૩૯ અને વર્ગ-૨ની ૧૬૮ માટે પરીક્ષા યોજાશે. જેમાં ૧૨:૦૦થી ૩:૦૦ વાગ્યા સુધીમાં પરીક્ષા લેવામાં આવશે. જ્યારે દિવ્યાંગ ઉમેદવારો માટે ખાસ ભરતી ઝુંબેશ હેઠળ કુલ ૩૭ જગ્યા પર ભરતી કરાશે. જેમાં વર્ગ-૧ માટે ૯ અને વર્ગ-૨ માટે ૨૮ જગ્યાઓ માટે પરીક્ષા લેવાશે. જીપીએસસીના ચેરમેન હસમુખ પટેલે કહ્યું હતું કે, રાજ્યના ૪૦૫ પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષાના ઉમેદવારોની હાજરીમાં ઉત્તરવહી પેકિંગ કર્યા બાદ તેમાં સહી લેવામાં આવશે અને પછી પેકિંગની કામગીરી પૂર્ણ થયા બાદ જ ઉમેદવારોને બહાર જવા દેવામાં આવશે. જ્યારે દિવ્યાંગ ઉમેદવારો માટે વ્યવસ્થા કરવામાં આવી છે. પરીક્ષાના આયોજન અંગે ગત ગુરુવારે દરેક જિલ્લાના અધિકારી સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી મીટિંગ કરીને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જ્યારે પરીક્ષા ખંડમાં સઘન દેખરેખ રાખવા દરેક પરીક્ષા કેન્દ્ર પર સીસીટીવી કેમેરા એક્ટિવ છે. પરીક્ષાર્થીઓના સામાનની સુરક્ષા માટેની વ્યવસ્થા કરાઈ છે. ■

# કચ્છમાં જમીન ફાળવણી કૌભાંડમાં પૂર્વ આઈએએસ પ્રદીપ શર્મા સહિત ચાર દોષિતઃ કોર્ટે પાંચ વર્ષની સજા અને દંડ ફટકાર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના પૂર્વ કલેક્ટર પ્રદીપ કુમાર નિરંકરનાથ શર્મા વધુ એક કેસમાં દોષિત ઠર્યા છે, પ્રદીપ શર્મા સહિત ચાર અધિકારી સામે ગંભીર આરોપો સાબિત થતા તેમને પાંચ વર્ષની કેદની સજા અને રૂ.૧૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો. જિંદાલ સો પાઈપ્સ લિમિટેડ કંપનીને સમાઘોઘા, મુંદ્રામાં સરકારી જમીનની ફાળવણીમાં નિયમોનું ઉલ્લંઘન કરી જમીન ફાળવવામાં આવી હતી.

કેસની વિગતો મુજબ, એક જ દિવસે, એક જ કંપની માટે, એક જ હેતુ માટે ત્રણ અલગ-અલગ સર્વે નંબરની જમીન માટે અરજી કરવામાં આવી હતી. નિયમ મુજબ આવી તમામ અરજીઓને સંકલિત કરીને એક જ હુકમથી નિર્ણય લેવો જરૂરી હતો, પરંતુ કલેકટરે આ નિયમની અવગણના કરી સર્વે નંબર ૩૨૬માં ૨૦,૫૩૮ ચોરસ મીટર જમીન ફાળવવામાં આવી હતી, જે ૨૦,૦૦૦ ચોરસ મીટરની મર્યાદાથી વધુ હતી. ૨૫ એપ્રિલ ૨૦૦૪ના રોજ કુલ ૪૭,૧૭૩ ચોરસ મીટર જમીન એક જ કંપનીને ફાળવી દેવામાં આવી. આ રીતે ૩૭,૧૭૩ ચોરસ મીટર વધારે જમીન ફાળવવામાં આવી હતી. આ મામલે આરોપીઓ સામે સીઆઈડી ક્રાઇમ રાજકોટ ઝોન દ્વારા વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ ચુકાદો ભુજ કોર્ટના ચોથા અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે સંભળાવ્યો હતો. પ્રદીપ શર્માની સાથે સાથે આ મામલે નટુભાઈ દેસાઈ (તત્કાલીન નગરનિયોજક, ભુજ), નરેન્દ્ર પોપટલાલ (નાયબ મામલતદાર, કચ્છ) અને અજિત સિંહ ઝાલા (તત્કાલીન નિવાસી નાયબ કલેક્ટર, ભુજ)ને પણ દોષિત ઠેરવતા સજા ફટકારવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રદીપ શર્માને સરકારના પરિપત્ર અને હુકમ મુજબ બે હેક્ટર જમીન ૧૫ લાખ રૂપિયાની નજીવી કિંમતે ઔદ્યોગિક હેતુ માટે મંજૂર કરવાની સત્તા મળી હતી. જેની સામે તેઓએ ૪૭,૧૭૩ ચો.મી. જમીન મંજૂર કરી દીધી હતી. આ રીતે તેમના પર સરકારના હુકમની અવગણના કરવાનો અને બદઈરાદે સરકારને આર્થિક નુકસાન પહોંચાડવાનો જે આરોપ લાગ્યો હતો તેમાં તેઓ દોષિત ઠર્યા હતા. ■

# ગુજરાતમાં પહેલી મેથી સ્ક્રેપ પૉલિસીનો અમલ

## રાજ્યમાં અંદાજે ૪૫ લાખ વાહનો આઠ વર્ષ જૂનાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારની સ્ક્રેપ પોલિસીનો પહેલી મેથી અમલ શરૂ થઇ રહ્યો છે. પોલીસી અંતર્ગત રાજ્યમાં આઠ વર્ષ કે તેનાથી વધુ વર્ષ જૂનાં વાહનો પર સરકાર માન્ય સ્ક્રેપિંગ સેન્ટરમાં આપવામાં આવશે તો વાહન સ્ક્રેપની કિંમત મળવાની સાથે વાહન પર બાકી આરટીઓ ટેક્સ, પેનલ્ટી, વ્યાજ અને ચલણની રકમ પણ માફ થઈ જશે. સ્ક્રેપ પોલિસી હેઠળ ડિટેઈન વાહનો સ્ક્રેપમાં આપી શકાશે નહીં અને વાહન પર ટેક્સ સહિતની રકમ માફીનો પણ કોઈ લાભ નહીં મળે. પોલિસીની સમયમર્યાદા માત્ર પહેલી મેથી ૩૦મી એપ્રિલ-૨૦૨૬ એટલે કે, એક વર્ષ સુધી જ રહેશે. રાજ્યમાં અંદાજે ૪૫ લાખ વાહનો આઠ વર્ષ કે તેથી વધુ જૂનાં છે જ્યારે અમદાવાદમાં અંદાજે ૧૯ લાખ વાહનો છે.

હાલ રાજ્યમાં અંદાજે ૨.૦૬ કરોડ વાહનની સંખ્યા છે, આમાંથી આઠ વર્ષ જૂના અંદાજે ૪૫ લાખ વાહનો છે. જેમાંથી ૭.૮૦ લાખ ટ્રાન્સપોર્ટ અને ૩૭.૨૦ લાખ વાહનો ખાનગી છે. સરકારની સ્ક્રેપ પોલિસી હેઠળ વાહન સ્ક્રેપમાં આપીને વાહન સ્ક્રેપની કિંમત. વિવિધ ટેક્સ અને વ્યાજ માફી ઉપરાંત તેના સર્ટિફિકેટથી નવા વાહન પર સરકારની અન્ય યોજનાનો લાભ મેળવી શકશે. વાહન ડીલરે નવા વાહનના પુરાવાની સાથે સરકાર માન્ય સ્ક્રેપ સેન્ટરનું વાહન માલિકના નામનું સર્ટિફિકેટ મૂકવાનું રહેશે.

સ્ક્રેપ પોલિસી અંતર્ગત ખાનગી વાહન સરકાર માન્ય સ્ક્રેપ સેન્ટરમાં આપશે ત્યારે વાહન માલિકને સેન્ટર પરથી સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટનો પત્ર મળશે. જે નવા વાહનની ખરીદી વખતે આરટીઓ ટેક્સની ૬ ટકા પ્રમાણે ભરવાની થતી કુલ રકમમાંથી ૨૫ ટકા રકમ વાહન માલિકને ડિસ્કાઉન્ટ મળશે. રિબેટની રકમનો એક જ વાર ફાયદો થશે.

સરકાર માન્ય સ્ક્રેપ સેન્ટરમાં પોતાનું કોમર્શિયલ વાહન સ્ક્રેપમાં આપનાર માલિકને વાહનની કિંમત ઉપરાંત સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટનો પત્ર મળશે. વાહન માલિક સર્ટિફિકેટના આધારે નવા કોમર્શિયલ વાહનની ખરીદી વખતે વાહન પર આરટીઓ ટેક્સની ૬ ટકા પ્રમાણે થતી કુલ રકમમાંથી ૧૫ ટકા રાહત મેળવી શકશે. ટેક્સનો ફાયદો સમાતર કેટેગરીના કોમર્શિયલ વાહન પર જ મળશે. ■

# ગુજરાતમાં ૧૦૮ ઈમર્જન્સી સેવાએ માર્ચ-૨૦૨૫ સુધી ૧.૭૫ કરોડથી વધુ કોલ એટેન્ડ કર્યા

## ૨૧.૩૬ લાખથી વધુ અકસ્માતની ઘટનામાં ઇમરજન્સી સેવા આપવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નાગરિકોના આરોગ્યના હિત માટે વર્ષ ૨૦૦૭માં ઈમરજન્સી તાકીદની સ્થિતિમાં જરૂરિયાતમંદ ગંભીર બીમાર કે ઇજાગ્રસ્ત વ્યક્તિને ઝડપથી હૉસ્પિટલ પહોચાડવા માટે નિઃશુલ્ક એમ્બ્યુલન્સ પરિવહનની સુવિધા પૂરી પાડવા અને તમામ પ્રકારની મેડિકલ ઈમરજન્સી જેવી કે હૃદયરોગ, કેન્સર, કિડની, પ્રસૂતિ સંબંધિત, ઝેરી જીવજંતુ કરડવું, મારામારીમાં ઘવાયેલા, ગંભીર બીમારી અને દાઝી જવાથી થતી ગંભીર ઇજાઓ, રોડ અકસ્માતમાં ગંભીર ઇજાગ્રસ્ત, બીમાર નવજાત શિશુ વગેરે જેવી મેડિકલ ઈમરજન્સીમાં ૨૪ કલાક કાર્યરત અદ્યતન એમ્બ્યુલન્સ સેવા નિઃશુલ્ક મળી રહે તે માટે ગુજરાત સરકાર દ્વારા ૧૦૮ સેવાની શરૂઆત ૨૯ ઓગસ્ટ ૨૦૦૭ના રોજ કરવામાં આવી હતી. જે રાજ્યના કરોડો નાગરિકો માટે આશીર્વાદરૂપ બની છે.

રાજ્યમાં આરોગ્ય સેવા ક્ષેત્રે '૧૦૮ ઇમરજન્સી સેવા' શરૂ થઇ ત્યારથી માર્ચ૨૦૨૫ સુધીમાં રેકોર્ડ બ્રેક કુલ ૧.૭૫ કરોડથી વધુ ઇમરજન્સી કોલ એટેન્ડ કરીને દર્દીઓને સફળતાપૂર્વક તાત્કાલિક સેવાઓ પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત ૧૦૮ દ્વારા ૫૭.૬૨ લાખથી વધુ પ્રસૂતિ સંબંધિત ઈમરજન્સી તેમજ ૨૧.૩૬ લાખથી વધુ માર્ગ અકસ્માતના કિસ્સામાં ઈમરજન્સી સેવાઓ આપવામાં આવી છે. જીવન-મરણનો સવાલ હોય તેવી આપાતકાલીન સ્થિતિમાં અત્યાર સુધીમાં કુલ ૧૬.૬૯ લાખથી વધુ લોકોના જીવ બચાવવામાં આવ્યો છે. આ ઉપરાંત એમ્બ્યુલન્સમાં ૯૩,૪૫૦ જેટલી સગર્ભા મહિલાઓને તેમજ જે તે સ્થળ ઉપર ૫૬,૭૧૫ એમ કુલ ૧.૫૦ લાખથી વધુ સગર્ભા મહિલાઓની સફળ પ્રસૂતિ કરાવવામાં આવી છે.

રાજ્યમાં ૧૦૮ ઇમરજન્સી સેવા ઉપરાંત અન્ય વિવિધ ઇમરજન્સી સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જે અંતર્ગત સપ્ટેમ્બર ૨૦૧૨થી કાર્યરત ૪૩૪ જેટલી ખિલખિલાટ વાનનો વર્ષ ૨૦૨૪ સુધીમાં ૧.૨૩ કરોડથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો છે. તેવી જ રીતે વર્ષ ૨૦૧૫થી શરૂ થયેલી ૧૮૧ મહિલા હેલ્પલાઇન અંતર્ગત ૧૫.૮૪ લાખથી વધુ કોલ એટેન્ડ કરીને ૫૯ વાન દ્વારા ૩.૧૭ લાખથી વધુ મહિલાઓને સ્થળ પર જરૂરી મદદ કરવામાં આવી છે.

આ ઉપરાંત રાજ્યમાં વર્ષ ૨૦૧૭માં શરૂ કરાયેલી ૧૦૪ હેલ્થ હેલ્પલાઇન દ્વારા વર્ષ ૨૦૨૪ સુધીમાં કુલ ૫૧.૨૬ લાખથી વધુ કોલ એટેન્ડ કરીને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૮માં શરૂ કરાયેલી ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ દ્વારા ૭૫૩ જેટલા નાગરિકોને આપાતકાલીન સેવાઓ આપવામાં આવી છે. હાલમાં ગુજરાતમાં બે ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ સેવા કાર્યરત છે.

રાજ્યના ૭ જિલ્લાઓમાં વર્ષ ૨૦૧૯થી કાર્યરત ૧૧૨ ઇમરજન્સી સેવા અંતર્ગત ૧.૪૮ કરોડથી વધુ ઇમરજન્સી કોલ મળ્યા હતા. જેમાં પોલીસ, ફાયર, મેડિકલ અને ડિઝાસ્ટર ઇમરજન્સી સંબંધિત કોલ એટેન્ડ કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૦માં ૧૦ ગામ દીઠ ફરતું પશુ દવાખાનું અને વર્ષ ૨૦૨૩માં કેન્દ્ર સરકાર પુરસ્કૃત ફરતું પશુ દવાખાનાની કુલ ૫૮૬ વાન સેવારત છે, જેમાં ૭૯ લાખથી વધુ પશુઓની સારવાર કરવામાં આવી છે. ■

# સુરત મનપા શેરબજારમાં એન્ટ્રી કરશે

## ગ્રીન બોન્ડ માટે આઈપીઓ લાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત મનપા શેરબજારમાં એન્ટ્રી કરવા જઈ રહી છે. આ માટે એસએમસીએ આઈપીઓ માટે યુકેથી સર્ટિફિકેટ મેળવ્યું છે અને એસએમસીએ ક્લાઈમેટ બોન્ડ સર્ટિફિકેટ મેળવ્યું છે જેમાં સુરત મનપા રૂ.૨૦૦ કરોડનાં ગ્રીન બોન્ડ માટે આઈપીઓ લાવી રહી છે અને બોન્ડ મેળવવા સેબી ક્લીયરન્સ માટેની દાવેદારી મજબૂત થઈ છે, જેમાં વૈશ્વિક સ્તરે કામ કરતી લંડનની ક્લાઈમેટ બોન્ડ ઈનિશિયેટિવ સંસ્થા છે ત્યાંથી સર્ટિફિકેટ મેળવ્યું છે, ભારતમાં સૌપ્રથમ સુરત મહા પાલિકાને સર્ટિફિકેટ ઈશ્યુ કર્યું છે જેમાં ગ્રીન બોન્ડ માટે સેબી આ સર્ટિફિકેટ મેળવવાનો આગ્રહ રાખતી હોય છે.

સુરત મનપાના ગ્રીન બોન્ડ માટે પબ્લિક ઈશ્યૂ બહાર પાડવામાં આવશે તો વ્યાજદર પાલિકા નક્કી કરી શકશે. તેથી પાલિકાને બચત પણ થશે. જેને પગલે પાલિકા દ્વારા આ નિર્ણય લેવાયો હતો. તેના માટે એજન્સીની નિમણૂક કરવા સહિતની કામગીરી માટેના કામની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મૂકવામાં આવી છે, જેના પર શાસકો નિર્ણય લેશે. વધુમાં જાણવા મળેલી માહિતી મુજબ આઇપીઓ માટે ફેસવેલ્યુ ૧૦૦૦ રૂપિયા નક્કી કરવામાં આવી છે. મનપાના પર્યાવરણલક્ષી પાંચ પ્રોજેક્ટો ૨૧૫.૯૮ કરોડ રૂપિયા આંતરિક સ્રોતમાંથી તથા રૂપિયા ૧૬૮.૬૦ કરોડ રૂપિયા અન્ય સ્રોતમાંથી મેળવવામાં આવશે.

શેરબજારમાં મનપાના આગમન સાથે જ આવકના સ્રોત વધતા એસએમસીના બોન્ડ કામમાં લાગશે. શહેરી વિકાસ વિભાગે ૨૦૦ કરોડનાં ગ્રીન બોન્ડને મંજૂરીની મ્હોર મારતા ટૂંક સમયમાં મનપા શેરબજારમાં લિસ્ટિંગ કરશે. ■

# ગામડાઓમાં મહેસૂલ અને સામાજિક ન્યાયની ૬૭ સેવા ઈ-ગ્રામ કેન્દ્રો દ્વારા મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે એક મહત્ત્વનો પરીપત્ર-ઠરાવ જાહેર કર્યો હતો. જેમાં ગ્રામ પંચાયતોની કામગીરીને ઈન્ફોર્મેશન ટેકનોલોજીના માધ્યમથી અદ્યતન, સુવ્યવસ્થિત, સરળ, ઝડપી બનાવવા વર્ષ ૨૦૦૭-૦૮ થી ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અમલમાં આવી છે. આ યોજના થકી ગ્રામ પંચાયતોના ઈ-ગ્રામ કેન્દ્ર ખાતેથી વિવિધ ઈ-સેવાઓ પૂરી પાડવામાં આવે છે. જે અન્વયે મહેસૂલ વિભાગ અને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની જનસેવા કેન્દ્રની વિવિધ નાગરિકલક્ષી સેવાઓ ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ સોસાયટી મારફત ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્ર ખાતેથી ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવાની જનસેવા કેન્દ્રની નીચે મુજબની સેવાઓ ગ્રામ્ય કક્ષાએથી ઈ-ગ્રામ કેન્દ્ર મારફત આપવાનું ઠરાવવામાં આવે છે.

રાજ્ય સરકારના મહેસૂલ અને સામાજિક ન્યાય વિભાગની ૬૭ સેવા પૂરી પાડવા બદલ પ્રત્યેક સેવા માટે રૂ.૨૦/- વસૂલ કરવામાં આવશે. જેની આંતરિક વિગતો કરવાની રહેશે. ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (વીસીઈ) નિર્ભરતા માટેની રકમ રૂ. ૧૬/- અને સંબંધિત ગ્રામ પંચાયતને મળનાર રકમ રૂ. ૦૪/- નો સમાવેશ થાય છે.

ઈ-ગ્રામ કેન્દ્રથી નાગરિકોને મેળવવા માટે સુગમતા રહે તે માટે ઈ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટી દ્વારા કાર્યવાહી કરવાની રહેશે. ઈ-ગ્રામ કેન્દ્ર ખાતે તબક્કાવાર ઉપલબ્ધ કરાવવાની રહેશે. આ સેવાઓ સારી રીતે આપી શકાય તે માટે ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (વી.સી.ઇ.) ને તાલીમ આપવાની રહેશે. આ ઠરાવની તાકીદે અમલવારી કરવા માટે રાજકોટ સહિત તમામ કલેકટરોને પણ સૂચના અપાઇ છે, ઠરાવ અનુસાર કાર્યવાહી કરવા આદેશો થયા છે. ■

# ગુજરાતમાં વ્યવસાય વેરો યથાવત્, નાબૂદીની વાતો માત્ર અફવા

અમદાવાદઃ ગુજરાત સરકારે વેપારીઓને રાહત આપવા વ્યવસાય વેરો નાબૂદ કર્યાના સોશિયલ મીડિયાનો અહેવાલ એક ચર્ચાનો વિષય બન્યો હતો. વ્યવસાય વેરો નાબૂદ કર્યાના સોશિયલ મીડિયાના અહેવાલને સરકારના સત્તાવાર વર્તુળોએ પાયાવિહોણા ગણાવ્યા છે. વ્યવસાય વેરા અંગે સરકારી સૂત્રોએ સ્પષ્ટતા કરવાની ફરજ પડી હતી.

સરકારનાં સૂત્રોએ જણાવ્યું હતું કે, સામાન્ય રીતે આવા મોટા નિર્ણયની જાહેરાત બજેટમાં થતી હોય છે. બે મહિના પહેલા રાજ્યનું બજેટ રજૂ થયું ત્યારે વ્યવસાય વેરા નાબૂદીની કોઈ જાહેરાત કરવામાં આવી ન હતી, તેમજ હાલના તબક્કે આવી કોઈ વિચારણા પણ નથી. સરકારનાં સૂત્રોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયામાં વ્યવસાય વેરા નાબૂદી બાબતે વહેતા થયેલા અહેવાલમાં કંઈ સત્ય નથી. જોકે વ્યાપારીઓના મતે, જો વ્યવસાય વેરો નાબૂદી થાય તો તે રાજ્ય માટે એક સકારાત્મક પગલું ગણવામાં આવ્યું છે. ■

# પદ્મિનીબા વાળા અને તેમના પુત્ર સહિત પાંચ સામે પોલીસ ફરિયાદ

## ગોંડલના નિવૃત્ત અધિકારીને હની ટ્રેપમાં ફસાવવાનો આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ક્ષત્રિય સમાજના મહિલા અગ્રણી પદ્મિનીબા વાળા વધુ એક વિવાદમાં સપડાયાં છે. પદ્મિની બા વિરુદ્ધ ગોંડલ સિટી બી-ડિવિઝન પોલીસ મથકમાં બળજબરીપૂર્વક પૈસાની માગણી કરવા અને જાનથી મારી નાખવાની ધમકી આપવા સહિતની કલમો હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. આ પોલીસ ફરિયાદમાં પદ્મિનીબા વાળા ઉપરાંત તેમના પુત્ર સહિત ૫ વ્યક્તિઓને આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા છે.

મળતી વિગત મુજબ, તેજલ નામની એક યુવતીએ ૬૦ વર્ષીય નિવૃત્ત વ્યક્તિને પોતાની પ્રેમજાળમાં ફસાવ્યા હતા. જે બાદ યુવતી અને તેના સાથીઓએ મળીને નિવૃત્ત અધિકારી પાસેથી પૈસાનો તોડ કરવાનું શરૂ કર્યું હતું. આટલું જ નહીં, આરોપીઓએ ફરિયાદીને તેમનું મકાન પણ પચાવી પાડવાની ધમકી આપી હતી. આ બાબતની જાણ થતાં પદ્મિનીબા વાળા પોતાના પુત્ર સહિત અન્ય ત્રણ સાગરિતો સાથે ગોંડલ પહોંચ્યાં હતાં. જ્યાં તેમણે ફરિયાદી સાથે વાતચીત કરીને કથિત ધમકીઓ આપી હતી. આ ઘટનાથી ડરી ગયેલા નિવૃત્ત કર્મચારીએ આખરે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, પદ્મિનીબા વાળા અગાઉ પણ વિવાદોમાં સપડાઈ ચૂક્યાં છે. ભૂતકાળમાં પણ તેમના વિરુદ્ધ હની ટ્રેપનો ગુનો નોંધાયેલો છે. એવામાં પદ્મિનીબા વિરુદ્ધ નવી ફરિયાદ દાખલ થતાં ક્ષત્રિય સમાજ અને રાજકોટ પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે. પોલીસે આ મામલે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

# અમદાવાદ સિવિલમાં ખેડબ્રહ્માના યુવાનનાં અંગોનું દાન કરાયું

## ત્રણ લોકોને નવજીવન મળશે

અમદાવાદઃ વિશ્વ લીવર દિવસે જ અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં લીવર સહિત કુલ ત્રણ અંગો અને આંખોનું દાન મળ્યું હતું. ખેડબ્રહ્માના ૧૭ વર્ષના યુવાન મનુભાઇ ઓડિયાનો માર્ગ અકસ્માત થયો હતો અને તે સારવારના અંતે બ્રેઇન ડેડ જાહેર થતાં સ્વજનોએ અંગદાન કર્યું હતું.

મળતી વિગતો અનુસાર સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્માના ૧૭ વર્ષના યુવાન મનુભાઇ ઇન્દ્રેશભાઇ ઓડીયાને ૧૨ એપ્રિલના રોજ રાત્રે માર્ગ અકસ્માતમાં માથાના ભાગે ગંભીર ઇજા પહોંચી હતી. આથી પ્રથમ ખેડબ્રહ્મા સિવિલ હોસ્પિટલ ત્યારબાદ હિંમતનગર સિવિલ હૉસ્પિટલ અને ત્યારપછી વધુ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં ૧૬ એપ્રિલના રોજ લાવવામાં આવ્યા હતાં.

અમદાવાદ સિવિલ હૉસ્પિટલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો.રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, હૉસ્પિટલમાં સારવાર દરમિયાન તા. ૧૯ એપ્રિલના રોજ ડોક્ટરોએ મનુભાઇને બ્રેઈન ડેડ જાહેર કર્યા હતા. મનુભાઇના પિતા ઇંદ્રેશભાઇ તેમજ તેમના દાદાએ ખુબ વિચારના અંતે આવી પરિસ્થિતિમાં મનુભાઇનાં અંગોનું દાન કરી બીજાના શરીરમાં મનુભાઇ જીવિત રહેશે એમ સમજી બીજા લોકોની જિંદગી બચાવવા માટે અંગદાન કરવાનો નિર્ણય કર્યો હતો. મનુભાઇના અંગદાનથી મળેલી બે કિડની, એક લીવરને સિવિલ મેડીસીટી કેમ્પસની જ કિડની હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવશે. તેમજ બે આંખોનું દાન સિવિલ મેડીસીટી કેમ્પસની જ એમ એન્ડ જે આંખની હૉસ્પિટલ દ્વારા સ્વીકારવામાં આવ્યું હતું. આમ આ અંગદાનથી કુલ ત્રણ લોકોની જિંદગી બચાવી શકાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સિવિલ હોસ્પિટલ દ્વારા અત્યાર સુધીમાં કુલ ૧૮૮ અંગદાતાઓ થકી કુલ ૬૧૫ અંગોનું દાન મળ્યું છે. જેમાં ૧૬૪ લીવર, ૩૪૨ કિડની, ૧૧ સ્વાદુપિંડ, ૬૦ હૃદય, ૩૦ ફેફસાં, ૬ હાથ, ૨ નાના આંતરડા અને ૧૦ ચામડીનો સમાવેશ થાય છે. આ ૧૮૮ અંગદાતા થકી ૫૯૭ વ્યકિતઓને જીવનદાન મળ્યું છે. ■

# વલસાડના વાપીમાં અસામાજિક તત્ત્વો સામે કાર્યવાહીઃ ગેરકાયદે દબાણો પર બુલડોઝર ફર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વલસાડના વાપીમાં ચણોદ ગામે શાંતિનગરમાં આવેલા મકાનમાંથી વલસાડ જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપે થોડા સમય અગાઉ છાપો મારી ૧૦.૦૮ કિ.ગ્રા. ગાંજાનો જથ્થો જપ્ત કરી નેટવર્ક ચલાવનાર મંગલાબેન નીરજભાઈ શ્રીવાસ્તવ, બે તરુણ સહિત આઠ આરોપીઓની અટક કરી હતી. મહિલા આરોપીની પૂછપરછ દરમિયાન ગેરકાયદેસરના ધંધામાંથી મળેલી આવકમાંથી રૂ. પાંચ લાખના ખર્ચે સુલપડ વિસ્તારમાં આંબેડકર નગરમાં બે દુકાનો બનાવી હોવાનું પોલીસને જણાવ્યું હતું.

પોલીસ અધિકારી દ્વારા આ અંગે વાપી મનપા પાસેથી વિગતો મેળવી તપાસ કરતા બંને દુકાનો ગેરકાયદેસર રીતે ઉભા કરાયાનું બહાર આવ્યું હતું. વાપી ટાઉનના પીઆઈ કે.જે.રાઠોડે આ અંગે વાપી મહાનગરપાલિકાનું ધ્યાન દોરતા દુકાનનું બાંધકામ ગેરકાયદેસર કરાયાનું જણાયું હતું. શનિવારે વાપી મનપાના અધિકારીની ટીમ પોલીસ કાફલા સાથે આંબેડકર નગરમાં પહોંચી જેસીબીની મદદથી દુકાનના કરાયેલા બાંધકામને દૂર કરવા કાર્યવાહી આદરી હતી.

વલસાડમાં વાપીના ચણોદથી ગાંજાના જથ્થા સાથે પકડાયેલી મહિલાએ સુલપડ વિસ્તારમાં ગેરકાયદે બે દુકાનોના કરાયેલા બાંધકામને શનિવારે વાપી મનપાના અધિકારી અને ટીમે પોલીસ કાફલા વચ્ચે જેસીબીની મદદથી દુર કરાયું હતું.

ગાંજાના જથ્થા સાથે પકડાયેલી મહિલાએ વેપારના નાણાંમાંથી રૂ. પાંચ લાખના ખર્ચે બે દુકાન બનાવી હોવાનું જણાવ્યા બાદ તપાસમાં ગેરકાયદે બાંધકામ કરાયાનું બહાર આવ્યું હતું. ■

# રાજકોટના સરધાર-ભાડલા રોડ પર બે કાર વચ્ચે ટક્કર બાદ આગ

## માતા-પુત્રી સહિત ચારનાં મોતઃ ચાર ઘાયલોને સારવાર માટે ખસેડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના સરધાર-ભાડલા રોડ પર શનિવાર સાંજે અલ્ટો અને હોન્ડા સિટી કાર વચ્ચે જોરદાર ટક્કર થયા બાદ બંને કારમાં આગ ફાટી નીકળતા ચાર લોકોનાં મોત થયાં હતાં. બંને કાર વચ્ચે ટક્કર થયા બાદ ગણતરીની સેકન્ડોમાં જ આગ વિકરાળ બનતા કારમાં સવાર ચારનાં મોત થયાં હતાં. જ્યારે ચાર લોકો ઘાયલ થતા સારવાર માટે ખસેડાયા હતા.

રાજકોટના સરધાર-ભાડલા રોડ પર બે કાર વચ્ચે જોરદાર ટક્કર થયા બાદ આગ ફાટી નીકળતા કારમાં સવાર ચાર લોકો ભડથું થયા હતા. મૃતકોમાં (૧) નિરુબેન અતુલભાઈ મકવાણા, ૩૦, રે. ગોંડલ (૨) હેતવી અતુલભાઈ મકવાણા, ૪ વર્ષ, રે. ગોંડલ (૩) હેમાંશી શાહીલ સરવૈયા, ૧૯, રે. ગોંડલ વિજય નગર (૪) મિતુલ અશોકભાઈ સાકરીયા, ૧૩, રે. ગોંડલનો સમાવેશ થતો હતો. જ્યારે ચાર લોકો ઇજાગ્રસ્ત (૧) શાહીલ સરવૈયા, ૨૨ વર્ષ, રે. ગોંડલ (૨) હિરેન અતુલ મકવાણા, ૧૫ વર્ષ, રે. ગોંડલ (૩) નિતુબેન અશોકભાઈ સાકરીયા, ૪૦, રે. ગોંડલને સારવાર માટે ખસેડાયા હતા. ઘટનાની જાણ થતાં આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ■

# સુરતમાં ફાયર સેફ્ટી વિના ચાલતી ૨૬ સ્કૂલો ઝડપાઇઃ શિક્ષણાધિકારીએ નોટિસ ફટકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં ફાયર એનઓસી વગરની ૨૬ ખાનગી સ્કૂલો ઝડપાઈ હતી. આ ખાનગી શાળાઓએ હજી સુધી ફાયર એનઓસી મેળવી નથી. વિદ્યાર્થીઓની સુરક્ષા સાથે સંબંધિત આ ગંભીર બેદરકારી સામે જિલ્લા શિક્ષણાધિકારીએ લાલ આંખ કરીને તાત્કાલિક પગલાં લેતાં તમામ સ્કૂલોને નોટિસ પાઠવી હતી.

જિલ્લા શિક્ષણાધિકારી ડો. ભગિરથસિંહ પરમારે આ સ્કૂલોને ફાયર સેફ્ટી ના હોય તો તાત્કાલિક ઊભી કરીને એનઓસી મેળવીને તેનું પ્રમાણપત્ર કચેરીમાં રજૂ કરવા આદેશ કર્યો હતો. તેની સાથે સાથે એવી પણ ચેતવણી આપી હતી કે જો આ આદેશનું પાલન નહીં થાય તો કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. ફાયર એનઓસી વિના સ્કૂલો ચલાવવી એ માત્ર કાયદાનું ઉલ્લંઘન નથી, પણ વિદ્યાર્થીઓની સલામતીને જોખમમાં મૂકવાનો ગંભીર મુદ્દો હોવાનો ડીઇઓ ડો. ભગિરથસિંહે મત રજૂ કર્યો હતો. ડીઇઓએ જણાવ્યું હતું કે, આવશ્યક સુરક્ષા પ્રમાણપત્રો સાથે જ શૈક્ષણિક પ્રવૃત્તિઓ ચલાવવી ફરજિયાત છે.

ડીઈઓ ડો. ભગિરથસિંહ પરમારે વધુમાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓની સલામતી અમારા માટે પ્રથમ પ્રાથમિકતા છે. જે સ્કૂલો ફાયર એનઓસી વગર ચલાવાઈ રહી છે, તેઓએ તાત્કાલિક પ્રમાણપત્ર મેળવી આપવું જરૂરી છે. નિયમોનું પાલન ન કરનાર સામે કાયદેસર પગલાં લેવામાં આવશે.

જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીએ ફાયર સેફ્ટી સિવાય સ્કૂલોની અન્ય સુવિધાઓ અંગે પણ તપાસ હાથ ધરી છે. તેમાં સ્કૂલ બિલ્ડિંગનું સ્ટ્રક્ચર સલામત છે કે નહીં, ટોઇલેટ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે કે નહીં, તથા સ્કૂલની માન્યતા સંબંધિત દસ્તાવેજો સચોટ છે કે નહીં તે બાબતોની તપાસ કરવામાં આવી રહી છે. નિયમભંગ સામે કડક કાર્યવાહી થશે. ■




# ૧૪ વર્ષનો વૈભવ સૂર્યવંશી રાજસ્થાનની ટીમમાં, નવો ઈતિહાસ રચાયો

## ૧.૧૦ કરોડની કિંમતના બિહારના ટીનેજરે પહેલા જ બૉલમાં ફટકારી સિક્સરઃ ૩૪ રન કરીને આઉટ થયો

જયપુરઃ લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી) સામેની શનિવાર રાતની મૅચમાં રાજસ્થાન રૉયલ્સ (આરઆર)એ નવો ઇતિહાસ રચ્યો હતો. રાજસ્થાને પોતાની ટીમમાં ઇમ્પૅક્ટ પ્લેયર તરીકે ૧૪ વર્ષના બૅટ્સમૅન વૈભવ સૂર્યવંશીને સમાવ્યો હતો જેને પગલે તેને આઇપીએલનો સૌથી યુવાન ખેલાડી બનવાનો મોકો મળ્યો હતો. તેણે બૅટિંગ શરૂ કરતા જ ધમાલ મચાવી દીધી હતી. તેણે પોતાના પહેલા જ બૉલમાં છગ્ગો ફટકારીને જયપુરનું સ્ટેડિયમ ગૂંજવ્યું હતું.

રાજસ્થાને બિહારના લેફ્ટ-હૅન્ડ બૅટર વૈભવને ૧.૧૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે. વૈભવને એક ઇમ્પૅક્ટ પ્લેયર માટેના પાંચ વિકલ્પોમાં સમાવ્યા પછી રાજસ્થાને તેને ઇમ્પૅક્ટ પ્લેયર તરીકે પેસ બોલર સંદીપ શર્માના સ્થાને ઇલેવનમાં સમાવી લીધો હતો અને તેને ઓપનિંગમાં લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન યશસ્વી જયસ્વાલની સાથે મોકલ્યો હતો. લખનઊના મુખ્ય બોલર શાર્દુલ ઠાકુરનો પ્રથમ બૉલ ડૉટ-બૉલ હતો યશસ્વીએ ફોર ફટકારી હતી અને ત્રીજા બૉલમાં એક રન લેતાં વૈભવ સ્ટ્રાઇક પર આવ્યો હતો.

વૈભવે આઇપીએલમાં પોતાના એ પહેલા જ બૉલમાં એક્સ્ટ્રા-કવર પરથી સિક્સર ફટકારી દીધી હતી. તેના આ ઐતિહાસિક શૉટ સાથે જ જયપુરના સ્ટેડિયમમાં બૂમો અને ચીસો પડવાની શરૂ થઈ ગઈ હતી. ત્યાર બાદ વૈભવે આવેશ ખાનના એક બૉલમાં પણ સિક્સર મારી હતી અને એ જ ઓવરમાં તેનો કૅચ છૂટતાં ફોર ગઈ હતી.

વૈભવને ગયા વર્ષે રાજસ્થાને ૧.૧૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો ત્યારે તે ૧૩ વર્ષનો હતો અને એ સાથે તે આઇપીએલની હરાજીમાં ખરીદવામાં આવેલો યંગેસ્ટ પ્લેયર બન્યો હતો. ■



૧૪ વર્ષનો વૈભવ સૂર્યવંશી ત્રણ છગ્ગા અને બે ચોક્કાની મદદથી ૩૪ રન બનાવ્યા બાદ માર્કરમના બોલમાં પંતના હાથમાં કૅચઆઉટ થયો ત્યારે પાછા આવતી વખતે રડ્યો હતો.

### ઑલ્ડેસ્ટ પ્લેયર તામ્બેનું ૪૧મા વર્ષે ડેબ્યૂ, યંગેસ્ટ વૈભવનું ૧૪ વર્ષની ઉંમરે

રાજસ્થાન રૉયલ્સ વતી પ્રવીણ તામ્બેએ ૪૧ વર્ષની ઉંમરે આઇપીએલમાં ડેબ્યૂ કર્યું હતું અને તે ડેબ્યૂ કરનાર ખેલાડીઓમાં ઑલ્ડેસ્ટ ગણાય છે. શનિવારે રાજસ્થાન વતી જ વૈભવે ૧૪ વર્ષની ઉંમરે ડેબ્યૂ કર્યું અને તે આઇપીએલમાં ડેબ્યૂ કરનાર યંગેસ્ટ ખેલાડી બન્યો છે. ■

# લખનઊનો જયપુરમાં જયજયકાર

જયપુરઃ રાજસ્થાન રૉયલ્સ (આરઆર)સામે શનિવારે અહીં લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)એ બે રનથી વિજય મેળવ્યો હતો. રાજસ્થાન ૧૮૧ રનનો લક્ષ્યાંક નહોતું મેળવી શક્યું. એણે ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૧૭૮ રન કર્યા હતા. લખનઊના આવેશ ખાને ૩ વિકેટ લીધી હતી. ઓપનર ૨૩ વર્ષનો યશસ્વી જયસ્વાલ (૭૪ રન, બાવન બોલ, ૪ સિક્સર, પાંચ ફોર) અને ૧૪ વર્ષનો ઓપનર વૈભવ સૂર્યવંશી (૩૪ રન, ૨૦ બૉલ, ત્રણ સિક્સર, બે ફોર) આ મૅચના બે હીરો હતા. ખાસ કરીને વૈભવે જયપુરનું સ્ટેડિયમ ગજવી નાખ્યું હતું. તેણે આ ડેબ્યૂ મૅચમાં પોતાના પ્રથમ બૉલમાં સિક્સર મારવાની સાથે કુલ ત્રણ છગ્ગા માર્યા હતા અને યશસ્વી સાથે ૮૫ રનની ઓપનિંગ ભાગીદારી કરી હતી. એ પહેલાં લખનઊએ બૅટિંગ લીધા બાદ ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૮૦ રન કર્યા હતા. રાજસ્થાનના કાર્યવાહક કૅપ્ટન રિયાન પરાગે ૨૦મી ઓવરની જવાબદારી સંદીપ શર્માને આપી હતી જેની એ ઓવરમાં ૨૭ રન બન્યા હતા. લખનઊના અબ્દુલ સામદે એ ઓવરના છેલ્લાં પાંચ બૉલમાં ચાર છગ્ગા ફટકારીને લખનઊનું ટોટલ ઘણું વધારી દીધું હતું. લખનઊની બૅટિંગ લાઇન-અપમાં ઓપનર એઇડન માર્કરમ (૬૬ રન, ૪૫ બૉલ, ત્રણ સિક્સર, પાંચ ફોર), આયુષ બદોની (૫૦ રન, ૩૪ બૉલ, એક સિક્સર, પાંચ ફોર) અને અબ્દુલ સામદ (૩૦ અણનમ, ૧૦ બૉલ, ચાર સિક્સર)નો સમાવેશ હતો. ■

| આજે કઈ બે મૅચ? | પંજાબ વિરુદ્ધ બેંગલૂરુ | મુંબઈ વિરુદ્ધ ચેન્નઈ |
|---|---|---|
| | મુલ્લાંપુરમાં, બપોરે ૩.૩૦ | વાનખેડેમાં, સાંજે ૭.૩૦ |

# ગુજરાત જીતીને નંબર-વન થયું, પણ બટલર સદી ચૂક્યો

## દિલ્હી સામેના થ્રિલરમાં બ્રિટિશ વિકેટકીપર-બૅટ્સમૅનના અણનમ ૯૭, ક્રિષ્નાની ચાર વિકેટ

અમદાવાદઃ ગુજરાત ટાઇટન્સ (જીટી) અહીં ગઈ કાલે દિલ્હી કૅપિટલ્સ (ડીસી) સામેના થ્રિલરમાં ચાર બૉલ અને સાત વિકેટ બાકી રાખીને જીતી ગયું હતું. ગુજરાતે ૨૦૪ રનનો પડકારરૂપ લક્ષ્યાંક ૧૯.૨ ઓવરમાં ત્રણ વિકેટના ભોગે મેળવી લીધો હતો. વિકેટકીપર જૉસ બટલર (૯૭ અણનમ, ૫૪ બૉલ, ચાર સિક્સર, અગિયાર ફોર)ને સેન્ચુરી નહોતી કરવા મળી, પરંતુ ગુજરાતને જિતાડવામાં તેનું સૌથી મોટું યોગદાન હતું. તેણે બે કૅચ પણ પકડ્યા હતા.

બટલરને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

જૉસ બટલરે ૫૦ રન ૩૨ બૉલમાં પૂરા કર્યા હતા. તેની અને રુધરફર્ડ વચ્ચેની ૧૧૯ રનની ભાગીદારી ગુજરાત વતી ત્રીજી વિકેટ માટેની સૌથી મોટી ભાગીદારી છે. (બીસીસીઆઇ)



### બટલર ૯૭ રને અણનમ રહેનાર ત્રીજો

બટલર આઈપીએલની આ સીઝનમાં ૯૭ રને અણનમ રહી જનાર ત્રીજો બૅટ્સમૅન બન્યો છેઃ (૧) પચીસમી માર્ચે ગુજરાત સામે પંજાબનો સુકાની શ્રેયસ ઐયર ૯૭ રને અણનમ રહ્યો હતો. (૨) ૨૬મી માર્ચે કોલકાતાનો ક્વિન્ટન ડિકૉક રાજસ્થાન સામે ૯૭ રને અણનમ રહ્યો હતો. અનુક્રમે પંજાબ અને કોલકાતાએ એ મૅચ જીતી લીધી હતી અને હવે બટલરના અણનમ ૯૭ રનની મદદથી ગુજરાતે વિજય મેળવ્યો છે.

ગુજરાતે બીજી જ ઓવરમાં (સાત રન કરનાર શુભમન ગિલની) વિકેટ ગુમાવી ત્યાર બાદ બટલરે બાજી પોતાના હાથમાં લઈ લીધી હતી અને છેક સુધી ક્રીઝ પર રહીને ગુજરાતને જિતાડ્યું હતું.

ઓપનર સાઇ સુદર્શન (૩૬ રન, ૨૧ બૉલ, એક સિક્સર, પાંચ ફોર) અને શેરફેન રુધરફર્ડ (૪૩ રન, ૩૪ બૉલ, ત્રણ સિક્સર, એક ફોર)ના સાધારણ યોગદાન પણ ગુજરાતને ઉપયોગી થયા હતા. દિલ્હીની ટીમમાં માત્ર મુકેશ કુમાર અને કુલદીપ યાદવને એક-એક વિકેટ મળી હતી.

### બટલરને કેવી રીતે સદી ન કરવા મળી?

બટલર આ સીઝનમાં અભિષેક શર્મા (૧૪૧ રન), ઇશાન કિશન (અણનમ ૧૦૬) અને પ્રિયાંશ આર્ય (૧૦૩ રન) પછીનો ત્રીજો સેન્ચુરિયન નહોતો બની શક્યો. બટલરની સાથે રાહુલ તેવાટિયા ૧૧ રને અણનમ હતો. ગુજરાતને ૨૦૪ રનના લક્ષ્યાંક માટે ૨૦મી ઓવરમાં ૧૦ રનની જરૂર હતી. થોડા દિવસથી મૅચોમાં અંતિમ ઓવરમાં જ બાજી ફરી જતી જોવા મળી છે. કદાચ એ જોઈને બટલર અને તેવાટિયાએ ‘ટીમ ફર્સ્ટ’નો અભિગમ અપનાવ્યો હશે અને એટલે જ બટલરે પોતે સદી કરવાની પરવા છોડીને તેવાટિયાને ટાર્ગેટ હાંસલ કરવા કહ્યું હશે. તેવાટિયાએ ડેથ ઓવરના સ્પેશિયાલિસ્ટ મિચલ સ્ટાર્કની ૨૦મી ઓવરના પ્રથમ બૉલમાં સિક્સર અને બીજા બૉલ (યૉર્કર)માં ફોર ફટકારીને ત્યાં જ ખેલ ખતમ કરી નાખ્યો હતો. તેવાટિયાના આ બે શાનદાર અને નિર્ણાયક શૉટ જોઈને ખુદ બટલર ખુશ થઈ ગયો હતો અને તેમણે ગુજરાતની ટીમને પૉઇન્ટ્સ-ટેબલમાં મોખરે પહોંચાડીને આનંદ વ્યક્ત કર્યો હતો.

### બટલરની બે ભાગીદારી

જૉસ બટલરે સુદર્શન સાથે બીજી વિકેટ માટે ૩૫ બૉલમાં ૬૦ રનની અને રુધરફર્ડ સાથે ૬૯ બૉલમાં ૧૧૯ રનની ભાગીદારી કરી હતી.

### ક્રિષ્નાની ચાર વિકેટ

એ પહેલાં, દિલ્હીએ ગુજરાત તરફથી પ્રથમ બૅટિંગનો મોકો મળ્યા બાદ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૨૦૩ રન કર્યા હતા. ગુજરાતના બોલરની ચુસ્ત બોલિંગને કારણે દિલ્હીના એક પણ બૅટ્સમૅનની હાફ સેન્ચુરી આ ૨૦૩ રનમાં નહોતી, પરંતુ તમામ છ બૅટ્સમેને ચોક્કા-છગ્ગાની મદદથી સાધારણ યોગદાન આપ્યું હતું અને તેમના આ ફાળાને લીધે જ ટીમનો સ્કોર ૨૦૦ રનને પાર જઈ શક્યો હતો. ગુજરાતના પેસ બોલર પ્રસિદ્ધ ક્રિષ્નાએ સૌથી વધુ ચાર વિકેટ લીધી હતી.

### ૨૦૦-પ્લસઃ ગુજરાત અને દિલ્હીના કિસ્સામાં શું બન્યું?

ગુજરાતે પહેલી જ વાર ૨૦૦-પ્લસનો ચેઝ સફળતાથી મેળવી લીધો. બીજી તરફ, દિલ્હી પહેલી વાર ૨૦૦-પ્લસનો પોતાનો સ્કોર ડિફેન્ડ કરવામાં નિષ્ફળ રહ્યું.

### છ બૅટ્સમેનના યોગદાન પાણીમાં

કૅપ્ટન અક્ષર પટેલ (૩૯ રન, ૩૨ બૉલ, બે સિક્સર, એક ફોર)નું ૨૦૩ રનમાં સૌથી મોટું યોગદાન હતું. અન્ય પાંચ બૅટ્સમેનના સ્કોર્સ આ મુજબ હતાઃ આશુતોષ શર્મા (૩૭ રન, ૧૯ બૉલ, ત્રણ સિક્સર, બે ફોર), કરુણ નાયર (૩૧ રન, ૧૮ બૉલ, બે સિક્સર, બે ફોર), ટ્રિસ્ટેન સ્ટબ્સ (૩૧ રન, ૨૧ બૉલ, એક સિક્સર, બે ફોર), કેએલ રાહુલ (૨૮ રન, ૧૪ બૉલ, એક સિક્સર, ચાર ફોર) અને અભિષેક પોરેલ (૧૮ રન, નવ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર).

આ તમામ છ બૅટ્સમેનના પર્ફોર્મન્સ પાણીમાં ગયા હતા.

### સ્પિનરની પ્રથમ ઓવર છેક ૨૦મી ઓવરમાં!

આઇપીએલની આ સીઝનમાં પહેલી વાર એવું બન્યું જેમાં સ્પિનરને ઇનિંગ્સમાં તેની પ્રથમ ઓવર છેક ૨૦મી ઓવરમાં કરવાનો મોકો મળ્યો હતો. ગુજરાતના સાઇ કિશોરે એ ૨૦મી ઓવરમાં ફક્ત નવ રન થવા દીધા હતા અને તેણે એક વિકેટ લીધી હતી.

ગુજરાતના અન્ય બોલર્સમાં મોહમ્મદ સિરાજ, અર્શદ ખાન, ઇશાંત શર્મા અને સાઇ કિશોરને એક-એક વિકેટ મળી હતી. ટીમના મુખ્ય સ્પિનર રાશીદ ખાનને ૩૮ રનમાં એકેય વિકેટ નહોતી મળી શકી. ■

### આઈપીએલમાં કઈ ટીમ કેવી સ્થિતિમાં?

| ટીમ | મૅચ | જીત | હાર | પૉઇન્ટ | રનરેટ |
|---|---|---|---|---|---|
| ગુજરાત | ૭ | ૫ | ૨ | ૧૦ | +૦.૯૮૪ |
| દિલ્હી | ૭ | ૫ | ૨ | ૧૦ | +૦.૫૮૯ |
| પંજાબ | ૭ | ૫ | ૨ | ૧૦ | +૦.૩૦૮ |
| બેંગલૂરુ | ૭ | ૪ | ૩ | ૮ | +૦.૪૪૬ |
| લખનઊ | ૭ | ૪ | ૩ | ૮ | +૦.૦૮૬ |
| કોલકાતા | ૭ | ૩ | ૪ | ૬ | +૦.૫૪૭ |
| મુંબઈ | ૭ | ૩ | ૪ | ૬ | +૦.૨૩૯ |
| રાજસ્થાન | ૭ | ૨ | ૫ | ૪ | -૦.૭૧૪ |
| હૈદરાબાદ | ૭ | ૨ | ૫ | ૪ | -૧.૨૧૭ |
| ચેન્નઈ | ૭ | ૨ | ૫ | ૪ | -૧.૨૭૬ |

નોંધઃ તમામ આંકડા શનિવારની ગુજરાત-દિલ્હી મૅચના અંત સુધીના છે.

# આરસીબીની હારની હૅટ-ટ્રિક, ઘરઆંગણે ૪૬મા પરાજયનો વિક્રમ

## ચહલ, અર્શદીપ અને વઢેરા મૅચ-વિનર બન્યાઃ અવૉર્ડ ટિમ ડેવિડને અપાયો

બેંગ્લૂરુઃ અહીં શુક્રવારે આઇપીએલની ૩૪મી મૅચમાં વરસાદના વિઘ્નો વચ્ચે એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ૧૪-૧૪ ઓવરના ટૂંકા મુકાબલામાં યજમાન રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)નો પંજાબ કિંગ્સ (પીબીકેએસ) સામે પાંચ વિકેટે પરાભવ થયો હતો. એ સાથે હવે આરસીબી આ સીઝનમાં હોમ-ગ્રાઉન્ડ બેંગલૂરુમાં ત્રીજી મૅચ પણ હારી ગયું. એટલું જ નહીં, હોમ-ગ્રાઉન્ડ પર સૌથી વધુ મૅચ હારવાનો વિક્રમ પણ આરસીબીના નામે લખાઈ ગયો છે. બેંગલૂરુમાં આરસીબીની આ ૪૬મી હાર હતી. ઘરઆંગણે સૌથી વધુ ૪૫ મૅચમાં પરાજય જોનાર દિલ્હી કૅપિટલ્સનો વિક્રમ આરસીબીએ તોડી નાખ્યો છે.

શુક્રવારે વરસાદને લીધે ટૂંકાવવામાં આવેલી મૅચમાં કુલ ૨૬.૧ ઓવરમાં ૧૪ વિકેટ પડી હતી. પરાજિત આરસીબીની ટીમના ઑલરાઉન્ડર ટિમ ડેવિડ (અણનમ ૫૦ રન અને બે કૅચ)ને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.

રોમાંચક મેચ બાદ પંજાબના ખેલાડીઓએ આઇપીએલના નવા નઝરાણા સમાન રૉબોટ-ડૉગ સાથે થોડી હળવી પળો માણી હતી.





**ત્રણ દિવસમાં આજે બીજી વાર સામસામેઃ** બેંગલૂરુ સામે શુક્રવારની જીત બાદ રૉબોટ-ડૉગ સાથે પંજાબના ખેલાડીઓ (એકદમ ઉપર) તેમ જ પંજાબની ટીમની સહ-માલિક પ્રીટિ ઝિન્ટા સાથે ઑલરાઉન્ડર માર્કો યેનસેન. આજે ફરી પંજાબ-બેંગલૂરુ વચ્ચે ટક્કર છે. (બીસીસીઆઇ)

એક તરફ ઘરઆંગણે આરસીબીની હારની હૅટ-ટ્રિક થઈ અને બીજી બાજુ પંજાબની ટીમ ૧૦ પોઈન્ટ સાથે હવે બીજા નંબર પર આવી ગઈ છે. દિલ્હી કેપિટલ્સ પ્રથમ સ્થાને છે. ત્રીજા નંબર પર ગુજરાત ટાઇટન્સ અને ચોથા નંબરે આરસીબી છે.

આરસીબીએ બૅટિંગ મળ્યા પછી નિર્ધારિત ૧૪ ઓવરમાં ટિમ ડેવિડ (૫૦ અણનમ, ૨૬ બૉલ, ત્રણ સિક્સર, પાંચ ફોર)ના અસાધારણ પર્ફોર્મન્સની મદદથી નવ વિકેટે ૯૫ રન કર્યા હતા. પંજાબના યુઝવેન્દ્ર ચહલે ૧૧ રનમાં બે તથા અર્શદીપે ૨૩ રનમાં બે વિકેટ લઈને આરસીબીને સૌથી વધુ નુકસાન કર્યું હતું. હરપ્રીત બ્રારે અને માર્કો યેનસેને પણ બે વિકેટ તથા બાર્ટલેટે એક વિકેટ લીધી હતી.

પંજાબે ૧૨.૧ ઓવરમાં પાંચ વિકેટના ભોગે ૯૮ રન કરીને પાંચ વિકેટે વિજય મેળવ્યો હતો. પંજાબની ટીમે એક તબક્કે ૯૬ રનના નાના લક્ષ્યાંક સામે ૫૩ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી, પરંતુ નેહલ વઢેરા (૩૩ અણનમ, ૧૯ બૉલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર) પંજાબ માટે તારણહાર બન્યો હતો અને પંજાબને જિતાડ્યું હતું.

એ પહેલાં, ૯૬ રનનો નાનો લક્ષ્યાંક મળ્યો હોવા છતાં પ્રિયાંશ આર્ય (૧૬ રન), પ્રભસિમરન સિંહ (૧૩ રન), કેપ્ટન શ્રેયસ ઐયર (સાત રન), જોશ ઇંગ્લિસ (૧૪ રન) અને શશાંક સિંહે (એક રન) સસ્તામાં વિકેટ ગુમાવી હતી.

આરસીબીના જૉશ હૅઝલવુડ (૧૪ રનમાં ત્રણ વિકેટ) અને ભુવનેશ્વર (૨૬ રનમાં બે વિકેટ)નો બોલિંગ પર્ફોર્મન્સ એળે ગયો હતો. ■

# અભિષેક નાયરને તરત જ નવી નોકરી મળી ગઈ!

## બીસીસીઆઈએ રજા આપી દીધા બાદ કેકેઆરે મીડિયાની પોસ્ટમાં લખ્યું, ‘વેલકમ બૅક હોમ, અભિષેક નાયર’

કોલકાતાઃ થોડા દિવસ પહેલાં ભૂતપૂર્વ ક્રિકેટર અભિષેક નાયરને ભારતીય ટીમના સહાયક-કોચના હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યો હતો, પરંતુ તેણે તરત જ વિકલ્પ શોધી લીધો છે, કારણકે તે આઇપીએલના ડિફેન્ડિંગ ચૅમ્પિયન કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)ની સપોર્ટ સ્ટાફ ટીમમાં ફરી જોડાઈ ગયો છે. નાયરે આ સ્ટાફમાં ફરી જોડાવા સંમતિ આપતાં જ સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ પર કેકેઆરની પોસ્ટમાં ‘વેલકમ બૅક હોમ, અભિષેક નાયર’ લખવામાં આવ્યું હતું.

જોકે કેકેઆરના સપોર્ટ સ્ટાફમાં નાયરની શું ભૂમિકા રહેશે એ સ્પષ્ટ નહોતું કરવામાં આવ્યું.



૨૦૨૪માં કેકેઆરની ટીમ આઇપીએલની ત્રીજી વાર ચૅમ્પિયન બની ત્યારે નાયર કેકેઆરનો સહાયક કોચ હતો. તેણે કેકેઆર ઍકેડેમીમાં ખેલાડીઓના વિકાસ સંબંધમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આઇપીએલની વર્તમાન સીઝનમાં કેકેઆર છઠ્ઠા સ્થાને છે અને એને ઉપર કેવી રીતે લાવવી એની યોજનાના ભાગરૂપે નાયરને ફરી બોલાવવામાં આવ્યો હશે એવું મનાય છે.

કેકેઆરની અગાઉની પોસ્ટમાં નાયરને ફરી સહાયક કોચ બનાવવામાં આવ્યો હોવાનું જણાવાયું હતું. જોકે થોડી વારમાં જ એ પોસ્ટ ડીલીટ કરવામાં આવી હતી.

થોડા મહિના પહેલાં ટેસ્ટ ક્રિકેટમાં ભારતીય ટીમના ઉપરાઉપરી બે સિરીઝમાં (ન્યૂ ઝીલૅન્ડ સામે ૦-૩થી અને ઑસ્ટ્રેલિયા સામે ૧-૩થી) પરાજય થવાને પગલે નાયરને ભારતીય ટીમ માટેના સેટ-અપમાંથી દૂર કરી નાખવામાં આવ્યો હતો.

ગયા વર્ષે આઇપીએલ બાદ જુલાઈ ૨૦૨૪માં હેડ-કોચ ગૌતમ ગંભીરના નજીકના સાથી અભિષેક નાયરને ટીમ ઇન્ડિયાના સહાયક કોચ તરીકેનું પદ મળ્યું હતું. કેએલ રાહુલ, રોહિત શર્મા અને શ્રેયસ ઐયર જેવા ખેલાડીઓએ નાયરની ભૂમિકાને બિરદાવી હતી એમ છતાં બીસીસીઆઇએ બૅટિંગ-કોચ તરીકે સિતાંશુ કોટકની નિયુક્તિ કરી એને પગલે બીસીસીઆઇના સપોર્ટ સ્ટાફમાં અભિષેક નાયરનું સ્થાન અનિશ્ચિત થઈ ગયું હતું. ■

# પૅટ કમિન્સ કેમ સિંગાપોર જતો રહ્યો? પત્નીએ ‘ગુડબાય ઇન્ડિયા’ કેમ લખ્યું?

## બેકી કમિન્સની પોસ્ટને પગલે પતિ વિશે જોરદાર અફવા ઊડી

હૈદરાબાદઃ આઈપીએલની ૧૮મી સીઝનમાં ગુરુવારે વાનખેડેમાં મુંબઈ ઇન્ડિયન્સ સામેના પરાજયને પગલે સનરાઇઝર્સ હૈદરાબાદની ટીમ પોઈન્ટ્સ ટેબલમાં ઉપર ન આવી શકી અને નવમા નંબર પર જ રહી ત્યાર બાદ હૈદરાબાદના ઑસ્ટ્રેલિયન કેપ્ટન પૅટ કમિન્સની પત્ની બેકી કમિન્સે ‘ગુડબાય ઇન્ડિયા, અમને આ દેશનો પ્રવાસ ખૂબ ગમ્યો’ એવું ઇન્સ્ટાગ્રામ પરની પોસ્ટમાં લખીને લોકોને વિચારતા કરી દીધા છે.

ગયા વર્ષે કમિન્સના જ સુકાનમાં હૈદરાબાદની ટીમ ખૂબ લોકપ્રિય હતી.



જોકે આ વખતે સાતમાંથી પાંચ મૅચ હારી જતાં આ ટીમ પરથી લોકોનો ઉત્સાહ ઘટી ગયો છે.

કમિન્સને હૈદરાબાદનું ફ્રેન્ચાઈઝી એક સીઝન રમવાના ૧૮ કરોડ રૂપિયા આપે છે.

કમિન્સની પત્ની બેકીની પોસ્ટ પરથી એવી અફવા ઊડી છે કે પૅટ કમિન્સ નારાજ થઈને અધવચ્ચેથી જ આઈપીએલ છોડીને જતો રહ્યો છે. બેકી કમિન્સે મુંબઈ એરપોર્ટ પરથી પતિદેવ સાથેનો ફોટો પણ શૅર કર્યો હતો.

જોકે સત્ય એ છે કે હૈદરાબાદની આગામી મૅચ છેક બુધવારે રમાવાની છે. ત્યાં સુધીના લાંબા બ્રેકમાં કમિન્સ પોતાની ફેમિલીને લઈને કદાચ સિંગાપોર પહોંચી ગયો છે.

બુધવારે સનરાઈઝર્સની મૅચ હૈદરાબાદમાં મુંબઈ ઇન્ડિયન્સ સામે જ રમાવાની છે. ■

MUMBAI SAMACHAR
મુંબઈ સમાચાર ઉત્સવ રવિવાર
તા. ૨૦-૪-૨૦૨૫

# કોણ મર્યાદા ઓળંગે છે સુપ્રીમ કોર્ટ કે રાજકારણીઓ?




**ફરી એક વાર સર્વોચ્ચ અદાલતના એક ચુકાદાએ રાજકારણમાં વાદ વિવાદનો નવો ભડકો કર્યો છે. રાજ્યપાલે જ નહીં, રાષ્ટ્રપતિએ પણ કેટલા સમયમાં બિલ અંગે નિર્ણય લેવો એ વિશે સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદા સામે ઉપરાષ્ટ્રપતિએ બળાપો કાઢ્યો છે તો એમની ટીકા સામે વિપક્ષો અને કપિલ સિબલ જેવા કાયદા નિષ્ણાતોએ સખત વાંધો લીધો છે. સુપ્રીમ કોર્ટના ચુકાદા સામે જેમને પણ વાંધા છે એ બધાંએ વિચારવાની જરૂર છે કે, સુપ્રીમ કોર્ટે આ રીતે વર્તવાની કેમ જરૂર પડી? આ સમસ્યાના મૂળમાં શું છે ?**

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

**તમિલનાડુના** રાજ્યપાલ આર.એન. રવિએ વિધાનસભામાં પસાર કરેલાં બિલોને રોકી રાખ્યાં એ મુદ્દે સુપ્રીમ કોર્ટે રવિને ઝાટકી નાખ્યા પછી રાજકારણ ક્ષેત્રે જબરું દંગલ જામ્યું છે.

સુપ્રીમ કોર્ટે વિધાનસભાએ પસાર કરેલાં બિલોને કેટલા સમયમાં મંજૂરી આપવી કે નકારી કાઢવાં અને રાષ્ટ્રપતિએ પણ કેટલા સમયમાં બિલ અંગે નિર્ણય લેવો તેનો ચુકાદો આપ્યો તેના કારણે કેટલાક વિવાદ-વિખવાદ ઊભા થયા છે. સુપ્રીમ કોર્ટના ચુકાદા સામે કેટલાક રાજ્યપાલોને વાંધો પડ્યો છે ને આપણા ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ સાહેબને પણ વાંધો પડ્યો છે. 'સુપ્રીમ કોર્ટ સુપર પાર્લામેન્ટ' તરીકે વર્તી રહી છે, ન્યાયતંત્રની દખલગીરીનો અતિરેક થઈ રહ્યો છે એ પ્રકારની ટીકા-ટકોર થઈ રહી છે અને સુપ્રીમ કોર્ટ રાષ્ટ્રપતિને આદેશ આપી જ કઈ રીતે શકે એ સવાલ પણ ઉઠાવવામાં આવ્યો છે.

આવી ટીકા ટકોર ને સવાલો આપણા રાજકારણીઓની બંધારણ વિશેની અજ્ઞાનતા તો દર્શાવે જ છે, પણ સાથોસાથ સામંતશાહી માનસિકતા પણ દર્શાવે છે.

રાષ્ટ્રપતિ દેશના બંધારણીય વડા છે એ ખરું, પણ રાજા થોડા છે કે એમને કોઈ આદેશ જ ના આપી શકે? આપણે લોકશાહીમાં જીવીએ છીએ, એના નિયત કાયદા-કાનૂનનું યથાયોગ્ય પાલન કરીએ છીએ. આપણે કંઈ રાજાશાહીમાં જીવતા નથી કે જ્યાં રાજાને કોઈ કાયદા લાગુ ના પડે ને એને મનફાવે એ રીતે વર્તવાની છૂટ હોય. લોકશાહીમાં બધાં જ બંધારણને આધીન રહેવા- વર્તવા બંધાયેલાં છે કેમ કે બંધારણ સર્વોપરી છે, રાષ્ટ્રપતિ કે બીજું કોઈ નહીં. રાષ્ટ્રપતિ બંધારણીય વડા છે, પણ સુપ્રીમ કોર્ટ બંધારણના રક્ષક છે. બંધારણની રક્ષા માટે જરૂરી બધું જ કરવાનો તેને અધિકાર છે તેથી સુપ્રીમ કોર્ટ ગમે તેને આદેશ આપી શકે.

ભારતીય બંધારણની કલમ ૧૪૨ સુપ્રીમ કોર્ટમાં પડતર કોઈ પણ મુદ્દે ન્યાય કરવા માટે જરૂરી હોય એવા કોઈ પણ આદેશ આપવાની સત્તા આપે છે. આ દેશના રાષ્ટ્રપતિ પણ બંધારણના દાયરામાં આવે જ છે તેથી સુપ્રીમ કોર્ટ રાષ્ટ્રપતિને પણ આદેશ આપી શકે છે.

આપણા હાલના ઉપ- રાષ્ટ્રપતિ ધનખડ પોતે એક જમાનામાં વકીલ હતા એ છતાં એ 'રાષ્ટ્રપતિને સુપ્રીમ કોર્ટ કઈ રીતે આદેશ આપી શકે' એવો સવાલ કરે ત્યારે આશ્ચર્ય સાથે એમની દયા પણ આવે છે. સત્તાની લાલસા જેના જ્ઞાન પર હાવી થઈ જાય ને તેના કારણે કોઈ વ્યક્તિ કાયદા બહારની ભાષા બોલતી થઈ જાય એ દયનિય જ કહેવાય.

ધનખડજી આ પહેલાં પશ્ચિમ બંગાળમાં રાજ્યપાલ હતા. અહીં પણ એ રાજ્યપાલ તરીકે પોતાનું ગૌરવ જાળવવાના બદલે ધનખડ ઉપરથી આદેશ આવે એટલે હડકાયા થઈને કઈ રીતે એ મમતા સરકારને કરડવા દોડતા એ બધા જાણે છે તેથી એમની પાસેથી વધારે અપેક્ષા રખાય એમ નથી.

જગદીપ ધનખડ સહિતના લોકો સુપ્રીમ કોર્ટ વિરુદ્ધ નિવેદનબાજી કરીને 'સર્વોચ્ચ અદાલત પોતાની મર્યાદા ઓળંગી રહી છે' એવું ચિત્ર ઊભું કરવા મથી રહ્યા છે. ધનખડે સુપ્રીમ કોર્ટને 'સુપર પાર્લામેન્ટ' ગણાવી દીધી, પણ સુપ્રીમ કોર્ટે સંસદે કરવાનું કોઈ કામ કર્યું નથી. મતલબ કે, નવો કાયદો બનાવ્યો નથી. બંધારણની જે જોગવાઈ છે તેની તરફ રાજ્યપાલો અને રાષ્ટ્રપતિનું ધ્યાન જ દોર્યું છે. એમને અહેસાસ કરાવ્યો છે કે, તમે બંધારણથી પર નથી અને તમારે પણ બંધારણ પ્રમાણે વર્તવું જ પડશે.

લોકશાહીમાં ચૂંટાયેલી સરકાર સર્વોપરી હોય છે અને ચૂંટાયેલી સરકારોનો મતલબ ખાલી કેન્દ્ર સરકાર નથી, રાજ્ય સરકારો પણ આ દેશના મતદારોએ ચૂંટેલી છે. રાજ્યપાલો જેમનાં બિલ રોકી રાખે છે એ બધી ચૂંટાયેલી સરકારો જ છે. રાજ્યપાલો આ સરકારોનાં બિલ રોકી રાખે એ પણ લોકશાહીનું ઘોર અપમાન છે. તમિલનાડુમાં સવા છ કરોડ મતદારો છે. આ સવા છ કરોડ મતદારોએ સ્ટાલિનની સરકારને ચૂંટીને સત્તા સોંપી છે. આર.એન. રવિ ત્યાંના રાજ્યપાલ છે, આ સવા છ કરોડ મતદારોના માલિક નથી કે એમના જનપ્રતિનિધીઓએ પસાર કરેલાં બિલોને પોતાના ટેબલ પર ધૂળ ખાવા માટે પડી રહેવા દે. રવિજી તો લોકશાહી ઢબે ચૂંટાયેલી સરકાર કરતાં પણ સુપીરિયર હોય- ઉચ્ચતર હોય એ રીતે વર્તી રહ્યા છે ત્યારે સુપ્રીમ કોર્ટે તો રવિજીને ઠમકોરીને લોકશાહીનું જતન કર્યું છે.

આ બધા વાદ વિવાદ વિખવાદ વચ્ચે સુપ્રીમ કોર્ટના ચુકાદા સામે જેમને પણ વાંધા છે એ બધાંએ વિચારવાની જરૂર છે કે, સુપ્રીમ કોર્ટે આ રીતે વર્તવાની કેમ જરૂર પડી? આ સમસ્યાના મૂળમાં શું છે?

આ સમસ્યાના મૂળમાં રાજકારણીઓનો અહંકાર અને સત્તાલાલસા છે. આ દેશના બંધારણે દરેક બંધારણીય હોદ્દા પર બેઠેલી વ્યક્તિના અધિકાર શું છે અને એની મર્યાદા શું છે એ નક્કી કરેલું જ છે. કમનસીબે જે સત્તામાં આવે છે એને પોતાની મર્યાદા યાદ રહેતી નથી અને પોતાના વિરોધીઓના અધિકારો પણ યાદ રહેતા નથી. એ લોકો એવું જ માને છે કે, પોતાની પાસે સત્તા છે એટલે પોતાને ગમે તે રીતે વર્તવાનો પરવાનો મળી ગયો છે. કેન્દ્ર સરકાર વિરોધી સરકારો ધરાવતાં રાજ્યોમાં રાજ્યપાલો એમ જ માનીને વર્તી રહ્યા છે. રાજ્યપાલો આ દેશના બંધારણ તરફ નહીં, પણ જેમણે એમને આ રાજ્યપાલપદનો હોદ્દો 'ભેટ' આપ્યો છે એના તરફ વફાદારી બતાવી રહ્યા છે. એના કારણે ન તો એમનું કે ન તો લોકશાહીનું ગૌરવ જળવાતું નથી.

ભારતમાં અત્યારે જે સ્થિતિ પેદા થઈ છે તેનું કારણ કમનસીબે નેતૃત્વ છે. નેતા બે પ્રકારના હોય છે, એક રાજકારણી અને બીજા રાજપુરુષ, અંગ્રેજીમાં જેમને સ્ટેટ્સમેન કહે છે. રાજપુરુષ એવા શાસકો હોય કે જે સત્તાને સર્વસ્વ ન સમજતા લોકોનાં જીવન સુખમય બનાવવાનું માધ્યમ સમજે છે. સત્તાનો ઉપયોગ કઈ રીતે દેશને સમૃદ્ધ અને સંપન્ન કરવા કરી શકાય એ અંગે જ વિચારે, સત્તાનો ઉપયોગ વિરોધીઓને સાફ કરી નાખવા કે સત્તા ટકાવવા માટે ના કરે. રાજપુરુષ પણ રાજકારણ તો રમે જ પણ તેનું સ્તર ગટરછાપ નથી હોતું. એમના રાજકારણમાં પણ એક ગરિમા હોય છે.

બીજી તરફ, રાજકારણીનું કોઈ સ્તર નથી હોતું ને એ સત્તા માટે ગમે તે સ્તરે જાય. જૂઠું પણ બોલી શકે ને સાવ હલકી કક્ષાના દાવપેચ પણ રમી શકે. જવાહરલાલ નહેરુ રાજપુરુષ હતા,પણ ઈન્દિરા ગાંધી રાજકારણી હતાં. લાલબહાદુર શાસ્ત્રી રાજપુરુષ હતા પણ રાજીવ ગાંધી રાજકારણી હતા. ભારતને જરૂર છે નરસિંહરાવ, અટલ બિહારી વાજપેયી અને ડો. મનમોહનસિંહ જેવા રાજપુરુષોની, જે આ દેશના બંધારણની ગરિમા જાળવે, લોકશાહી મૂલ્યોનું જતન કરે એવા માણસોને હોદ્દા પર બેસાડીને હોદ્દાનું ગૌરવ વધારે એવા માણસોની જરૂર છે, પણ તેના બદલે આજે ચાપલૂસો અને ચમચાઓને આગળ કરવામાં આવી રહ્યા છે તેના કારણે સુપ્રીમ કોર્ટે આકરા થવું પડે, બંધારણીય જોગવાઈઓનું ભાન કરાવવું પડે એવી સ્થિતિ આવી ગઈ છે. રાજકારણીએ પોતાની અને બંધારણના રક્ષક એવી સર્વોચ્ચ અદાલત વચ્ચેની ભેદરેખા સમજવી ને પોતાની મર્યાદામાં રહેવું પડશે. ■

# વારંવાર કાંચળી બદલતી ઝીંગા માછલી

ફોકસ
કે. પી. સિંહ
feedback@bombaysamachar.com

ઝીંગા માછલી હકીકતમાં માછલી નથી. તે તાજા પાણીની નદીઓ અને તળાવોમાં મળી આવતું ક્રસ્ટેશિયન છે. જેને અંગ્રેજીમાં ક્રે ફિશ કહેવામાં આવે છે. તે જે પાણીમાં ચૂનાની માત્રા હોય ત્યાં જોવા મળે છે.

ઝીંગા માછલી સમશીતોષ્ણ પ્રદેશમાં જોવા મળે છે. તે ઇંગ્લેન્ડ, ફ્રાન્સ, જર્મની, યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા, દક્ષિણ અમેરિકા, ન્યુ ગિની, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ વગેરેમાં મોટી સંખ્યામાં જોવા મળે છે. ઝીંગા માછલી એટલે કે લોબસ્ટર આફ્રિકમાં જોવા મળતું નથી, પરંતુ માડાગાસ્કરમાં જોવા મળે છે. આ જ રીતે તે એશિયાના મોટા ભાગોમાં જોવા મળતું નથી, પરંતુ કોરિયા અને જાપાનના ઉત્તરીય ટાપુઓમાં વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. ઝીંગા માછલીની કેટલીક પ્રજાતિઓ એવી છે જેને સરળતાથી એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જઇ શકાય છે અને પાળી શકાય છે. ઉદાહરણ તરીકે ફ્રાન્સની ઝીંગા માછલી 'રેડ ક્લો' નું ઇંગ્લેન્ડની થેમ્સ નદીમાં સફળતાપૂર્વક સંવર્ધન કરવામાં આવે છે. એ જ રીતે યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાની ઝીંગા માછલી જર્મનીમાં ઉછરી રહી છે.

ઝીંગા માછલીની લગભગ ૫૦૦ પ્રજાતિઓ અને પેટા જાતિઓ છે. જેમાં શરીરની રચના, કદ અને આદતોમાં થોડો ઘણો તફાવત હોય છે. લોબસ્ટર ઊંચા તાપમાનને સહન કરી શકતા નથી. તે બપોરના સમયે પાણીની અંદર હોય કે બહાર હોય છાયામાં જતા રહે છે. લોબસ્ટર શિયાળામાં નદીના કિનારે જમીનમાં ઊંડું દર બનાવે છે. કેટલીક પ્રજાતિઓ આખું વર્ષ દર બનાવે છે અને જમીન પર રહે છે.

લોબસ્ટરની શારીરિક રચના ખૂબ જ વિચિત્ર હોય છે. સામાન્ય રીતે તેની લંબાઇ ૧૦ સેન્ટિમીટર કે તેથી વધુ હોય છે, પરંતુ કેટલીક પ્રજાતિની ઝીંગા માછલીઓ ખૂબ મોટી તેમ જ ભારે હોય છે. વિશ્વની સૌથી મોટી ઝીંગા માછલી તાસ્માનિયામાં મળી આવે છે.

એસ્ટેકાપ્સિસ ફ્રેંકલિની નામના આ લોબસ્ટરનું વજન ૪ થી ૫ કિલોગ્રામ હોય છે. ઝીંગા માછલીનો રંગ રેતાળ પીળો, લીલો અથવા ઘેરો બદામી હોય છે. તેના શરીરમાં ચાર મુખ્ય ભાગો હોય છે- માથું, છાતી, પેટ અને પૂંછડી. ઝીંગા માછલીનું માથું અને છાતી એક આવરણથી ઢંકાયેલા હોય છે. આ આવરણનો આગળનો ભાગ અણિયાળો હોય છે. ઝીંગા માછલીને બે સંયોજન આંખો હોય છે અને માથાના આગળના ભાગમાં ચાર એન્ટેના હોય છે. આ સાથે એક જોડી લાંબા એન્ટેનાની હોય છે, જે સ્પર્શેન્દ્રિયનું કામ કરે છે.

ઝીંગા માછલીના એક જોડી મજબૂત અને બે જોડી નબળા જડબા હોય છે. આ જડબાને મેક્સિલે કહેવામાં આવે છે. તેને નવ જોડી પગ હોય છે. જેમાં નર ઝીંગા માછલીના પગની એક જોડી તિરાડોવાળી હોય છે અને પ્રજનન અંગ તરીકે કાર્ય કરે છે. પેટના બાકીના ચાર જોડી પગ તરવા માટે કામ આવે છે. શરીરના છેડે એક મોટી પાંખ જેવી પૂંછડી હોય છે. તેની પૂછડી ખૂબ જ અનોખી હોય છે. તેની મદદથી તે શત્રુથી બચવા માટે ઝડપથી પાછળના ભાગે તરી શકે છે.



ઝીંગા માછલીનો મુખ્ય ખોરાક પાણીના નાના નાના જીવો છે. કેટલીક માછલીઓ જળચર છોડ ખાય છે. તેની શિકારની પદ્ધતિ પણ રસપ્રદ હોય છે. તે તેના શિકારને પગના આગળના ભાગથી પકડે છે અને પછી તેના ટુકડા કરી નાખે છે. ઝીંગા માછલીના માથા પર રહેલા દરેક એન્ટેનાના આધાર પર એક મળદ્વાર હોય છે, જેના દ્વારા પાણી સાથે મળ પણ બહાર કાઢવામાં આવે છે.

## સમાગમ અને પ્રજનન

નર અને માદા લોબસ્ટરની શારીરિક રચના અલગ-અલગ હોય છે અને બંને અર્ધ-આંતરિક સમાગમ કરે છે. તેનો સમાગમ કાળ સપ્ટેમ્બરથી શરૂ થાય છે અને ઓક્ટોબરના અંત સુધી ચાલે છે. નરની છાતી પર પગની એક જોડી પ્રજનન અંગ તરીકે કાર્ય કરે છે. તે સમાગમ દરમિયાન માદાને ઊંધું કરે છે અને તેના પેટ પર શુક્રાણુ મુક્ત કરે છે. જ્યાં તે ચોંટી જાય છે. માદા ઝીંગા માછલી શુક્રાણુ લઇને તેના દરમાં ચાલી જાય છે અને ત્યાં લગભગ ૧૦૦ ઇંડા મૂકે છે. આ ઇંડા શુક્રાણુના સંપર્કમાં આવીને ફળદ્રુપ બને છે અને તેના તરવાવાળા પગો સાથે ચોંટી જાય છે. લગભગ છ મહિના પછી ઇંડા ફૂટી જાય છે અને ઝીંગા માછલીનું બચ્ચું એક નાની માછલી તરીકે જન્મે છે. નવજાત બચ્ચાનું શરીર પારદર્શક હોય છે અને તે તેના આગળના પંજાની મદદથી માદાના તરવાના પગ સાથે થોડા સમય સુધી ચોંટેલા રહે છે. તેના બચ્ચા ચાર વખત કાંચળી બદલે છે. તેને એક વાર કાંચળી બદલવામાં છ કલાક લાગે છે. આ દરમિયાન તે દર અથવા તેના જેવી સલામત જગ્યાએ છુપાયેલા રહે છે અને કંઇપણ ખાતા-પીતા નથી. આ સમયગાળા દરમિયાન તે કઠોર બની જાય છે. ઘણી વખત કાંચળી બદલતી વખતે નબળાઇને કારણે મૃત્યુ પણ પામે છે.

ઝીંગા માછલીના બચ્ચા બે થી ત્રણ વર્ષની વચ્ચે પુખ્ત બની જાય છે. તેમ જ લગભગ ૨૦ વર્ષ સુધી જીવે છે. વિશ્વના મોટાભાગના દેશોમાં તેને ખૂબ જ રસપૂર્વક ખાવામાં આવે છે. કેટલાક આદિવાસી વિસ્તારોમાં તેને કાચા પણ ખાવામાં આવે છે, જે હાનિકારક છે. ઝીંગા માછલીમાં એક પરોપજીવી લાર્વા રહે છે, જે માનવ ફેફસાં સુધી પહોંચે છે. આ પરોપજીવી લાર્વા અનેક જીવલેણ રોગોને જન્મ આપે છે, જે વ્યક્તિના મૃત્યુનું કારણ પણ બની શકે છે. ■


# ટ્રાવેલ ટિપ્સ અને સ્થાનિક સંસ્કૃતિના અનુભવો

સૉલ ઓફ ટૂર



ઑરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

★ **પ્રશ્નઃ તો ધવલભાઈ, રજાઓનો સમય હોવાથી, આજે આપણે ક્યાં સ્થળ વિશે વાત કરવાના છીએ?**

▶ **જવાબઃ** આજે હું કેટલીક સામાન્ય મુસાફરી ટિપ્સ વિશે વાત કરવા માગું છું, ખાસ કરીને ક્યાં પ્રકારનાં કપડાં અને જૂતાં સાથે રાખવા તેના પર ધ્યાન કેન્દ્રિત કરવા ઈચ્છુ છું. વસંતઋતુ દરમિયાન આ દરેક દેશોમાં થોડુંક અલગ વાતાવરણ હોય છે, તેથી સ્માર્ટ પેકિંગ તમારા પ્રવાસના અનુભવને ખરેખર વધારી શકે છે.

તુર્કી, વિયેતનામ, અઝરબૈજાન, જ્યોર્જિયા, જાપાન અને દક્ષિણ કોરિયામાં વસંતઋતુ ખીલેલા લેન્ડસ્કેપ્સ, હળવાથી ગરમ હવામાન અને ક્યારેક વરસાદનું આહ્લાદક મિશ્રણ છે. રક્ષણ માટે હળવું વિન્ડચીટર, છત્રી, સનગ્લાસ અને સનસ્ક્રીન સાથે રાખો. જોવાલાયક સ્થળો જોવા માટે યુનિવર્સલ ચાર્જર, પાવર બેંક, નાનું ડેપેક અને ફરીથી વાપરી શકાય તેવી પાણીની બોટલ ઉપયોગી છે. તેમાં મૂળભૂત તબીબી કીટ, મુસાફરી-કદના ટોયલેટરીઝ અને ફોલ્ડેબલ ટોટ અથવા શોપિંગ બેગ પણ શામેલ કરો. ફરતી વખતે સૂર્યથી પોતાને બચાવવા માટે ટોપી અથવા કેપ ભૂલશો નહીં.





★ **પ્રશ્નઃ આ સમય દરમિયાન આ સ્થળો માટે વ્યક્તિએ કયાં પ્રકારના કપડાં અને જૂતાં પેક કરવા જોઈએ?**

▶ **જવાબઃ** જાપાન માટે, પ્રવાસીઓ વસંતઋતુની શરૂઆતમાં ચેરી બ્લોસમનો આનંદ માણે છે અને પછીથી આલ્પાઇન રૂટ પર પ્રવાસ કરી શકે છે, જ્યાં બરફ, ઠંડા પવનો અને વરસાદ સામાન્ય છે. પેક સ્તરીય પોશાક - થર્મલ ઇનર્સ, સ્વેટર્સ, વોટરપ્રૂફ જેકેટ્સ અને ગરમ મોજાં પેક કરો. સારી પકડવાળા વોટરપ્રૂફ શૂઝ આવશ્યક છે. વિયેતનામ માટે, હવામાન ગરમ હોય છે, ખાસ કરીને દક્ષિણમાં, પરંતુ બા ના હિલ્સ જેવાં સ્થળોએ અચાનક વરસાદ પડે છે. શ્વાસ લેવા યોગ્ય સુતરાઉ કપડાં, રેઈન જેકેટ્સ, સેન્ડલ અથવા સ્નીકર્સ અને કોમ્પેક્ટ છત્રી સલાહભર્યું છે. તુર્કીમાં, તે હવાદાર અને સુખદ છે - જીન્સ, હળવા સ્વેટર્સ, સ્કાર્ફ અને સારા ચાલવાના શૂઝ શહેરની શેરીઓ અને ઐતિહાસિક સ્થળોને અનુરૂપ છે. અઝરબૈજાનમાં, રાત્રિભોજન માટે હળવા સ્તરીય અને ઔપચારિક વસ્ત્રોનું મિશ્રણ, સ્નીકર્સ સાથે રાખો. જ્યોર્જિયામાં સમાન વાતાવરણ હોય છે; સ્તરોમાં વસ્ત્રો પહેરો અને કોબલ્ડ શેરીઓ માટે આરામદાયક શૂઝ પહેરો. દક્ષિણ કોરિયા સ્ટાઇલિશ પરંતુ વ્યવહારુ છે - કાર્ડિગન્સ, જીન્સ, ટ્રેન્ચ કોટ અને સ્નીકર્સ અથવા ટ્રેન્ડી ફ્લેટ લાવો. બધા દેશોમાં, યુનિવર્સલ ચાર્જર, હળવા રેઈન ગિયર અને સનગ્લાસ પેક કરો.

જો તમે નાઇટલાઇફનો આનંદ માણવા અથવા ક્લબિંગમાં જવાની યોજના બનાવી રહ્યા છો, તો થોડા સ્ટાઇલિશ પોશાક પહેરવા એ સારો વિચાર છે. આ દેશોમાં ક્લબના દ્રશ્યો ટ્રેન્ડીથી ભવ્ય સુધી બદલાય છે. તુર્કીમાં, હીલ્સ સાથે છટાદાર ડ્રેસ અથવા જમ્પસૂટ પરફેક્ટ છે. વિયેતનામ વધુ આરામદાયક-ફ્લોવી ડ્રેસો અથવા પેન્ટ સાથેના ટોપ્સ સારી રીતે કામ કરે છે. અઝરબૈજાન ભવ્યતા તરફ ઝુકાવ ધરાવે છે, જેમાં આકર્ષક ડ્રેસ અને બોલ્ડ એસેસરીઝ છે. જાપાન ઓછામાં ઓછા છતાં શુદ્ધ શૈલી પસંદ કરે છે, જ્યારે દક્ષિણ કોરિયા રમતિયાળ ફેશન-સ્તરવાળા ડ્રેસ, હીલ્સ અને બોલ્ડ મેકઅપ વિશે છે. જ્યોર્જિયા જીન્સ અને સ્ટાઇલિશ ટોપ અથવા ડ્રેસ સાથે તેને કેઝ્યુઅલ છતાં ક્લાસી રાખે છે.

★ **પ્રશ્નઃ શું આ પ્રવાસો સાંસ્કૃતિક ડ્રેસ-અપ અનુભવો પ્રદાન કરે છે?**

▶ **જવાબઃ** હા, અમારા ઘણા પ્રવાસોમાં આનંદદાયક સાંસ્કૃતિક ડ્રેસ-અપ અનુભવો શામેલ છે. જાપાનમાં, ખાસ કરીને કનાઝાવામાં, સ્ત્રીઓ વાળની એક્સેસરીઝ સાથે સુંદર કીમોનો ભાડે લઈ શકે છે અને ઐતિહાસિક શેરીઓમાં ચાલી શકે છે અથવા મંદિરોની મુલાકાત લઈ શકે છે. આ પરંપરાગત વસ્ત્રો જાપાની ભવ્યતા અને વારસાનું પ્રતીક છે. સંપૂર્ણ અનુભવ શાંત અને ઊંડાણપૂર્વક ઈમરસીવ અનુભવે છે. તમને જાપાની સંસ્કૃતિની કૃપા સમજવા મળે છે એટલું જ નહીં, પરંતુ તે જીવનભર માટે યાદ રાખવા માટે અદ્ભુત ઇન્સ્ટાગ્રામ-લાયક ફોટા અને યાદો પણ આપે છે.

દક્ષિણ કોરિયામાં હેનબોક પહેરવું એ એક સ્વપ્નશીલ અને સાંસ્કૃતિક રીતે આવશ્યક કાર્ય છે, ખાસ કરીને સિઓલમાં ગ્યોંગબોકગંગ જેવા મહેલોની આસપાસ. હેનબોકના ભવ્ય પ્રવાહ અને વાઇબ્રન્ટ રંગો કોઈપણને સુંદર બનાવે છે, અને તમે ઘણીવાર કોરિયન છોકરીઓ અને પ્રવાસીઓને પીક્ચર્સ, ફોટા માટે પોઝ આપતા જોશો. કોરિયન પરંપરામાં ડૂબી જવા અને કાલાતીત ફોટા કેપ્ચર કરવાની આ એક અદ્ભુત રીત છે.

તુર્કીમાં, ખાસ કરીને કેપ્પાડોસિયા અને ઇસ્તંબુલમાં, તમે પરંપરાગત ટર્કિશ પોશાક પહેરી શકો છો - ઘણીવાર ઓટ્ટોમન-યુગ ફેશનથી પ્રેરિત - ફ્લોઈંગ ઝભ્ભો, શ્રેષ્ઠ ભરતકામ અને હેડપીસ સાથે. કેપ્પાડોસિયામાં પૃષ્ઠભૂમિમાં ગરમ હવાના ફુગ્ગાઓ સાથે અથવા ઇસ્તંબુલમાં બોસ્ફોરસની નજીક ફોટોશૂટ આ પોશાકમાં જાદુઈ યાદો બનાવે છે. આ સાંસ્કૃતિક કપડાં ફક્ત તુર્કીના સમૃદ્ધ ઇતિહાસને પ્રકાશિત કરતા નથી પણ અદ્ભુત દૃશ્યો પણ બનાવે છે.

હોઈ એન વિયેતનામમાં મુલાકાતીઓને પરંપરાગત આઓ દાઈ પહેરવાની તક પણ મળે છે, જે વિયેતનામી ભવ્યતાનું પ્રતીક છે. આ મોહક ફાનસથી પ્રકાશિત શહેર ભવ્ય પોશાકમાં યાદગાર ફોટા માટે અદ્ભુત પૃષ્ઠભૂમિ પ્રદાન કરે છે.

મુસાફરી તમને મનમોહક ઇન્સ્ટાગ્રામ રીલ્સ અને અદ્ભુત ફોટા બનાવવામાં મદદ કરે છે જે તમે હંમેશાં માટે યાદ રાખશો. ફક્ત ડ્રેસ-અપ કરતાં વધુ, તે જોડાણની ક્ષણ છે - તમારી મુસાફરી અને સ્થાનિક વારસા વચ્ચેનો પુલ. સ્થાનિક રીતે પોશાક પહેરવાથી ફક્ત તમારા પ્રવાસ આલબમમાં વધારો થતો નથી પરંતુ દરેક સ્થળની અનન્ય વાર્તા માટે તમારી પ્રશંસા પણ વધે છે.

Aurora Travel Tours Pvt Ltd : Office No. 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026.
Contact Nos.: +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# સમાનતા-સ્વતંત્રતા ને શિક્ષણનું 'ફૂલ': જ્યોતિરાવ ગોવિંદરાવ ફૂલે





આજકાલ એક ફિલ્મ 'ફૂલે' વિવાદોમાં ઘેરાઈ ગઈ છે. આ ફિલ્મ મહારાષ્ટ્રના ક્રાંતિકારી સમાજસેવક મહાત્મા જ્યોતિરાવ અને સાવિત્રીબાઈ ફૂલેની સામાજિક સુધારણા અને સંઘર્ષ પર આધારિત છે. પ્રતીક ગાંધી આ ફિલ્મમાં મહાત્મા ફૂલેની ભૂમિકા નિભાવી રહ્યા છે, ત્યારે પત્રલેખા (અભિનેતા રાજકુમાર રાવની કુશળ અભિનેત્રી પત્ની) સાવિત્રીબાઈ ફૂલેની મુખ્ય ભૂમિકામાં છે. ફિલ્મના નિર્દેશક અનંત મહાદેવન અને નિર્માતા રિતેશ કુડેચા પર મહારાષ્ટ્રના બ્રાહ્મણ સમાજનો એવો આરોપ છે કે આ ફિલ્મ જાતિવાદને પ્રોત્સાહન આપે છે. અસ્પૃશ્યતા અને જાતિવાદને નાબુદ કરવા માટે જીવન સંઘર્ષ કરનારા ફૂલે હંમેશાંથી સાહિત્ય અને સિનેમાનો વિષય રહ્યા છે.

૧૯૫૪માં મરાઠી નિર્દેશક પ્રહલાદ કેશવ અત્રેએ 'મહાત્મા ફૂલે' નામથી ફિલ્મ બનાવી હતી. ૧૯૯૨માં જન નાયક મંચ દ્વારા મરાઠી લેખક જી. પી. દેશપાંડેના નાટક 'સત્યશોધક'નું મંચન કરવામાં આવ્યું હતું. કન્નડ ભાષામાં પણ એમના પર એક ફિલ્મ બની છે. તે સિવાય બે ટેલિવિઝન સિરીઝ પણ સફળ રહી છે.

મહાત્મા જ્યોતિબા ફૂલેએ રૂઢીવાદી વિચારોવાળા સમાજમાં મહિલાઓને સ્વતંત્ર રીતે જીવવા મળે તે માટે ખૂબ કામ કર્યું હતું. જ્યોતિબા ફૂલેનું પૂરું નામ જ્યોતિરાવ ગોવિંદરાવ ફૂલે છે. એમનો પરિવાર પેશ્વાઓ માટે ફૂલો લાવવાનો કામ કરતો હતો એટલે એ 'ફૂલે' કહેવાતા હતા. તે વખતે બાળ લગ્નો, મહિલાઓ અને વિધવાઓનું શોષણ સામાન્ય હતું, પરંતુ જ્યોતિરાવે સમાજની દુષ્ટતા અને શોષણ સામે પોતાનો અવાજ ઉઠાવ્યો હતો.

ફૂલે વિશે પ્રાથમિક શાળામાં પાઠ આવતા હતા. એ એક જાણવા જેવા માણસ છે. સિનેમા અને સાહિત્ય મારફતે આજની પેઢીને એમનો પરિચય થાય તે આવશ્યક છે. જાતિ પ્રથા, ઊંચ-નીચ, સ્ત્રી-પુરુષ અસમાનતા અને અંધશ્રદ્ધા સાથે ભારતીય સમાજમાં વ્યાપ્ત આર્થિક-સામાજિક અને સાંસ્કૃતિક ભ્રષ્ટાચાર સામે પરિવર્તનની સદીઓથી જરૂર રહી છે. આ ધ્યેય સાથે આધુનિક યુગમાં મોટા પ્રમાણમાં સફળ ચળવળ ચલાવવાનું શ્રેય જ્યોતિરાવ ફૂલેને જાય છે. વ્યક્તિની સ્વતંત્રતા અને સમાનતા માટેની ચળવળને કારણે એમને 'આધુનિક ભારતના પ્રથમ દૂરંદેશી નેતા' પણ માનવામાં આવે છે. બાબાસાહેબ આંબેડકર ખુદ બુદ્ધ અને કબીરની સાથે જ્યોતિબા ફૂલેને પોતાના ગુરુ માનતા હતા.

ફૂલેનો જન્મ પુણેના એક સામાન્ય માળી પરિવારમાં થયો હતો. એમના પરિવાર અને બીજા અન્ય લોકો સાથે શૂદ્ર તરીકે વ્યવહાર થતો હતો અને તેમાંથી છુટકારો મેળવવા માટે ફૂલેએ એમને આધુનિક શિક્ષણ મળે તેવી વ્યવસ્થા કરી હતી.

એમના આ કામમાં પત્ની સાવિત્રીબાઈ ફૂલે અને અન્ય સાથીઓની મદદ મળી હતી. એમણે ઘણી શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરી. છોકરીઓ માટેની પહેલી શાળા શરૂ કરવાનું શ્રેય પણ એમને જાય છે.

બધાં કામમાં એમને અને પત્ની સાવિત્રીબાઈને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. રૂઢીચુસ્ત સમાજે એમના પર બહુ ત્રાસ ગુજાર્યો હતો અને એમને હડધૂત કરવામાં આવ્યા હતા. એમની હત્યા કરવાનો પણ પ્રયત્ન થયો હતો. ફૂલેનો પ્રભાવ કેવો કે એમની હત્યા કરવા માટે ઘરમાં ઘૂસેલા બે માણસોમાંથી એક પાછળથી એમનો સહયોગી બની ગયો અને બીજાએ સત્યશોધક સમાજ તરફથી પુસ્તકો લખ્યાં!

જીવનમાં શિક્ષણના અભાવથી થતા નુકસાનને ઉજાગર કરવા માટે ફૂલેભાઉએ 'શેતકર્યાંચા આસુડ' પુસ્તકમાં આ માર્મિક પંક્તિઓ લખી હતી;

*વિદ્યા બિના મતિ ગયી,*
*મતિ બિના નીતિ ગયી*
*નીતિ બિના ગતિ ગયી,*
*ગતિ બિના વિત્ત ગયા*
*વિત્ત બિના શૂદ્ર ગયે!*
*ઇતને અનર્થ એક અવિદ્યાને કિયે!*

ફૂલે માનતા હતા કે સામાજિક બદીઓ અને કમજોરીઓનું કારણ અજ્ઞાનતા છે. એ હંમેશાં કહેતા હતા કે બહુજન સમાજે, ખાસ કરીને સ્ત્રીઓએ જો સન્માનિત જીવન જીવવું હશે તો એમણે જ્ઞાની થવું પડશે. તે વખતના રૂઢીચુસ્ત લોકોને એ વાત પસંદ નહોતી કે નીચી જાતિના લોકો શિક્ષણ મેળવે. તેમાંથી જ ફૂલે સામેનો વિરોધ શરૂ થયો હતો.

૧૮૬૮માં એમણે પોતાના ઘરની પાસે પાણીના હોજની સ્થાપના કરી હતી, જેથી અછૂત લોકોને છૂટથી પાણી મળી શકે. ત્યાં કોઈ પણ માણસ ક્યારેય પણ આવીને પાણી પી શકતો હતો.

એમણે અછૂત લોકોને પણ પાણીનું સંરક્ષણ કરવાનું શીખવાડ્યું હતું. ફૂલેએ એક જળ નીતિ પણ બનાવી હતી અને અંગ્રેજોને તેને લાગુ કરવા અનુરોધ કર્યો હતો. એમનું મહત્ત્વનું સૂચન 'ટેપ-સિસ્ટમ'નું હતું. ઇઝરાયેલમાં આ સિસ્ટમ ૧૯૪૮માં લાગુ કરવામાં આવી હતી. સિંચાઈની આ ટેપ સિસ્ટમથી માત્ર માટી અને ખનીજોને ક્ષીણ થતાં રોકી શકાય છે. એટલું જ નહીં, પાણીનો પણ વધુ ઉપયોગ થઇ શકે છે.

એમણે પોતાની સાથે, પરિવાર સાથે અને એમના સમુદાયના લોકો સાથે થતા દુર્વ્યવહારને જોઈને એ તારણ પર આવ્યા હતા કે પછાત સમુદાયોમાં શિક્ષણના અભાવથી સેંકડો વર્ષોની ગુલામીનો જન્મ થયો છે.

શિક્ષણ ફક્ત એક વર્ગ સુધી સીમિત રહી ગયું છે અને અન્ય લોકોને શાસ્ત્ર જોવાનો પણ અધિકાર નથી... એમણે વિચાર્યું કે જો આપણે બધા માટે શિક્ષણના દરવાજા ખોલીશું, તો પછી ગુલામીનાં બંધનોને દૂર કરી શકાશે. એમણે ખુદના અક્ષરજ્ઞાનના આધારે સમાજમાં આ જાગૃતિ ફેલાવા માટે દસ પુસ્તકો લખ્યાં હતાં. ફૂલે એમના વિચારોને કેવી રીતે લોકો સુધી પહોંચાડતા હતાં તેનો એક રોચક કિસ્સો છે.

એકવાર એ પોતાના મિત્ર જ્ઞાનોબા સાથે પુણેના એક બગીચામાં ફરવા માટે ગયા હતા. ત્યાં એક કુવો હતો.

બગીચાનું પાણી ત્યાંથી આવતું હતું. બપોરે અમુક મજદૂરો ત્યાં બેસીને ખાવાનું ખાવા લાગ્યા. એ જોઇને ફૂલે કુવા પાસે ગયા અને એમાં પાણી કાઢવાની ડોલ ચલાવવા લાગ્યા. સાથે સાથે એમણે ગીત ગાવાનું પણ શરૂ કર્યું.એ જોઈને મજદૂરો હસવા લાગ્યા. ફૂલેએ એમને પૂછ્યું, 'આમાં હસવા જેવું શું છે? મજદૂરો કામ કરતી વખત હંમેશાં ગીતો ગાતા હોય છે. જે લોકો કામચોર છે તે જ નવરાશના સમયે સંગીત વાદ્યોનો શોખ સંતોષતા હોય છે. અસલી મહેનતકશ તો જેવું કામ કરે તેવું તેનું સંગીત વિકસાવી લે છે.'

ભારતમાં આજે પણ રૂઢીચુસ્તતા, અસમાનતા અને શોષણનું અનિષ્ટ બરકરાર છે. ફૂલેએ દોઢસો વર્ષ પહેલાં સમાજ સુધારણાનું ગીત ગાયું હતું તે આજે પણ એટલું જ સૂચક અને પ્રાસંગિક છે. ■

---

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com



# પૃથ્વી પરનું એકમાત્ર અજરામર જીવ છે હાઈડ્રા!

જેનો જન્મ છે એનું મોત નિશ્ચિત છે. આ સવાસો ટકા સાચી હકીકતમાં એક અપવાદ છે ખરો! હા, હાઇડ્રા નામનો સૂક્ષ્મ જળચર જીવ. હાઇડ્રા ક્યારેય મરતું નથી. એ ઉંમરને વશ થતું નથી. કદાચ શરીરનું કોઇ અંગ કપાઇ જાય તો એ પોતમેળે એને ફરી ઉગાવી શકે છે. એના બે ટુકડા થાય તો બન્ને સજીવન રહે બે જીવ તરીકે.

આ અજરામર જીવ વિશે જાણવું ગમશે જ. મજાની વાત એ છે કે હજી વિજ્ઞાનીઓ જાણી શક્યા નથી કે એની ઉંમર કેટલી છે.

માંડ એક સેન્ટિમીટરથી ઓછા એટલે કે અમુક મિલીમીટરના કદવાળું આ જળચર નળીના આકારનું હોય છે. આ Invertebrate (કરોડરજજુ વગરનું) જીવના બે સ્તર હોય છે, જે મેસોગ્લોઆ નામની નિર્જીવ પેશીઓથી જોડાયેલા હોય. એના બાહ્ય સ્તરને એકટોડર્મ અને આંતરિક સ્તરને એન્ડોડર્મ કહેવાય છે.

હાઇડ્રાનું શરીર મૂળભૂત રીતે કોષ (સ્ટેમ)નું બનેલું હોય. એમાં કોષ બહુ ઓછા હોય પણ તેની શરીરરચના નવા કોષ બનાવવા સક્ષમ છે. આ રીતે લગાતાર નવા કોષ બનતા રહે અને તે કાયમ એક-અગાઉ જેવા જ રહે. આ અમર જીવ ક્યાં જોવા મળ? સ્વચ્છ પાણીમાં. પછી ભલે તે સ્થિર હોય કે વહેતું પાણી હોય. પાણી હોય જ્યાં જળચર, પથ્થર કે વનસ્પતિ છોડ હોય. એના તળાવ કે વહેતા પ્રવાહમાં હોઇ શકે, પરંતુ ગંદા પ્રદૂષિત પાણીમાં હાઇડ્રા ન હોય. હાઇડ્રા વિશે સૌથી વધુ સંશોધન કર્યું છે ડેનિયલ માર્ટિનેઝ નામના વિજ્ઞાનીએ. અમેરિકાના કેલિફોર્નિયા સ્થિત જીવવિજ્ઞાનના આ પ્રોફેસરે સૌપ્રથમ શોધી કાઢ્યું હતું કે હાઇડ્રા પર ઉંમરની અસર થતી નથી. એટલે એમને અમર કહી શકાય. સંશોધનમાં હાઇડ્રા વિશે માની ન શકાય એવી એક ચોંકાવનારી બાબત બહાર આવી હતી.

એના શરીરના ટુકડા થઇ જાય તો દરેક વૃદ્ધિ પામીને નવા જીવનમાં ફેરવાઇ શકે છે. આ અલૈંગિક જનનની એક પદ્ધતિ થઇ. આ જીવમાં અલૈંગિક સાથે લૈંગિક જનનની પણ વ્યવસ્થા છે. આ સમાન કે ઉભયલિંગી હોઇ શકે છે. ઉભયલિંગી જીવ હોય તો પુરુષના યૌન અંગો વૃષણ અને મહિલાના અંડાશય સાથે મળીને પ્રજનન કરે છે.

હાઇડ્રાના શરીરમાં મળ નિસારણ સિસ્ટમ નથી. એનું શરીર નકામાં પદાર્થને પોતમેળે બહાર ફેંકી દે છે. આ જીવની નથી ઉંમર વધતી કે નથી કદ, આકાર બદલાતા. 'પ્રોસિડિંગ્સ ઓફ ધ નેશનલ એકેડેમી ઓફ સાયન્સિઝ' નામક જર્નલમાં પ્રકાશિત શોધ-પત્રમાં ડેનિયલ માર્ટિનેઝે કબૂલ કર્યું હતું કે હાઇડ્રા હોય કે ગમે તે જીવ હોય, પણ એ વધતી ઉંમરના પ્રભાવથી બચી ન શકે. એવી ધારણા સાથે મેં સંશોધન શરૂ કર્યું હતું, પરંતુ હાઇડ્રા વિશેની માહિતી અને ડેટાએ મને ખોટો પાડ્યો.

આજેય વિજ્ઞાનીઓ માટે હાઇડ્રા એક કોયડો છે. એ કોઇ પણ સંજોગો-સ્થિતિ હવામાનની અસર વગર કેવી રીતે સતત જીવી શકે છે એ સમજાતું નથી.

મજાની બાબત એ છે કે હાઇડ્રાની અનુવાંશિક રચના માનવજીવને મળતી આવે છે. વિજ્ઞાનીઓને આ બાબતમાં વધુ દિલચસ્પી છે. કાળા માથાના માનવી ઉંમર લંબાવવા, કાયમ યુવાન રહેવા અને શક્ય હોય તો અમર થવા માટે ખૂબ ફાંફા મારી રહ્યો છે. એની પાછળ લાખો કે કરોડો નહીં, અબજો ડૉલર ખર્ચી રહ્યું છે. સંશોધનમાં જાતજાતના પ્રયોગો કરી રહ્યો છે, ન કરવાનું કરી રહ્યો છે, જોખમ ઉઠાવી રહ્યો છે અને કુદરતની વ્યવસ્થાને પડકારી રહ્યો છે.


જરા આસપાસ જુઓ તો ઘણાં માણસો એવા દેખાશે કે જેના અમર થઇ જવાની કલ્પનાથી જ ઉબકા આવી જાય. શરીરમાં ધ્રૂજારી વ્યાપી જાય. માનવી થોડો અમર થઇને હાઇડ્રાની જેમ ચૂપચાપ, કોઇને કનડ્યા વગર શાંતિથી જીવવાનો હતો. ઓછી આવરદામાં ય 'જીવો અને જીવવા દો'માં ન માનનારો અમર થઇ જાય તો? ના. ના. એવું ન જ થવું જોઇએ. ■

---

વિશેષ

સમીર ચૌધરી
feedback@bombaysamachar.com

# એકતાનું ઉત્તમ ઉદાહરણ કુક્શો ગામ



જમ્મુ-કાશ્મીરના કારગિલ જિલ્લામાં આવેલું કુક્શો ગામ એકતા અને સૌહાર્દનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડે છે. આ ગામની ખાસ વાત એ છે કે બૌદ્ધ અને ઈસ્લામ ધર્મના લોકો અમન અને શાંતિથી અહીં રહે છે. એકબીજાના ધર્મને પણ તેઓ ખૂબ સન્માન આપે છે. સાથે જ અહીં લગ્ન કરવા માટે ધર્મ આડે નથી આવતો.

અહીં રહેતા ચોંગજી પરિવારના સૌથી વરિષ્ઠ સદસ્યએ જણાવ્યું કે તેમના પિતાએ તેમને બૌદ્ધ ધર્મ સ્વીકારવાનો આગ્રહ કર્યો હતો. વિશેષ વાત એ છે કે તેઓ આ ગામના હાજી હતા, પરંતુ તેઓ ઈસ્લામ ધર્મ પર કાયમ રહ્યા. જોકે તેમણે તેમનાં બાળકોને ધર્મની પસંદગી કરવાની આઝાદી આપી હતી. આવી રીતે આ પરિવારમાં કેટલાક લોકો બૌદ્ધ ધર્મમાં માને છે તો કેટલાકે ઈસ્લામ ધર્મ અપનાવ્યો છે. આખો પરિવાર બન્ને ધર્મના તહેવારોને પણ હર્ષોલ્લાસથી મનાવે છે. સાથે જ આ ગામના યુવાનોને પોતાનો જીવનસાથી પસંદ કરવાની પણ પૂરી સ્વતંત્રતા છે.

આ કહાણી કુક્શો ગામના દરેક ઘરની છે. એના વિશિષ્ટ ઈતિહાસ અને સંસ્કૃતિ ધરાવતું આ સુંદર ગામ છે. લગભગ બે દાયકા પહેલા અહીં બૌદ્ધ અને મુસ્લિમ પરિવાર એક જ છત નીચે રહેતો હતો. બાદમાં કારગિલથી કેટલાક ધર્મગુરુઓએ આવીને ધર્મ આધારિત ઘર નોખા કરી નાખ્યા. જોકે અન્ય ધર્મમાં લગ્ન કરવાનો સિલસિલો હજી પણ ચાલુ છે. આવી રીતે જોવા જઈએ તો આખું ગામ એકબીજાના સગાવહાલા છે.

ચિક્તન વાયા લેહથી આ ગામ પહોંચી શકાય છે. આ ગામના લોકો મહેમાનોની આગતા-સ્વાગતામાં કોઈ કચાશ બાકી નથી રાખતાં. આ એક એવું ગામ છે જ્યાં ખેતી પૂરી રીતે ઓર્ગેનિક રીતે થાય છે. ગામમાં સૌથી જૂની મસ્જિદ અને સ્તૂપ અડીખમ ઊભા છે. આ ગામમાં એક નવા મઠના નિર્માણ માટે બૌદ્ધ અને મુસ્લિમ સમુદાયના લોકોએ સાથે મળીને દાન આપ્યું હતું. અહીંના લોકો એકબીજાના સુખ દુઃખમાં પડખે ઊભા હોય છે.

દિવસભર આકરી મહેનત કરીને સાંજે લોકો મસ્જિદ અને સ્તૂપની આસપાસ બેસીને ચર્ચા-વિચારણા કરતા હોય છે. ધર્મના નામે જે પ્રકારે હિંસા થાય છે એને જોતા આ ગામ ખરેખર સંપનો સંદેશ આપે છે.

કુક્શો ગામ ૮૦૦ની સાલમાં સ્થાપિત થયું હતું. એ સમયે કોઈ ધર્મની કોઈ ક્ષેત્રે પકડ નહોતી. એ દરમ્યાન એક રાજાનો બહાદુર દીકરો હતો થાતા ખાન, જેને સંદેહ થયો હતો કે તેના ભાઈઓ જ તેનું કાસળ કાઢવાનું ષડયંત્ર રચી રહ્યા છે. તે બધાં વિના કારણ જશ્ન મનાવી રહ્યા હતા, જેથી તેઓ થાતા ખાનની હત્યા કરી શકે. એ વખતે ત્યાં સંગીત પીરસતા સંગીતકારોને આ કાવતરાની જાણ થઈ અને તેમણે થાતા ખાનને પોતાના ગીત દ્વારા સંદેશ આપી દીધો. થાતાને એની જાણ થઈ અને તે ત્યાંથી પોતાના એક ભાઈ અને સંગીતકારને લઈને બારીમાંથી કૂદી ગયો. સાથે જ તેણે પોતાની સાથે 'લેહ' નામનો છોડ લીધો અને કુક્શો ગામ આવી પહોંચ્યો. તેણે જ આ કુક્શો ગામ વસાવ્યું હતું. આ ગામની એકતાની પ્રેરણા તો આજે સૌએ લેવી જોઈએ. ■

---

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

## ટ્રમ્પઃ ટૅરિફ પે ટૅરિફ




# મિયાં ગીરે પર તંગડી તો ઊંચી!

કોઈ પણ દેશના ખરા-મજબૂત વિકાસ માટે એક પાવરફુલ, વિઝનરી અને કંઈક અંશે ડિકટેટર જેવો લીડર નિમિત્ત બને છે તેમ કોઈ પણ દેશના વિનાશ માટે પણ એક લીડર નિમિત્ત બને છે, અમુક લીડર માત્ર પોતાના દેશને જ નહીં, વિશ્વને પણ વિનાશ તરફ ધકેલવામાં નિમિત્ત બને છે.

અતિશયોકિત તો ભલે અતિશયોકિત લાગે, પણ અમેરિકાના પ્રેસિડન્ટ ડોનલ્ડ ટ્રમ્પ હાલમાં જે ભૂમિકા ભજવી રહ્યા છે તેને ધ્યાનમાં રાખતા આ શખસ અમેરિકાને કઈ તરફ લઈ જશે એ ભાખવું તો કઠિન છે. આમ છતાં, હાલના એમનું વલણ, વર્તન અને નિર્ણયોને ધ્યાનમાં રાખીએ તો એ અમેરિકાના વૈશ્વિક વર્ચસ્વને તોડવા નિમિત્ત બનશે કે વર્ચસ્વ વધારવામાં એ સવાલ હાલ ચર્ચાનો વિષય બન્યો છે.

અલબત્ત, આ બધું તરત નહીં થાય, મહાસત્તા તરીકે અમેરિકા હજી ય ઘણો મજબૂત દેશ છે. તેની પાસેની ટેલેન્ટ, જાયન્ટ કંપનીઓ, કરન્સી મેનેજમેન્ટ, શસ્ત્રોની શક્તિ ભરપૂર છે, પણ યાદ રહે, લીડરોના ખોટા નિર્ણયો લાંબે ગાળે ઘણી બાબત પર પાણી ફેરવી શકે છે. કોઈ પણ બાબતનો અતિરેક થાય ત્યારે આમ જ બને.

આજે વિશ્વનો સામાન્ય માનવી પણ અમેરિકાના અને ખાસ કરીને ટ્રમ્પના તેવર અને એની અસરોની પીડા જોઈ શકે છે. કઈ રીતે વિવિધ દેશ મશ્કેલીમાં મુકાઈ રહયા છે અથવા મુકાઈ શકે છે તે જોઈ-સમજી શકે છે. આ સંભવિત મુશ્કેલીઓ એટલે મોંઘવારી, બેરોજગારી, હાલાકી, શોષણ, દબાણ, અન્યાય, લાચારી, વિવાદો, ઈત્યાદિ ઈત્યાદિ વિવિધ કટોક્ટીનો કપરો આ સમય છે.

અત્યારે અમેરિકા સામે ઊભા રહેવાનો- લડવાનો છે, ઝૂકી જવાનો નહીં. ડૉલરની દાદાગીરી બહુ ચાલી, હજી પણ ચાલી રહી છે. જોકે આ સામે હવે જે રીતે ટૅરિફના વિષયમાં અતિરેક થયો છે એ વિવિધ દેશોને એક કરવાની કવાયત શરૂ કરી શકે. આ કવાયત પણ ચુપચાપ ચાલશે, કારણ કે હાલને તબક્કે અમેરિકા સામે બાથ ભીડવા કોઈ એક જ દેશ કાફી નથી, તેમ છતાં ચીને આ પડકાર ઝીલ્યો છે અને અમેરિકાને ટૅરિફને લઈને લલકાર્યું પણ ખરું, પણ પરિણામે ચીન સામે અમેરિકાએ જુદી જ પલ્ટી મારી છે.

આવા બધા માહોલ વચ્ચે આપણે ટ્રમ્પના છેલ્લા કેટલાક દિવસના નિર્ણયો અને તેના આડેધડ ફેરફારો જોઈએ તો ટ્રમ્પની અસ્થિરતા આંખે ઉડીને વળગે છે.

આ ટ્રમ્પ અમેરિકાને પણ અસ્થિરતા તરફ લઈ જાય તો નવાઈ નહીં. આનું ભાન થતા ટ્રમ્પે તેવર બદલવા પડ્યા. આ માટેના વાસ્તવિક કારણો સમજવા જેવા છે.

ચીન સામે અમેરિકાની નબળાઈ...

જે ચીન સામે અમેરિકા જોરશોરથી બાથ ભીડવાની વાત કરે છે, તેની સામે તેણે તરત જ નિર્ણય ફેરવી નાંખ્યો હતો, અલબત્ત, યુએસ ઝૂકી ગયું નહી, પણ કૂણું જરૂર ચોકકસ પડયું છે.

આમ પણ ચીન ઘણી બાબતમાં અમેરિકાને પણ હંફાવે એમ છે. થોડી ઝલક જોઈએ તો...

૨૦૨૪માં યુએસમાં માત્ર પાંચ જહાજ બન્યા હતા, જેની સામે ચીનમાં ૧૮૦૦ જહાજ બન્યાં... આજે પણ લેપટોપ, સોલાર પેનલ્સ, અને સિલિંગ ફેન મોટર્સ બનાવવામાં પણ ચીન અમેરિકા કરતાં ઘણું આગળ છે. અમેરિકા ઉત્પાદનમાં ઘણું પાછળ યા નહીંવત છે, તે મહદઅંશે વિશ્વનો મોટો આયાતકાર દેશ છે. અત્યારે ટૅરિફનો હુમલો કરવા પાછળનું તેનું કારણ પણ એ ગણાય છે કે તે ચીન બધી ચીજો બનાવવામાં સર્વોપરી બની જશે.

માત્ર પ્રોફિટ પાછળની દોટ ભારે પડી. વાસ્તવમાં અમેરિકાએ નફો કમાવાનું જ લક્ષ્યમાં રાખીને પોતે જ ફેકટરીઝ ચીન, વિયેતનામ, મેકિસકોમાં વાળી છે, જયાં તેને સસ્તા લેબર્સ મળે, ઊંચું માર્જિન મળે અને ઊંચા સ્ટોક પ્રાઈસ મળે, બાકી અત્યારે તો યુએસ મોટેપાયે ડ્રોન્સ પણ બનાવી શકે એમ નથી. હવે અમેરિકાએ એ બધી ફેકટરી પાછી લાવવા માગે છે માટે ચીનના માલો પર ઊંચા ટૅરિફ નાખવાનું નકકી કર્યુ. જોકે થયું એવું કે ટેરિફને લીધે શેરબજાર તૂટયું, જેનું નુકસાન પણ અમેરિકાને થઈ રહયું છે.

જેમાં પણ ટ્રમ્પે મિયાં ગીરે પર તંગડી ઊંચીની જેમ ટ્રમ્પ કહે છે કે મને શેરબજારની ચિંતા નથી.

પણ એ પછી બોન્ડ માર્કેટ તૂટી, બોન્ડ યિલ્ડ (વળતર) ઊંચા જવા લાગ્યા, જે ફાઈનાન્સિયલ માર્કેટની પલ્સ ગણાય. બોન્ડ માર્કેટ તૂટે એ અમેરિકાને પોષાય નહીં. યુએસ બોન્ડ માર્કેટ ૪૦ ટ્રિલિયન ડોલરની (રૂ.૩૩૬ લાખ કરોડ) છે, જે શેરબજારથી પણ ઘણી મોટી ગણાય. બોન્ડ માર્કેટ તૂટવાનું કારણ અમેરિકાની ટ્રેડ ડેફિસિટ અને બજેટ ડેફિસિટ પણ ગણાય, જેને લીધે લોકોને લાગ્યું કે આ દેવાદાર દેશ તો પહેલેથી જ છે. હવે તે બોન્ડસનું રિપેમેન્ટ કરવામાં પણ નબળું પડી શકે એવો ભય વધી ગયો.

અહી એ નોંધવું બહુ જ મહત્ત્વનું છે કે અમેરિકા બોન્ડ માર્કેટ પર બહુ મોટો આધાર રાખે છે. બેંકો રોજબરોજની પ્રવાહિતા માટે તેનો ઉપયોગ કરે છે.

કંપનીઓ તેના સ્ટાફની સેલેરી આપવા, મ્યુચ્યુઅલ ફંડસ અને પેન્શન ફંડસ તેમના ભંડોળના પાર્કિંગ માટે તેનો ઉપયોગ કરે છે. જો બોન્ડ માર્કેટ તૂટે તો અમેરિકાની દશા બેસી જાય. ૨૦૦૮ જેવી કટોકટી ઊભી થઈ જાય અને એટલે જ અમેરિકન પ્રેસિડન્ટ પર દબાણ આવ્યું છે અને એમને ટૅરિફને હાલ ૯૦ દિવસ માટે રોકી દેવાની સલાહ અપાઇ. આમ અમેરિકામાં ભલભલા લીડરે બોન્ડ માર્કેટ સામે શરણાગતિ સ્વીકારવી પડે છે. અહીં એ પણ નોંધવું જરૂરી છે કે યુએસનું જાહેર દેવું ૩૪.૫ ટ્રિલિયન ડૉલર જેટલું છે, જે નાગરિકદીઠ એક લાખ ડૉલર થાય. ભારતનું નાગરિક દીઠ દેવું ૨૨૦૦ ડૉલર અંદાજાય છે.

આમ ભારત સહિત કોઈ પણ દેશ માટે સબક એ છે કે ઔદ્યોગિક પાયો મજબૂત હોવો વધુ જરૂરી છે. ફાઇનાન્સિયલ માર્કેટ નેશનલ પોલિસી નક્કી કરી શકે નહીં. આર્થિક યુધ્ધ થાય કે મિલિટરી યુધ્ધ, કોઈ પણ યુધ્ધમાં જીત મેન્યુફેકચરિંગની થાય છે. ભારત ઉત્પાદન ક્ષેત્રના આ રાહ પર છે. આમ છતાં, હવે ભારતે પણ પોતાને વધુ મજબૂત બનાવવા ભરપૂર મહેનત કરવાની છે. ■

# પદ્મારાણીએ મારો કાન આમળ્યો...

સ્પોટ લાઈટ
મહેશ્વરી
feedback@
bombaysamachar.com



નાટકની વાર્તામાં, એની રજૂઆતમાં, કલાકારના અભિનયમાં નાટ્ય તત્ત્વની હાજરી કૃતિની રજૂઆતને વેંત ઊંચી સાબિત કરી શકવાનું કૌવત ધરાવે છે. નાટકની વાર્તાનું વહેણ એક ચોક્કસ ગતિએ એક નિર્ધારિત દિશામાં આગળ વધતું હોય અને અચાનક... અચાનક કોઈ કારણસર વહેણની દિશા બદલાઈ જાય, ગતિમાં ફેરફાર આવે અને કોઈ અણધારી મંઝિલની દિશા તરફ નાટક આગળ વધે. આ અચાનક જે બને એ નાટ્ય તત્ત્વનો એક મણકો ગણાય છે. સ્ટેજ પર અભિનેત્રી તરીકે એનો અનુભવ અનેક વાર લીધો અને અંગત જીવનમાં તો આવા એટલા અનુભવ થયા છે અને હજી થતા રહે છે. વિશ્વ એક રંગમંચ છે એ વિલિયમ શેક્સપિયરનું કથન શાશ્વત છે એનો ખ્યાલ આવે છે.

મારા અંગત જીવનમાં તેમજ વ્યવસાયિક જીવનમાં પણ એવા એવા વળાંક અચાનક આવ્યા છે કે ક્યારેક તો આંખોને પહોળી થવા માટે જગ્યા ઓછી પડે. જૂની રંગભૂમિ માટે દર્શકોના હેતમાં આવેલી ઓટ પારખી વિનુભાઈ નવી રંગભૂમિ માટે નાટક કરવાનું બીડું ઝડપી 'પળના પ્રતિબિંબ' નામનું નાટક કર્યું તો ખરું, પણ પહેલા શોની જબરદસ્ત સફળતા પછી જે વેગથી આગળ વધવું જોઈતું હતું એ સ્પીડ નાટકે પકડી નહીં અને ૫૦ શો પછી બંધ થઈ ગયું. અનેકવાર ઘુમરાયો હતો એ સવાલ ફરી દિમાગમાં દોડાદોડ કરવા લાગ્યો કે 'હવે શું?' જ્યારે જ્યારે આ સવાલ મોં ફાડીને ઊભો રહ્યો છે ત્યારે ત્યારે મેસેજ કે ફોનની વાતચીત જવાબ બની ગયા છે. ગયા હપ્તામાં મેં કાંતિ મડિયાનો મેસેજ મળ્યો એની વાત કરી હતી. જોકે, આ એપિસોડને શબ્દદેહ આપી રહી હતી ત્યારે અચાનક મગજમાં બત્તી થઈ અને મડિયાના મેસેજ પહેલા અચાનક બનેલી એક ઘટનાનું સ્મરણ થયું. જીવનમાં આ અચાનકથી મને ઘણી વાર ચાનક ચડી છે. ચાનક ચડવી એટલે ઉત્સાહ જાગવો, ઉત્તેજના થવી એ મને ભાંગવાડી થિયેટરના દિવસોમાં એક ગુણી લેખકે સમજાવ્યું હતું.

'પળના પ્રતિબિંબ' પર પડદો પડી ગયા પછી મારું પ્રતિબિંબ શોધવા હું ફાંફાં મારી રહી હતી ત્યાં અચાનક એક દિવસ મને અરીસો દેખાણો. શોભના દેસાઈ સાથે અણધારી મુલાકાત થઈ. શોભના દેસાઈ એક સમયે નાટ્ય નિર્માણ તેમજ સિરિયલ પ્રોડક્શનમાં મોટું નામ હતું. ૧૯૯૦ના દાયકાની સુપરહિટ ગુજરાતી સિરિયલ 'સપનાના વાવેતર' અને પછી હિન્દીમાં બનેલી ૧૦૦૦ એપિસોડ ચાલેલી 'એક મહલ હો સપનો કા'નાં સહ નિર્માત્રી એ તેમની મજબૂત અને મોંઘેરી ઓળખ છે. સિરિયલના ગ્લેમરમાં રંગભૂમિની ઓળખ દબાઈ ગઈ. ખેર. શોભનાએ મને એક ઓફર આપી જે મારા માટે ખૂબ મહત્ત્વ ધરાવતી હતી, કારણ કે હું નવા કામની શોધમાં હતી. જોકે, સાથે સાથે એક એવો પાઠ ભણવા મળ્યો જે મને ઘણું શીખવી ગયો.

વાત એમ હતી કે એ સમયે શોભનાનું એક નાટક ચાલતું હતું 'સીમાચિહ્ન.' એમાં રોહિણી હટ્ટંગડીનો મેઈન રોલ હતો. રોહિણી મરાઠી નાટકો, હિન્દી સિરિયલ, ફિલ્મો ઉપરાંત ગુજરાતી નાટકોના ખાસ્સા વ્યસ્ત કલાકાર હતાં. જોકે, આ નાટકના શો નિયમિત નહોતા થતા, કારણ કે જો રોહિણીને શૂટિંગ માટે કહેણ આવે તો એ જતી રહે અને 'સીમાચિહ્ન' તાત્પૂરતું બંધ થઈ જાય. બંને વચ્ચે આ ગોઠવણ નાટક શરૂ કર્યું એ પહેલાથી જ હતી એટલે ફરિયાદનું કોઈ કારણ નહોતું. જોકે, શોભના દેસાઈ પ્રોડ્યુસર અને કોઈ પણ નિર્માતાને રોલિંગ અટકે એ ગમે નહીં. એટલે શોભનાએ મને પૂછ્યું કે 'રોહિણી શૂટિંગમાં જાય ત્યારે આ નાટક તમે કરશો?' નેકી ઔર પૂછપૂછ? મેં તો પળની રાહ જોયા વિના હા પાડી દીધી. 'મહેશ્વરી બહેન, તમારે બે જ દિવસમાં રોલ તૈયાર કરવાનો છે.' રંગભૂમિના કલાકારો માટે આ પ્રકારની કટોકટીની કોઈ નવાઈ નથી હોતી અને આવી પરિસ્થિતિમાં તૈયાર થઈ ખરા ઊતરવાની ક્ષમતા બધા કલાકારોમાં હોય છે. તરત રિહર્સલમાં પહોંચી ગઈ. ફિરોઝ ભગત એના ડિરેક્ટર હતા. બે દિવસમાં તો હું બરાબર તૈયાર થઈ ગઈ રોહિણીનો રોલ કરવા.

નાટક રજૂ થયું અને રોહિણીને જે આવકાર મળ્યો હતો એવો જ આવકાર મારા પરફોર્મન્સ વખતે મળ્યો. રિપ્લેસમેન્ટ રોલમાં એક મોટું જોખમ હોય છે સરખામણીનું. જો કોઈ કારણસર અગાઉ જેવો પ્રતિસાદ ન મળે તો દોષનો ટોપલો આખેઆખો નવા કલાકારના માથે ઢોળી દેવામાં આવે છે. જોકે, 'સીમાચિહ્ન'ને મળેલા આવકારથી શોભના અને હું બંને રાજી રાજી થઈ ગયા. પછી તો રોહિણી શૂટિંગ માટે જાય એટલે એ રોલ મારે જ કરવાનો એવો શિરસ્તો થઈ ગયો. બહારગામ પણ એના શો થતા હતા અને એમાં સુરતના ૨૦ શો કરવાના આવ્યા. અચાનક શોભના આવી અને મને કહેવા લાગી કે 'મહેશ્વરી બહેન, હવે તમારે જ આ રોલ કરવાનો છે.' સુરતમાં પંદરેક શો થયા ત્યાં એક દિવસ રોહિણી ટપકી પડી. 'હવે આ રોલ હું જ કરીશ,' એમ તેણે શોભનાને કહી દીધું. એના વગર અનેક શો આ નાટકના થયા હતા અને સફળતા પણ મળી હતી. એટલે કદાચ એને વિચાર આવ્યો હશે કે નાટકમાંથી એના નામની કાયમ માટે બાદબાકી તો નહીં થઈ જાય ને. કોઈપણ કલાકારને સફળ નાટક છોડવું ન ગમે. એવામાં એક દિવસ એવો પ્રસંગ બન્યો જે કાયમ માટે હૈયામાં કોતરાઈ ગયો અને મને ઘણું શીખવી ગયો.

ભાઈદાસમાં 'સીમાચિહ્ન'નો સાંજનો શો હતો. એ દિવસે બપોરે રંગભૂમિ અને ગુજરાતી ફિલ્મોના સિદ્ધહસ્ત અભિનેત્રી પદ્મારાણીના નાટકનો શો હતો. એ શો પૂરો થયા પછી તૈયાર થવા હું ગ્રીન રૂમ તરફ જઈ રહી હતી ત્યાં પદ્મારાણી સામે મળ્યાં. મને જોઈને લાગલો સવાલ કર્યો કે 'મહેશ્વરી, તું અત્યારે અહીં? નાટક જોવા આવી હતી?' મેં ના પાડી અને કહ્યું કે 'મારો શો છે એટલે આવી છું.' તેમણે તરત બીજો સવાલ કર્યો કે 'કયું નાટક?' મેં 'સીમાચિહ્ન' નામ આપ્યું એટલે તરત બોલ્યાં કે 'એ નાટકમાં તો રોહિણી છે ને.' મેં કહ્યું 'હા, પણ એ જ્યારે શૂટિંગ માટે જાય ત્યારે એ રોલ હું કરું છું.'

મારી આ સ્પષ્ટતા સાંભળી પદ્માબહેન રીતસરના વિફર્યા. આજે પણ એમનો ગુસ્સાવાળો ચહેરો મને યાદ છે. અવાજમાં આક્રોશ સાથે મને કહેવા લાગ્યાં કે 'મહેશ્વરી, શું કામ પ્રોડ્યુસરોની આદત બગાડે છે અને આર્ટિસ્ટનું નુકસાન કરે છે? જવાબ આપ.' શું જવાબ આપું, કારણ કે તેઓ શું કહી રહ્યા છે એ જ મને નહોતું સમજાતું. મારા મોઢા પર પ્રશ્નાર્થ ચિહ્ન જોઈ એમણે મને સમજાવી કે 'બરાબર સમજી લે કે જો કોઈ પણ આર્ટિસ્ટ નાટક છોડી શૂટિંગમાં જાય તો કાયમી રિપ્લેસમેન્ટ માગી લેવાનું. ગરજ અનુસાર કામ નહીં કરવાનું. સંકોચ રાખ્યા વગર ચોખ્ખી ના પાડી દેવાની. હા, કોઈ આર્ટિસ્ટ બીમાર પડે કે અણધારી મુસીબતમાં મુકાઈ જાય તો પૈસાની વાત કર્યા વિના શો કરી આપવાનો.' પદ્મા બહેને મને આખી પરિસ્થિતિ વિગતવાર સમજાવી. તેમણે ભણાવેલો આ પાઠ હું ક્યારેય નથી વિસરી અને આવી સમજણ વિકસાવવા બદલ ત્યારે તો મેં તેમનો આભાર માન્યો જ હતો, આજે પણ માનું છું. કાન આમળીને સાચી અને હિતની વાત સમજાવવાવાળા બહુ ઓછા લોકો હોય છે. હું જાતને સદભાગી માનું છું કે પદ્મારાણી જેવા લોકો સાથે મારો ભેટો થયો છે. ■

## છગન 'રોમિયો' - પૃથ્વીરાજ કપૂર

પાત્રની લોકપ્રિયતા નામ સાથે જોડાઈ જવાનું વધુ એક ઉદાહરણ એટલે છગન 'રોમિયો'. મુંબઈ ગુજરાતી નાટક મંડળી જ્યારે બાપુલાલ નાયક હસ્તક હતી એ વર્ષોમાં (૧૯૨૫થી ૧૯૩૯) ઘણા લેખકો પાસે નાટક લખાવી એની ભજવણી થઈ હતી. રમણભાઈ નીલકંઠ, મણિલાલ 'પાગલ', 'મનસ્વી' પ્રાંતિજવાળા, ચાંપશી ઉદેશી, બાબુભાઈ ઓઝા અને ગજેન્દ્રશંકર લાલશંકર પંડ્યા. એકાંકી, દ્વિઅંકી અને ત્રિઅંકી નાટકો લખનારા ગજેન્દ્રશંકર પંડ્યાએ વાર્તા અને કાવ્યો પણ લખ્યાં હતાં. તેમણે સંસ્કૃતમાં પણ નાટ્યલેખન કર્યું હતું. મુંબઈ ગુજરાતી નાટક મંડળીના બેનર હેઠળ તેમનું પહેલું નાટક હતું 'જમાનાનો રંગ' અને બીજું હતું 'તરુણીના તરંગ' જે ૧૯૨૮માં ભજવાયું હતું. આ નાટકમાં છગનલાલ નાગરદાસ નાયક નામના અભિનેતાએ રોમિયોના પાત્રમાં એવો જીવંત અભિનય કર્યો કે છગન 'રોમિયો' એમની ઓળખ બની ગઈ. નાટક પછી ફિલ્મોમાં પણ આ જ ઓળખ કાયમ રહી. 'તરુણીના તરંગ' નાટકમાં છગન 'રોમિયો' અને પ્રાણસુખ નાયકની જોડી જામી અને સુપરહિટ થઈ હતી. નાટકમાં રોમિયો બનેલા છગનભાઈએ કેટલાંક ગીતો પણ ગાયાં હતાં. કોમિક પ્રવેશ પૂરો થાય ત્યારે છગનલાલ નાયક અને પ્રાણસુખ નાયક અંગ્રેજી ગીત ગાતા ગાતા નૃત્ય કરતા હતા. અંગ્રેજી ગીતમાં ડાન્સ અને પહેરવેશ પણ અંગ્રેજી શૈલીના જ રહેતા. ગીતના શબ્દો 'કમ ઓન કમ ઓન માય લવલી ટોપ' સંભળાય એટલે પ્રેક્ષકો ગેલમાં આવી જતા. છગન 'રોમિયો'ના અભિનય પર આફરીન થઈ વન્સમોર આપતા. મુંબઈ, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર જેવાં શહેરોમાં એમના પર ફૂલ અને નોટનો વરસાદ વરસતો હતો. છગન 'રોમિયો'ની ખ્યાતિ એટલી વધી કે એમનું નાટક જોવા પૃથ્વીરાજ કપૂર પણ આવતા હતા.■

# ૧૧૩ વર્ષ પહેલાં ડૂબેલી 'ટાઈટેનિક' શિપની વધુ ટ્રેજેડી આજે 'તરી'ને બહાર આવી રહી છે !

કેન્વાસ
અભિમન્યુ મોદી
feedback@
bombaysamachar.com



મુંબઈનો પુલ તૂટી પડે કે રાજકોટમાં બસને અકસ્માત નડે કે પછી ગેમ ઝોનમાં કે પછી સુરતના ટ્યુશન ક્લાસમાં આગ ભભૂકી ઊઠે... આમ જ્યાં જ્યાં દુર્ઘટનાઓ સર્જાય છે એમાં માણસની બેદરકારી, બેજવાબદારી, કામચોરી અને પોતે કરે એ સાચું જ કરે તે અહમ જ કારણભૂત હોય છે.

ટાઈટેનિક જહાજ ડૂબ્યું તે ઐતિહાસિક દુર્ઘટનાને આ એપ્રિલમાં ૧૧૩ તેર વર્ષ થયા. ફિલ્મ સિવાય ટાઈટેનિકને લઈને આપણી જાણકારી થોડી ઓછી છે એવું જોવામાં આવ્યું છે. 'ટાઈટેનિક' ફિલ્મમાં શિપ ડૂબવાની સિક્વન્સ આવી ત્યારે આપણે બધાએ ફિલ્મમાં જહાજના ડેક ઉપર મ્યુઝિશિયનના ગ્રુપને જોયું. ટાઈટેનિક ડૂબવાનું શરૂ થયું તો પણ મોતની થોડી મિનિટો પહેલાં સંગીત વગાડી રહ્યા હતા ત્યાં હાજર લોકોનો જે પણ સ્ટ્રેસ ઓછો થાય તે! પણ બોઈલર રૂમમાં કામ કરતા ઈજનેરો અને મજૂરોનું શું? એમને ખબર હતી કે પોતે હવે વધુ સમય જીવી શકવાના નથી તો પણ પોતાનું કામ ન છોડ્યું. જેથી ટાઈટેનિકની લાઈટો ચાલુ રહી, જહાજ થોડો વધુ સમય તરી શક્યું અને એસઓએસ-તાકીદના સંદેશ મોકલી શકાયા.

ટાઇટેનિક શિપમાં ફક્ત ૨૦ લાઇફબોટ હતી - જે લગભગ ૧,૧૦૦ લોકોને જ બચાવી શકે એમ હતી જ્યારે ટાઈટેનિકમાં ૨,૨૦૦ થી વધુ લોકો હતા. તેનાથી પણ ખરાબ વાત એ હતી કે ઘણી લાઇફબોટ અડધી ખાલી છોડી દેવામાં આવી હતી. 'કરોડપતિઓની બોટ' તરીકે ઓળખાતી લાઇફબોટ નંબર ૧ માં ચાલીસ લોકો માટે જગ્યા હોવા છતાં ફક્ત ૧૨ લોકો સાથે રવાના થઈ. કોસ્મો અને લ્યુસી ડફ ગોર્ડન એમાં ૨ હતા, જેમના પર પાછળથી બચી ગયેલા લોકોને બચાવવા માટે ક્રૂ સભ્યોને લાંચ આપવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. બીજી લાઇફબોટ નંબર ૬ હતી, જેમાં માર્ગરિટ 'મોલી' બ્રાઉન, વાસ્તવિક જીવનની 'અનસિંકેબલ' મ્યુઝિકલની નાયિકા હતી. એણે પોતાની લાઇફબોટમાં બેઠેલી મહિલાઓને પાણીમાં રહેલા લોકોને બચાવવા માટે હોડી ચલાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

એક જાપાની મુસાફર નામે માસાબુમી હોસોનો બચી ગયો હતો. જાપાનીઝ માટે બચી જવું તે શરમજનક વાત હતી. હોસોનો એકમાત્ર જાપાની મુસાફર હતો અને તે લાઇફબોટમાં ચઢવામાં સફળ રહ્યો, પરંતુ જાપાનમાં, વહાણ સાથે ન મરવું એ અપમાનજનક માનવામાં આવતું હતું. તે જ્યારે વતન પરત ફર્યો ત્યારે તેની ઉપર ફિટકાર વરસ્યો.

બીજી તરફ, જ્યારે બચાવ જહાજો બે-ત્રણ દિવસો પછી સમુદ્રમાંથી મૃતદેહો એકત્રિત કરવા માટે પહોંચ્યાં, ત્યારે મૃત્યુ પણ જાણે સામાજિક વર્ગને પ્રતિબિંબિત કરતું હતું. પ્રથમ વર્ગના મૃતદેહોને તેમના પરિવારોને પરત કરવામાં પ્રાથમિકતા આપવામાં આવી હતી. એમને સાચવીને શબપેટીઓમાં મૂકવામાં આવ્યા હતા. બીજા અને ત્રીજા વર્ગના મુસાફરોના મૃતદેહોનું એવું ધ્યાન રાખવામાં આવ્યું ન હતું. તેમાંથી ઘણાને દરિયામાં દફનાવવામાં આવ્યા હતા અથવા સાદી કેનવાસ બેગમાં મૂકવામાં આવ્યા હતા.

૧૯૮૫માં સમુદ્રશાસ્ત્રી રોબર્ટ બેલાર્ડને ટાઇટેનિકનો કાટમાળ મળ્યો, જે સમુદ્ર સપાટીથી ૧૨,૫૦૦ ફૂટ નીચે હતો. એમને અને એમની ટીમને કેટલીક કંપાવી દે એવી વસ્તુઓ મળીઃ બાળકોના જૂતાની એક જોડી, ૨:૨૦ વાગ્યે બંધ થઇ ગયેલી ખિસ્સા ઘડિયાળ, એક વાયોલિન કેસ વગેરે.

કાટમાળના વૈજ્ઞાનિક અભ્યાસો દર્શાવે છે કે ટાઇટેનિકનું વપરાયેલું સ્ટીલ ઠંડા તાપમાનમાં બરડ થઈ ગયું છે. સ્ટીલ પ્લેટોને એકસાથે પકડી રાખતી રિવેટ્સ ખરાબ રીતે બનાવવામાં આવી હતી અને સરળતાથી છૂટી ગઈ હતી, જેના કારણે ઝડપથી પૂર આવ્યું. આજે, અદ્યતન ઇમેર્જિંગ અને સબમર્સિબલ રોબોટ્સ કાટમાળનો અભ્યાસ કરવાનું ચાલુ રાખે છે, જે ખારા પાણી અને ધાતુ ખાનારા બેક્ટેરિયાને કારણે ધીમે ધીમે અદૃશ્ય થઈ રહ્યું છે.

ટાઈટેનિક તો ડૂબ્યું પણ તેની સાથે તેણે અનેક સમુદાયોને દુઃખમાં ડૂબાડી દીધા. ઇંગ્લેન્ડના સાઉધમ્પ્ટનમાં, જ્યાં મોટાભાગના ક્રૂ સભ્યો હતા, ૫૦૦થી વધુ પરિવારોએ એક એવો સભ્ય ગુમાવ્યો હતો જેનો આર્થિક અને ભાવનાત્મક આઘાત પેઢીઓ સુધી રહ્યો.

મેસીના ડિપાર્ટમેન્ટલ સ્ટોરના માલિકો ઇસિડોર અને ઇડા સ્ટ્રોસની સૌથી હૃદયસ્પર્શી વાર્તાઓમાંની એક છે. જ્યારે ઇડાએ એના પતિ સાથે રહેવા માટે લાઇફબોટમાં પોતાની સીટ છોડી દીધી, એણે અલગ થવાનો ઇનકાર કર્યો. 'અમે ઘણાં વર્ષોથી સાથે રહીએ છીએ. તમે જ્યાં જાઓ છો, હું પણ જાઉં છું,' એ બંને એક સાથે મૃત્યુ પામ્યાં . કાટમાળમાંથી પાછળથી એક લોકેટ મળી આવ્યું હતું જે ઇડાનું હોવાનું માનવામાં આવતું હતું, જેના પર એના પ્રથમ અક્ષર કોતરેલા હતા.

ટાઇટેનિકની દુર્ઘટનાએ દરિયાઇ કાયદાઓને ફરીથી આકાર આપ્યો. બધા મુસાફરો માટે લાઇફબોટ ફરજિયાત બનાવવામાં આવી હતી. જહાજો પર ૨૪ કલાક રેડિયો દેખરેખ રાખવી જરૂરી બની. હિમશીલાના જોખમ પર નજર રાખવા માટે આંતરરાષ્ટ્રીય આઇસ પેટ્રોલની સ્થાપના કરવામાં આવી હતી તે સર્વિસ જે આજે પણ સક્રિય છે.

એક સદી કરતાં વધુ સમય વીતી ગયો. સમુદ્રમાં જહાજ ડૂબવાની કે કાર્ગો જહાજ ઊંધું થઇ જવાની દુર્ઘટનાઓ આપણે સાંભળી છે, પણ હજુ સુધી ટાઈટેનિકની જેવી જબરદસ્ત એક પણ માનવસર્જિત સમુદ્રી દુર્ઘટના ઘડી નથી. હવે નિયમો વધુ કડક થઇ ગયા છે ને સંકળાયેલા લોકો વધુ સજાગ થઇ ગયા છે. આજથી દાયકાઓ પહેલા ટાઈટેનિક શિપને અમેરિકા ઝડપથી પહોંચાડીને પત્રકારોને ઈમ્પ્રેસ કરવાના ચક્કરમાં શિપની ઓવર સ્પીડિંગને કારણે સેંકડોએ જીવ ગુમાવ્યા હતા.

આટલાં વર્ષો પછી પણ એવી જ મૂર્ખામી માણસો હજુ પણ કરી રહ્યા છે. અહંકાર અને પરિપક્વતાનો અભાવ જો તમારા સ્વજનમાં પણ હોય તો, એ જરૂર જોખમી માણસ એટલું તો સમજાય છે ને? ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@
bombaysamachar.com

# સેમ્પલિંગ આપશે નવા ઘરાક



ક્યારેક મીઠાઈ કે ફરસાણની દુકાનમાં અથવા સૂકા નાસ્તાની દુકાનમાં જઈએ ત્યારે દુકાનવાળા આપણને અચૂક નવી આઈટમ ચાખવા આપે. તમે તે સમયે કદાચ ન પણ ખરીદો, છતાં પણ એ તમને સેમ્પલ ચખાડે. આ એમની પ્રોડક્ટનું સેમ્પલિંગ કરવાની રીત છે.

સેમ્પલિંગ માર્કેટિંગમાં એક મહત્ત્વનું પાસું ગણાય છે. મોટાભાગે આ વ્યૂહરચના નવા પ્રોડક્ટના લોન્ચ વખતે અજમાવવામાં આવે છે. આના બીજા પ્રકારોમાં સવારમાં ન્યૂઝ પેપરની સાથે શેમ્પૂની સેશે (નાનું પેકેટ) જોડેલી હોય, મોલમાં અમુક પ્રોડક્ટ તમે વાપરો પછી તમારો અભિપ્રાય માગે. સુપર માર્કેટમાં ખાદ્ય પદાર્થ ચાખો, કોઈ રિસોર્ટ અથવા હોટેલ તમને ૨ રાત્રી ૩ દિવસનું પેકેજ ફ્રીમાં આપે, OTT પ્લેટફોર્મ તમને એક મહિનો ફ્રી સબસ્ક્રિપ્શન આપે, વગેરે.

તાજેતરમાં એક નવા પ્રકારનો સેમ્પલિંગ આઈડિયા જાણવામાં આવ્યો. વિદેશમાં એક નામી સોસની કંપની જે મેયોનીઝ પણ વેચે છે તેનું સેમ્પલિંગ કર્યું. આપણને સોસ અને પિઝા પર છાંટવાના ઓરેગાનો, પેપર વગેરે ભેગા કરવાની આદત હોય છે. આ કંપનીએ કહ્યું તમે કોઈ પણ આવા બચેલા સેશે લઈને આવો અને અમે તમને તેની બજાર કિંમતનું મેયોનીઝ સેશે ફ્રી આપીશું. આમ સેમ્પલિંગના પણ નવા નવા રૂપો જોવા મળે છે. અહીં મુદ્દો તમને ફ્રીમાં આપવાનો નથી હોતો, પણ એમનો હેતુ બ્રાન્ડની અવેરનેસ વધારવી અથવા બ્રાન્ડને કન્સિડરેશન સેટમાં લાવવી અથવા નવા પ્રોડક્ટનો અભ્યાસ તમારા દ્વારા કરવો હોય છે.

આપણે જાણીયે છીએ કે ગ્રાહકો નવા પ્રોડક્ટ કે નવી બ્રાન્ડ જલ્દીથી નથી અપનાવતા. એ તે બ્રાન્ડ જોશે પણ તરત નહિ ખરીદે. આવા સમયે સેમ્પલિંગ કામ કરે છે. આજના ઓનલાઇનના જમાનામાં જ્યારે તમે ઓનલાઇન શોપિંગ કરો છો ત્યારે ઘણીવાર તમને તેની સાથે ફ્રી પ્રોડક્ટ મોકલવામાં આવે છે. આનો ફાયદો તે કે, પ્રોડક્ટ ઘરમાં આવ્યું હોવાથી ગ્રાહક એકવાર વાપરશે અને જો ગમી ગયું તો ખરીદશે. જો ના ગમ્યું તો બ્રાન્ડ એને ના ગમવાનાં કારણ પૂછી તેમાં સુધારા વધારા કરશે. આમ, બ્રાન્ડ માટે ફ્રી સેમ્પલિંગ રિસર્ચ અને ગ્રાહકો મેળવવા તેમ બંને કામ કરે છે.

આ વ્યૂહરચનાં વર્ષોથી અત્યંત સફળ સાબિત થઈ છે. એક પ્રોડક્ટ સેમ્પલિંગ સ્ટડીના રિપોર્ટ અનુસાર, પ્રોડક્ટ અજમાવનાર ૩૫% લોકોએ તે જ દિવસે પ્રોડક્ટ ખરીદી હતી. આનું કારણ, સેમ્પલિંગ ગ્રાહકોને ઉત્પાદનની ગુણવત્તાનો અનુભવ કરવાની તક આપે છે. આ કારણોસર, ઉપભોક્તાઓને ઉત્પાદન વિશે જાણવા માટે તમારી સેલ્સ સ્ટોરી અથવા માર્કેટિંગ પર આધાર રાખવાની જરૂર નથી. એ સ્વતંત્ર રીતે જાણી શકે છે અને જે વધુ શક્તિશાળી હોય તે ગ્રાહકનાં મન પર કાયમી છાપ મૂકી જાય છે. જો યોગ્ય રીતે આ પ્રવૃત્તિને દોરવામાં આવે તો પ્રોડક્ટ સેમ્પલિંગ માર્કેટિંગ વ્યૂહરચના સૌથી અસરકારક વેચાણ તકનીક બની શકે છે. માટે જ્યારે આ પ્રવૃત્તિ ચલાવીએ ત્યારે તેને એવી જગ્યાએ ચલાવો જ્યાંથી ઉપભોક્તા તરતજ ઉત્પાદન ખરીદી શકે. ઉદાહરણ તરીકે કોઈ મોલમાં કે સુપર માર્કેટમાં વગેરે. સેમ્પલિંગની વ્યૂહરચના બ્રાન્ડની અવેરનેસ ઊભી કરે છે અને અપેક્ષિત ગ્રાહકોમાં તે બ્રાન્ડ પ્રતિ રસ જગાવે છે. આમાં તમારું રોકાણ બ્રાન્ડ પ્રમોટ કરતાં બીજાં માધ્યમો કરતાં ઘણુ ઓછું હોય છે. અને મહત્ત્વનું એ છે કે તે ડાયરેક્ટ કસ્ટમરને પહોંચે છે. આ ઉપરાંત જો લોકોને આ પ્રોડક્ટ ગમશે એ તેના વિષે અન્ય લોકોને જણાવશે.આમ વર્ડ ઓફ માઉથ પબ્લિસિટી થશે તે નફામાં. લોકોનો વિશ્વાસ આ પ્રવૃત્તિ દ્વારા જીતી શકાય છે.

આ પ્રવૃત્તિના બીજા ફાયદાઓ જોઈએ તો પોઈન્ટ ઓફ પરચેઝ પર પ્રોડક્ટ્નું વેચાણ થાય છે. કોઈ ગ્રાહક આ સેમ્પલિંગને મ્હાણી રહ્યો છે અને સ્ટોરમાં ફરી રહ્યો છે ત્યારે એના મગજમાં તમારું ઉત્પાદન તાજું છે અને જો એ સમયે પ્રોડક્ટનું ડિસ્પ્લે થયું છે ત્યાં પહોંચશે ત્યારે પ્રથમ તમારા ઉત્પાદન વિશે વિચારવા માટે પ્રેરિત થશે.

આ જ રીતે, સેમ્પલિંગની વ્યૂહરચના ગ્રાહકને જાળવી રાખવામાં મદદ કરે છે. માર્કેટર્સ તરીકે, આપણે બધાએ સમજવું જોઈએ કે એક્વિઝિશન અર્થાત સંપાદન એ બધી જ વ્યૂહરચનાનો અંત નથી. તમે આ સેમ્પલિંગ પ્રવૃત્તિ થકી શું મેળવવા માગો છો તેની સ્પષ્ટતા કેળવો. ગ્રાહકોને સેમ્પલ્સ મળે પછી એમના સંપર્કમાં રહી અપડેટ્સ મેળવો. આ આખી પ્રવૃત્તિનું અગત્યનું પાસું છે.

અહીં સૌથી મહત્ત્વની વાત એટલે આ પ્રવૃત્તિ દ્વારા બ્રાન્ડને પહેલેથી જ ગ્રાહકોનો લાઈવ ડેટા મળે છે. આપણે આજે ડેટાની શું કિંમત છે તે જાણીયે છીએ. આ ડેટાના સહારે તમે ગ્રાહકને વધુ સારી રીતે જાણી શકશો અને એ અનુસાર તમારા પ્રોડક્ટમાં જોઈતો બદલાવ લાવવા ઉપરાંત એને અનુરૂપ તમારું કોમ્યુનિકેશન પણ બનાવી શકશો. આમ સેમ્પલિંગની આવી વ્યૂહરચના બ્રાન્ડ અવેરનેસની સાથે લાંબાગાળાનો ગ્રાહક પણ તમને મેળવી આપે છે. ■

# ...તો કોઈની પણ આંખની શરમ ન રાખો !

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

આ કોલમ માટે વિષય વિચારી રહ્યો હતો એ વખતે થોડા દિવસો અગાઉ ‘ભૂલે બિસરે નગમે’ નામનાં સોશિયલ મીડિયા પેજ પર વાંચેલો એક રસપ્રદ અને પ્રેરક કિસ્સો યાદ આવી ગયો.

છ દાયકા અગાઉ એ સમયના વિખ્યાત અભિનેતા દેવ આનંદ ‘ગાઈડ’ ફિલ્મ બનાવી રહ્યા હતા. એ ફિલ્મના સંગીત માટે તેમણે એસ.ડી. બર્મનને સાઇન કર્યા હતા. એ સમયમાં એક દિવસ અચાનક એસ. ડી, બર્મનને હાર્ટ એટેક આવી ગયો. એમને તાત્કાલિક સારવાર મળી ગઈ એટલે એ બચી તો ગયા, પણ ડોક્ટરે એમને થોડા મહિના ફરજિયાત આરામ કરવા કહ્યું.

આવાં મુશ્કેલ સમયમાં બીજો કોઈ પ્રોડ્યુસર હોત તો એણે બીજા સંગીતકારને લઈને ફિલ્મનું કામ ચાલુ રાખ્યું હોત, પણ દેવ આનંદે એવું ન કર્યું. એમણે ફિલ્મનું શૂટિંગ મોડું શરૂ કરવાનો નિર્ણય લઈ લીધો.એમણે શૂટિંગ છ મહિના માટે મુલતવી રાખી દીધું.

દેવ આનંદને ઘણા દોઢ ડાહ્યાઓએ સલાહ આપી કે બીજા સંગીતકારને સાઇન કરી લો, પણ દેવ આનંદે કહ્યું કે ‘આ ફિલ્મનું સંગીત તો બર્મનદાદા જ બનાવશે, ભલે મારે એમના માટે છ મહિના રાહ જોવી પડે...’ આ દરમિયાન કેટલાક અન્ય મોટા નિર્માતાઓએ એસ.ડી. બર્મન પાસેથી કામ પાછું લઈ કોઈ બીજા સંગીતકારને સોંપી દીધું, પણ દેવ પોતાના નિર્ણય પર મક્કમ રહ્યા. એ પછી એસ.ડી.બર્મન સાજા થઈ ગયા અને એમણે ‘ગાઈડ’ ફિલ્મના સંગીત પર ફરીથી કામ શરૂ કર્યું. પોતાને હાર્ટ અટેક આવ્યો એને કારણે દેવ આનંદની ફિલ્મ અટકી પડી એ માટે એમને અફસોસ થતો હતો. એટલે એમણે માત્ર પાંચ દિવસમાં ‘ગાઈડ’ ફિલ્મનાં બધાં જ ગીતો તૈયાર કરી દીધાં. દેવ આનંદને તો એમના પર પૂરો વિશ્વાસ હતો એટલે એમણે એક ગીત છોડીને બધાં ગીતોને તરત મંજૂરી આપી દીધી.

બર્મનદાદાએ બનાવેલું એક ગીત દેવ આનંદને પસંદ ન પડ્યું. જોકે બર્મનદાદાને પોતાની ધૂન અને સંગીત પર પૂરો વિશ્વાસ હતો. દેવ આનંદ મુંબઈમાં એ ગીતના રેકોર્ડીંગ પછી ફિલ્મના શૂટિંગ માટે ઉદયપુર પહોંચ્યા, પણ એમને એ એક ગીત પસંદ નહોતું પડ્યું. એમણે સાથીઓ સાથે આ વાતની ચર્ચા પણ કરી અને એમણે યુનિટના સભ્યોને પેલું ગીત સંભળાવ્યું.



ફિલ્મ ‘ગાઈડ’નું એ યાદગાર ગીત

જ્યારે યુનિટના સભ્યોએ એ ગીત સાંભળ્યું ને બધાએ એના ખૂબ વખાણ કર્યા, પણ દેવ હજુ પણ માનવા તૈયાર નહોતા.

આ ગીતનું શૂટિંગ ઉદયપુરમાં કરવાનું હતું.

ફિલ્મના દિગ્દર્શક દેવ આનંદના ભાઈ વિજય આનંદે વચલો રસ્તો કાઢતા કહ્યું કે ‘અત્યારે તો આ ગીતનું શૂટિંગ કરી લઈએ, પછી આ ગીત ફિલ્મમાં સારું ન લાગે તો બીજું ગીત રેકોર્ડ કરી લઈશું.’

આમ આ ગીતનું શૂટિંગ શરૂ થયું. એ ગીત માટે જેટલા દિવસો શૂટિંગ ચાલ્યું એ દરમિયાન દેવ આનંદે એક વાત નોંધી કે યુનિટના બધા જ સભ્યો સેટ પરથી હોટેલ સુધી જાય ત્યારે આ જ ગીત ગાઈ રહ્યા હતા.

એ ગીતનું શૂટિંગ તો થઈ ગયું, પણ પછી ફિલ્મના આગળના શૂટિંગ દરમિયાન પણ દેવ આનંદે કેટલાય અઠવાડિયાઓ સુધી યુનિટના સૌને એ જ ગીત ગાતાં સાંભળ્યા. અંતે એમણે પણ સ્વીકારી લીધું કે આ ગીત ફિલ્મમાં રહેશે અને એ પણ સ્વીકાર્યું કે આ ગીત જેમ છે એમ જ ફિલ્મમાં મુકાશે.

જ્યારે ‘ગાઈડ’ ફિલ્મ રિલીઝ થઈ ત્યારબાદ રાગ મિશ્ર ભૈરવીમાં તૈયાર કરાયેલું પેલું જ ગીત એ ફિલ્મનું સૌથી હિટ ગીત સાબિત થયું. આજેય એ હિન્દી ફિલ્મ સંગીતનું અમર ગીત માનવામાં આવે છે. એ ગીત એટલે ‘આજ ફિર જીને કી તમન્ના હૈ, આજ ફીર મરને કા ઈરાદા હૈ..!.’

શૈલેન્દ્રએ લખેલાં આ ગીતની એક વિશેષતા એ હતી કે એસ.ડી. બર્મને આ ગીતને એક જ ધૂન પર તૈયાર કર્યું હતું. સામાન્ય રીતે ફિલ્મી ગીતોમાં સૌથી વધુ મહેનત મુખડા પર થાય છે. એકવાર મુખડું બની જાય, પછી અંતરા તૈયાર થાય.

અંતરા અલગ રીતે કમ્પોઝ થાય છે અને છેલ્લી લાઇન ફરી મુખડાની ધૂન સાથે મળી જાય છે, પણ આ ગીતમાં જે મુખડું છે એટલે કે ‘કાંટોં સે ખીંચ કે યે આંચલ...’એ જ ધૂન અંતરાઓમાં પણ ગવાય છે પછી તે ‘અપને હી બસ મેં નહીં મેં...’ હોય કે ‘મૈં હૂં ગુબાર યા તૂફાં હૂં...’ હોય.

આ એક અનોખો પ્રયોગ હતો, જે એસ.ડી. બર્મને આ ગીતમાં કર્યો હતો જ્યાં આખું ગીત, એટલે કે મુખડું અને અંતરા બધું એક જ ધૂનમાં બનાવાયું હતું.

દોસ્તો, આ કિસ્સા પરથી બે વાતની પ્રેરણા લેવા જેવી છે. એક તો તમને જે માણસમાં વિશ્વાસ હોય એનો ખરાબ સમય આવે તો પણ એને પડતો ન મૂકવો. અને બીજી વાત એ કે પોતાના કામ પર ભરોસો હોય તો કોઈની પણ આંખની શરમ ન રાખવી જોઈએ.

બર્મનદાદા પાસે સંગીત તૈયાર કરાવવા માટે છ મહિના રાહ જોઈ અને પછી દેવ આનંદને ગીત ન ગમ્યું તો બર્મનદાદાએ એવું ન કહ્યું કે ‘તેમને આ ગીત નથી ગમ્યું તો હું બીજી ધૂન તૈયાર કરી દઉં...’.

જો દેવ આંનદે બીજા સંગીતકારને લઈને કામ આગળ ધપાવ્યું હોત અથવા તો એસ.ડી. બર્મને બીજી ધૂન બનાવી આપી હોત તો આપણે આવા એક અદભુત ગીતથી વંચિત રહી ગયા હોત! ■

# સમાચારના સમાચારઃ લાલચમાં લપસાવતી લીલા

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

*ટાઇટલ્સઃ*

*સનસની ને અનહોની બે અલગ વાત છે. (છેલવાણી)*

ભારતના અદ્ભુત કોનમેન કે છલિયા કે બહુરૂપિયા ચોર એવા નટવરલાલે તાજમહેલ વેંચવાથી માંડીને ઈંડિયન રેલવે ખરીદવાની લાલચ આપીને હજારોને ચૂનો ચોપડેલો. આખરે પકડાઇ ગયા પછી કોર્ટમાં જજે નટવરલાલને પૂછ્યુંઃ ‘તમે બુદ્ધિશાળી લોકોને કેવી રીતે છેતરી શકો છો?’ ‘સાહેબ, તમને કઇ રીતે સમજાવું ? ચલો, જો તમે મને ૫૦ રૂપિયા આપો તો સમજાવું.’ નટવરલાલે કહ્યું, જજે ૫૦ રૂપિયા આપ્યા. નટવરલાલે ખિસ્સામાં મૂકીને કહ્યું, ‘ભગવાનનો આભાર માનો કે મેં તમને કોઇ લાલચ ન આપ્યાં, ખાલી ૫૦ રૂ.માં જ છેતર્યા.’

નટવારલાલનાં કરતબ જેવાં મીડિયામાં કે વોટ્સ-એપ કે યુ-ટ્યૂબ પરનાં સમાચારને ભલાભલા ભણેલાં લોકો અંતિમ સત્ય માની લે છે. એમાં યે કોઈ સમાચારમાં એવું લખ્યું હોય કે, ‘વિશ્વસનીય સૂત્રોમાંથી જાણવા મળ્યું છે’, ‘કહેવામાં આવે છે’, ‘સાંભળવામાં આવ્યું છે’, ‘એક પ્રવક્તાએ વિચાર્યું હતું’, ‘એક નેતા, જેઓ એમનું નામ આપવા નથી માગતા, એમણે કહ્યું છે’, વગેરે સમાચારો સાચા જ હશે- એ થિયરી મુજબ સામાન્ય રીતે લોકો દ્વારા સાચા માનવામાં આવે છે. આવા સમાચારનું કોઇ નેતા કે વ્યક્તિ વડે ખંડન કરવામાં આવે તો લોકોને એ વાત માનવાનું વધારે મન થઇ જાય છે કે ‘હં...આમાં કશુંક તો હશે જ ને?’

૧૯૮૦-૯૦ના દાયકામાં મુંબઇનાં ગુજરાતી છાપાં માટે એક જોક ફેમસ હતો કે અખબારમાં નોકરી માટે આવેલા નવા માણસને પૂછવામાં આવતું કે ‘ગુજરાતી આવડે છે?’ પેલો કહેઃ ના. તો એને કહેવામાં આવેઃ ‘તો તમે તંત્રી વિભાગમાં જાવ.’ બીજા કોઇને પૂછવામાં આવે કે ‘તમે ક્યારે કંઇ લખ્યું છે?’ પેલો કહેઃ ના! તો સામે કહેવામાં આવે કે ‘તો તમે કોલમ લખવા માટે પ્રયત્ન કરો.’ પછી કોઇને પૂછવામાં આવે કે ‘તમે ક્યારેય ગુજરાતી છાપું વાંચ્યું છે?’ પેલો કહે- ના! તો એને કહેવામાં આવે કે ‘તમે જાહેર ખબર અને સર્ક્યુલેશન વિભાગમાં જાવ! ’ જો કે આજે હવે સાવ એવું નથી અને હજી યે તાજેતરનાં સર્વે મુજબ આજે પણ લોકો, અખબાર અને છપાયેલા શબ્દો પર ઓનલાઇન સમાચાર કે સોશ્યલ મીડિયા કરતાં વધુ વિશ્વાસ કરે છે એ હકીકત છે.

એકવાર અમેરિકાના પ્રતિષ્ઠિત અખબાર ‘વોલ સ્ટ્રીટ જર્નલ’એ એપ્રિલ ફૂલ ના મૂડમાં




‘એવું કહેવામાં આવે છે’ લખીને છાપેલું કે રેંડ કોર્પોરેશનને રાષ્ટ્રપતિ નિક્સને પૂછ્યું કે ‘જો કોઈ ઉગ્રવાદી પક્ષ દ્વારા ગડબડ કરવાની શક્યતા હોય તો ૧૯૭૨ની સામાન્ય ચૂંટણીઓને રદ કરવા માટે કોઈ યોજના બનાવવી જોઇએ?’

વેલ, અમેરિકાનું ડિફેન્સ ડિપાર્ટમેન્ટ ઘણીવાર રેંડ કોર્પોરેશનને આવી વ્યૂહરચનાની જવાબદારી સોંપે છે એટલે અમેરિકામાં તો એકદમ સનસનાટી મચી ગઇ! આ સમાચાર ‘વોલ સ્ટ્રીટ જર્નલ’ની બે આવૃત્તિઓનાં અંદરના પાને સાવ ખૂણામાં છપાયેલા પણ બીજા છાપાંના સંપાદકોએ, રાજધાની વોશિંગ્ટનનાં પત્રકારોને ખખડાવીને કહ્યું, ‘આટલા મોટા સમાચાર છે ને તમે ઊંઘતા રહ્યા? આમાં તરત કંઇ શોધો.’ પણ કંઈ હોય તો ખબર પડેને?

*ઇન્ટરવલઃ*

*બડી તાઝા ખબર હૈ ,*
*કિ તુમ ખૂબસૂરત હો! (ગુલઝાર)*

જ્યારે પત્રકારોને એ સમાચારમાં કંઈ જ ન મળ્યું, ત્યારે ગોળ ગોળ જલેબી બનાવીને લખ્યુંઃ ‘વોશિંગ્ટનમાં રાષ્ટ્રપતિ નિક્સને રેંડ કોર્પોરેશનને ૧૯૯૨ની ચૂંટણીઓ રદ કરવાનો માર્ગ સૂચવવા માટે કહ્યું છે- એવા સનસનાટીભર્યા સમાચારની પુષ્ટિ થઈ શકી નથી, પણ એવું કહેવાય છે કે આવું ઉગ્રવાદી તત્ત્વો દ્વારા ખલેલ પહોંચાડવાના ડરના કારણે કરવામાં આવ્યું છે.’

હવે આ સમાચાર છાપાનાં પહેલા પાના પર જ પ્રકાશિત થયા ને આખો દેશ ચોંકી ગયો. રેંડ કોર્પોરેશને તરત જ નકારી કાઢતું નિવેદન આપ્યું ને રાષ્ટ્રપતિ કાર્યાલયના પ્રવક્તાએ સમાચારને નકારી કાઢ્યા. આમ ‘વોલ સ્ટ્રીટ જર્નલ’માં એક ખૂણાંમાં છપાયેલી એક અફવા રાષ્ટ્રીય અખબારોના પહેલા પાના પર ૩-૩ વખત છપાઈ!

આવું જ વરસો અગાઉ ‘એરોન વેલ્સ’ દ્વારા રેડિયો પર પ્રસારિત ‘ધ વોર ઓફ ધ વર્ડ્સ’નું માટે થયેલું, જેમાં મંગળના રહેવાસીઓ ને પૃથ્વીના રહેવાસીઓ વચ્ચેના યુદ્ધનું વર્ણન કરતી નવલકથાને ‘ન્યૂઝ-બુલેટિન’ કે ‘આંખો દેખા હાલ’તરીકે રજૂ કરવામાં આવી.

‘તમે વોર ઑફ ધ વર્ડ્સ’ નું રેડિયો વર્ઝન સાંભળી રહ્યાં છો એવું કહેવાયું તેમ છતાં અમેરિકન શ્રોતાઓ પાગલ થઈ ગયા ને દેશમાં આતંક ફેલાઇ ગયો હતો.

એ જ રીતે, જ્યારે આપણી આકાશવાણીએ એક પ્રેમકથા ‘ભૂત કા મકાન સે આંખો દેખા હાલ’નું રેડિયો નાટક પ્રસારિત થયેલું ત્યારે શ્રોતાઓએ માની લીધું કે અરે, વાહ..આપણાં રેડિયોવાળાઓ, ખરેખર કોઇ ભૂતિયા ઘરમાં ગયા છે!

મીડિયા પર આવા આંધળા ભરોસાનાં બીજા અનેક ઉદાહરણો છે, જેમ કે ન્યૂયોર્કમાં કોઇએ માઇક્રોફોન અને ટેપ-રેકોર્ડ સાથે લીધાં ને રસ્તા પર લોકોને જાતજાતનાં વાહિયાત પ્રશ્નો પૂછવા માંડ્યા. પણ જનતાએ તો એમ માની લીધું કે આ કોઈ ટીવી કે રેડિયો-પ્રોગ્રામનો સાચુકલો સર્વે હશે! એવી જ રીતે એક બેરોજગાર માણસ, ગળામાં માત્ર સ્ટેથોસ્કોપ પહેરીને મહિનાઓ સુધી અમેરિકાની સૌથી મોટી હોસ્પિટલમાં ડોક્ટર બનીને આરામથી ફરતો અને ઉપરથી ડોક્ટરોને આપવામાં આવતી બધી સગવડોનો લાભ લેતો રહ્યો. મજાની વાત એ છે કે એ લબાડ પકડાયો પણ સ્ટેથોસ્કોપને કારણે જ! એક દિવસ કેન્ટીનના વેઇટરે જોયું કે એણે જમતી વખતે પણ ગળામાંથી સ્ટેથોસ્કોપ કાઢ્યું નહીં. સામાન્ય રીતે ડોકટરો રાઉન્ડ પૂરો થયા પછી એને ખિસ્સામાં રાખે. પછી વેઈટરે પૂછપરછ કરી ત્યારે ખબર પડી કે પેલો તો ડોક્ટર જ નથી!

સોશ્યલ મીડિયા, ઓન-લાઇન સર્વે કે વોટ્સએપ પર આવતી બધી વાત પર ભરોસો કરવો એ પણ હાલતા ચાલતા શીર્ષાસન કરવા જેવી વાહિયાત વાત છે. તો નહેરુ કે ગાંધી કે શેરબજાર કે કોઇ સ્કીમ વિશે કંઇ વાંચો તો પહેલાં સોચો- સમજો ને વિચારો સમજ બાકી રહી હોય તો!

*એંડ-ટાઇટલ્સઃ*

*આદમઃ પેલા ન્યૂઝ વાંચ્યા?*
*ઈવઃ ના. હું માનસિક ઉપવાસ પર છું.* ■

# ડિજિટલ ક્રેઝીનેસનું નવું નામ ઈ-ક્રિકેટ...!

ફોકસ પ્લસ

સાશા શર્મા
feedback@bombaysamachar.com

આ દિવસોમાં ક્રિકેટની દુનિયામાં વધુ એક તેંડુલકર ચર્ચામાં છે, પરંતુ તે ક્રિકેટ માટે ભગવાન સમાન સચિન તેંડુલકર નહીં પરંતુ તેની પુત્રી સારા તેંડુલકર છે. હા, સારા તેંડુલકર આ દિવસોમાં ચર્ચામાં છે કારણ કે તેણે તાજેતરમાં ગ્લોબલ ઈ-ક્રિકેટ પ્રીમિયર લીગમાં મુંબઈની ફ્રેન્ચાઈઝી ખરીદી છે. સચિન તેંડુલકરની દીકરીએ આ ફ્રેન્ચાઇઝી ડિજિટલ સ્પોર્ટ્સમાં પ્રવેશવા માટે ખરીદી છે. સારાએ કહ્યું કે આ તેના માટે એક સ્વપ્ન સાકાર થવા જેવું છે. સારા તેંડુલકરે ઈન્સ્ટાગ્રામ પર જાહેરાત કરી કે તેણે મુંબઈની ફ્રેન્ચાઈઝી ખરીદી લીધી છે. સવાલ એ છે કે આ ઈ-ક્રિકેટ શું છે અને ઈ-ક્રિકેટ પ્રીમિયમ શું છે અને રમતગમતના માહોલમાં તેનું શું મહત્ત્વ છે કે ક્રિકેટના ભગવાન કહેવાતા સચિન તેંડુલકરની પુત્રી આટલી હદે આ તરફ આકર્ષાય છે.

**ઈ-ક્રિકેટ અને ઈ-ક્રિકેટ પ્રીમિયમ**

રમતગમતના બદલાતા માહોલમાં નવી ક્રાંતિ આવી રહી છે. હકીકતમાં, જ્યારે આપણે ક્રિકેટ વિશે વાત કરીએ છીએ, ત્યારે આપણને લીલા મેદાનો, ચમકતા સફેદ કપડા અને પ્રેક્ષકોનો અવાજ સંભળાય છે. પરંતુ ડિજિટલ યુગમાં હવે એક નવું મેદાન ઊભરી રહ્યું છે - ઈ-ક્રિકેટનું મેદાન. તે માત્ર ગેમિંગ નથી, પરંતુ એક વૈશ્વિક પ્રતિસ્પર્ધાત્મક રમત બની ગઈ છે. હવે, સારા તેંડુલકર જેવી જાણીતી હસ્તી તેમાં જોડાઇ રહી છે, ત્યારે આ ક્ષેત્રમાં રસ ઝડપથી વધશે એ નક્કી છે.

**ઈ-ક્રિકેટ**

ઈ-ક્રિકેટ એ ઈ-સ્પોર્ટ છે જેમાં ખેલાડીઓ સામાન્ય રીતે કોમ્પ્યુટર અથવા કન્સોલ ગેમ્સ દ્વારા ડિજિટલ રીતે ક્રિકેટ રમે છે. આ રમત વાસ્તવિક ક્રિકેટના નિયમો અને વ્યૂહરચના પર આધારિત છે, પરંતુ ખેલાડીઓ ફિઝિકલ મેદાનને બદલે સ્ક્રીન પર સ્પર્ધા કરે છે. ભારતમાં અને વિશ્વભરમાં પ્રખ્યાત ‘રિયલ ક્રિકેટ’, ‘વર્લ્ડ ક્રિકેટ ચેમ્પિયનશિપ’ અને ઈએ ક્રિકેટ જેવી રમતો આ ઈ-ક્રિકેટ શ્રેણીમાં આવે છે.

**ઈ-ક્રિકેટ પ્રીમિયમ**

ઈ-ક્રિકેટ પ્રીમિયમ એ એક નવું અને અત્યાધુનિક




પ્લેટફોર્મ કે સેવા છે, જે ઈ-ક્રિકેટને વ્યાવસાયિક સ્તરે લઈ જાય છે. તે સબ્સ્ક્રિપ્શન-આધારિત પ્લેટફોર્મ છે જે ખેલાડીઓને-ખાસ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા માટે, લાઇવ સ્ટ્રીમિંગ તકો, બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ,પ્રોફેશનલ ટ્રેનિંગ અને ચાહકો સાથે વાતચીત જેવી સુવિધાઓ પૂરી પાડે છે.

આ પ્લેટફોર્મ ખેલાડીઓને નાણાકીય રીતે સશક્ત બનાવે છે, જેથી તેઓ તેને ફૂલ-ટાઇમ કારકિર્દી તરીકે માની શકે.

**રમતગમતના માહોલમાં ઈ-ક્રિકેટનું મહત્ત્વ**

* નવી પેઢીની પસંદગીઃ યુવાનોને વીડિયો ગેમ્સમાં વધુને વધુ રસ છે અને ઈ-ક્રિકેટ આ લહેરનો એક ભાગ છે. ક્રિકેટને પ્રેમ કરતા યુવાનો હવે તેને નવા રૂપમાં જોઈ રહ્યા છે.

* સુલભતા અને ભાગીદારીઃ ગામડાઓથી લઈને મોટા શહેરો સુધી, કોઈપણ યુવા હવે ઓનલાઈન પ્લેટફોર્મ પર તેમની પ્રતિભા દર્શાવી શકે છે.

* આવકનો નવો સ્રોતઃ સ્પોન્સર, બ્રાન્ડ્સ અને સ્ટ્રીમિંગ કંપનીઓ આ ક્ષેત્રમાં રોકાણ કરી રહી છે. તેનાથી રમત જગતમાં નવી આર્થિક તકો ઊભી થઈ રહી છે.

* સર્વસમાવેશકતાઃ મહિલા ખેલાડીઓ, વિકલાંગ લોકો અને ટેક-સેવી યુવાનો હવે આ રમતમાં પોતાનું સ્થાન બનાવવા માટે સક્ષમ છે, જે પરંપરાગત ક્રિકેટમાં શક્ય ન હતું.

સારા તેંડુલકર, જેનું નામ સચિન તેંડુલકર સાથે જોડાયેલું છે, તે ભલે પોતે પ્રોફેશનલ ખેલાડી ન હોય, પરંતુ તે યુવાનોમાં ખૂબ જ પ્રભાવશાળી વ્યક્તિ બની ગઈ છે. સોશિયલ મીડિયા પર તેના લાખો ફોલોઅર્સ છે અને તે ફેશન અને બ્રાન્ડ એન્ડોર્સમેન્ટની દુનિયામાં જાણીતું નામ છે.

**ઈ-ક્રિકેટ પ્રીમિયમની બ્રાન્ડ એમ્બેસેડર**

માર્ચ ૨૦૨૫માં, સારા તેંડુલકરને ‘ઈ-ક્રિકેટ પ્રીમિયમ’ની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જાહેર કરવામાં આવી. યુવાનો અને ખાસ કરીને મહિલા પ્રેક્ષકોને આ ક્ષેત્ર સાથે જોડવા માટે આ એક વ્યૂહાત્મક પગલું હતું. લોન્ચ ઈવેન્ટ (મુંબઈ, એપ્રિલ ૨૦૨૫) સારા એ એક ભવ્ય ઈવેન્ટમાં ઈ-ક્રિકેટ પ્રીમિયમના ઈન્ટરફેસ અને ખેલાડીઓના ડિજિટલ અવતારનું અનાવરણ કર્યું. તેનું ડિજિટલ અભિયાન ‘ક્રિકેટ બટ સ્માર્ટર’ વાસ્તવમાં એક સોશિયલ મીડિયા કેમ્પેઈન છે જેમાં સારા બતાવી રહી છે કે કેવી રીતે ટેક્નોલોજી અને ક્રિકેટનું કોમ્બિનેશન યુવાનોને નવી તકો આપી રહ્યું છે. સારાએ *ગર્લ્સ ગોટ ગેમ’ નામની પહેલ શરૂ કરી. સારાએ મહિલા ઈ-ક્રિકેટ ખેલાડીઓ માટે ખાસ ટૂર્નામેન્ટની જાહેરાત કરી છે. તેનો ઉદ્દેશ્ય મહિલાઓની ભાગીદારી વધારવાનો અને લિંગ સમાવિષ્ટતાને પ્રોત્સાહન આપવાનો છે. સારા આ સિરીઝમાં વિવિધ ઈ-ક્રિકેટ ખેલાડીઓ સાથે વાત કરે છે, તેમની જીવનશૈલી, પ્રેક્ટિસ શેડ્યૂલ અને પડકારોને હાઈલાઈટ કરે છે.

ગ્રામીણ વિસ્તારોના યુવાનોને મફત તાલીમ, ગેજેટ્સ અને ઈન્ટરનેટની સુવિધા આપીને ઈ-ક્રિકેટની દુનિયા સાથે જોડવાનું અભિયાન. સારાએ તેના ઉદઘાટનમાં અંગત રીતે ભાગ લીધો હતો. જો આ રીતે જોવામાં આવે તો ઈ-ક્રિકેટ હવે માત્ર મનોરંજન જ નહીં પણ કારકિર્દી, સ્પર્ધા અને નવીનતાનું કેન્દ્ર બની ગયું છે. ડિજિટલ ઈન્ડિયાની આ નવી લહેર છે જે યુવાને જોડી રહી છે, તેમને એક પ્લેટફોર્મ આપી રહી છે અને ટેકનિક સાથે રમતના રોમાંચ સાથે જોડી રહી છે.સારા તેંડુલકર જેવી પ્રતિષ્ઠિત વ્યક્તિત્વના જોડાવાથી આ ક્ષેત્રને જરૂરી કાયદેસરતા અને ગ્લેમર મળી રહ્યું છે, જેની તેને જરૂરત હતી. ‘ઈ-ક્રિકેટ પ્રીમિયમ’ જેવા પ્લેટફોર્મ તેને વ્યાવસાયિક દિશા આપવા માટે કામ કરી રહ્યા છે.

**ભવિષ્ય તરફ દૃષ્ટિ**

* શું ઈ-ક્રિકેટ ઓલિમ્પિક સ્તરે માન્યતા પ્રાપ્ત કરી શકશે?

*શું પરંપરાગત ક્રિકેટ સંસ્થાઓ તેને ટેકો આપશે કે તેને હરીફ ગણશે?

* શું ભારત આમાં વૈશ્વિક લીડર બની શકશે?

આ બધા પ્રશ્નોના જવાબ ભવિષ્યમાં મળશે, પરંતુ એ ચોક્કસ છે કે ઈ-ક્રિકેટ હવે એક સ્થિર અને ઝડપથી વિકસતી રમત બની ગઈ છે - અને તેની પીચ પર સારા તેંડુલકરની હાજરી તેને એક નવી દિશા આપી રહી છે. ■

ઝબાન સંભાલ કે
હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ઈનામમાં હાથી ને અસવારીમાં ગધેડું





હાથી અને ગધેડો. બંને ચોપગા પ્રાણી પણ એમની કાયામાં અને એમની પ્રત્યેની માણસની માયામાં આસમાન જમીનનો ફરક. બંને વિશેની સમજણમાં પણ દરિયા-ખાબોચિયા જેવું અંતર. ગધેડો એટલે મૂર્ખ, અણસમજુ અને વૈતરું કરી જાણે એવો માણસ, ઠોઠ, બેવકૂફ કે અક્કલ વિનાનો માણસ. હાથી એટલે મદમસ્ત કાયા, શરીરે બળવાન અને બુદ્ધિશાળી પ્રાણી. બંને પ્રાણીમાં ગજબનાક અસમાનતા હોવા છતાં તેમના વિશે કહેવતોમાં ગજબનાક સામ્ય જોવા મળે છે. **ગધેડાને ગાજર દેખાડવું** કહેવત તમે જરૂર વાંચી હશે અથવા સાંભળી હશે. આ કહેવત પાછળ નાનકડી કથા એવી છે કે એક કુંભાર પાસે ગધેડો હોય છે. આ ગદર્ભ ચીંધ્યું બધું કામ કરે, પણ એ કામ આટોપી લેવામાં હિસાબ બહારનો વિલંબ કરે, મોડું કરે. સમયના વેડફાટથી કંટાળી ગયેલા કુંભારે વિચાર્યું કે કોઈ એવી યુક્તિ અજમાવવી પડશે જેથી મારું કામ ઝપાટાબંધ પાર પડે. ભલે એ હતો ગધેડાનો માલિક, પણ તીક્ષ્ણ બુદ્ધિ ધરાવતો હતો. પોતાનો સુસ્ત ગધેડો સ્પીડ પકડી દોડે એ માટે કુંભારે એક લાકડીના છેડે ગાજર બાંધી એ લાકડીનો બીજો છેડો તેની ડોક પર બાંધ્યો. લાકડી સીધી રાખવાથી ગધેડાની નજર સામે ગાજર દેખાય અને એ મેળવવા તે ઝડપથી દોડવા લાગે. જોકે, જેમ ગધેડો આગળ દોડે એમ ગાજર પણ આગળ જ રહે અને એના હાથમાં આવે નહીં. એ મેળવવાની બધી મહેનત નકામી જાય. આવા જ ભાવાર્થવાળી કહેવત હાથીના સંદર્ભમાં છે. **હાથી આગળ પૂળો, હળવે હળવે નીકળે હાથી આગળથી પૂળો લેવો.** અહીં પણ હાથી આગળ વધે એ માટે એને ખોરાક તરીકે પ્રિય એવા ઘાસના પૂળાની લાલચ દેખાડવાની જ વાત છે. જોકે, સાથે એવી પણ કહેવત છે કે **હાથી આગળ પૂળો નાખવો સહેલો, પણ કાઢી લેવો મુશ્કેલ.** મતલબ કે પૂળો કાઢો તો હાથી વીફરે એ સંભાવના નકારી ન શકાય. ગધેડાની ગાજરવાળી અને હાથીની પૂળાવાળી એ બંને કહેવતમાં યુક્તિથી કામ કઢાવી લેવાની વાત છે.

આ બંને વિરોધાભાસી પ્રાણીઓની એક મજેદાર અને સમજવા જેવી કહેવત છે **ઈનામમાં હાથી ને અસવારીમાં ગધેડું.** મળેલી કે આપવામાં આવેલી વસ્તુની નિરર્થકતા સાબિત થાય છે આ કહેવતમાં. બક્ષિસ કે શિરપાવ અથવા વિજય મેળવ્યા બદલ જો સામાન્ય માણસને હાથી આપવામાં આવે તો એને શું કામ આવે? એ થોડો એની પર સવારી કરવાનો કે અન્ય કોઈ ઉપયોગમાં લઈ શકવાનો? આવું ઈનામ નિરર્થક છે. એ જ રીતે સવારી માટે જો ગધેડું આપવામાં આવે તો કોઈ વ્યક્તિ એની પર બેસી જાતે મૂરખ સાબિત થવું પસંદ તો ન જ કરે ને. ટૂંકમાં આપતી વખતે વિવેકભાન જાળવવું જોઈએ. ડાયરાના શોખીનને રેપર ટ્રેવિસ સ્કોટની કોન્સર્ટની ટિકિટ ન અપાય.

## રાષ્ટ્ર ભાષા: नानी-दादी की कहावतें

જ્ઞાન સાથે ગમ્મત આપતી વડીલોની કહેવતોનો સિલસિલો આગળ વધારીએ. **काठ की हांडी बार बार नहीं चढती** બહુ જાણીતી કહેવત છે. કાઠ એટલે લાકડું. ગુજરાતીમાં એને માટે કાષ્ઠ શબ્દ છે. હાંડી એટલે હાંડલી અથવા હાંલ્લી - નાનું વાસણ. **जब काठ की हांडी मुहावरे का प्रयोग किया जाता है तो इसका अर्थ होता है अस्थाई वस्तु। जो एक बार प्रयोग करने के बाद नष्ट हो जाती है क्योंकी काठ की हांडी को सिर्फ एक ही बार आग पर रखा जा सकता है और वह जल जाती है। इसलिए काठ की हांडी को एक ही बार प्रयोग होने वाली वस्तु का पर्यायवाची माना जाता है।** કાઠ કી હાંડી રૂઢિપ્રયોગનો ભાવાર્થ છે અસ્થાયી વસ્તુ. લાકડાની હાંડીનો એકવાર વપરાશ કર્યા પછી એ નકામી થઈ જતા ફેંકી દેવી પડે છે. લાકડાની હાંડલી એક વાર તાપ ઉપર મૂકો એટલે એ બળી જાય. બીજી વાર ઉપયોગમાં ન લઈ શકાય. એટલે એક જ વાર ઉપયોગમાં લઈ શકાતી વસ્તુ માટે કાઠ કી હાંડી પર્યાયવાચી શબ્દ છે. શબ્દાર્થ જાણ્યા પછી એનો ભાવાર્થ જાણીએ. **इसका मतलब है कि किसी भी व्यक्ति को बार - बार मूर्ख नहीं बनाया जा सकता है सिर्फ एक बार बनाया जा सकता है. जैसे काठ की हांडी चूल्हे पर सिर्फ एक बार चढती है बार-बार नहीं वैसे ही किसी को एक बार मूर्ख बनाया जा सकता है.** તાત્પર્ય એ છે કે કોઈ પણ વ્યક્તિને તમે એકાદ બે વાર મૂરખ બનાવી શકો, વારંવાર નહીં. અસલના વખતની બીજી કહેવત છે **लला को सिर पै बैठाहो, सो वो कानई में मूत है।** હિન્દીભાષી લોકોમાં નાના બાળકને લાડમાં લલા કહીને બોલાવવાનો રિવાજ છે. કાનઈ બૈઠાહો એટલે કાન પાસે બેસાડવો મૂત હૈ એટલે પેશાબ કરવો. ઉત્તર ભારતમાં યુપી અને એમપી એમ બે રાજ્યમાં વહેંચાયેલા બુંદેલખંડમાં આ કહેવતનું ચલણ વધારે છે. કોઈ પણ બાળકને વધુ પડતા લાડ કરો તો એ બગડી જાય અને પરેશાન કરતી હરકત કરવા લાગે એ એનો ભાવાર્થ છે.

## સગ્ગી બહિણ: म्हणीची कथा

કહેવત કથામાં કેટલાક ઉદાહરણ અચરજ પમાડનારા હોય છે. શબ્દાર્થ પરથી અનુમાન બાંધીએ તો મેળ ન પડે. ઉદાહરણ પરથી વાત વિગતે જાણીએ. **भाऊगर्दी होणे हा वाक्प्रचार बधता असं वाटतं की कुणीतरी भावाला सांगतंय की 'भाऊ गर्दी होतेय किंवा झाली आहे.' पण इथे भाऊ आणि गर्दी दोन वेगळे शब्द नसून एक च शब्द आहे. भावाची गर्दी असा अर्थ नसल्या मूळे भावार्थ लागेल.** મરાઠી શબ્દ ભાવ એટલે ભાઈ. જોકે, ભાઈની ગર્દી કે ભીડ એ અર્થ બેસતો ન હોવાથી ભાવાર્થ સમજવો પડશે. ૧૭૬૧ **साली पेशव्यांचे अब्दालीशी झालेला युद्धापासून हा वाक्प्रचार अस्तित्वात आला.** આ યુદ્ધમાં પેશવાનો પરાક્રમી સેનાપતિ હતો ચિમાજી અપ્પા અને તેમના પુત્રનું નામ હતું સદાશિવરાવ ભાઉ. પાણીપતના યુદ્ધમાં દુશ્મન સૈનિકોની ભીડ વચ્ચે - ગર્દી વચ્ચે ભાઉ લડવા ઉતર્યો અને લડતા લડતા શહીદ થઈ ગયો. આમ સદાશિવરાવ ભાઉ ગર્દીમાં યુદ્ધ કરી મૃત્યુ પામ્યો ત્યારથી ભાઉગર્દી એ જોડીદાર શબ્દ અસ્તિત્વમાં આવ્યો. **या कथेमूळे प्रचंड आणि जीवघेण्या गर्दीला भाऊगर्दी झाली असं म्हणायची प्रथा सुरु झाली आणि हां वाक्प्रचार अस्तित्वात आला.** આ ઐતિહાસિક કથાના વિશિષ્ટ શહીદીના પ્રસંગને પગલે ધર્મસ્થાનકમાં કે પછી કોઈ નૈસર્ગિક આપત્તિ વખતે ભાગદોડ વખતે જે ભારે ગર્દી થાય એને માટે ભાઉગર્દી થઈ એવી કહેવાની પ્રથા પડી. **छोट्या पडद्यावर वर्षानुवर्षे मालिकांची भाऊगर्दी झाली आहे.** નાના પડદા પર - ટેલિવિઝનમાં દર વર્ષે સિરિયલોની ગર્દી - મોટી સંખ્યામાં હાજરી જોવા મળી રહી છે. પાણીપતના યુદ્ધે એક અનોખા રૂઢિપ્રયોગની ભેટ આપી એમ કહી શકાય. ■

## ENગ્લિશ વિંGLISH: MEANING CHANGE

સેક્રેટરી શબ્દ નામ પડતા અસલના વખતના મહેતાજીનું સ્મરણ થાય. ગુજરાતીમાં સચિવ, મુખ્ય સહાયક કે ચિટનીસ તરીકે પણ ઓળખાય. Secretary means one entrusted with the secrets or confidence of a superior. સેક્રેટરી એટલે એવી વ્યક્તિ જેના પર વરિષ્ઠ હોદ્દો ધરાવતી વ્યક્તિને ભરોસો હોય અને એને કોઈની જાણમાં ન આવે એવા કામ કે વસ્તુની જવાબદારી સોંપી શકાય. The most popular definition of secretary is a person who works in an office. A secretary types letters, answers the telephone, keeps records, etc. સૌથી જાણીતી વ્યાખ્યા છે ઓફિસમાં કામ કરતી વ્યક્તિ જે લેટર - ડોક્યુમેન્ટ ટાઈપ કરવાનું, મહત્ત્વના રેકોર્ડ સંભાળવાના ઈત્યાદિ કામ કરે છે. અલબત્ત જો ઊંચા હોદ્દા પર બિરાજમાન પુરુષની સેક્રેટરી કોઈ ખૂબસૂરત યુવતી હોય તો અન્ય અર્થ પણ જોડી દેવામાં આવતા હોય છે. કોઈ સેક્રેટરીનું પદ ગર્વની બાબત પણ કહેવાય છે. ઉદાહરણ તરીકે વડા પ્રધાનના સચિવનું પદ કે પછી યુનાઈટેડ નેશન્સ જેવી વૈશ્વિક સંસ્થાનું સેક્રેટરી જનરલનું પદ મોભો ધરાવે છે. In USA secretary means the head of a government department, chosen by the President. યુએસએમાં રાષ્ટ્રપતિ દ્વારા કોઈ વિભાગ માટે નિયુક્ત કરવામાં આવેલી વ્યક્તિ સચિવ કે સેક્રેટરી કહેવાય છે. ભારતમાં સંરક્ષણ પ્રધાનનો હોદ્દો હોય અને એ જ પદ યુએસએમાં 'ડિફેન્સ સેક્રેટરી'ના નામથી ઓળખાય છે. So it seems rather obvious, when looking at a word such as secretary, that its original meaning had something to do with secrets. Yet somewhere along the way the word slipped free of its moorings and took on a not terribly secret meaning. ટૂંકમાં સેક્રેટરી શબ્દના મૂળ અર્થને સિક્રેટ યાને કે ગુપ્તતા જાળવવા સાથે સંબંધ હતો. સમયના વહેણમાં શબ્દની અર્થછાયાનું વિસ્તરણ થયું.

ડિનર શબ્દ કાને પડતા રાત્રી ભોજનનો જ વિચાર આવે. કેન્ડલ લાઈટ ડિનર કે પછી વાઈન - ડાઈન એન્ડ ડાન્સ જેવા રોમેન્ટિક ખ્યાલો પણ આવી જાય. Dinner is the word that originated from a French word called disner that is derived from the Latin word disjejunare which means breaking the fast. ઉપવાસ તોડવા માટે લેવાતા ખોરાક માટે ડિનર શબ્દનો ઉપયોગ કરાતો હતો. In actuality, it means the first meal of the day and is still used in the same meaning in certain parts of the world. હકીકતમાં દિવસનું પ્રથમ ખાણું ડિનર કહેવાતું અને આજની તારીખમાં પણ વિશ્વમાં કેટલાક સ્થળે આ અર્થ જળવાયો છે. According to the Oxford English dictionary Dinner is used to depict the largest meal of the day that is taken in the evening. Although the last meal of the day is called supper, that is not much used today. At present, dinner is used to denote the meal that is taken in the evening or the last meal that you take before going to bed. ઓક્સફર્ડ અંગ્રેજી ડિક્શનરી અનુસાર સાંજના સમયે સૌથી વધુ માત્રામાં લેવામાં આવતું ખાણું ડિનર કહેવાય છે. પ્રચલિત વ્યાખ્યા અનુસાર દિવસનું છેલ્લું ખાણું અંગ્રેજીમાં સપર તરીકે ઓળખાય છે, પણ આ શબ્દ હવે ચલણમાં નથી રહ્યો. આજે તો ડિનર એટલે રાતે સૂતા પહેલા લીધેલું છેલ્લું ભોજન એવો અર્થ પ્રચલિત છે.

ઊડતી વાત
ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# ૧૦ લાખનો દંડ રાજુએ કરી રીતે ચૂકવ્યો?




'નામ બોલ.'

તમાકુવાળો મસાલા થૂંક ટેબલ નીચેનું કચરા ટોપલીમાં થૂંકતા તુમાખી ભરેલો આદેશ...એના શર્ટના ખિસ્સા પર એની નેમ પ્લેટ હતી 'પરાક્રમ સિંહ'. મમરાની ગુણ જેવી ફાંદવાળો પોલીસ ડ્યૂટી માટે હજુય હીટ અને ફીટ ગણાય તે પણ વિચારવા જેવી વાત હતી.

'તુંકારો નહીં કરવાનો .'

સામેની ખુરશીમાં ઉભડક બેઠેલા ઇસમે કહ્યું.

'આ તારી ઓફિસ નથી. પોલીસ સ્ટેશન છે. ભલભલા તિસમારખાં પાપડ જેવા નરમ બની જાય છે. તૂં ટણી નહીં કર, નહિતર.'

'નહિતર, તું શું કરવા માગે છે?' સામેની ખુરશીવાળાને પણ 'હો રાજ મને લાગ્યો તુકારાનો રંગ' ની અદામાં કહ્યું. સારી ચીજને પ્રસરતા વાર લાગે છે, પણ, ખરાબ તો આગની જેમ ફેલાઈ જાય.

'નામ બોલો. હમણા કહું એની XXXXX ' પેલાનો પિતો ગયો.

'રાજુ. માય નેમ ઇઝ રાજુ.' રાજુએ ફિલ્મની સ્ટાઇલથી પરિચય આપ્યો.

'પૂરું નામ બોલ, ડોફા' પેલો છેલ્લી પાટલીએ ગયો.

'મારી અટક રદી છે.'

'શું ધંધો કરે છે? ખિસ્સા કાતરવાનો કે દેશી દારૂ વેચવાનો?' પરાક્રમસિંહે રાજુનું મોરલ તોડવા હલકટ સવાલ પૂછયો.

'હું પત્રકાર કમ ફોટોગ્રાફર છું. બખડજંતર ચેનલનો કેમેરામેન કમ રિપોર્ટર છું.' રાજુએ ધંધાકીય માહિતી આપી.

'પત્રકાર કે રિપોર્ટર? ગોળ ગોળ જવાબ ન જોઇએ.' પરાક્રમસિંહ કડક થયા.

'મને કેમ અહીં લાવ્યા છો?' રાજુએ મુદાનો સવાલ પૂછયો .

'ટ્રાફિકભંગના ગુનામાં.' પરાક્રમસિંહ કાર્યકારણ બતાવ્યું.

'હેંએઁ'રાજુનો પ્રતિભાવ.

'તે માથા પર હેલ્મેટ લગાવ્યું ન હતું. દરેકે હેલ્મેટ લગાવવું પડે. એ પણ આઇએસ માર્કનું.' પરાક્રમસિંહે કાયદાકીય જોગવાઇ પર પ્રકાશ પાડ્યો.

'હું તો ફૂટપાથ પર ચાલતો હતો. ચાલનાર માટે હેલ્મેટ ક્યારથી ફરજિયાત થયું? મે કયા કાયદાનો ભંગ કર્યો.' રાજુએ ઉકળાટ ઠાલવ્યો.

'તું ગુનો કરે ત્યાં સુધી અમારે તને પકડવા માટે રાહ જોવાની?' પરાક્રમસિંહે આક્રમક તેવર દેખાડ્યા. સાથોસાથ મૂંછે તાવ દીધો.

'તો મારું ચલાન કાપો. હું દંડ ભરવા તૈયાર છું.' રાજુએ કાયદાને માન આપવાની તત્પરતા દાખવી.

'તે બે નિયમનો ભંગ કર્યો છે.' પરાક્રમસિંહે જણાવ્યું.

'ઓકે. બંનેની વિગતો જણાવો.' રાજુ રદી અડી ગયો.

'નંબર એક હેલ્મેટ લગાવેલ નહીં.' પરાક્રમસિંહ પોપટની માફક બોલ્યો.

'હઅમ્ નંબર બે?'

'નંબર બે સીટ બેલ્ટ બાંધ્યો નથી.' પરાક્રમસિંહે બીજો ગુનો બતાવ્યો .

'શું કીધું? રસ્તા પર ચાલતી વ્યક્તિએ સીટ બેલ્ટ લગાવવો એવો કાયદો દેશમાં કયારથી લાગુ પડ્યો ?' મેરા દેશ બદલ રહા હૈ એ સાંભળેલ વાક્ય રાજુને સાચું લાગ્યું. એ તો સારું છે કે રાજુની આંખ પર એટલે કે હેડલાઇટ પર પીળા રંગના પટા કરવાનો કે પીયુસી ન કઢાવવાનો ગુનો નોંધી ચલણ ફાડ્યું નથી. જો કે, રાજુએ પીઠ પર લાલ રંગના રિફ્લેકટર ન લગાવ્યા હતા તેનો મેમો ન મળ્યો.

રાજુએ પેપરમાં વાંચેલ કે જામનગરના નરશીભાઇ સાદિયા બોલેરો કાર લઇ કશેક જતા હતા. એમની કાર અટકાવી જામનગર પોલીસે હેલ્મેટ ન પહેરવા બાબતે રૂપિયા પાંચસોનો દંડ ભરવા મેમો પકડાવેલ. ટ્રાફિક પોલીસને મેમાં ફાડવા, કાર- સ્કૂટર ટો કરવાના ટાર્ગેટ હોય. ટાર્ગેટ પૂરા કરવાના ટેન્શનને પેન્શન પર ઉતારી ન શકાય. ટાર્ગેટ પૂરો કરવા ખૂનપસીનો (પોતાનો ખૂનપસીનો નહીં પણ વાહનચાલકના ખૂનપસીના એક કરવા પડે.)

કડાણામાં પોલીસે રિક્ષાચાલકને સીટબેલ્ટ ન પહેરવાના ગુના સબબ રૂપિયા પાંચસોના દંડનું ચલાણ હાથમાં પકડાવી દીધેલ. એક ભાઇએ બે હજાર વીસની સાલમાં નવીનકોર કાર ખરીદ કરેલી. એ ભાઇને ગાડી કંપનીમાંથી બન્યા પહેલાની સાલ એટલે કે બે હજાર પાંચમી સાલનો મેમો પકડાવેલો .

હમણા રાજુને એક ટ્રાફિક સર્કલ પર પરાક્રમસિંહ પોલીસ કોન્સ્ટેબલે રોકયો. રાજુને લાઈસન્સ દેખાડવાનું ફરમાન કર્યું. રાજુના લાઈસન્સનો ફોટો પાડી વેબસાઇટ પર અપલોડ કર્યો. એ દરમિયાન રાજુને હેલ્મેટ ન પહેરવા માટે મોબાઇલ પર ઇ-ચલણ ફટકાર્યું. રાજુને એક, બે, દસ વીસ, સો, પાંચસો કે હજાર પંદરસો નહીં પરંતુ, રૂપિયા ૧૦,૦૦,૦૦૦ દસ લાખ એટલે કે દસ લાખ વોલ્ટના વીજ કરંટનો ઝાટકો લાગ્યો. સેકન્ડહેન્ડ બાઇકની કિંમત પચાસ હજાર કે પંચોતેર હજાર હોય. બાઇકની કિંમત જેટલો મેમો મળે તો પણ પોલીસનો ન્યાય ગણાય. આ તો ખખડધજ બાઇક માટે હાર્લી ડેવિડસન બાઇકની કિંમતના દંડનો મેમો ફટકારાયો. આટલા રૂપિયામાં તો પડીકાપેક નવી કાર આવી જાય!

'પરાક્રમસિંહ, લો આ બાઇકની ચાવી. તમે મને બાઇક મળ્યાની પહોંચ આપો. મારી બાઇકની હરાજી કરીને દંડની રકમ કાપી લેજો.' આમ કહી રાજુ રદી ખુમારીથી છાતી કાઢી ઉન્નત મસ્તકે રોડ પરથી કેબ કરીને જતો રહ્યો.

- ને પેલા પરાક્રમસિંહ મોં વકાસીને કતલ કરવામાંથી બચી ગયેલા બકરાને જતો જોઇ રહ્યા. ■

વલો કચ્છ
ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# સમર્પણનું પ્રતીકઃ સજણકુંવરબા

કચ્છની પવિત્ર ભૂમિ અનેક શૂરવીરો અને સતી સ્ત્રીઓની ગાથાઓથી સમૃદ્ધ છે, જે પાળિયાઓના રૂપમાં અમર થઈ છે. આવા જ એક પાળિયા પાછળની કથા છે, મેડતાની રાજકુમારી સજણકુંવરબાની, જે પ્રખ્યાત સંત કવયિત્રી મીરાંબાઈની ભત્રીજી હતાં, અને કચ્છના કુંવર જિયોજી (જેહોજી) સાથે જોડાયેલી છે.

કચ્છના મહારાવ ભારમલ્લજી પહેલાને તેમના સંતાનોના બાલ્યાવસ્થામાં અવસાનનું દુઃખ સતાવતું હતું. એક યોગનિષ્ઠ બ્રહ્મચારીના માર્ગદર્શન અનુસાર, તેમને પુણ્ય કર્મો વધારવાનું કહેવામાં આવ્યું અને મહારાવે ભલાઈના વિવિધ કામો સાથે સુવર્ણરાયનું મંદિર પણ બંધાવ્યું. જેના શુદ્ધ પ્રભાવથી તેમને પુત્રરત્નની પ્રાપ્તિ થઈ, જેનું નામ જિયોજી રાખવામાં આવ્યું. ઘણી જગ્યાએ જેહોજી નામ તરીકે પણ ઉલ્લેખ કરાયો છે. જિયોજી તેમના દાનશીલ સ્વભાવ અને કીર્તિ માટે બાળપણથી પ્રસિદ્ધ બન્યા હતા, જેની ખ્યાતિ મેડતાના શાસક જેમલજી રાઠોડ સુધી પહોંચી. જેમલજીએ પોતાની પુત્રી સજણકુંવરબાના લગ્ન જિયોજી સાથે નક્કી કર્યા.

રાવ જોધાના પુત્રો અને તેમના શાસનો વિશેની માહિતી ઐતિહાસિક સ્ત્રોતોમાં ઉપલબ્ધ છે. રાવ જોધાના ચાર પુત્રોઃ બિકાજી (બિકાનેરના સ્થાપક), સતલ (મારવાડના શાસક), બીડા (બિડાસરના શાસક), અને રાવ દુદાજી (મેડતાના શાસક) તરીકે ઓળખાય છે. રાવ દુદાજીના પુત્ર વિરમદેવ બાદ તેમના વંશજ જયમલ્લ સિંહ રાઠોડ મેડતાના શાસક બન્યા હતા. સંત કવયિત્રી મીરાંબાઈ, જે રાવ દુદાજીના અન્ય વંશજ હતા, તેઓ જયમલ્લ સિંહ રાઠોડના પિતરાઈ બહેન હતા.

લગ્નની આણાની વેલ કચ્છ તરફ આવી રહી હતી ત્યારે જિયોજી અચાનક ગંભીર બીમારીથી ગ્રસ્ત થયા અને પદ્ધર નજીક તેમનું અવસાન થયું. આ દુઃખદ સમાચાર સાંભળ્યા બાદ, સજણકુંવરબાએ રાજપૂત પરંપરા અનુસાર સતી થવાનું નક્કી કર્યું અને છતરડી ખાતે સતી થઈ. (પુસ્તકઃ સ્વ. દુલેરાય કારાણીનું 'કચ્છ કલાધર') આ ઘટનાની સ્મૃતિરૂપે છતરડીમાં પાળિયો સ્થાપિત કરવામાં આવ્યો, જેમાં લખાણ છેઃ 'સંવત ૧૬૭૭ વર્ષ ચૈત્ર સુદ ૧૩ સોમવારે કુઅર શ્રી જેહોજીની ભાર્યાબાઇ સજણકુંવરબાઈ રાઠોડ મેડતાના શ્રી જેમલજી સુત મેડતા દુદાજીની દીકરીએ સહગમન કીધું.' આ પાળિયો આજે પણ તૂટેલી હાલતમાં છે, પરંતુ અંદર ચાર પાળિયા જોવા મળે છે, જે આ ઘટનાની સાક્ષી આપે છે.



સજણકુંવરબાનું સતી થવું, સ્ત્રીઓની પતિ પ્રત્યેની અખંડ ભાવના અને સમર્પણનું ઉદાહરણ છે. આ ઘટના કચ્છ અને રાજસ્થાન વચ્ચેના સાંસ્કૃતિક અને સામાજિક સંબંધોની ઝાંખી પણ કરાવે છે, જેમાં રાજપૂત પરિવારોએ પરસ્પર સંબંધો સ્થાપિત કર્યા હતા. સજણકુંવરબાનું આ ત્યાગ અને સમર્પણ આજે પણ સન્માન અને સ્મૃતિમાં જીવંત છે.

ભાવાનુવાદઃ કચ્છજી પવિતર ભુમિ તે કિઇક સુરવીર નેં સતીએંજી ગાથાઉં સુણાયમેં અચેત્યું, જુકો કિતક પારીયેંજે રૂપમેં અમર થિયું ઐં. એડા જ હિકડે પારીયે પૂંઠીયાજી કથા આય, મેડતાજી રાજકુમારી સજણકુંવરબાજી, જુકો પિરખ્યાત સંત કવયિત્રી મીરાંબાઈજા ભાતરઇ હોઆ, નેં કચ્છજા કુંવર જિયોજી (જેહોજી) ભેરી જુડલ આય.

કચ્છજા મહારાવ ભારમલ્લજી પેલેકે ઇનીજે બારેંજા નિંઢપણમેં જ ગુજરી વિઍંજો ડુખ પીંછો ન છડંધો નં વો, તડેં હિકડા સાધુજે ચે અનુસાર, ઇનીકે પુન વધારેજો ચેં મેં આયો નેં રાવ ભલાઈજે કમેં ભેરો સુવર્ણરાયજો મિંધર પ ભનારાયો હો. ઇનીજે ડાનપુનસે રાણીજો ખોરો ભરાણો નેં પુતરજો નાંલો જિયોજી રખેમેં આયો. કિતક જેહોજી નાંલો ગિનાજેતો. જિયોજી નિંઢપણનું જ ડાતારી જે લિધે પિરખ્યાત ભની વ્યા વા, નેં હી વખાણ ઠેઠ મેડતાજા રાજા જેમલજી રાઠોડ તઇં પુજંધે ઇની પિંઢજી ધી સજણકુંવરબાજા વીંયા જિયોજી ભેરા કરેજો નિકી ક્યોં હો.


રાવ જોધાજે વંસવેલેજી નોંધ ઇતિયાસજે પનેતેં નોંધલ ઐં. ઇનીજા ચાર પુતરઃ બિકાજી (બિકાનેરજા થાપક), સતલ (મારવાડજા શાસક), બીડા (બિડાસરજા શાસક), ને રાવ દુદાજી (મેડતાજા શાસક). દુદાજીજા કુંવર વિરમદેવ નેં ઇનીજા પુતર સે સજણકુંવર્બાજા પે જયમલ્લસિંહ રાઠોડ પૂંઠીયાનું મેડતાના શાસક ભન્યા વા. સંત કવિયત્રી મીરાંબાઈ, ઇ પણ દુદાજીજા ધીયારુ ઇતરે જયમલ્લસિંહજા ભેંણ.

આણેજી વેલ કચ્છ કુરા અચી રિઇ હૂઇ તેર ઓચીંધે જિયોજી ભિમાર પ્યા નેં પદ્ધર ગોઠ દીયે ઇનીજો અવસાન થ્યો. હિન ડુખ કે સોણંધે જ, સાંવરે વારેકે સમાચાર ડિઇ વેલ પાચી ખને વિઞે જો ચેમેં આયો પ સજણકુંવરબા પાછા વિઞેંસે ના ક્યોં નેં કુંવર પૂંઠીયા સતી ભન્યા. (પુસ્તકઃ સ્વ. દુલેરાય કારાણીનું 'કચ્છ કલાધર') સજણકુંવરબાજો સતી થીણું, બાઇયેંજી પિંઢજે વર લા કરે સમર્પણ હી વડો ધાખલો આય. હી કિસ્સો કચ્છ નેં રાજસ્થાન વિચ સાંસ્કૃતિક ને સામાજિક સંબંધેજી જાંખી કરાયતો. સજણકુંવરબાજો હી ત્યાગ ને સમર્પણ અજ પ સન્માન ને સમરુતિમેં જીવંત આય. ■

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# એક કરોડ રૂપિયાની શોભિતકુલની રીત -તમારા ચહેરાનું સ્મિત



થોડા સમયથી મામલો વધુ પડતો સિરિયસ થઈ ગયો છે, એટલે આજે તમને પેટ 'સાફ' થઇ જાય એટલા હસાવવા છે.

*તૈયાર થૈ જજો (૨)*
*નાત ભાત જાત તારી કોઈ પણ હજો.*
*કેવળ હસવાનું ભજો*

ઓરિજિનલ શૌર્યગીતની કેવી બેન્ડ બજાવી દીધી, મજા પડી ને! હાહાહાહાહા

બહુ જ રમૂજી વોટ્સએપ મળ્યું છે મને, જેમાં એક કોમિક છોકરી હિન્દીમાં બોલે છે :

"તમને ખબર છે ગુજરાતી લોકો નોકરીને બદલે પોતાનો ધંધો કેમ કરે છે ? એમને સંબંધો બહુ સાચવવાના હોય છે. વહેવાઆઆઆર... એક કપલ લગન કરે તો એમને ૬-૭ દિ ની રજા. ગોળધાણાનો વહેવાર, બેઠકનો વહેવાર, જમાઈને આવકારવાનો વહેવાર, જ્યાં લગી લગન ન થાય ત્યાં લગી વેવાઈને ત્યાં રોજ સાંજે બેસવા ઉઠવાનો વહેવાર. 'નહીં જઇએ તો ખોટું લાગે-પછી આપણામાં કોણ આવે ?!' હમણાં અંબાણીઓએ રિહાનાથી લઇ ને જહોનસીના સુધી બધાને બોલાવ્યા... કારણ?! ગુજરાતી વહેવાર. મોદીજી હેલિકોપ્ટરમાં બેસીને કેમ જાય છે અલગ અલગ દેશમાં નેતાઓને મળવા? કારણ? ગુજરાતી વહેવાર... એ પણ પાછા જતા હશે કવર લઇને ૫૦૧નું, પછી અમિત શાહ કહેતા હશે કે નહીં ભાઈ, આપણે કૈં જરૂર નથી એટલા બધાની, એમણે ૧૦૧નો વહેવાર જ કરેલો. હવે જીત્યો જ છે તો ભલે થોડા ફ્રૂટ્સ, એથી વધારે કંઈ નહીં. પછી મોદીજી કહેતા હશેઃ નહીં નહીં હું બહુ ભિઝી છું. પછી અમિત શાહ કહેતા હશે : અરે જઈ આવોને ?! મોઢું દેખાડી ને હાજરી પુરઈ (અમદાવાદી)આવો. પછી આપણામાં કોણ આવશે? આ તો કંઈ નથી – કોઈ વિદેશ જતું હોય તો એના ઘરે જઈ 'આવજો' કહેવાનો વહેવાર, એક્ઝામ હોય તો 'ઓલ ધ બેસ્ટ' કહેવાનો વહેવાર, કોઇને ડેંગ્યુ થયો હોય તો એને ઘેર જઈને ખબરઅંતર પૂછવાનો વહેવાર, તે ત્યાં સુધી કે ડેંગ્યુનો દર્દી સાજો થઈને રસોડામાં મુલાકાતીઓ માટે ચા બનાવતો હોય. તો એક નોર્મલ માણસની તો બધી રજાઓ આમાં જ વપરાઈ જાય. હવે એવી તો કઈ નોકરી છે કે જે જમાઈ જમણ માટે કે કોઇનો ખોળો ભરવા કે કોઇનું બેસણું ઉઠાવવા માટે આટલી બધી રજા આપે ?! એટલે જ ગુજરાતીઓ પોતાની દુકાન કે પોતાનો ધંધો જ શરૂ કરી દે છે. આ પેશન નથી, ભાઈ આ કંપલશન છે...

**************************

*વિદેશમાં, ભણેલી અને સુધરેલી ગણાતી વાઈફ જ્યારે પણ*
*એવરી વીક એન્ડ આવે ત્યારે પોતાના હસબન્ડ ને પૂછે કેઃ*
*'બોલો આજે જમવામાં શું બનાવું ?'*
*અને જ્યારે ઓલવેઝ પતિ પ્રેમથી પૂછેઃ*
*'બોલ તું શું જમાડવા માગે છે ?'*

*ત્યારે પત્નીની ઉભરાતી લાગણીઓ ઉપરથી આ એક સરસ કવિતાની રચના કરવામાં આવી છે, જે તમને ચોક્કસ ગમશે જ..*

*મારા ભરથાર ! વીક એન્ડમાં તમને શું જમાડું ? ...(૨)*

*સાત પકવાન ફ્રીઝમાં સૂતા છે, કહો તો તેને જગાડું...*
*મારા ભરથાર વીક એન્ડમાં*
*તમને શું જમાડું ?*

*એકમાત્ર છે સત્ય એ અને બાકી બધા છે જુઠિયા*
*સોમવારની સબ્જી પડી છે,*
*ને મંગળવારના મૂઠિયાં !*
*કહો તો તેને બહાર કાઢીને,*
*માઇક્રોવેવમાં ગરમાડું.*
*મારા ભરથાર ! વીક એન્ડમાં*
*તમને શું જમાડું ?*

*તાજી રસોઈની બાબતમાં તમે પડવાના ખોટા*
*બુધવારની બિરયાની પડી છે, ને ગુરુવારના ગોટા !*
*કહો તો બહાર કાઢીને,*
*ફરી નવા તેલમાં એમને ડુબાડું ?*
*હે મારા નાથ! તમે ના દેખતા આડું*

*મારા ભરથાર !વીક એન્ડમાં તમને શું જમાડું ?*

*એ કેટલા ગોળમટોળ સ્વાદિષ્ટ અને છે ભલા*
*શુક્રવારના શિરા સાથે શનિવારના થેપલા !*
*કહો તો તેને બહાર કાઢીને,*
*ફરી નવા ઘીએ કામે લગાડું*
*મારા ભરથાર વીક એન્ડમાં*
*તમને શું કરી જમાડું?*

*રવિવારે સવારે તો મંદિરમાં પેટ ભરેલું*
*અને સાંજ માટે ત્યાંથી જ લાવ્યા'તા ખીચડી ઘરેલુ!*

*તમે તો જાણો જ છો, બસ આમ જ હાલ્યું છે આપણું વર્ષોથી ગાડું*
*મારા ભરથાર વીક એન્ડમાં*
*તમને બીજું તો શું જમાડું ?*

આ કવિતા વાંચ્યા બાદ તમને લાગતું હોય કે તમારા જેવા નસીબદાર ભારતવાસી ને ગરમાગરમ જમાડવાવાળી ગુણવાન પત્ની મળી છે તો તેની કદર કરજો.

મૂળ કવિ : અજ્ઞાત
મોકલનાર : રમેશ વોરા
સંપૂર્ણ જીર્ણોદ્ધાર: શોભિત દેસાઇ


આજે આટલું જ ■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# સર્વિસ ક્રેશ ને યુઝર્સ હેંગ... સર્વર સ્લો કેમ થાય છે?

## જાણો, ચોંકાવનારાં કારણ



ભારતમાં ડિજિટલ પેમેન્ટ સર્વિસ એક નવા માઈલસ્ટોન ઊભા કરી રહી છે. રોકડા સાચવવાની માથાકૂટમાંથી મુક્તિ મળી છે. કાશ્મીરથી લઈને કન્યાકુમારી સુધી અને ઓખાથી લઈને અરૂણાચલ પ્રદેશ સુધી આ સર્વિસને સર્વસ્વીકૃતિ મળી છે. ગણતરીની સેકન્ડમાં લાખો રૂપિયાની એક ખાતામાંથી બીજા ખાતામાં ટ્રાંસફર થઈ જાય એ મોટી વાત છે. યુપીઆઈ સર્વિસ ૧૧ એપ્રિલ ૨૦૧૬માં આ સર્વિસ શરૂ થઈ ત્યારે આ એક જાદુઈ અનુભૂતિ કરાવતું હતું. જે પછીથી સામાન્ય થતું ગયું. પછી તો ક્રમશઃ ક્યુઆર કોડ અને યુપીઆઈ આઈડીથી નાણાંકીય સગવડ વધુ સરળ બની ગઈ. શાકભાજીવાળાથી લઈને શોરૂમ સુધી આ સર્વિસથી ચૂકવણી હાથવગી બની રહી. ટ્રાંઝેક્શન વધ્યા એમ રોકડનું રોટેશન ઘટ્યું.

જોકે, આ સાથે ફ્રોડનું જોખમ પણ વધી ગયું. આ પહેલા સોશિયલ મીડિયા એપ્લિકેશન વોટ્સએપ ડાઉન થઈ ગયું હતું એ સમયે પણ યુઝર્સને પરેશાની પડી હતી. એ પછી ટ્વિટરમાં ટ્વિટ મૂકવામાં વાંધા પડ્યા હતા. યુપીઆઈ સર્વિસ થોડા સમય માટે ક્રેશ થઈ તો ઓનલાઈન પેમેન્ટ સર્વિસમાં મોટું અલ્પવિરામ લાગી ગયું.

હવે આ સર્વિસ સાથે સંકળાયેલા કેટલાક આંકડાકીય રિપોર્ટ પર નજર કરીએ તો, દેશમાં દર કલાકે અઢી કરોડથી વધારે ટ્રાંઝેક્શન થાય છે. ઈન્ટરનેટ સાથે સતત અને સખત રીતે કનેક્ટ હોવા છતા આ સર્વિસ શા માટે ડાઉન થાય છે એવો સવાલ થવો સ્વાભાવિક છે. આ વર્ષમાં સર્વિસ ૨૫ માર્ચના દિવસે ૩ કલાક ઠપ થઈ, ૨ એપ્રિલના રોજ સાંજના સમયે ૨ કલાક માટે ઠપ થઈ અને ૧૨ એપ્રિલના રોજ ૧૧ વાગ્યાથી ૩ વાગ્યા સુધી સર્વિસ હાંફી ગઈ.

'નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા'નો રિપોર્ટ કહે છે કે, કેટલીક ટેક્નિકલ મુશ્કેલીઓ નડી રહી છે, પણ આ ટેક્નિકલ કારણ પાછળના કેટલાક મુદ્દા એવા પણ છે કે, એક જ સર્વર પર જુદી જુદી સર્વિસ એક્ટિવ હોય છે, જેમ કે, ઈન્ટર કનેક્ટેડ યુપીઆઈ સર્વિસની જેમ એટીએમ સર્વિસ પણ જોડાયેલી હોય છે. કોર બેંકિંગ સુવિધાથી ફાયદો એ થયો કે, ગમે ત્યાંથી તમારું ખાતું એક્સેસ કરી શકો પણ ગેરફાયદો એ છે કે, કોઈ એક વિસ્તારમાં સર્વિસ સ્લો થાય તો બીજે એની સીધી અસર થાય છે. બીજી તરફ જુદા જુદા સોશિયલ મીડિયા પર આવતી એડનું એક સર્વર થર્ડપાર્ટી જેવું કામ કરે છે, જેની લીંકનો લોડ વધે તો પણ આ સર્વિસ બગડે છે.

**મુદ્દા નંબર બે :**

ગેમિંગ પ્લેટફોર્મના સર્વરમાંથી જ પૈસા કમાવવાની અને ગેમમાં જીતેલી રકમને કેશમાં લેવાની સગવડ ઘણી એપ્લિકેશન આપે છે, જેમાં બેંક સર્વર પર લોડ વધે છે.. ઘડીના છઠ્ઠાભાગમાં આવતી નાની- મોટી ક્વેરીનો લોડ પણ સર્વર પર હોય છે. વધી રહેલા ટ્રાંઝેક્શન આપણને ચિંતામુક્ત કરે, પણ પડકાર ટેક્નિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વધારે છે. ઘણીવાર બેંકના પોતાના સર્વર એટલા સ્પીડમાં ન દોડે તો પણ સર્વિસ બગડે છે. જે રીતે સુરક્ષા વિભાગમાં અને સૈન્ય માટે સંવેદનશીલ વિસ્તારમાં સિક્યોર લાઈન હોય છે એમ પેમેન્ટ માટેની સિક્યોર લાઈન તૈયાર કરવાની જરૂર છે. જે સામાન્ય ટેક્નોલોજીના સર્વરથી અલગ હોય અને સ્પીડી હોય.

**મુદ્દા નંબર ત્રણ :**

ખાનગી તથા સરકારી બેંકોના સર્વર ફોર્મેટ અલગ અલગ હોય છે. મધ્યસ્થ બેંક દરેક પર અંકુશ રાખે છે, પણ ટેક્નિકલ દ્રષ્ટિએ ગ્રૂપ ધરાવતી બેંકમાં પણ એક સૂત્રતા ખૂટે છે. ઉદાહરણ તરીકે, અમદાવાદમાં એટીએમની સ્પીડ અને દ્વારકા જેવા ગ્રામ્ય વિસ્તારમાં એની સ્પીડ. આંતરિક કામ ઝટપટ પતી જતા હશે પણ અપલોડ અને ડાઉનલોડ માથું દુખાડે છે એવું ઘણીવાર બેંક મેનેજર કક્ષાના લોકો સ્વીકારે છે.

એક હકીકત જાણીને શોક લાગશે કે જ્યારે પેમેન્ટ પ્રોસેસ થાય અને પૈસા કપાયાનો મેસેજ ન આવે ત્યારે મામલો બગડે છે. ઘણીવાર મેસેજ આવે તો પૈસા નથી આવતા. આને 'રોલબેક પે' કહેવાય. આવું થાય ત્યારે સર્વિસ અને સર્વર બન્ને બગડે છે. જેનો નીવેડો આવતા કલાકો ખર્ચાય, છતાં સિક્યોર નહીં. પેમેન્ટ એક પ્રકારનું માધ્યમ છે જેને ખાતાની સિક્યોરિટી સાથે કંઈ લેવાદેવા નથી. દૈનિક ધોરણે ૭૦ કરોડથી વધારે રૂપિયાની ટ્રાંસફર આ એપ્લિકેશનથી થાય છે. બેંકનું સર્વર સ્લો થાય તો પણ અસર થાય છે. દરેક બેંક પાસે પોતાની એપ્લિકેશન છે. પણ સર્વિસ આઈડી તો આ એપ્લિકેશન શેર કરે છે. જે સર્વરમાં જનરેટ થાય છે. જ્યારે આ આઈડીથી પેમેન્ટ થાય છે ત્યારે એક સાથે ત્રણ ત્રણ સર્વર અસર પામે છે. પૈસા મોકલનાર બેંકનું, યુપીઆઈ સર્વિસનું અને પૈસા જેનામાં જમા થયા એનું. જ્યારે પેમેન્ટ થવામાં જરૂરિયાત કરતાં વધારે સમય જાય આ સર્વિસના ઉપયોગમાં થોડો અલ્પવિરામ લેવો જોઈએ. આ જ આનો સુરક્ષિત અને ઉત્તમ ઉકેલ. ■

**આઉટ ઑફ ધ બૉક્સ**

*ક્યૂઆર કોડમાં આમ તો કંઈ ખબર પડતી નથી પણ દરેક કોડ એકબીજાથી લાખગણા અલગ હોય છે, જેમાં ત્રણેય ખૂણામાં નાના બૉક્સ હોય છે. સ્કેન કરતી વખતે સૌ છેલ્લે આ ત્રણ બૉક્સ સ્કેન થાય છે.*

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

## હિન્દુસ્તાનના હેરિટેજ સિલ્ક રૂટની સફર

# ધરતી-આકાશ વચ્ચેનું સ્વર્ગ રંગબેરંગી પંખીઓનું મુક્ત વિશ્વ







રસ્તો જે હંમેશાં આપણને ક્યાંક ને ક્યાંક તો લઈ જાય છે. દરેક વ્યક્તિને એ ક્યાંક લઈ જાય છે. મને મન થઈ ગયું કે હું રસ્તામાં વચ્ચે જ રોકાઈ જાઉં અને પૂછી લઉં કે તું તો અહિયાં જ રહે છે તો એકલા એકલા બોર નથી થતો? રસ્તો કહે, ભાઈ હું રોજે નવા નવા મુસાફર જોયા કરું છું. કોઈકને ક્યાંક પહોંચવાની જલદી હોય છે તો કોઈકને જ્યાંથી આવ્યા ત્યાં જ પાછા જવાની. બધાએ નિર્ધારિત સ્થળ પર પહોંચવાની લ્હાયમાં ઘણું ખરું ગુમાવ્યુ છે જે મુસાફરી દરમ્યાન રસ્તામાં જ મળે છે. ક્યાંક પહોંચવા કરતાં જે તે સ્થળ પર લઈ જતો રસ્તો વધારે આનંદ અને સંતોષ આપે છે. ક્યારેક ક્યાંય પણ પહોંચવા માટે નહીં પણ ખાલી રસ્તાને માણવા કારની બારી ખુલ્લી રાખીને મુસાફરી કરી જોજો. આવી જ કંઈક મુસાફરી મેં સિક્કિમનાં પૂર્વ વિસ્તારમાં કરી હતી.

ધરતી અને આકાશની વચ્ચે એક સરસ મજાની જગ્યા છે. પૂર્વ સિક્કિમમાં ઓલ્ડ સિલ્ક રૂટ પર લુંથુંગ ગામ પહેલા જ આવતી જગ્યા મને બહુ જ ગમે. ગમે તેટલાં વર્ષ પછી પણ જાઉં એક પથ્થર મૂકેલો છે એ ત્યાંનો ત્યાં જ હોય જ્યાંથી મને કાંચનજંઘા દેખાય અને એક તરફ ભુતાનના કોઈ ગામડામાં વહેતી નદીનું વહેણ અને નીચેની તરફ નાનું સરખું ઝૂલુક ગામ. હિમાલયન મોનાલ પાછળ ભાગતા ભાગતા આ જગ્યા મળી હતી. વરસાદ રોકાયો જ હતો કે સાઈકલ થોભાવીને ત્યાં પેલા પથ્થર પર બેસીને કુદરતને મેં કહ્યું, ચાલને બે ઘડી વાતો કરીએ. જાણે કુદરત મારી વાતનો પ્રત્યક્ષ જવાબ આપતો હોય એમ વાદળો રમતાં રમતાં મારી આસપાસ આવી ગયાં, કાંચનજંઘા વાદળોમાં સંતાઈને ક્યાંક ક્યાંક બે વાદળો વચ્ચેની જગ્યામાંથી જાણે મને જોઈ રહ્યો અને સૂરજનાં કિરણો પણ વાદળોને છેતરીને ધરતીને મળવા દોડી ગયાં હોય એમ ક્યાંક જગ્યા મળે કે અવનીને સ્પર્શીને સોનેરી ઓપ આપી દેતા નજરે ચઢે. પહાડોમાં બધાથી અલિપ્ત અને હિમાલયની ગોદમાં માનાં ખોળામાં સૂતા હોઈએ એટલી શાંતિથી સૂવું હોય તો આ જગ્યાથી સારી બીજી કોઈ જગ્યા ન હોય શકે. એકદમ નિર્જન છતા તમારી જાતને એકલું ન લાગે એટલા રંગબેરંગી અને સંગીતમય સૂરો છેડતા પંખીઓ, પ્રકૃતિનું મધુર ગાન અને ઈશ્વરની હાજરીનો અનુભવ - આ સઘળું અહીં હાજર છે.

સામાન્ય રીતે ફરવા જવા માટે મોટા ભાગના લોકો ગૂગલ, ટ્રીપ એડવાઈઝર, કોઈના બ્લોગ્સ વગેરેને સર્વ શ્રેષ્ઠ માર્ગદર્શક માનતા હોય છે ત્યાં જ તેઓ બહુ મોટી ભૂલ કરતા હોય છે અને તેઓ મુસાફર ન બનતા ખાલી એક પ્રવાસી બનીને રહી જતા હોય છે. નિસર્ગનો ખરો આનંદ નિસર્ગમાં જ કોઈ ચોક્કસ પ્લાનિંગ વગર જ્યાં રસ્તો લઇ જાય ત્યાં અથવા તો જ્યાં રસ્તો ના હોય ત્યાં કેડીઓ કંડારવાથી જ મળતો હોય છે. પૂર્વ સિક્કિમના ખાસ નહિ ચર્ચાયેલા અને લગભગ અલિપ્ત રહેતા વિસ્તારમાં મેં થોડા દિવસો માટે રોકાઈ જવાનો નિર્ણય કરીને પંગોલખા વાઇલ્ડલાઇફ સેંક્ચ્યુરી તરફ પગ વળ્યા અને હું પહોંચ્યો એક એવા અલગારી વિશ્વમાં જ્યાંની ભૂમિ કોઈને પણ ભોમિયા બનાવી દે. પદમચેનથી શરૂ થયેલી મુસાફરી, રસ્તાની બંને તરફ ઝરણાઓ, નાના નાના જંગલી સ્ટ્રોબેરીના છોડ, રસ્તામાં ક્યાંક દેખાઈ જતા રંગબેરંગી ઓરનેટ ફ્લાઇંગ સ્નેક, રંગબેરંગી પક્ષીઓ અને સર્પાકાર રસ્તાઓ જાણે આપણને વાદળાઓ સાથે બેસીને ગુફ્તગુ કરાવી રહ્યા હોય. હિમાલયનાં રંગબેરંગી પક્ષીઓ, હિમાલયન બ્લેક બિયર, રેડ પાન્ડા, હિમાલયન મોનલ, કલીઝ ફિઝન્ટ્સ, ટ્રાગોપેઝન વગેરેનું વિશ્વ અને પેરેડબીલનું મધુર ગાન એટલે જાણે કોઈ સરસ મજાના ઝૂ જેવો જ દેખાવ આવે જગ્યાનો એટલે આ નાના સરખા ગામનું નામ ઝૂલુક. રોન્ગલી ગામથી ઝૂલુક આવવા માટે ઇનરલાઈન પરમિટ મેળવવી પડે જે એક સામાન્ય ફોર્મ ભરીને ૨૦ રૂપિયામાં મેળવી શકાય. રોન્ગલી આવવા માટે મુખ્ય મથક ગેંગટોકથી શેરિંગ વાહન મળે છે જે માત્ર ૭૦ રૂપિયામાં રોન્ગલી સુધી લઈ આવે, ત્યાર બાદ ત્યાંથી ટેક્સી ભાડે કરીને ઝૂલુક જવા નીકળી શકાય. રસ્તામાં પદમચેન પણ ન ચૂકવા જેવું સ્થળ છે. અહીં ઘણાં બધા ઝરણાઓ, ઝરણા આસપાસ પતંગિયાઓ અને પાણીમાં ગમ્મત કરતાં પંખીઓને મહાલવા પણ એક લહાવો છે. ઝૂલુકમાં ગણ્યાં ગાંઠ્યા બે જ હોમસ્ટે છે જ્યાં રહી શકાય અને તેઓની ઓર્ગેનિક ખેતીની મજ્જા માણી શકાય. અંગ્રેજ અને ડચ લોકોના શાસનકાળમાં આ જગ્યા એમની મનપસંદ જગ્યા હતી એટલે અહીંયા એક્ઝોટિક ફ્રૂટ્સની પણ ખેતી થતી જોવા મળે. વિશ્વનું સહુથી ઊંચું અને ભવ્ય કબ્રસ્તાન - બ્રિટિશ અને ડચ સિમેટ્રી પણ અહીંયા ત્યારની ભવ્યતાને સંગોપીને બેઠું છે. લાકડાના બનેલા સરસ મજાના ઘરની બહાર જ બટાટા અને બીજી શાકભાજીની ખેતી કરતા પરિવારો અહીંયા રહે અને દિલથી પહાડી મહેમાનગતિનો અનુભવ કરાવે. સવારે ઊઠીને જાતે ગમે તે શાકભાજી તોડી લાવો, મન હોય તો જાતે જ રસોડાનો કારભાર પણ લઇ શકો. ઝૂલુકથી સવારે ઓલ્ડ સિલ્ક રૂટ જઈ શકાય. આ રૂટ પર થંબી વ્યૂપોઇન્ટ નામની જગ્યાએથી કાંચનજંઘાનો ખૂબ જ અદ્દભુત નજારો માણી શકાય. આ દરેક જગ્યાઓ પર વાદળોનો મહાસાગર જ જાણે જોઈ લો. અહીંથી આગળ વધતા ભુતાનનાં ગામડાઓ, ગામમાં વહેતી નદી અને દેવદારના ઘટાદાર જંગલોનો નજારો માણી શકાય તો વળી ક્યાંક ક્યાંક હિમાલયન મોનાલ, બ્લડ ફેઝન્ટ, કોકલાઝ ફેઝન્ટ, કલીઝ ફેઝન્ટ, હિમાલયન સ્નો ફિન્ચ, હવામાં આગની જેમ પૂંછડી લહેરાવતું ફાયર ટેઇલ્ડ સનબર્ડ, હિમાલયન બ્લેકબર્ડ, અપલેન્ડ બઝર્ડ, ગોલ્ડન ઇગલ, ફુલવેત્તા, પેરોટબિલ જેવા રેર પક્ષીઓ કલરવ કરતા જોવા મળે. આ પંખીઓને જોતા જોતા ફૂલોની વેલી નાથન્ગ વેલી આવે જ્યાં સેંકડો રંગબેરંગી ફૂલોનો કુદરતે અલાયદો શો રાખ્યો હોય એવું દ્રશ્ય ભાસે.

એક એવું ગામ હોય જ્યાં ખૂબસૂરત માટી અને લાકડાનું ઘર હોય, રોજે રોજ વાદળો કંપની આપતા હોય, ખૂબસૂરત રંગબેરંગી પક્ષીઓનો કલરવ તમારું અલાર્મ ટોન હોય, સવારમાં ચાર વાગ્યામાં સૂર્યોદય અને સાંજે છેક આઠ વાગ્યા આસપાસ સૂર્યાસ્ત થતો હોય, આવી જગ્યાએ રહેવું કોને ના ગમે? આ જ જગ્યાએ ઇંડિયન આર્મી રહે છે. એક નજરે ખૂબસૂરત દેખાતી જગ્યામાં આજે પણ ક્યાંક ક્યાંક જુના ૧૯૬૨ વખતે થયેલા યુદ્ધ સમયને વણશોધાયેલા માઇન્સ બિછાવેલા છે. હંમેશાં દુશ્મન દેશોની નજર અહીં તમારા પર ટકાયેલી રહે છે. અહીં જો લાલ ઝંડા ફરકતા જોવા મળે તો સમજવું ફાયરિંગ ચાલી રહ્યું છે. અહીં ભારતીય સેનાના છુપા બંકર જોવા મળે છે. અહીં રહેવા માટે સતત સતર્કતા અને હિમ્મતની પણ જરૂર પડે છે. જો કે આર્મીનાં વિસ્તારમાં રહેવા અને ફોટોગ્રાફી બંને પર પ્રતિબંધ છે. સામે દેખાતા પર્વતની પાછળથી જ ચીનની શરૂઆત થાય છે જેને ડોકલામ રેન્જ તરીકે ઓળખાય છે. એ પછી રસ્તામાં બ્લેક લેક આવે છે જે એનાં કાળા રંગનાં લીધે બ્લેક લેક તરીકે ઓળખાય છે. બ્લેક લેક પછી હરભજનસિંઘ બાબાનું બંકર છે જેની ભારતીય સેનાના જવાનો દ્વારા પૂજા કરવામાં આવે છે. એક માન્યતા મુજબ હરભજનસિંઘ બાબા ભારતીય સેનામાં ફરજ બજાવતી વખતે અકસ્માતે મોતને ભેટ્યા હતા અને એમના મૃત્યુનાં વર્ષો પછી આજે પણ તેઓ ભારતીય સેનાને મદદ કરે છે, આજે પણ તેમને જમવાનું આપવામાં આવે છે, આજે પણ તેઓનો યુનિફોર્મ, બૂટપોલિશ વગેરે કરવામાં આવે છે. આ મંદિર પછી અહીં દેશનું છેલ્લું ગામ છે 'કુપૂપ' જ્યાંથી આગળ જવાની પરમિશન નથી પણ પહેલાના સમયમાં આ જ જગ્યા ઇન્ટરનેશનલ વ્યાપાર માટેનું એક કોરીડોર હતી અને આ રસ્તેથી સિલ્કની આયાત થતી એટલે જ એને 'ઓલ્ડ સિલ્ક રૂટ' તરીકે ઓળખવામાં આવે છે. અહીં ચીનના સામાનનું નાનકડું બજાર ભરાય છે. અહીં એલિફન્ટ લેક આવેલ છે જે ઉપરથી જોતા હાથીના આકારનું લાગે છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં માણસો કરતા અલગ અલગ જગ્યાઓના પ્રેમમાં પડ્યો. બેડરૂમમાં આરામથી સુવા કરતા વધારે આકાશગંગા અને ખરતા તારાઓ સાથે રોમાન્સ માણ્યો છે. હિમાલયના પહાડોમાંથી પડતાં ઝરણાંઓ પાછળ અને પંખીઓને જોવામાં અને જાણવામાં સમય વિતાવ્યો છે. ઊંચા પહાડો પર કોઈ અજાણ્યા વણઝારાની હાક્લમાં, પહાડ પરથી મસ્તીમાં પછડાતા અને વહેતાં ઝરણાંમાં, સાંકડી એવી પગદંડીઓમાં, ક્યાંક ઝાડની ડાળી પર બેસેલા પક્ષીઓના કલરવમાં, ક્યાંક તાજા જ ખીલેલા ફૂલમાં, કોઈક અજાણી ઝાડની પાંદડી પર નાના બાળકની માફક મસ્તી કરતા હમણાં જ વરસેલા વરસાદના ટીપાંમાં તો ક્યારેક વાદળોની સાથે ઊંચાઈ પર સંતાકૂકડીની રમત રમતા કાંચનજંઘા પર્વતમાંથી મને ખુશીઓનો ખજાનો મળ્યો છે. મેં જ મારી જાતને આ રીતે ઘડી છે, કુદરતના સંસર્ગમાં મને હંમેશાં ખુશી અને જીવનને ચિક્કાર જીવવાની તાલીમ મળી છે.

આમ, કુદરત સાથે ગોષ્ઠી માંડીએ તો મહિનાઓ પણ ઓછા પડે. સામાન્ય રીતે જે પ્રવૃત્તિમાં આપણે રત થઇ જઈએ એ પ્રવૃત્તિ આપણી આદત બની જાય પણ કુદરત તો પળવારમાં આપણી આદત બની જાય છે. હિમાલયના જંગલોની પગદંડી પર ચાલીને કરેલો અનુભવ, સિક્કિમની પહાડીઓની ટોચે પડેલા કોઈ પથ્થર પરથી ખૂલીને ગાયેલું કોઈ જૂનું ફિલ્મી ગીત, કે પછી સિક્કિમની પહાડીઓ પર સાવ સાદા એવા બનાવેલા કોઈ મજાના કાફેમાં બેસીને મારેલી ચાયની ચુસકી સાથે ત્યાંના લોકલ વૃદ્ધ સાથે કરેલી બે ઘડીની વાતચીત આવી બધી પળો જીવનભર વાગોળી શકાય એવી હોય છે.■

## સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




સિનિયર ઇન્સ્પેક્ટર શિંદે મોતીબાબુની તપાસ કરવા જુહુની માચ્છીમાર કોલોનીમાં ગયો. પબ્લિક ટેલિફોન બૂથ નજીક બાઇક ઊભું રાખીને પૂછ્યું.

'મોતીબાબુ કહાં મિલેગા.?'

'ઘર પે નહીં મિલેગા સા'બ. ઉસકા ફોન આયા થા. બાત કિયા ઓર નીકલ ગયા. બોલા, મુઝે બોલા ગાંવ જાના પડેગા.'

'ઉસકા ઘર કહાં હૈ.?'

'આગે લેફ્ટ મેં દસવા ઘર.' શિંદેએ બાઇકને કિક મારી.

'ઘર પે કોઇ નહીં હોગા સા'બ. વો અકેલા હી રહેતા હૈ.' બૂથવાળાએ કહ્યું છતાં શિંદે ઘરની ફરતે આંટો દઇ આવ્યો. વળતા બૂથવાળાને સ્માઇલ આપીને બાઇક ઊભું કર્યું.

'લગતા હૈ, તુમ મોતી કે બારે મેં બહુત કૂછ જાનતે હો.' શિંદેએ કહ્યું.

'સા'બ, ભગવાનને મુઝે ટાંગ એક દી હૈ, લેકિન કાન દો દિયે હૈ.' અપંગ બૂથવાળાએ શિંદેને ફોન બતાવતા કહ્યું. શિંદેએ પાકિટ કાઢીને પચાસની નોટ કાઢીને આપી.

'તુમ જો જાનતે હો, જિતના જાનતે હો. સબ બતાઓ,' શિંદેએ કહ્યું. બૂથવાળો પચાસની નોટમાં પોપટ બની ગયો.

*****************

'સર, અભિ મર્ડર કેસ મેં બહુત ગલીકૂંચી હૈ. સીમા કા હસબન્ડ ચંદન બસ્તા શેઠ કે લિયે કામ કરતા થા..જિસકી એક્સિડેન્ટ મેં મોત હુઇ...ઔર એક્સિડેન્ટ કરવાનેવાલા થા બસ્તા શેઠ. ચંદન કી દુસરી ટેક્સી મોતી ચલાતા હૈ. ચંદન કે મોત કે બાદ મોતી બસ્તા શેઠ કે લિયે કામ કરને લગા. મેરે ખબરીને બતાયા કી હબીબભાઇકે એક્સિડેન્ટ કે પીછે ભી બસ્તાકા હી હાથ થા. બાદ મેં હબીબભાઇ કો એક્સિડેન્ટ મેં ઉડાનેવાલે ટ્રક ડ્રાઇવર બંસીકા કોર્ટ કે પાસ અપહરન હુઆ...જિસકી લાશ મહાબલેશ્વર કે ઘાટ સે મિલી. બંસી કો જામીન પર છૂડાનેવાલા મોતી થા. સર, મુઝે લગતા હૈ અભિ કે મર્ડર કે પીછે બસ્તા શેઠ ઔર મોતી કા હાથ હૈ.' શિંદેએ કહ્યું. એસીપી મોરે કપાળે તર્જની ટેકવીને કોઇ ઊંડા વિચારમાં સરી પડ્યા.

'સર, યે કામ પ્રોફેશનલ કિલર કા હૈ....ફોરેન્સિક રિપોર્ટ, પોસ્ટ મોર્ટમ રિપોર્ટ આપને દેખા હૈ.....બાથરૂમ મેં કોઇ ફિંગર પ્રિન્ટ નહીં, કોઇ નિશાન નહીં મિલા. યે કોઇ કટ્ટા ચલાનેવાલે કા કામ નહીં હૈ સર, વિદેશી રિવોલ્વર યુઝ કિયા હૈ.'

'શિંદે, તુમ એવિડેન્સ ઢૂંઢતે હો, મૈં મર્ડર કે પીછે કા ઠોસ કારન ઢૂંઢતા હું. ઇસ કેસ મેં ઠોસ કારન ક્યા હો સકતા હૈ.?'

'હૈ સર, દો મજબૂત કારન હૈ. ઓવરસીઝ રાઇટ્સ કે લિયે અભિ કો મિલી ધમકી ઔર અભિ કે સાથ આદિલ ખાન કી ફિલ્મ ઇન્ડસ્ટ્રી ઔર પોલિટીક્સ મેં દુશ્મની.'

'બસ્તા શેઠ ઔર આદિલ ખાન કે કોલર પકડના આસાન નહીં હૈ. સબૂત ચાહિયે ઔર આદિલ ખાન કોઇ છોટામોટા સ્ટાર નહીં હૈ.'

'સર, અભિનય શ્રીવાસ્તવ ભી કોઇ છોટા સ્ટાર નહીં થા. ઇસ હાઇ પ્રોફાઇલ કેસ સોલ્વ કરને કા ઓર્ડર ઉપર સે આયા હૈ, તો ઇન દોનોં કો પકડને મેં હમ કો મદદ ભી ઉપર બૈઠે લોગોં કો હી કરની ચાહિયે.'

'મુઝે ઇન્ટરવલ તક કી વો ફિલ્મ દેખને મેં ઝ્યાદા ઇન્ટરેસ્ટ હૈ.' એસીપી મોરેએ અચાનક વાતનો ટ્રેક બદલી નાખ્યો.

'સર, ખૂની સામને દિખતા હૈ ઔર આપકો ફિલ્મ દેખની હૈ. ટોટલ ટાઇમ વેસ્ટ હોગા સર.' શિંદેએ કહ્યું.

'શિંદે, એક બહુત બડે કલાકાર કી ઓટોબાયોગ્રાફી હૈ, કૂછ તો એન્ટરટેઇનમેન્ટ હોગા.' એસીપી મોરે બોલ્યા.

*****************

એસીપી મોરે બાંદરા પોલીસ સ્ટેશનમાં એમની કેબિનમાં બેસીને શિંદે સાથે અભિ મર્ડર કેસની ચર્ચા કરતા હતા. ફોનની ઘંટડી વાગી. એમણે ફોન ઊંચક્યો ને સામેથી એક દમદાર અવાજ આવ્યો.

મોરેએ માત્ર 'જી સાહબ...ઓકે સાહબ...સમજ ગયા સાહબ' કહ્યા કર્યું. ફોન પૂરો થયો પછી એ બબડ્યા: 'શિંદે, અબ મુઝે યે મર્ડર કેસ....એક હાઇ પ્રોફાઇલ કેસ લગ રહા હૈ.'

'ક્યું....ક્યા હુઆ સર?' શિંદેએ પૂછ્યું.

'કૂછ તો બડા ગેમ હૈ. અપ્પા સાહેબ બસ્તા કા નામ બોલને લગે હૈ.'

'મૈં તો પહેલે સે હી કહેતા હું સર કી બસ્તા ઔર વો મોતી....દોનોં ઇસકે પીછે હૈ.'

'શિંદે, મૈં માનતા હું, તુમ્હારા શક સહી હૈ. લેકિન યે ખેલ કૂછ ઓર હી હૈ. ફિલ્મ બાદ મેં દેખેંગેં...પહેલે મુઝે બસ્તા સે મિલને કા નાટક કરના પડેગા.'

***************

એસીપી મોરે બસ્તા શેઠના બંગલાના પોર્ચમાં ચા પીતા બેઠા હતા.

'સા'બ, હમારી ધમકી સે કામ હો જાતા હૈ....હમેં મર્ડર કરને કી ઝરૂરત નહીં પડતી,' બસ્તા શેઠે કહ્યું.

'યે કેસ અલગ હૈ. અભિ કા મર્ડર હુઆ હૈ ઔર વો કોઇ છોટા કલાકાર નહીં થા. બસ્તા, તુમ્હે અરેસ્ટ કરને કા હમ પર ઉપર સે પ્રેશર હૈ.'

'અગર ઉપર સે પ્રેશર હૈ તો ગિરફ્તાર કર લો મુજે. ઓર ક્યા કર લોગે.?' બસ્તા શેઠે એસીપી મોરેની ઇશારત સમજવા છતાં તમાચો મારીને ગાલ લાલ રાખવા તુમાખી બતાવી.

> 'સા'બ, ભગવાનને મુઝે ટાંગ એક દી હૈ, લેકિન કાન દો દિયે હૈ.' અપંગ બૂથવાળાએ કહ્યું.

એસીપી મોરેએ ટેબલ પરથી ચાનો કપ ઉઠાવીને છેલ્લો ઘૂંટડો ભર્યો ને લુચ્ચું સ્માઇલ આપીને જતા રહ્યા. કદાચ એસીપી મોરેએ અપ્પા સાહેબે આપેલા આટલા જ સંવાદો બોલવાના હતા. મોરેના ગયા પછી બસ્તા શેઠ અંદર ગયા. પૂજા રૂમમાંથી ભોંયરામાં ઊતર્યા. એક ખૂણામાં મોતી બેઠો હતો. બસ્તા શેઠે એની થરથરતી આંખોમાં અંજાયેલો ભય જોયો.

'ચિંતા મત કર. મેરે પાસ સબ રાસ્તે હૈ.' બસ્તા શેઠ ભોંયરામાંથી નીકળીને આદિલ ખાનને ફોન જોડ્યો.

**********************

'રઝાકભાઇ, આપકો અપને બસ્તા શેઠ કો પનાહ દેની હૈ. મેરે કહેને પે ઉસને અભિનય શ્રીવાસ્તવ કો મેરે રાસ્તે સે હટાયા હૈ.' આદિલ ખાને ફોન કરીને કહ્યું.

રઝાક હસ્યો. પનાહ દેનેવાલે કો પનાહ કી ઝરૂરત પડ ગઇ. 'ઠીક હૈ. બસ્તા શેઠ કો બમ્બઇ કા મામલા શાંત હોને તક મલેશિયા ભેજ દો.' રઝાકે કહ્યું.

'રઝાકભાઇ, દો આદમી હૈ. દુસરા મોતીબાબુ હૈ.' આદિલ શેઠે કહ્યું.

'આદિલ, તુ અગર વહાં સેફ નહીં હૈ તો તું ભી હોલી ડે મનાને આ જા..'

'ભાઇ, મેરી ઉનસે પ્રોફેશનલ દુશ્મની થી. યે બાત તો પેપરોં મેં ભી છપ ચુકી હૈ. દો કલાકારો કે બીચ યે તો હોતા રહેતા હૈ....ઇસકા મતલબ યે થોડી ના હૈ કી મૈંને ખૂન કિયા હૈ...મર્ડર મેં મેરા હાથ કેસે સાબિત હોગા.' આદિલ ખાને કહ્યું.

'ડાયલોગ મત માર....મઝાક કર રહા થા.' રઝાકે ફોન કાપ્યો.

'ભાઈ કા સર પે હાથ હૈ તો રઝાક અપને આપકો શાણા સમજને લગા હૈ.' આદિલ ખાન બબડ્યો.

********************

બસ્તા શેઠ અને મોતીબાબુ કુઆલા લમ્પુર એરપોર્ટ પર ઉતર્યા. એના નામનું પાટિયું લઇને એક માણસ ઊભો હતો. બસ્તા શેઠે પોતાનું નામ વાંચ્યું. હાથ હલાવીને...પોતાને બતાવતા કહ્યું: 'આઇ એમ પોતે બસ્તા શેઠ' હોટેલ તરફથી આવેલા કારડ્રાઇવરે હસીને કહ્યું: 'મૈં હિન્દી બોલતા હું... આપકા સ્વાગત હૈ.. ચલો. હોટેલ મેં આપકા બુકિંગ હૈ.' બંને ટેક્સીમાં ગોઠવાયા ને આસપાસનો નજારો જોતા-માણતા હોટલ પહોંચ્યા. હોટલની રૂમમાં પહોંચ્યાં ત્યાં સુધીમાં મોતીની આંખો આશ્ચર્યથી છીપલાં જેવી પહોળી થઇ ગઇ હતી.

'શેઠ, મૈંને કભી ઝોપડે સે ટેક્સી ઔર ટેક્સી સે ઝોપડે કે બહાર કી દુનિયા નહીં દેખી. આપ કે કારન મેં આજ' એણે ટેપ રોકોર્ડરની સ્વિચ ઓન કરી. રૂમમાં ધીમું સંગીત ગૂંજવા લાગ્યું.

'અરે પગલે મેરે કારન નહીં, તૂ તેરે કારન યે નઇ દુનિયા દેખ રહા હૈ. અભિ કા મર્ડર કરના કોઇ આસાન કામ નહીં થા. તુને કર દિખાયા.' બસ્તા શેઠે આસપાસ જોતાં ધીમા અવાજે કહ્યું. મોતીનું મોઢું હવા નીકળી ગયેલા ટાયર જેવું થઇ ગયું. એ સોફા પર ફસકી પડ્યો.

'શેઠ, સચ કહું...મૈંને અભિ કા મર્ડર નહીં કિયા.'

'ક્યા બકવાસ કર રહે હો, મોતી તૂમ.'

'મૈં પ્લાન બના રહા થા....તબતક કિસીને.'

'બેવકૂફ, તુમને પહેલે ક્યું નહીં બતાયા. મેરે સે પૈસે લેતે વક્ત ભી બતાયા નહીં,' બસ્તા ઉશ્કેરાયો.

'બસ્તા શેઠ, અભિ કા મર્ડર કિસીને ભી કિયા હો....સીમા સે શાદી કરને કા મેરા કામ આસાન હો ગયા ના'

'ગધા હૈ તૂ.' બસ્તા શેઠ રૂમમાં આમતેમ નજર દોડાવવા લાગ્યા. સામેના બારમાંથી બે પેગ બનાવીને લાવ્યા. ગ્લાસ મોતીને આપતાં બોલ્યા: 'લે દારૂ પી.' દારૂ પીતાં પીતાં બસ્તા શેઠ વિચારવા લાગ્યા કે મારું પણ મોતી જેવું જ છેને...અભિનું મર્ડર કોઇએ પણ કર્યું....મારું કામ તો થઇ જ ગયું ને. આદિલ ખાન માને છે કે મેં અભિને એના રસ્તામાંથી હટાવી દીધો. હું એના બ્લેકમેઇલથી બચી ગયો. આમ બંને પોતપોતાના ઇરાદાઓ પાર પડી ગયા હોવાના ખયાલમાં રાચતા રહ્યા ને દારૂની લિજ્જત માણતા રહ્યા.

'શેઠ, હમલોગ વાપિસ બમ્બઇ કબ જાયેંગે?' મોતીએ લડખડાતી જીભને સંભાળતાં કહ્યું.

'વહાં કા મામલા ઠંડા પડને દો...મુઝે બહુત કૂછ જુગાડ બૈઠાના પડેગા.'

'જબ હમને કોઇ ગુન્હા નહીં કિયા ફિર યહાં પનાહ ક્યું લી હૈ?' મોતીએ નશામાં બબડાટ શરૂ કર્યો.

'અરે બેવકૂફ, હમારી કભી ભી અરેસ્ટ હો સકતી થી' બસ્તા શેઠ ખરેખરના ફસાયા હતા. આદિલના કહેવાથી મોતી પાસે એણે મર્ડરનો પ્લાન બનાવ્યો...મોતી પાર પાડે તે પહેલાં અભિનું મર્ડર થઇ ગયું. બસ્તા શેઠ મુંબઈ પર હકૂમત ચલાવતા ભાઈને મળીને મામલો સૂલટાવવાનો વિચાર કરતા હતા.

'મુજે સીમા સે મિલના હૈ.' મોતી ફરી બબડ્યો.

'તુ ઉસે મિલને કી જીદ છોડ...મુઝે કૂછ સોચને દે.'

'સીમાને ચિઠ્ઠી મેં એક નામ લિખ કે દિયા થા...ઉસ કે બારે મેં બાત કરને કે લિયે ઉસે મિલના જરૂરી હૈ.' મોતી બોલવા ગયો, પણ એણે જાતે જ પોતાના હોઠ પર આંગળી મૂકી દીધી ને સીમાની સાથે લગ્ન કરવાના સપનાં જોતો દારૂમાં ડૂબવા લાગ્યો....બસ્તા શેઠ રઝાક મલેશિયામાં ભાઈને ક્યારે મળવા લઇ જાય છે એનો વિચાર કરવા લાગ્યા. એટલામાં ડોરબેલ વાગી.

'હુ ઇઝ..' મોતી મોટેથી બોલ્યો.

'રૂમ સર્વિસ.' બહારથી અવાજ આવ્યો.

મોતીએ દરવાજો ખોલ્યો ને સામે રઝાક એના બે બંદાઓ સાથે ઊભો હતો. (ક્રમશઃ) ■

## ફોકસ

નરેન્દ્ર શર્મા
feedback@bombaysamachar.com

# પંચાવન વર્ષથી કથળી રહી છે પૃથ્વીની 'તબીયત'



દર વર્ષે ૨૨ એપ્રિલના રોજ, વિશ્વના ૧૯૦થી વધુ દેશો પૃથ્વીના બગડતા સ્વાસ્થ્ય પર ચિંતા વ્યક્ત કરવા માટે એકત્રિત થાય છે, તેને સુધારવાની હાકલ કરે છે, નવી નીતિઓ બનાવે છે, નવા તારણો કાઢે છે, તેમ છતાં પૃથ્વીનું સ્વાસ્થ્ય ધીમે ધીમે કથળી રહ્યું છે. ૨૨ એપ્રિલ, ૧૯૭૦ ના રોજ, પ્રથમ વખત, વિશ્વના ઘણા પર્યાવરણવાદીઓ અમેરિકામાં એકઠા થયા હતા અને ચેતવણી આપી હતી કે જો ઔદ્યોગિકીકરણને કારણે, આપણી નદીઓમાં આ રીતે જ કચરો ઠલવાતો રહેશે, હવામાં ઝેર ભળતું રહેશે, વૃક્ષો કાપવાનું ચાલુ રહેશે અને ગ્લેશિયર્સનો બરફ પીગળવાનું ચાલુ રહેશે, તો ટૂંક સમયમાં આ પૃથ્વી માનવો માટે રહેવાલાયક નહીં રહે. જ્યારે વૈજ્ઞાનિકોએ પહેલી વાર આ બધું ઊંચા સ્વરે કહ્યું હતું, ત્યારે કુદરતી રીતે ચિંતા ઊભી થઈ અને વિશ્વની લગભગ દરેક સરકારે પૃથ્વીને બચાવવાનો સંકલ્પ કર્યો.

વાસ્તવમાં, છેલ્લા સાડા પાંચ દાયકામાં દરેક દેશે પૃથ્વીને બચાવવાના નામે મોટી-મોટી નીતિઓ બનાવી છે. યોજનાઓનું નેટવર્ક બિછાવવામાં આવ્યું છે, મિટિંગો અને સેમિનારો થતા રહ્યા છે અને હવે તો સોશિયલ મીડિયા પર પણ રાત-દિવસ ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે, પરંતુ આ બધા પછી પણ પરિણામ બિલકુલ હકારાત્મક નથી આવ્યું.૧૯૭૦માં જે રીતે વૈજ્ઞાનિકોને પૃથ્વીનું સ્વાસ્થ્ય બગડતું જણાયું હતું, આ ૫૫ વર્ષોમાં એક પણ વાર પરિસ્થિતિમાં સુધારો થયો નથી; પૃથ્વીનું સ્વાસ્થ્ય સતત બગડી રહ્યું છે. તેમ છતાં, દર વર્ષે પૃથ્વીના સ્વાસ્થ્યના નિષ્ણાતો નવી યોજનાઓ સાથે આવે છે. નવી નવી પ્રેરણા માટે હાકલ કરે છે, પરંતુ પરિણામ સ્વરૂપે કશું બદલાતું નથી. નિષ્ણાતોએ આ વર્ષે પૃથ્વી દિવસ પર પૃથ્વીને બચાવવા માટે આહવાન કર્યું છે તે થીમ છે આપણી શક્તિ, આપણો ગ્રહ.

આપણી શક્તિનો અર્થ એ નથી કે સરકાર, ઉદ્યોગ અથવા વૈજ્ઞાનિકોની કોઈ શક્તિ, પરંતુ તેનો અર્થ એ છે કે તે આપણી આદતો, આપણું વર્તન અને આપણો વપરાશ જ છે, જે આખરે આપણી પૃથ્વીના સ્વાસ્થ્યને અસર કરે છે. એકંદરે, આપણે ખરેખર પૃથ્વીને બચાવવા માટે કંઈક કરવું છે કે ફક્ત મોટી મોટી વાતો કરવી છે તે પસંદ કરવાની શક્તિ આપણી છે. પૃથ્વી માત્ર એક ભૌગોલિક વિસ્તાર નથી, તે જીવંત ગ્રહ છે. તેથી, જો આપણે પૃથ્વીને બચાવવા માટે કોઈપણ જીવંત મનુષ્યની જેમ પ્રામાણિકપણે પ્રયાસ નહીં કરીએ, તો ટૂંક સમયમાં એવો સમય આવશે જ્યારે આપણી બધી સમજદારી અને તમામ જ્ઞાન હોવા છતાં, પૃથ્વીની સ્થિતિમાં સુધારો થશે નહીં. ઉદાહરણ તરીકે, તે અજાણી હકીકત નથી કે પૃથ્વી સામે સૌથી મોટી સમસ્યા પ્લાસ્ટિકની છે.

પ્લાસ્ટિકના જોખમ વિશે આપણે આજે પહેલીવાર નથી જાણી રહ્યા. ઘણા વર્ષોથી, એમ કહો કે ઘણા દાયકાઓથી જાણીએ છીએ અને સરકાર પણ પ્લાસ્ટિકના ન્યૂનતમ ઉપયોગ માટે હાકલ કરી રહી છે. ભારત જેવા દેશમાં તાજેતરના વર્ષોમાં પ્લાસ્ટિકના ઉપયોગ પર વિવિધ પ્રકારના નિયંત્રણો લાદવામાં આવ્યા છે, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે પ્લાસ્ટિકથી બચવા માટે રાત-દિવસ આહ્વાનો, નિયંત્રણો અને નીતિઓ બનાવવામાં આવી રહી હોવા છતાં, પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટવાને બદલે દિવસેને દિવસે વધી રહ્યો છે. આજે, દર વર્ષે ૪૦૦ મિલિયન ટનથી વધુ પ્લાસ્ટિકનું ઉત્પાદન થાય છે અને તેમાંથી ૫૦ ટકા સિંગલ યુઝ પ્લાસ્ટિક છે, જે પૃથ્વીના સ્વાસ્થ્ય માટે સૌથી ખતરનાક છે. આશ્ચર્યની વાત એ છે કે છેલ્લા ૫૫ વર્ષથી સતત બૂમો પાડી પાડીને કહેવામાં આવી રહ્યું છે સિંગલ યુઝ પ્લાસ્ટિક પૃથ્વીને ગળી જશે, પરંતુ પૃથ્વી છોડો, હવે તો સમુદ્ર પણ આ પ્લાસ્ટિકથી ઢંકાઈ ગયો છે. તમામ સખ્તાઇ છતાં વિશ્વના કોઈપણ દેશમાં પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ થઈ રહ્યો નથી. હવે તો દર વર્ષે ૮૦ લાખ ટનથી વધુ પ્લાસ્ટિક દરિયામાંથી મળી રહ્યું છે, જે એક સમયે ખારી રેતીથી ભરેલું હતું. હવે તે રેતીમાં પ્લાસ્ટિકનું પ્રમાણ દિવસેને દિવસે વધી રહ્યું છે. દરિયાના ઘણા વિસ્તારોમાં, કિનારે ધોવાઈ ગયેલા પ્લાસ્ટિકના નાના ટુકડાને કારણે સમુદ્રની અંદર પ્લાસ્ટિકના પહાડો રચાયા છે.

જમીન અને સમુદ્રની વાત તો છોડો, દુનિયાના ભાગ્યે જ કોઈ દેશમાં આવી ખાદ્ય સામગ્રી બચી છે, જેમાં માઇક્રોપ્લાસ્ટિકના ટુકડા મોટા પાયે ભળેલા ન હોય. નવજાત બાળકોના લોહીમાં પણ પ્લાસ્ટિકના કણો મળી આવ્યા છે. છેવટે,આ પરિસ્થિતિઓ શું સૂચવે છે? કદાચ આ જ વાતની આપણે ચિંતા તો ઘણી વ્યક્ત કરીએ છીએ, પરંતુ અમલ બિલકુલ કરતાં નથી. આવી સ્થિતિમાં ધરતીનું સ્વાસ્થ્ય કેવી રીતે સુધરશે? સૌથી ખરાબ પરિસ્થિતિ આપણી પોતાની જ છે. દેશમાં દિલ્હીની હવા સતત ઝેરી બની રહી છે. પહેલા વર્ષમાં ૨૦-૨૫ દિવસ આ સ્થિતિ રહેતી હતી, પછી એક-બે મહિના સુધી દિલ્હીની હવામાં પ્રદૂષણનું સ્તર વધ્યું. આજે વર્ષમાં ૯ મહિના દિલ્હીની હવા ઝેરી રહે છે. આમાં કોઈ સુધારો થઈ રહ્યો નથી અને હવે દેશના ચોથા ભાગના શહેરોની હાલત દિલ્હી જેવી છે અને દેશના ૩૦૦૦ શહેરોમાંથી ૨૦૦૦થી વધુ શહેરો ખૂબ જ ઝડપથી વાયુ પ્રદૂષણની ઝપેટમાં આવી રહ્યા છે. આવી જ હાલત આપણી નદીઓની પણ છે. ગંગા, યમુના જેવી નદીઓ પ્રદૂષણને કારણે પ્રદૂષિત થઈ રહી છે. અગાઉ માત્ર ઔદ્યોગિક એકમોનું ગંદું પાણી જ તેમાં પ્રવેશતું હતું અને તેને ઝેરી બનાવતું હતું, પરંતુ હવે આપણી આ નદીઓમાં પ્લાસ્ટિક મોટું જોખમ બની ગયું છે. જે રીતે મહાસાગરો માઈક્રોપ્લાસ્ટિકથી ભરાઈ રહ્યા છે, તેવી જ સ્થિતિ દેશની પવિત્ર નદીઓની થઈ છે. ગંગા નદી, જેનું સફાઈ અભિયાન ૧૯૮૫ થી સતત ચાલી રહ્યું છે, તે આજે લાખો ટન પ્લાસ્ટિક કચરાની ખાણ બની ગઈ છે. જે રીતે હિમાલયના ગ્લેશિયર્સ સતત પીગળી રહ્યા છે, એવી સ્થિતિ ઊભી થઈ શકે છે કે ગંગા નદી સુકાઈ જાય અથવા મોસમી નદી બની જાય. ભારત સરકારે વર્ષ ૨૦૨૨માં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂક્યો હતો, પરંતુ આ પ્રતિબંધ દેશમાં કામ કરી શક્યો નહીં. બીજી તરફ આ પ્રતિબંધના કારણે વેપારીઓ અને નાના દુકાનદારોએ દર વર્ષે પોલીસને કરોડો રૂપિયાની લાંચ આપવી પડે છે જેથી આ પ્રતિબંધના પરિણામોનો સામનો કરવો ન પડે. આ રીતે જ્યાં એક તરફ ભ્રષ્ટાચાર પૃથ્વી પર દિન પ્રતિદિન પ્રદૂષણનો બોજ વધારી રહ્યો છે તો બીજી તરફ તે ધરતીનું સ્વાસ્થ્ય પણ ખરાબ કરી રહ્યો છે.

વાસ્તવમાં, આપણું સંકટ એ છે કે એક તરફ આપણે પૃથ્વીના બગડતા સ્વાસ્થ્યને જોઈને ચિંતિત થઈએ છીએ, તો બીજી તરફ આપણે આપણા વપરાશને જાણતા હોવા છતાં બદલી રહ્યા નથી જે પૃથ્વીના રોગોનું મુખ્ય કારણ છે. આપણી જીવનશૈલી સાથે બિલકુલ સમાધાન નથી કરી રહ્યા. આવી સ્થિતિમાં, બે વસ્તુઓ એક સાથે કેવી રીતે થઈ શકે? જો આપણે આપણી જીવનશૈલી સાથે સહેજ પણ બાંધછોડ નહિ કરીએ તો ગમે તેટલી બૂમો પાડીએ પણ ધરતીનું સ્વાસ્થ્ય આપણે બચાવી નહીં શકીએ. આ બધું આપણે જેટલું જલદી સમજીએ એટલું સારું. ■

## આકાશ મારી પાંખમાં

ડૉ. કલ્પના દવે
feedback@bombaysamachar.com

# મૃત્યુંજય



*જીવનવન અતિવેગે વટાવ્યું દ્વાર ઊભો શિશુભોળો,*

*તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો, શિશુને ઉરમાં લ્યોલ્યો.*

*દયામય મંગલમંદિર ખોલો. (ન.ભો, દિવેટીયા)*

દિવંગત આત્માના કલ્યાણ માટેની આ પ્રાર્થનાસભામાં અમારી સોસાયટીના સૂર્યાતાઈ માટે તો કહેવું પડે કે ૮૫વર્ષનું જીવન તો એમણે અતિવેગે વટાવ્યું જ પણ મૃત્યુનું એ અંતિમ યુદ્ધ સામે પણ તેઓ એકલે હાથે ઝઝૂમ્યાં.

અમારી મંગલ સોસાયટીના વોટ્સએપ ગ્રુપ પર આ શોક સમાચાર જાણીને મારું હૈયું વલોવાઈ ગયું. અમારી સોસાયટીના સૂર્ય જેવા તેજસ્વી સૂર્યાતાઈ ૮૫વર્ષે પણ એકલાં જ રહેતાં હતાં, આતમ તેજથી સભર સદાય મંદ હાસ્ય વરસાવતાં સૂર્યાતાઈએ ક્યારેય પોતાના એકલવાયા જીવન માટે આંસુ નથી સાર્યા. તેમના પતિ ડોકટર સુબોધ દીક્ષિતનું નિધન કાર અકસ્માતમાં થયું ત્યાર પછી કૌટુંબિક સુકાન સૂર્યાતાઈએ સંભાળ્યું. સૂર્યાતાઈ નર્સ તરીકે ડો. દીક્ષિત સાથે એક જ હોસ્પીટલમાં કામ કરતા હતા અને એમનો પરિચય લગ્નમાં પરિણમ્યો હતો.

કપાળ પર નાનો ચાંદલો, કાળી ફ્રેમના મોટા ચશ્માંમાં પાણીદાર આંખો અને સદાય હસતો ચહેરો ધરાવતાં આ સૂર્યાતાઈએ એમના હૈયામાં કેટલાંય દાવાનળને ધરબી રાખ્યાં છે. સ્વાભિમાની અને આત્મવિશ્વાસથી સભર તાઈ સોસાયટીની દરેક પ્રવૃત્તિમાં ઉત્સાહથી જોડાય. ગણેશોત્સવ હોય કે નવરાત્રિનો ઉત્સવ, પંદરમી ઓગસ્ટ કે ૨૬મી જાન્યુઆરી, હાઉસી રમવાની હોય કે હળદીકંકુ તાઈ અપટુડેટ તૈયાર થઈને આવે. સ્પર્ધાના ઈનામ તો તાઈ જ આપે.

અમારી સોસાયટીમાં બધા સૂર્યાતાઈને ઓળખે કેમકે કોઈને પણ શારીરિક તકલીફ હોય તો એ તરત સૂર્યાતાઈ પાસે જાય. નર્સ તરીકે કામ કરેલું એટલે તરત સલાહ આપે, દવા લખી આપે. કોઈ છોકરાને કંઈ વાગી ગયું હોય તો પાટાપીંડી પણ કરી આપે.

દૃઢ મનોબળ ધરાવતાં સૂર્યાતાઈનો દીકરો સુયશ. એમની પુત્રવધૂ માનસી બંને તેમના પિતાની હોસ્પિટલ સંભાળતાં હતાં. એમની દીકરી અનઘા પણ ડોકટર છે. સૂર્યાતાઈનું કુટુંબ એટલે એક સુશિક્ષિત અને સંપન્ન કુટુંબ. પણ, તાઈ છેલ્લાં બેત્રાણ વર્ષથી અશક્ત બીમાર રહેતાં હતાં. એ માંડ થોડું થોડું ખાઈને દિવસો પસાર કરતા હતા. એમને કીડનીની તકલીફ હતી.

ડોક્ટરે ઓપરેશન કરાવવાની સલાહ આપી હતી. સૂર્યાતાઈ સ્વયં નર્સ હતાં એટલે જાણતા હતાં કે ઓપરેશન વેળાસર કરાવી લેવું જોઈએ. પણ કોઈ અકળ કારણોસર ઓપરેશન કરાવવાનું ઠેલતાં હતાં અને સંતાનો એમના પોતાના કામકાજમાં એટલા વ્યસ્ત હતા કે મમ્મીનું ઓપરેશન કરાવવાનો સમય એમની પાસે ન હતો. મમ્મી તો ખુદ નર્સ હતી, એ જાણે છે કે કઈ દવા ક્યારે લેવી. બસ, આવતે મહિને ઓપરેશન કરાવી લઈશું, એવું વિચારતા, પણ આવતો મહિનો ક્યારેય આવ્યો નહીં.

બાજુમાં રહેતા ભાનુબેને સચિંત સ્વરે એક દિવસે પૂછ્યુ હતું - સૂર્યાતાઈ, તમે કિડનીનું ઓપરેશન કેમ કરાવી લેતા નથી, ડોકટરે તાત્કાલિક કરવાની સલાહ આપી છે ને?

આ દિવાળીમાં મારો સુયશ ઈંડિયા આવશે ને ત્યારે કરાવીશ. મારું ઓપરેશન થતું હોય ત્યારે મારો દીકરો મારી નજર સામે હોવો જોઈએ.

તો દીકરાને કહો કે બે-ચાર દિવસ આવી જાય, ઓપરેશન બહુ ટાળવું ન જોઈએ.

એય શું કરે, પપ્પાની હોસ્પિટલ છોડીને છેક બોસ્ટન ગયો છે. તેનાં સંતાનોને સારું ભણતર મળે એ માટે. જેમ મેં મારા બંને સંતાનોને ભણાવવા કષ્ટ વેઠ્યુ હતું , એમ મારો સુયશ એનાં સંતાનોને ભણાવવા અત્યારે બોસ્ટનમાં રહે છે.

તો, તમે આ ઉંમરે આમ એકલાં કેમ રહો છો, એના કરતાં તમારા દીકરાના મોટા ફ્લેટમાં તમારી વહુ માનસી સાથે કેમ રહેતાં નથી? ભાનુબેન, તમારી વાત તો સાચી છે, પણ દીકરો અમેરિકામાં અને માનસી તો એની હોસ્પિટલમાં હોય. આજે ઘરમાં ઘરડાં મા-બાપની સેવા કરવાનો સમય કોની પાસે છે? મારા સુબોધ મને હંમેશાં કહેતા કે સૂર્યા, હંમેશાં સ્વમાનથી રહેવું, કોઈના આશ્રિત થઈને ન રહેતી- સાવ અજાણતામાં સૂર્યાતાઈ હકીકત કહી બેઠાં.

પણ, તમે આમ એકલાં રહો અને કંઈ થઈ જાય તો?

આ એટલે જ તો મારી દીકરી અનઘાના ઘર પાસે આ ફ્લેટ લીધો છે. મારી અનઘા, જમાઈ અને એમના બંને સંતાનો મારી ખૂબ કાળજી રાખે છે.

ત્યાં જ પડોશમાંથી સવિતા એક ડબ્બામાં ઈડલી- સંભાર લઈને આવીને કહ્યું- આજી, જો ગરમાગરમ ઈડલી બનાવી છે. ખાઈ લો.

સવિતા, બેટા કશાલા હેવડા કષ્ટ કરતે?

કા ન કરું, તુ માઝી આંટી આહે ના-

સૂર્યાએ માંડ માંડ અડધી ઈડલી કોપરાની ચટણી સાથે ખાધી.

બસ, સવિતા આતા નકો.

મી કિચન મદી ઠેવતે, મગ થોડા ખાઉન ગ્યા.

માઝી લેક મી ખાણાર ફીકર કરું નકા.

ત્યાં જ મોબાઈલ રણક્યો. શોભાનો ફોન હતો.

તાઈ, કાલે સાંજે પાંચ વાગે મારે ઘેર કીટી પાર્ટી છે. શોભાએ કહ્યું

'નક્કી યેણાર, શોભા.'

થોડા દિવસ પહેલાં મને એક સાહિત્યક એવોર્ડ મળ્યો, તાઈ ઘણાં અશક્ત હતાં તો પણ તેમણે વોટસએપ પર મને અભિનંદન આપ્યાં, ત્યારે મને શું ખબર કે આ તાઈનો છેલ્લો મેસેજ છે.

તે દિવસે રોજની જેમ દીકરી અનઘાએ સવારે આઠ વાગે ફોન કર્યો. આઈએ ફોન ઉપાડ્યો નહીં. તરત જ ચિંતાતુર અનઘા અને તેના પતિ આવ્યાં. બીજી ચાવી વડે બ્લોક ઉઘાડ્યો, ત્યારે ખબર પડી કે આઈએ કિચનમાં જ અંતિમ શ્વાસ લીધાં છે.

સદાય પ્રસન્ન જણાતાં સૂર્યાતાઈના અંતિમ દર્શન માટે ભેગા થયેલાં સૌ પોતાનું એક સ્વજન ગુમાવ્યાની વેદના અનુભવી રહ્યાં હતાં.

યુવા વૈભવીએ મને ધીરેથી કહ્યું-તેમના કુટુંબીજનો જાણતાં હતાં કે તાઈ સિરિયસ છે, તે છતાં એમને આ હાલતમાં એકલાં કેમ રાખ્યાં? એમનાં સંતાનો કોઈ કેરટેકરની વ્યવસ્થા કરી જ શકયાં હોત! ખરેખર તો તાઈના મનમાં તો પોતાનાં કુટુંબીજનોને અંતિમ ક્ષણે જોવાની ઝંખના અતૃપ્ત રહી.

મેં એને શાંત રહેવા ઈશારો કર્યો.

સોસાયટીનાં અમારાં સૂર્યાતાઈને અંજલિ આપતાં ૐ શાંતિ કહેતાં કહેતાં મારા મનમાં એક જ યક્ષપ્રશ્ન ઊભો થાય છે.

તાઈએ મૃત્યુની ક્ષણ કેવી રીતે ઝીલી હશે? સાવ એકલપંડે રહેલાં તાઈ તેમની અંતિમ ક્ષણે કિચનમાં કોઈ કામ માટે ગયાં ત્યાં જ પેલો મૃત્યુ રૂપી કાળિયાર નાગ મોં ફાડીને સામે આવ્યો હશે. એકલતા- એકાંત અને સામે રચાયેલું એ મોતનું તાંડવનૃત્ય સૂર્યાતાઈએ એકલપંડે કેવી રીતે ઝીલ્યું હશે ?

મને લાગે છે કે સૂર્યાતાઈ જીવનનું એ અંતિમ યુદ્ધ પણ જીતીને મૃત્યુંજય થઈ ગયાં. ■

## ૬. પરચુરણ

**R. K. ANTIQUE ARTS**

**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઇલેક્ટ્રોનિક પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

## ૭. ખુશખબર

**સીનીયર સીટીઝન**

રોજના ૪૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં. ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક અપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી ૯૮૧૯૦૦૪૪૦૪. ફક્ત વોટ્સ એપ. (ફોન કરવો નહીં). (એસડીબી-૨૫૧૧)

## ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૫૮૨૮/એ)

■ બી.ઈ., એમ.બી.એ., 1984, બિઝનેસ ઈવેન્ટ્સ હેન્ડસમને બ્યુટીફુલ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૫૨)

■ એમ.કોમ. 1989, સ્માર્ટ બિઝનેસ ધરાવતા ડાયવોર્સીને સંસ્કારી કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૫૨)

■ એમ.બી.એ. 1984, 5'.2" એક્ટીવ દેખાવડો પટેલને ક્વોલિફાઈડ યુવક 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૫૨)

## ૯. લગ્ન સંબંધી

■ હોમિયોપેથિક ડૉક્ટર 1981, 5'.1" એક્ટીવ જૈનને એજ્યુકેટેડ યુવક 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૫૨)

■ સી.એ. 1991, 5'.4" હેન્ડસમ બ્રાહ્મણને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૫૨)

■ પાલમાં 1976, એમ.બી.એ. સ્માર્ટ જૈનને એજ્યુકેટેડ સંસ્કારી કન્યા આવકાર્ય 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૫૨)

■ કેલિફોર્નિયામાં 1988, બી.ઈ., એમ. એસ. બ્રાહ્મણ દેખાવડીને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૫૨)

■ અમેરિકામાં 1989, બી.ઈ., એમ. એસ. 6" હેન્ડસમને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૫૨)

**ડાયવોર્સી**

લોહાણા યુવક ઉંમર- 42 હાઈલી ક્વોલીફાઈડ, 2 બેબી, આવનાર વ્યક્તિની બેબીની જવાબદારી નથી. - 7021063581. (દહેજ નહીં). (જેપી/૪૯૭૮-એફ)

## ૧૦. મહિલાઓ માટે

**મહેમાનોનો ઉતારો**

બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૫૮૨૮-સી)

## ૧૨. યાત્રા સહેલગાહ

**ગ્રુપ ટૂર**

ચારધામ, નેપાળ, દક્ષિણ ભારત, પાંચ જ્યોતિર્લિંગ (મહારાષ્ટ્ર) રાજસ્થાન, ગુજરાત ટૂર ગ્રુપો અને મંડળો માટે જય અંબે ટુર જગદીશભાઈ 9930929799. (૧૫૭૯૨-એ)

**કાર ભાડેથી મળશે**

**નવી જ કિસ્ટા, કીયા, અર્ટીગા. ભાડેથી મળશે. દીપકભાઈ - 9322694599. (બી-૧૫૮૧૭)**

**નિઃશુલ્ક જાત્રા**

મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરુલ લોનાવાલામાં જૈન દેરાસર જાત્રા. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧. ફક્ત વોટ્સ એપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૫૦૯)

**તન્વી - ચારધામ**

**હરિદ્વાર, ઋષિકેશ, ગંગોત્રી, યમનોત્રી, બદ્રીનાથ, કેદારનાથ, - 12 દિવસ ઉપડશે - 9 જૂન. તન્વી હોલિડેઝ - 9867313091, 9930213091. (બી-૧૫૭૯૦)**

PLAN YOUR HOLIDAY AT Shimla, Kullu, Manali get best rates with Suburbz Vacations Call 7218449146. (B-15838)

## ૧૪. નોકરી ખાલી છે

**સેલ્સમેન મિત્રો (સ્ટાફ) જોઈએ છે**

સાંતાક્રુઝ, ચેમ્બુર, વિરારમાં આવેલ હોમ એપ્લાયંસીસના શો રૂમો માટે સ્ટે. સ્ટીલ, ઘમોલેર, ક્રોકરી, હોમ એપ્લાયંસીસ, બેડ એન્ડ બાથ, પ્લાસ્ટીક હાઉસવેર તથા ગીફ્ટ નોવેલ્ટીઝ લાઈનના મહેનતી ઈમાનદાર કામ પ્રત્યે ધગશવાળા અનુભવી / બિનઅનુભવી ઉ. વ. ૧૮ થી ૪૦ સુધીના જે કસ્ટમરને પ્રોડક્ટ વિશે સારી રીતે સમજાવી શકે તેવા સેલ્સ યુવાનો / યુવતીઓ તુરંત જોઈએ છે. તદ્‌ઉપરાંત હેલ્પર મિત્રો તેમજ પી.આર.ઓ.ના કામ માટે યુવતી જોઈએ છે. ફ્રેશ યુવાનો / યુવતીઓને એક સારા માર્ગદર્શન હેઠળ ટ્રેનીંગ મળશે. સારો પગાર, સારી ફેસીલીટી સાથે ભવિષ્યમાં આગળ વધવાની એક સારી તક. બાયોડેટા, ફોટોગ્રાફ સાથે રૂબરૂ સંપર્ક કરો. (રેફરંસ જરૂરી) મહાવીર ધ હોમ સ્ટોર, માચીસવાલા કમ્પાઉન્ડ, સ્ટે. રોડ, સાંતાક્રુઝ (વે.), મું. ૫૪. અરવિંદભાઈ હરીયા - ૯૯૬૭૦૨૪૩૯૦, સુમીતભાઈ ગાલા - ૭૫૦૬૭૫૨૩૭૫ (મળવાનો સમય: ૨ થી ૭). (એસડીબી-૨૫૬૫)

**એકાઉન્ટન્ટ**

દહીંસરમાં ટેલી જાણકાર જેન્ટસ એકાઉન્ટન્ટ તથા માર્કેટિંગ માટે કમ્પ્યુટર જાણકાર જોઈએ. 9322286126. (૧૫૮૧૪-એ)

REQUIRED SALES PERSON and Sales Girls for a Reputed Jewelers of Chembur. Salary as per their experience between 15000 - 40000 or more. Must know Gujarati, Marathi, Hindi and English. Contact : 9820213756. (B-15869)

**REQUIRED HOUSE MAID for 24 hours 18000/- and six hours 9000/- at Bandra West. Call 7208656620. (B-15860)**

## ૧૭. જગ્યા આપવી છે

**''મીરા રોડ''**

''પૂનમ ગાર્ડન 1 બેડરૂમ (72 લાખમાં), OC છે.'' ''ઓનર'' - 8007342828. (૧૫૮૩૫-એફ)

**ઘાટકોપર ઈસ્ટ / વેસ્ટ**

1/2/3/4 બેડરૂમના ફ્લેટો Live and License થી આપવાના છે. હિતેશ હરીભાઈ દક્ષિણી 9920927958 / 9820008003. (૧૫૮૦૧-બી)

**ઘાટકોપર ઈસ્ટ**

ઓડીયન નજીક સ્પેશીયસ 3 બેડરૂમના ફ્લેટ તથા વલ્લભબાગ લેન/ 90 ફીટ / 60 ફીટ / પંતનગર હિતેશ હરીભાઈ દક્ષિણી 9920927958 / 9820008003. (૧૫૮૦૧-સી)

**ઘાટકોપર ઈસ્ટ / વેસ્ટ**

1/ 2/ 3/ 4 બેડરૂમના ફ્લેટો તૈયાર તથા બંધાતામાં આપવાના છે. હિતેશ હરીભાઈ દક્ષિણી 9920927958 / 9820008003. (૧૫૮૦૧-ઈ)

**ઘાટકોપર ઈસ્ટ**

નીલકંઠ વેલી નજીક, સોમૈયા કોલેજ 1/2/3/4 બેડરૂમના ફ્લેટો તૈયાર કબ્જાથી આપવાના છે. હિતેશ હરીભાઈ દક્ષિણી 9920927958 / 9820008003. (૧૫૮૦૧-એફ)

**''સાઉથ મુંબઈ''**

**ચિરાબજાર 2 બેડરૂમ 700' કારપેટ, 1 પાર્કિંગ અને 1 બેડરૂમ 425' કારપેટ, 1 પાર્કિંગ વેચાણથી આપવાનો છે. (લેવા-વેચાણ-ભાડે). ''દેવેન'' - 9930670272, 9620335272. (૧૫૮૦૬-સી)**

**લોનાવાલા - ખંડાલા**

ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૫૮૨૧)

**ઘાટકોપર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016-9082933313. (૧૫૭૮૩-એ)

**અંધેરી ઈસ્ટ**

ભાડેથી 1 બેડ અને 2 બેડ બેઉ ફુલી ફર્નિશ સ્ટેશને ''ગંગર'' 8080524858. (બી-૧૫૮૩૭)

## ૧૭. જગ્યા આપવી છે

**તારદેવ-સેલ**

3 BHK નવા બિલ્ડિંગમાં હાયર ફ્લોર, એરિયા 1800', ફર્નિશ્ડ, 2 પાર્કિંગ, 9 કરોડ. ''અગરવાલ 9821231619. (૧૫૮૨૪-ઈ)

**વાલ્કેશ્વર-સેલ**

ફુલ સી-વ્યૂ 4 BHK, એરિયા 1800', ફર્નિશ્ડ, 2 પાર્કિંગ, 13 કરોડ. ''અગ્રવાલ'' 9821231619. (૧૫૮૨૪-એચ)

**લીઝ ફ્લેટો**

2/3/4 બેડરૂમ ફર્નિશ્ડ ફ્લેટો લીઝથી, 3 બેડરૂમ ઓનરશીપથી. જુહુધારા કોમ્પ્લેક્ષ, જે.વી. લીંક રોડ, ૧ બેડરૂમ જુહુ ગ્રીનફિલ્ડ્સ, ૪ બેડરૂમ પાર્લા (વેસ્ટ) લીઝથી. ''બી. નરેન્દ્ર જોશી'' ૯૮૨૦૨૯૪૯૨૨- ૯૧૬૭૩૦૯૮૬૯ યશ, ૯૯૨૨૨૯૭૭૭૫ વિશાલ. (૧૫૮૨૪-એ)

**જુહુ - ફ્લેટો**

૧ બેડરૂમ જુહુ ઈસ્કોન પાસે, ૨/૩/૪ બેડરૂમ જુહુ ધારા કોમ્પલેક્ષ - જુહુ વર્સોવા લીંક રોડ - લીઝથી તથા ૨/૩ બેડરૂમ ઓનરશીપથી ''બી. નરેન્દ્ર જોશી'' ૯૮૨૦૨૯૪૯૨૨- ૮૦૮૦૭૦૯૦૩૦ વિશાલ- ૮૪૩૩૭૨૨૨૦૯ વેદાંત - ૯૧૬૭૩૦૯૮૬૯ યશ. (૧૫૮૨૪-બી)

**પાર્લા (ઈસ્ટ વેસ્ટ)**

**૨ - ૩ - ૪ બેડરૂમ - હોલ - કિચન તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૧૫૮૨૪-સી)**

**જુહુસ્કીમ ગુલમહોર રોડ**

**૨ - ૩ - ૪ બેડરૂમ - હોલ - કિચનના ફ્લેટો તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૧૫૮૨૪-ડી)**

**૨ બેડરૂમ**

પાર્લા (વેસ્ટ) - ફર્નિશ્ડ - 3 બાજુ ખુલ્લો - લિફ્ટ - કાર પાર્કિંગ - રેડી પઝેશન. (3,10,00,000/-) હિના પ્રોપર્ટીઝ - 9322274791. (એસડીબી-૨૫૪૭)

**અંધેરી - વેસ્ટ ઈરલા બ્રિજ**

**દેરાસર નજીક, ૧ બેડરૂમ લીઝથી, ફક્ત વેજ ફેમીલી માટે Owner 9773757774. (બી-૧૫૮૦૩)**

**વિલેપાર્લે વેસ્ટ**

**1 અને 3 બેડરૂમ હોલ કિચન, ઓસી સાથે, હાયર ફ્લોર, Gated Society વાસ્તુ મુજબ, રેડી ટુ મુવ ઇન ફ્લેટ્સ. ગોકુલ પટેલ: 9987464111. (૧૫૭૯૬-એ)**

**ખાર/શાંતાક્રુઝ/વિલે પાર્લે (વેસ્ટ)**

૨/૩/૪ બેડરૂમના ફ્લેટો વ્યાજબી ભાવે લેવા/ વેચવા/ભાડેથી ફોન:- ૯૮૬૭૧૫૩૩૭૭. (બી-૧૫૭૮૮)

**કાંદીવલી (વેસ્ટ)**

0% સ્ટેમ્પ ડ્યૂટી, ફુલ CC સાથે, આલોક @ દહાણુકરવાડી, નવું ટાવર, 1 બેડરૂમ 1.08 કરોડ+, 2 બેડરૂમ 1.60 કરોડ+, સીલીંગ હાઈટ 10.25 ફૂટ, યોગેશ મહેતા 9322287656. (જેપી/૪૯૮૪-ડી)

**ઘાટકોપર (ઈસ્ટ)**

ભાડેથી પ્રાઈમ લોકેશનમાં 2 બેડરૂમ, હોલ, કિચન. લેવા બ્રોકર- 9323030141, 8169019857. (૧૫૮૪૪-એ)

**ઘાટકોપર ઈસ્ટ**

2 બેડરૂમ હોલ કિચન વિથ ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટ, સ્ટેશનની નજીક, જૈન દેરાસરની સામે, વેચવાનો છે. દલાલ માફ, contact no: 9820788049. (૧૫૮૪૫-એ)

**ઘાટકોપર વેસ્ટ**

કામા ગલ્લી 1 રૂમ કિચન અને 1 બેડરૂમ હોલ કિચન જોડી ફ્લેટ, જુના મકાનમાં, ફર્નિશ્ડ તૈયાર, વેચાણથી હિતેશ દક્ષિણી 9920927958/ 9820008003. (૧૫૮૦૧-એ)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**

એસ. વી. રોડ - 3 બેડરૂમનો ટેરેસ ફ્લેટ + ક્લોઝ્ડ ગેરેજ - વેચાણથી 3,45,00,000/- ૨ બેડરૂમ - ૯૦ હજાર ભાડેથી. ફ્લેટો લેવા / વેચવા / ભાડેથી સંપર્ક:- ''ચેતન નાગર'' ૯૮૨૦૧૪૧૫૪૪ / ૯૯૨૦૧૪૧૫૪૪. (બી-૧૫૭૮૭)

**જુહુસ્કીમ**

વેચાણથી, ચોથો રોડ, 3 બેડરૂમ, ૧૬૦૦' યુઝેબલ કારપેટ, ત્રીજો મેઝનાઈન ફ્લોર, એક પાર્કિંગ, રેડી પઝેશન, જયંત ભાલરીયા: ૯૩૨૩૨૭૩૦૪૮. (૧૫૭૭૪-એ)

**મલાડ - બોરીવલી**

નાના-મોટા ફ્લેટ લેવા / વેચવા / ભાડેથી માટે : 9820490311. ''વર્ધમાન રિયલ્ટર્સ''. (૧૫૭૯૪-બી)

**ખાર (વેસ્ટ)**

ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' અને ૬ બેડરૂમની જોડી એરિયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કીચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર'' - 9820156133. (બી-૧૫૬૨૦)

**મુલુન્ડ (વેસ્ટ)**

2 BHK, 705' અને 3 BHK, 951', વાલજી લધા રોડ, પોડિયમ પાર્કિંગ સાથે ફ્લેટ વેચવાનો છે. 2-3 રૂમ, સંપર્ક - 9930333456 (P51800055546). (૧૫૮૩૨-એ)

**માટુંગા - કિંગ્સ સર્કલ**

2 બેડરૂમ હોલ કિચન વેચાણ માટે, નવી બિલ્ડિંગ - O.C. સાથે, ઈન્ડિયન જિમખાનાની નજીક, 12મો માળ, 770 Sq.ft. પાર્કિંગ, 3.40 કરોડ., સંપર્ક: 9374543885. (૧૫૮૨૭-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**વર્ડ ટાવર**

ભાડા માટે લોઅર પરેલ 4 BHK - હાયર ફ્લોર - ફર્નિશ્ડ - 3 પાર્કિંગ સાથે તૈયાર કબજો દર મહિને 7 લાખ ''અગ્રવાલ'' 9821231619. (૧૫૮૨૭-એફ)

**કાંદિવલી (વેસ્ટ)**

1 BHK - 2 BHK, નવા ટાવરમાં, મથુરાદાસ રોડ, જૈન દેરાસર, હવેલીની બાજુમાં સાઈટ - 7353026969. (જેપી/૪૯૮૪-બી)

**જુહુ સ્કીમ**

**વેચાણથી, 4 બેડરૂમ 2550 કાર્પેટ, 12.5 ફૂટ સિલિંગ હાઈટ, 4 પાર્કિંગ, અનટચ ફ્લેટ, શાંત વાતાવરણ, રેડી વીથ ઓસી. જીમિત ગણાત્રા 9820377358. (૧૫૯૧૮-એ)**

**જુહુ ગુલમોહર**

**વેચાણથી, 4 બેડરૂમ 2250 કાર્પેટ, હાયર ફ્લોર, 4 પાર્કિંગ, અનટચ ફ્લેટ, દેરાસર નજદીક, જિમ, સ્વિમિંગ પુલ, બેન્ક્વેટ હોલ, અમેનીટીઝ અને રેડી વિથ ઓસી. જીમિત ગણાત્રા 9820377358. (૧૫૯૧૮-બી)**

**જુહુ ગુલમોહર**

**વેચાણથી, અનટચ ફ્લેટ 3 બેડરૂમ 1400 કાર્પેટ, વેસ્ટ ઓપન, હાયર ફ્લોર, ઈટાલિયન ફ્લોરિંગ સાથે ઇન બ્લ્ટ ફ્લેટ 3 પાર્કિંગ, અમેનીટીઝ અને ઓસી સાથે. 9 કરોડ. જીમિત ગણાત્રા 9820377358. (૧૫૯૧૮-સી)**

**નાનાચોક**

2 બેડરૂમ - 900' - કાર્પેટ - પાર્કિંગ - 6,00,00,000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૪૪/એ)

**મલબારહીલ**

3 + 3 બેડરૂમ - 3500' - કાર્પેટ - પાર્કિંગ - સીફેસીંગ 35,00,00,000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૪૪/બી)

**કેમ્પ્સકોર્નર**

2 બેડરૂમ - 1050' - કાર્પેટ - ગેરેજ - પાર્કિંગ - 6,00,00,000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૪૪/સી)

**કેમ્પ્સકોર્નર**

2 બેડરૂમ - 850' - કાર્પેટ - ગેરેજ - પાર્કિંગ - 4,50,00,000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૪૪/ડી)

**મલાડ (વેસ્ટ)**

શ્રી દિશા દર્શન નવા ટાવરમાં 1 બેડરૂમ 1.15+ 2 બેડરૂમ 1.77+ જૈન દેરાસર 1 મિનિટ પઝેશન ટૂંકમાં નડિયાદવાળા કોલોની નંબર 2 સાઈટ - 7977031254. (જેપી-૪૯૮૪-એ)

**WORLD TOWER**

For Rent Lower Parel 4 BHK - Higher Floor - Furnished - 3 Parking Ready Poss. Per Month 7 Lac. "Agarwal" 9821231619. (15827-D)

**PAREL EAST**

**Ready OC Flats**
**Investors Deals**
**Exclusive amenities**
**Pool, gym, party hall**
**Freehold Land**
**2 BHK 3 to 3.5 cr +**
**3 BHK 4.3 to 4.75 cr +**
**3 large 5.5 to 6 cr**
**+91 86559 29524**
**+91 86559 85818**

(B-15777)

**TARDEO-SALE**

3 BHK New Building, Higher Floor, area 1800', Furnished, 2 Parking, 9 Cr. "Agarwal" 9821231619. (15824-F)

**WALKESHWAR - SALE**

Full Sea-View 4 BHK- 1800' area, Furnished, 2 Parking, 13 Cr. "Agarwal" 9821231619. (15824-G)

**WORLI NAKA**

Ansal Height, 3.5 BHK 7.25 Cr. Value Deal, 1450+ Carpet, Balcony, Higher Floor, 2 Parkings. 7738894300 / 9326410411. (15825-C)

**DADAR WEST**

**Tallest Tower**
**All amenities**
**Prime location**
**Jain Mandir Nearby**
**2, 3 BHK, 3.65 cr, 7 cr ++**
**Special launch Pricing**
**Group Booking**
**Possession in 3 yrs**
**98190 16316**
**86557 39820**

(B-15778)

**CHEMBUR (EAST)**

For Sale Near Jain Derasar, 3 BHK Independent Villa, Plot: 188 mtr, Constructed 3,100' with Shops of 375' & 400', only 6 Cr. Call: 8080242422. (15343/E)

**TARDEO, BIG LAUNCH Prime Location Reputed Builder Pay only 40 now Bal on possn. Pool, Gym Roftop 2, 3 Bed 3.99 to 6.5 Cr. Best yr end discounts - 8450997242. (B-15618)**

**PARLA WEST**

2300', 4 BHK, Luxurious Flat, Lower Floor, Near Station, Near Possession. Contact: Vinodbhai - 8097960449, Bhavesh - 9324001110. (15336/B)

## ૧૭. જગ્યા આપવી છે

**VILEPARLE (EAST)**

Azad Road 2 BHK 525' - Higher Floor with Parking 1.70 Cr., 2 BHK - 650' Parking 2.20 Cr., 3 BHK - 1025' 2nd Floor Parking 3.20 Cr., Navkar Estate - 9619674640. (JP/4984-C)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**કાંદિવલી (ઈસ્ટ)**

**800' કાર્પેટ + 800' Loft, ગ્રાઉન્ડ ફ્લોરમાં ભાડેથી / વેચાણથી. 9821477751 / 9892843773. (૧૫૭૭૬-એફ)**

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**જુહુસ્કીમ**

મેઈન રોડ, વેચાણથી 3 બેડરૂમ, સનફ્લાવર હોસ્પીટલ પાસે, પહેલે માળે, ૧૪૦૦' યુઝેબલ કારપેટ, કોમર્શીઅલ ઓફિસ માટે જયંત ભાલરીયા: ૯૩૨૩૨૭૩૦૪૮. (૧૫૭૭૪-બી)

**ઘાટકોપર ઈસ્ટ**

એમ જી રોડ / તીલક રોડ /60 ફીટ /90 ફીટ રોડ / પંતનગર ઓફિસ વેચાણથી તથા લીવ એન્ડ લાઈસન્સથી આપવાની છે. હિતેશ હરીભાઈ દક્ષિણી 9920927958 / 9820008003. (૧૫૮૦૧-ડી)

**ANDHERI EAST**

MIDC Available 1) Industrial Building 1500 Sq Meter Plot, Construction 22000' + 5000' FSI Balance. Sale Price 50 Cr. 2) Industrial Building for Rent (40000') Suitable for Manufacturing Products. Vaibhavlaxmi Realtors. 7047156786. (B-15835)

**LOWER PAREL**

1200 sqft Office Premises available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2542)

**PRE LEASED BANKS**

**ROI 6% (6 to 15 Cr.) C J Consultancy: 8657192709. (15803-A)**

## ૨૩. મનોરંજન

**''કપલ ગ્રુપ'' પાર્લામાં અને બોરીવલીમાં**

**ફક્ત શુક્રવાર, શનિવાર, રવિવાર અને જાહેર રજાના દિવસે, દીનાનાથ / પ્રબોધન ઠાકરે હોલમાં વર્ષના ૬ ફ્રીક્ષ સીટ સાથે જાજરમાન સુરીલા કાર્યક્રમ, વિશેષ ઓફર, ૬ કપલ મેમ્બર્સ, અથવા ૬-૬ સિંગલ મેમ્બર્સને તેમની સાથે ૧ કપલ અથવા ૧ સિંગલ મેમ્બરશિપ ફ્રી. છઠ્ઠા વર્ષની કપલ તેમજ સિંગલ મેમ્બરશિપ માટે સંપર્ક. 9821153026 / 9870754037. (૧૫૮૨૫-એ)**

**''પ્રાર્થના - 6500/-''**

દાંડિયા, સંગીત સંધ્યા, લગ્ન ગીત, બર્થ ડે, એનીવર્સરી, ડીજે:- 9820889938. (૧૫૭૭૦-ઈ)

## ૨૭. ઔષધ ઉપચાર

**કેબી ધોરમનો ધોરમ મલમ**

**ગુદાના ગુમડા, હરસ, ખસ, દાદર, ખરજવું, વાઢીયા, કરોળિયાનો આયુર્વેદિકમાં ઉપલબ્ધ. કેબીધોરમ વાંચી ખરીદવું. બોરીવલી 9820756510, દહિસર 9321611838, કાંદિવલી 7506655512, મુંબઈ 9820040824, મુલુંડ 9029676712. (૧૫૬૫૮-બી)**

**દુખાવો**

ઘુંટણ, કમર, હાથપગ, ગર્દન, ખભો ઘરેબેઠાં દવા વગર મટાડો. 9867226594. (૧૫૭૭૦-સી)

## ૩૧. નાણાંકીય

**FUNDING / LOAN**

Non Performing Assets, One Time Settlement, Stuck Real Estate Project, Difficult Cases, Unsecured, Structured, Order Finance. 24 years experience. 9819878744. (15808-A)

## ૩૨. જમીન - મિલકત

**PLOT FOR SALE**

**Ghatkopar (West) 10 minutes walking distance from Station. 10,400 sq. feet Freehold Plot Bhatt Wadi, Clear Title. Very good for Ownership Project. Plot Possession in 3 months M-8591977078 / 8108119801. (B-15851)**

## ૩૨. જમીન - મિલકત

TWO NA PLOTS IN DEOLALI Cantonment on Barnes School Road for Sale. Plot area 264 & 268 sq. Yards 2376 & 2412 Sq. Ft., Air Pollution free Deolali station 4.2 km (10 min drive) Lam Road 2 kms, Temple Hill 3.7 kms (5 min Drive) Leevitt Market Deolali 3 kms (10 min Drive) in each Plot can build 2 B/R, Hall, Kitchen 2 Car parking with open space on all 4 sides for plants & trees. For details contact 9822015710, alutube@gmail.com (B-15800)

## ૩૩. ધંધાદારી

■ તાત્કાલીક કોસ્મેટીક તથા ગાર્મેન્ટ્સનો લોટ આપવાનો છે સંપર્ક અમદાવાદ 9913331804. (બી-૧૫૮૬૭)

■ કોઈપણ વ્યવસાયમાં કોઈપણ ગુમાવ્યા વિના અમારી સાથે 20000 થી વધુ રકમનું રોકાણ કરીને ઘરે બેઠા દર મહિને 10% નો નિશ્ચિત નફો મેળવો. સંપર્ક - ૮૪૩૩૭૬૩૧૯૨. (બી-૧૫૮૪૬)




(બી-૧૫૮૬૮)

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૫૭૮૪)

**''પ્રતાપ પેકર્સ - મુવર્સ''**

50 વર્ષથી ઓફિસ/ ઘરસામાન, ફેરવવા - ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૯૧૬, ૨૩૪૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

**એકાઉન્ટ**

કોઈપણ પ્રકારનું એકાઉન્ટ રેગ્યુલર-તાત્કાલિક તૈયાર કરીને આપીશું. પિયુષભાઈ- 9869587290. (બી-૧૫૭૮૫)

**''પાણીની ટાંકીઓ''**

''મશીનથી કૂવા - સોસાયટીની - ઘરની ટાંકીઓની સફાઈ''. ''યોગી એન્ટરપ્રાઈઝ'' - 9820776583 / 9892298963. (૧૫૭૧૮-એ)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**જન્મ તારીખ ડાયલ કરો**

**લગ્ન, ભાગ્યોદય ક્યારે? દામ્પત્યજીવન કેવું? ભવિષ્ય જાણવા રૂબરૂ પધારો - 9987998235. (જેપી/૪૯૭૮-એ)**

## ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**FLAT REPAIR**

**Interior by Civil Engineer. Contact: 9833521709. (15343/A)**

## ૪૬. વોટર પ્રુફિંગ

**શિવશક્તિ**

વોટર પ્રુફિંગ, ટેરેસ, છજ્જા, આઉટસાઈડ વોલ, કેક ફીલીંગ, પેન્ટિંગ, પ્લાસ્ટરિંગ, બિલ્ડિંગ, રીપેરીંગ. 7208719414/ 8454847542. (૧૫૭૯૪-સી)

**વોટર પ્રુફિંગ**

**ટેરેસ, છજ્જા, પેઈન્ટિંગ, રીપેરીંગ, કેક ફિલિંગ, આઉટસાઈડ વોલ. DR. FIXIT /ASIAN PAINTS. (AUTHORISED APPLICATOR) 9987651755/ 7021765031. (૧૫૭૯૪-ઈ)**

**Swaminarayan Waterproofing**

ટેરેસ, છજ્જા, બાથરૂમ, કેક ફિલિંગ, પ્લાસ્ટરીંગ, પેઈન્ટિંગ, વોટરપ્રુફિંગ. 7900063270, 9136961872. (૧૫૩૩૮-સી)

**પ્રકાશ કન્સ્ટ્રક્શન**

બિલ્ડિંગ રીપેરીંગ, ટેરેસ, આઉટસાઈડ વોલ, કેક ફિલિંગ, પેરાપીટ વોલ, બંગલો, ફ્લેટ, વોટર પ્રુફિંગ, પ્લાસ્ટરીંગ, પેઈન્ટિંગ, વ્યાજબી ભાવે કરીશું. 9320210293/ 9326206280. (૧૫૭૬૮-એ)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

**પરદેશમાં પાર્સલ**

અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 9699457066 / 9594187418. (બી-૧૫૮૩૬)

## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝ્ડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel. Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684
VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722

## મુંબઈ સમાચાર ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધઃ** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.00 શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.00 શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.00 શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.00 દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.00 દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૪ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૫ સુધી

સ્કીમ*

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# ટ્રમ્પની ટૅરિફની લટકતી તલવાર હેઠળ નફારૂપી વેચવાલીનાં આંચકા પચાવીને સોનામાં આગળ ધપતી તેજી

## ઊંચા મથાળેથી સ્થાનિકમાં માગ રૂંધાવાની સાથે જ્વેલરોની પણ થોભો અને રાહ જુઓની નીતિ

**કોમોડિટી**

**રમેશ ગોહિલ**

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ટૅરિફની નીતિઓ અંગેની અનિશ્ચિતતા અને સંભવિત ટ્રેડ વૉરને કારણે વૈશ્વિક સ્તરે પુરવઠાચેઈન ખોરવાઈ જવાની ભીતિ અને તેને કારણે વૈશ્વિક અર્થતંત્રો આર્થિક મંદીની ગર્તામાં સરી જાય તેવી શક્યતાઓને ધ્યાનમાં લેતા ગત સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનામાં નફારૂપી વેચવાલીનાં આંચકાઓ પચાવીને ભાવમાં આગેકૂચ જળવાઈ રહી હતી. ગત સપ્તાહે એક તક્કે હાજરમાં સોનાના ભાવ ઔંસદીઠ ૩૩૫૬.૩૨ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા બાદ ૩૩૨૭.૫૪ આસપાસના મથાળે બંધ રહ્યા હતા.

વધુમાં ગત સપ્તાહના અંતે શુક્રવારે ગુડ ફ્રાઈડે નિમિત્તે બજાર બંધ રહ્યા હતા. વધુમાં સ્થાનિક ઝવેરી બજારમાં પણ ગત સપ્તાહે સોમવારે ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતી અને શુક્રવારે ગુડ ફ્રાઈડે નિમિત્તે ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશન સત્તાવાર ધોરણે બંધ રહ્યું હોવાથી સ્થાનિકમાં ભાવની જાહેરાત નહોતી થઈ આમ સપ્તાહ દરમિયાન માત્ર ત્રણ સત્રમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવમાં વિશ્વ બજાર પાછળ ૨.૧૩ ટકાનો અથવા તો ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૯૮૧નો ઉછાળો આવ્યો હતો.

એસોસિયેશન તરફથી પ્રાપ્ત થયેલી આંકડાકીય માહિતી અનુસાર સપ્તાહના આરંભે ૧૫મી એપ્રિલે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામ દીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૧મી એપ્રિલના રૂ. ૯૨,૯૨૯ના બંધ સામે રૂ. ૯૩,૧૬૩ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ૯૩,૧૦૨ અને ઉપરમાં રૂ. ૯૫,૨૦૭ની રેન્જમાં અથડાઈને અંતે સાપ્તાહિક ધોરણે રૂ. ૧૯૮૧ અથવા તો ૨.૧૩ ટકા વધીને રૂ. ૯૪,૯૧૦ના મથાળે રહ્યા હતા.

જોકે, સપ્તાહ દરમિયાન વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આ ત્રણ સત્ર દરમિયાન રૂપિયામાં ૧૨ પૈસનો સુધારો આવ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરોમાં ઘટાડો થવાથી વિશ્વ બજારની સરખામણીમાં સોનામાં ભાવવધારો મર્યાદિત રહ્યો હતો. એકંદરે સોનામાં જોવા મળેલી એકતરફી તેજીનાં માહોલમાં ખાસ કરીને રિટેલ સ્તરની માગ રૂંધાઈ જવાની સાથે સાથે જ્વેલરી ઉત્પાદકોએ પણ થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી હોવાથી માગ શાંત રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

તાજેતરમાં સોનામાં જોવા મળેલી તેજી માટેનું મુખ્ય પરિબળ વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા છે. ટ્રેડ વૉરને કારણે વૈશ્વિક આર્થિક વૃદ્ધિ પર માઠી અસર થવાની ભીતિ હેઠળ રોકાણકારોની સલામતી માટેની વ્યાપક માગ ઉપરાંત કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીનો ટેકો મળી રહ્યો છે.

હવે સ્થાનિકમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. એક લાખની મનોવૈજ્ઞાનિક સપાટીથી માત્ર પાંચ ટકા છેટે છે ત્યારે આ તેજી જળવાઈ રહેશે કે કેમ તે અંગે બજારમાં બે મત જોવા મળી રહ્યા છે.

ટ્રમ્પની ટૅરિફની જાહેરાત પૂર્વે સોનામાં કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલી અને ટ્રેડ વૉરની ભીતિ હેઠળ રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે તેજીનું વલણ રહ્યા બાદ રોકાણકારોને ઈક્વિટી જેવી જોખમી માર્કેટમાં થયેલી નુકસાની સરભર કરવા માટે સોનામાં વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં પીછેહઠ જોવા મળી હતી. નિષ્ણાતોના મતાનુસાર સોનામાં સલામતી માટેની માગને ટેકે ભાવમાં તેજીનું વલણ જળવાઈ રહેશે.

તેમ જ બૅન્ક ઑફ અમેરિકાનાં વિશ્લેષકના મતાનુસાર ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર આગામી બે વર્ષમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૩૫૦૦ ડૉલર સુધી પહોંચશે. જ્યારે ગોલ્ડમેન સાશે વર્ષ ૨૦૨૫નાં અંત સુધીમાં સોનાના ભાવ ઔંસદીઠ ૩૩૦૦ ડૉલર આસપાસની સપાટીએ રહેવાની ધારણા મૂકી છે.

જોકે, રિસર્ચ કંપની મોર્નિંગસ્ટારનું માનવું છે કે હાલની આકર્ષક ભાવસપાટીને ધ્યાનમાં લેતાં સોનાના ખનનમાં વધારો થવાથી વૈશ્વિક સ્તરે ઉત્પાદન અને પુરવઠામાં વધારો થવાથી આગામી થોડા વર્ષોમાં સોનાના ભાવમાં હાલના મથાળેથી નોંધપાત્ર ૪૦ ટકા જેટલો ઘટાડો આવી શકે છે અને ભાવ ઔંસદીઠ ૧૮૨૦ ડૉલર સુધી પહોંચી શકે છે.

જ્યારે સ્થાનિકમાં હાલના ડૉલર સામે રૂપિયાના ૮૫.૫૦ના મૂલ્યના આધારે સ્થાનિક સ્તરે ભાવ ઘટીને ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૫,૦૦૦થી ૫૬,૦૦૦ સુધી પહોંચે તેવી શક્યતા છે.

વધુમાં તેઓનું એવું માનવું છે કે આર્થિક વૃદ્ધિની ચિંતાએ ટૂંકા સમયગાળા માટેના પરિબળો હોવાથી ભવિષ્યમાં કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં લેવાલી ઘટતાં ભાવવધારાને બ્રેક લાગી શકે છે.

જોકે વૈશ્વિક બજારોમાં ટ્રેડ વૉરને કારણે વધી રહેલી ચંચળતા અને આર્થિક વૃદ્ધિની ચિંતાને ધ્યાનમાં લેતાં સોનામાં તેજીનું વલણ જળવાઈ રહે તેવી શક્યતા એલકેપી સિક્યોરિટીઝનાં કૉમૉડિટી અને કરન્સી વિભાગના એનાલિસ્ટ જતીન ત્રિવેદીએ જણાવ્યું હતું.

અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલે ગત સપ્તાહે નવાં ટૅરિફને પગલે ફુગાવાલક્ષી દબાણ અને આર્થિક અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા નજીકના ભવિષ્યમાં વ્યાજદરમાં કપાતની કોઈ શક્યતા ન હોવાનું જણાવ્યું હતું.

વધુમાં ડૉલર ઈન્ડેક્સ છ મહિનાની નીચી સપાટી સુધી તૂટ્યો હોવાથી ફેડરલ બજારમાં સ્થિરતા લાવવા હસ્તક્ષેપ કરશે કે નહીં તે અંગે તેમણે કહ્યું હતું કે હજુ કોઈ સ્પષ્ટતા ન હોવાથી અમે સાવચેતીનો અભિગમ અપનાવી રહ્યા છીએ. પૉવૅલના અભિગમને ધ્યાનમાં લેતા સોનાના ભાવમાં વિક્રમ સપાટીએથી પીછેહઠ જોવા મળી હતી પરંતુ રોકાણકારોની ઘટ્યા મથાળેથી સલામતી માટેની માગ નીકળતાં ભાવમાં સુધારો જોવા મળ્યો હતો.

તેમ છતાં આ વર્ષમાં અત્યાર સુધીમાં અમેરિકા-ચીન વચ્ચનાં ટ્રેડ વૉરની ભીતિ હેઠળ સોનાના ભાવમાં ગત સમગ્ર વર્ષનાં ૨૭ ટકાના વધારા સામે ૨૮ ટકાની વૃદ્ધિ આવી ગઈ હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવ્યું હતું.

અમારા મતાનુસાર આગામી સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૩૨૫૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની અને ૩૪૨૦ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થશે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૨,૦૦૦થી ૯૭,૦૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે. ■

# માર્ચમાં સોનાની આયાતમાં ૧૯૨ ટકાનો ઉછાળો

નવી દિલ્હીઃ દેશમાં સોનાની આયાતમાં નકારાત્મક વલણ જોવા મળતા દેશની ચાલુ ખાતાની ખાધ પર સકારાત્મક અસર પડ્યા બાદ ગત માર્ચ મહિનામાં ખાસ કરીને સોનાના ભાવમાં તેજીનું વલણ રહેતાં આયાત ૧૯૨.૧૩ ટકા ઉછળીને ૪.૪૭ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું વાણિજ્ય મંત્રાલયે એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે જાન્યુઆરી, ૨૦૨૪માં સોનાની આયાત ૧.૫૩ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

મંત્રાલયની આંકડાકીય માહિતી અનુસાર ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં એપ્રિલથી માર્ચ દરમિયાનની સોનાની આયાત આગલા નાણાકીય વર્ષના ૪૫.૫૪ અબજ ડૉલર સામે ૨૭.૨૭ ટકા વધીને ૫૮ અબજ ડૉલરના સ્તરે રહી હતી. એકંદરે આયાતમાં વધારો રોકાણકારોનો સલામતી માટે પીળી ધાતુ પર વધેલો વિશ્વાસ દર્શાવે છે. તેમ જ વૈશ્વિક સ્તરે વધેલી અનિશ્ચિતતાને કારણે રોકાણકારોના પોર્ટફોલિયામાં સોનાનો સમાવેશ તથા વૈશ્વિક સ્તરે ભાવ વધી આવતા કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીને કારણે પણ આયાતમાં વૃદ્ધિ જોવા મળી છે.

ગત શુક્રવારે દેશની રાજધાની નવી દિલ્હી ખાતે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૦ વધીને રૂ. ૯૮,૧૭૦ની નવી વિક્રમ સપાટીએ પહોંચ્યા હતા. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ અને અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ટૅરિફ અંગેની જાહેરાતોને કારણે વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતામાં વધારો થતાં સોનાના વૈશ્વિક ભાવ ઊછળી આવ્યા હતા. જોકે, તેની સામે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૪૦૦ના ઘટાડા સાથે રૂ. ૯૮,૦૦૦ની સપાટીએ રહ્યા હતા.

જોકે, ગત માર્ચ મહિનામાં ચાંદીની આયાત વર્ષાનુવર્ષ ધોરણે ૮૫.૪ ટકા ઘટીને ૧૧.૯૩ કરોડ ડૉલરની સપાટીએ રહી હતી, જ્યારે ગત નાણાકીય વર્ષ દરમિયાન ચાંદીની આયાત ૧૧.૨૪ ટકા ઘટીને ૪.૮૨ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

વધુમાં વાણિજ્ય મંત્રાલયની આંકડાકીય માહિતી અનુસાર ગત નાણાકીય વર્ષમાં દેશમાં થયેલી સોનાની સૌથી વધુ આયાત સ્વિટ્ઝર્લૅન્ડથી ૮૫.૪ ટકાના હિસ્સા સાથે ૧૧.૯૩ કરોડ ડૉલરની સપાટીએ રહી હતી. ત્યાર બાદ અનુક્રમે યુએઈ અને દક્ષિણ આફ્રિકાનો હિસ્સો અનુક્રમે ૧૬ ટકા અને ૧૦ ટકા જેટલો રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે દેશમાં થતી કુલ આયાતમાં કિંમતી ધાતુઓનો હિસ્સો આઠ ટકા જેટલો હોય છે. જોકે, પ્રમાણની દૃષ્ટિએ ગત નાણાકીય વર્ષમાં સોનાની આયાત આગલા નાણાકીય વર્ષના ૭૯૫.૩૨ ટન સામે ઘટીને ૭૫૭.૧૫ ટનની સપાટીએ રહી હતી.

જોકે, વર્ષાનુવર્ષ ધોરણે ગત ફેબ્રુઆરી મહિનામાં દેશમાં સોનાની આયાતમાં ૬૨ ટકાનો ઘટાડો થયો હતો, જ્યારે જાન્યુઆરી અને ડિસેમ્બર મહિનામાં અનુક્રમે ૪૦.૮ ટકાનો અને ૫૫.૩૯ ટકાનો વધારો થયો હતો.

એકંદરે માર્ચ મહિનામાં સોનાની આયાતમાં વધારો થવાથી દેશની વેપાર ખાધ (આયાત-નિકાસ વચ્ચેનો તફાવત)વધીને ૨૧.૫૪ અબજ ડૉલરની વિક્રમ સપાટીએ રહી હોવાનું માહિતીમાં ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વિશ્વભરમાં ભારત ચીન પછી બીજા ક્રમાંકનો સૌથી મોટો ખરીદદાર દેશ છે. સ્થાનિકમાં ખાસ કરીને જ્વેલરી ઉદ્યોગની માગ સંતોષવા માટે સોનાની આયાત થાય છે.

વાણિજ્ય મંત્રાલયના જણાવ્યાનુસાર ગત માર્ચ મહિનામાં દેશની જેમ્સ અને જ્વેલરીની નિકાસ માર્ચ, ૨૦૨૪ની સરખામણીમાં ૧૦.૬૨ ટકા વધીને અંદાજે ત્રણ અબજ ડૉલરના સ્તરે રહી હતી. જોકે, સમગ્ર નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં નિકાસ આઘલા નાણાકીય વર્ષના ૩૨.૭ અબજ ડૉલર સામે ૮.૮૪ ટકા ઘટીને ૨૯.૮૨ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

ગત ડિસેમ્બર અંતના ત્રિમાસિકગાળામાં વેપાર ખાધ વધુ રહેતાં દેશની ચાલુ ખાતાની ખાધ જે આગલા વર્ષનાં સમાનગાળામાં ૧૦.૪ અબજ ડૉલર અથવા તો જીડીપીના ૧.૧ ટકાના સ્તરે હતી તેની સામે વધીને ૧૧.૫ અબજ ડૉલર અથવા તો જીડીપીનાં ૧.૧ ટકાના સ્તરે રહી હતી. ■

# વિદેશી હૂંડિયામણની અનામત ૧.૫૬, અબજ ડૉલર વધી

મુંબઈઃ ગત ૧૧મી એપ્રિલના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૧.૫૬૭ અબજ ડૉલર વધીને ૬૭૭.૮૩૫ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ સાથે જ સતત છઠ્ઠા સત્રમાં વિદેશી હૂંડિયામણની અનામતમાં વધારો જોવા મળ્યો છે. આ પૂર્વેના સપ્તાહે અનામત ૧૦.૮૭૨ અબજ ડૉલર વધીને ૬૭૬.૨૬૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. જોકે, ગત સપ્ટેમ્બર, ૨૦૨૪માં અનામત વધીને ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની વિક્રમ સપાટીએ રહી હતી, પરંતુ ત્યાર બાદ વૈશ્વિક પરિબળોને કારણે ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલું ધોવાણ ખાળવા માટે સમયાંતરે રિઝર્વ બૅન્કની હાજર બજારમાં ડૉલરમાં વેચવાલી રહેતાં અનામતમાં ઘટાડો થયો હતો.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં કુલ અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યાતમો ૮૯.૨ કરોડ ડૉલર વધીને ૫૭૪.૯૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્કયામતોમાં ડૉલર ઉપરાંત સપ્તાહ દરમિયાન યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન દેશમાં સોનાની અનામત ૬૩.૮ કરોડ ડૉલર વધીને ૭૯.૯૯૭ અબજ ડૉલર અને ઈન્ટરનેશન મોનેટરી ફંડ સાથેની અનામત ૪.૩ કરોડ ડૉલર ઘટીને ૪.૫૦૨ અબજ ડૉલરની સપાટીએ રહી હતી, જ્યારે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૬૦ લાખ ડૉલર ઘટીને ૧૮.૩૫૬ અબજ ડૉલરની સપાટીએ રહ્યા હોવાનું રિઝર્વ બૅન્કે આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું. ■

# હલકા ગ્રેડ ધરાવતા મટિરિયલની આયાત પર પ્રતિબંધની પેપર ઉદ્યોગની માગ

મુંબઈઃ હલકી ગુણવત્તા ધરાવતા પેપરની દેશમાં થતી આયાત પર પ્રતિબંધ મૂકવા, ક્વૉલિટી કન્ટ્રોલ ઓર્ડર લાદવા અને સ્થાનિક ઉત્પાદકોના હિતને જાળવી રાખવા માટે પેપરના આયાતી શિપમેન્ટ પર નજર રાખવા પેપર ઉદ્યોગે સરકારને અનુરોધ કર્યો છે.

દેશમાં થઈ રહેલી સસ્તી આયાત સામે ચિંતા વ્યક્ત કરતાં ઈન્ડિયન પેપર મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન (આઈપીએમએ)એ જણાવ્યું હતું કે તાજેતરમાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ચીન અને ઈન્ડોનેશિયા સહિત એશિયન નિકાસકારો પર લાદેલી ૧૦ ટકા બેઝલાઈન ટૅરિફને ધ્યાનમાં લેતાં સ્થાનિકમાં પરિસ્થિતિ નોંધપાત્ર સ્તરે વણસે તેવી શક્યતા નકારી ન શકાય.

આથી વૈશ્વિક ધોરણે અતિરિક્ત પુરવઠો ભારતમાં ઠલવાય તે પૂર્વે એસોસિયેશને સરકારને તાકીદના ધોરણે સ્થાનિક પેપર ઉદ્યોગની સલામતી માટે નીતિવિષયક પગલાં લેવા જણાવ્યું છે. તેમ જ એસોસિયેશને રિજેક્ટેડ અથવા તો હલકા ગ્રેડનાં મટિરિયલની આયાત પ્રતિબંધિત કરવાની સાથે પેપરની સસ્તી આયાત અને પેપરબોર્ડનાં શિપમેન્ટ સામે યથાયોગ્ય પગલાં લેવા તેમ જ આઈપીએમએએ દેશમાં થતી પેપરની આયાતને પ્રસ્તાવિત ઈન્ટર મિનિસ્ટરિયલ ઈમ્પોર્ટ મોનિટરિંગ ગ્રૂપ હેઠળ દેખરેખ રાખવા માટે પણ જણાવ્યું છે.

વધુમાં એસોસિયેશને પેપર અને પેપરબોર્ડનો આસિયન-ઈન્ડિયા મુક્ત વેપાર કરારમાંથી બાકાત રાખવામાં આવેલી ચીજોની યાદીમાં સમાવેશ કરવાની અને હલકી ગુણવત્તાની થતી આયાત રોકવા ક્વૉલિટી કન્ટ્રોલ ઓર્ડર જારી કરવાની પણ માગણી કરી છે. એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ભારતીય પેપર ઉદ્યોગ વર્ષે ૨.૨ કરોડ ટનનું ઉત્પાદન કરે છે અને આ ઉદ્યોગ સાથે સીધી અને આડકતરી રીતે ૨૦ લાખ રોજગારો સંકળાયેલા છે અને આ તમામ પ્રેફરન્શિયલ ટ્રેડ એગ્રીમેન્ટ હેઠળ પેપર અને પેપરબોર્ડની વધી રહેલી આયાતથી ચિંતિત છે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે છેલ્લાં ચાર વર્ષમાં ચીન અને આસિયન દેશોથી થતી આયાત બમણી થઈ ગઈ છે. જ્યારે હવે અમેરિકા અને યુરોપ નિયંત્રાત્મક ટૅરિફ લાદી રહ્યા છે, ત્યારે ભારતમાં એશિયન ઉત્પાદકો તરફથી ડમ્પિંગ થવાની શક્યતાને ધ્યાનમાં લેતાં સ્થાનિક બજારની સલામતી માટેનાં પગલાં લેવા આવશ્યક હોવાનું એસોસિયેશનના પ્રમુખ પવન અગરવાલે જણાવ્યું હતું. ■

# હાજર ખાંડમાં, મિશ્ર વલણઃ નાકા ડિલિવરીમાં પીછેહઠ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૮૦થી ૩૮૩૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ભાવમાં મિશ્ર વલણ જળવાઈ રહ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોનો નવી લેવાલીમાં નિરુત્સાહ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૩૦નો ઘટાડો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૩૨થી ૪૦૦૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડમાં માગને ટેકે વેપાર નીચલા મથાળેથી રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૪૦૨૨થી ૪૦૬૨માં થયા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી પાંખી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૬૦થી ૩૮૯૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ અને ઉપલા મથાળેથી રૂ. ૩૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૨૦થી ૩૯૬૦માં થયા હતા. ■

# યસ બૅન્કના નફામાં ૬૩ ટકાનો ઉછાળો

નવી દિલ્હીઃ બૅન્કિંગ ક્ષેત્રની અગ્રણી યસ બૅન્કનો ગત માર્ચના અંતે પૂરા થયેલા ચોથા ત્રિમાસિકગાળામાં ખાસ કરીને બિનઉપજાઉ અસ્ક્યામતોની જોગવાઈઓમાં ઘટાડો થતાં ચોખ્ખો નફો ૬૩ ટકા વધીને રૂ. ૭૩૮ કરોડની સપાટીએ રહ્યો હતો, જ્યારે સમગ્ર નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં બૅન્કનો ચોખ્ખો નફો રૂ. ૨૪૦૬ કરોડની સપાટીએ રહ્યો હતો.

સમીક્ષા હેઠળના ત્રિમાસિકગાળામાં ખાસ કરીને એડવાન્સીસમાં ૮.૧ ટકાનો અને વ્યાજના માર્જિનમાં ૨.૫ ટકાનો વધારો થવાથી બૅન્કની વ્યાજની આવક ૫.૭ ટકા વધીને રૂ. ૨૨૭૬ કરોડની સપાટીએ રહી હોવાનું બૅન્કે આજે એક રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું હતું. ગત નાણાકીય વર્ષના ચોથા ત્રિમાસિકગાળામાં સ્ટેન્ડ એલોન ધોરણે બૅન્કની કુલ આવકો આગલા નાણાકીય વર્ષના સમાનગાળાના રૂ. ૯૦૧૫.૭૭ કરોડ સામે વધીને રૂ. ૯૩૫૫.૩૯ કરોડની સપાટીએ રહી હતી. જોકે, થાપણોમાં વૃદ્ધિની ચિંતા વૃદ્ધિ દર ૬.૮ની વૃદ્ધિ જોવા મળી હતી. બૅન્કના મૅનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટીવ પ્રશાંતકુમારે પત્રકાર વર્તુળોને જણાવ્યું હતું કે બૃહદ આર્થિક સ્થિતિને ધ્યાનમાં લેતાં અમે ૧૨થી ૧૫ ટકા ધિરાણ વૃદ્ધિનો લક્ષ્યાંક રાખીએ છીએ તેમ જ થાપણમાં વૃદ્ધિ ધિરાણ વૃદ્ધિ કરતાં વધુ રહેવાનો અંદાજ મૂકી રહ્યા છીએ. ■

# દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે સપ્તાહના અંતે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી દેશી-આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે માત્ર રવાનગીના છૂટાછવાયા કામકાજો થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિન, સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૬૦, રૂ. ૧૨૪૦ અને રૂ. ૧૩૯૦ તથા ગોકુલ એગ્રોના સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૪૫થી ૧૨૫૦ અને રૂ. ૧૩૭૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૯૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૦, સિંગતેલના રૂ. ૧૩૭૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૪૦ અને સરસવના રૂ. ૧૩૭૦ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૭૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૬૦માં ટકેલા ધોરણે થયા હતા. ■

# ટીન, નિકલ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે સપ્તાહના અંતે તેમ જ વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે એકંદરે કામકાજો પાંખાં રહેતાં વિવિધ ધાતુઓનાં ભાવ બેતરફી સાંકડી વધઘટે અથડાઈ ગયા હતા, જેમાં ખાસ કરીને ટીન, નિકલ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં કિલોદીઠ રૂ. એકથી પાંચનો સુધારો આવ્યો હતો અને કોપરની વેરાઈટીઓમાં મિશ્ર વલણ રહેતાં કોપર કેબલ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીમાં અનુક્રમે કિલોદીઠ રૂ. બે અને રૂ. એકનો સુધારો આવ્યો હતો તથા કોપર આર્મિચર અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં અનુક્રમે કિલોદીઠ રૂ. એકનો અને રૂ. ચારનો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ઔદ્યોગિક વપરાશકારો, સ્થાનિક ડીલરો અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલીને ટેકે નિકલના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૧૩૬૮, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૫૪૪, કોપર કેબલ સ્ક્રેપ અને ટીનના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૩૪ અને રૂ. ૨૭૪૦ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૮૨૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને સાર્વત્રિક સ્તરેથી નિરસ માગ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૭૪૫ અને નિરસ માગે કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૮૧૩ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે બ્રાસ શીટ કટિંગ્સ, કોપર વાયરબાર, એલ્યુમિનિયમ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું બજારનાં સાધનોએ ઉમેર્યું હતું. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**સિગ્નલિંગ વર્ક**

સિનિયર ડિવિઝનલ સિગ્નલ & ટેલિકોમ એન્જિનિયર (સાઉથ), ૨જો માળ, ડિવિઝનલ રેલવે મેનેજરની ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮, ઈ-ટેન્ડર નં.: **W૪૨૦_૩_૨૯૭_૯૩૧_૨૦૨૪_SG_WA**, તા. ૧૭.૦૪.૨૦૨૫ મંગાવે છે. **કામ અને સ્થળઃ** મુંબઈ ડિવિઝન પશ્ચિમી રેલવેના ચર્ચગેટ - વિરાર સેક્શનમાં i) MRIDCL દ્વારા Km 8-૯ ખાતે પ્રભાદેવી (એલ્ફીસ્ટન રોડ-કેરોલ બ્રિજ) ખાતે નવા ROBનું બાંધકામ ii) ચર્ચગેટ - વિરાર TTR (FS+TWS+WCMSC) - ૮૦ સેટ, TTR (CMSC) - ૭૧ સેટ, TTR (CS) - ૪૯ સેટ & SEJs - ૬૨ નં.ના સંબંધમાં સિગ્નલિંગ વર્ક. **કામની અંદાજિત કિંમતઃ** ₹ ૮૫,૧૨,૬૧૯.૪૭. **બારડીઃ** ₹ ૧,૭૦,૩૦૦/- **સુપ્રતિની તારીખ અને સમયઃ** ૦૯.૦૫.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. **ખોલવાની તારીખ અને સમયઃ** ૦૯.૦૫.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ **www.ireps.gov.in**ની મુલાકાત લો. **0067**

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

# ઠાકરે ભાઈઓ એક થવાના?

## હા, લગભગ પાકું સમજો: મહારાષ્ટ્રના ભલા માટે રાજ ઠાકરેએ સમાધાનનો હાથ લંબાવ્યો છે



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: ‘જો આપણે કોઈ મોટી બાબતને ધ્યાનમાં રાખીએ, તો અમારી વચ્ચેનો વિવાદ ખૂબ જ નાનો છે. તેની સામે મહારાષ્ટ્ર ખૂબ મોટું છે. આ મહારાષ્ટ્રના અસ્તિત્વ અને મરાઠી લોકોના અસ્તિત્વ માટે, અમારી વચ્ચેનો વિવાદ અને બીજી બધી બાબતો નજીવી છે. તેથી, સાથે આવવું અને સાથે રહેવું, આ બાબતો મુશ્કેલ નથી, પરંતુ પ્રશ્ન ફક્ત ઇચ્છાશક્તિનો છે,’ એમ મનસેના પ્રમુખ રાજ ઠાકરેએ કહ્યું હતું, જેમણે ગઠબંધન માટે શિવસેનાના ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે પક્ષના વડા ઉદ્ધવ ઠાકરે તરફ પરોક્ષ રીતે હાથ લંબાવ્યો હોવાના સંકેત મળી રહ્યા છે. રાજ ઠાકરેએ આ નિવેદન અભિનેતા અને દિગ્દર્શક મહેશ માંજરેકર સાથેની મુલાકાતમાં આપ્યું હતું.

શું તમે અને શિવસેના ફરીથી ગઠબંધન કરી શકો છો? એવો પ્રશ્ન મહેશ માંજરેકરે એક ઇન્ટરવ્યુ દરમિયાન પૂછ્યો હતો. તેના પર રાજ ઠાકરેએ કહ્યું હતું, ‘એક સાથે આવવું મુશ્કેલ નથી. મહારાષ્ટ્રનું મોટું ચિત્ર જોવાની જરૂર છે અને હું તે જોઈ રહ્યો છું. હું જે કહી રહ્યો છું તે એ છે કે મહારાષ્ટ્રના તમામ રાજકીય પક્ષોના તમામ મરાઠી નેતાઓએ ભેગા થઈને એક જ પક્ષ બનાવવો જોઈએ,’ એમ કહેતાં રાજે એવું પણ સૂચન કર્યું છે કે મહારાષ્ટ્રના ભલા માટે ઉદ્ધવ ઠાકરેની શિવસેના સાથે ગઠબંધન કરવામાં તેમને (જુઓ પાનું ૪) ▸▸

## ...એક શરત પર: ઉદ્ધવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મનસે પ્રમુખ રાજ ઠાકરેએ શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેને સાથે આવવા હાકલ કરી હતી. દરમિયાન, ઉદ્ધવ ઠાકરે આ ઓફર સ્વીકારવા સંમત થયા છે. જોકે, ઉદ્ધવ ઠાકરેએ રાજ ઠાકરે સમક્ષ એક શરત મૂકી છે. ઉદ્ધવ ઠાકરે કામગાર સેનાના એક કાર્યક્રમમાં બોલી રહ્યા હતા.

ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, હું નાના વિવાદોને બાજુ પર રાખવા તૈયાર છું, હું બધા મરાઠી લોકોને મહારાષ્ટ્ર માટે એક સાથે આવવા અપીલ કરું છું. પણ એક શરત છે, જ્યારે અમે લોકસભામાં કહી રહ્યા હતા કે તેઓ આ બધા ઉદ્યોગોને ગુજરાતમાં લઈ જઈ રહ્યા છે, જો તમે તે સમયે તેનો વિરોધ કર્યો હોત, તો અમે કેન્દ્ર અને રાજ્યમાં મહારાષ્ટ્રના હિતમાં સરકાર બનાવી શક્યા હોત. ત્યારે તેને ટેકો આપવાનો અને અત્યારે તેનો વિરોધ કરવાનો અને પછી ફરીથી સમાધાન કરવાથી કામ નહીં ચાલે. મહારાષ્ટ્રનાં હિતમાં આડે આવનાર કોઈપણ વ્યક્તિને હું આવકારીશ નહીં, હું તેને ઘરે આમંત્રણ આપીશ નહીં, હું તેની સાથે હરોળમાં બેસીશ નહીં, હું તેનું સ્વાગત કરીશ નહીં, પહેલા આ નક્કી કરો, પછી મહારાષ્ટ્રનાં હિતમાં કામ કરવાની વાત કરો. આજે હું તમને આપણી વચ્ચે થયેલી બીજી લડાઈઓ માટે કહીશ. જે ઝઘડાઓ મારા તરફથી ક્યારેય નહોતા તે મેં ઉકેલી નાખ્યા છે, પણ પહેલાં આટલી શરત માનવાનું કબૂલ કરો. (જુઓ પાનું ૪) ▸▸

## ઉદ્ધવે બે વખત દગો આપ્યો: સંદીપ દેશપાંડે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રનાં હિત માટે બંને ઠાકરે બંધુઓ ભેગા આવે તેની તરફેણ કરનારા સંજય રાઉતના નિવેદન પર જવાબ આપતાં મનસેના સંદીપ દેશપાંડેએ શનિવારે જણાવ્યું હતું કે આ પહેલાં ૨૦૧૪ અને ૨૦૧૭માં ઉદ્ધવે અમને દગો આપ્યો હતો એટલે આ વખતે તેમના પર કેટલો વિશ્વાસ કરવો તે જોવાનું છે. આ વખતે તેઓ જે કહે છે તેના પર વિશ્વાસ બેસે તેવું વાતાવરણ જણાઈ રહ્યું છે. અમે અમારી જીભ પહેલાં જ કચરી છે. આથી હવે કેવી રીતે વિશ્વાસ રાખવો તે સવાલ છે, બાકી ગઠબંધનનો નિર્ણય રાજ ઠાકરે લેશે. ■

## થોભો અને રાહ જુઓ: સંજય રાઉત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે બંને ભાઈઓ છે. કેટલાક રાજકીય મતભેદો થયા હશે. અહીં પણ ઠાકરે છે અને ત્યાં પણ ઠાકરે છે. સંબંધો હજી અકબંધ છે. મેં બંનેના નિવેદન સાંભળ્યા છે. રાજ ઠાકરેએ કહ્યું કે તેઓ મહારાષ્ટ્રનાં હિત માટે બધા વિવાદોને ભૂલી જવા તૈયાર છે. આના પર ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે કોઈ વિવાદ કે લડાઈ નથી અને કોઈપણ વિવાદનો ઉકેલ લાવવામાં સમય લાગતો નથી. એકમાત્ર મુદ્દો એ છે કે આપણે મહારાષ્ટ્ર વિરુદ્ધ હોય તેવા લોકો સાથે કોઈ સંબંધ ન રાખવો જોઈએ. ઠીક છે, અમારું પચીસ વર્ષ સુધી (જુઓ પાનું ૪) ▸▸

## મહારાષ્ટ્રના અચ્છે દિન આવશે: રાજના મામા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મેં રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે બંનેના નિવેદનો સાંભળ્યા છે. આજે મને સારા સમાચાર મળ્યા છે, મને હવે રાહત થઈ છે. હવે જો આ બંને ભેગા થાય, તો ન થાય તેના કરતાં મોડું સારું એમ રાજ ઠાકરેના મામા ચંદુમામાએ કહ્યું હતું.

જો બંને એકબીજા સાથે ભળી રહ્યા છે અને તેમના હૃદય એક થઈ ગયા છે, તો તે સારી વાત છે. ઉદ્ધવ ઠાકરેના નિયમો અને શરતોનો વિકલ્પ પણ છે એમ જણાવતાં ચંદુમામાએ કહ્યું હતું કે, આપણે તુળજા ભવાનીના ચરણોમાં પ્રાર્થના કરીશું કે મહારાષ્ટ્ર માટે સારા દિવસો આવે. બંને ભાણેજ ભેગા આવે એ (જુઓ પાનું ૪) ▸▸

### મેટ્રોનાં કામે કરાવી મોકાણ, અમર મહેલ પાસે પાણીના પાઈપમાં ભંગાણ

# ઘાટકોપર, ચેમ્બુર, કુર્લા અને પરેલમાં પાણીના ધાંધિયા



**કામ કોનું, સજા કોને?:** મેટ્રોના કામને કારણે ગઈ કાલે અમર મહેલ પાસે પાણીની પાઈપલાઈનમાં ભંગાણ પડ્યું હતું.

## પૂર્વ ઉપનગર સહિત દક્ષિણ મુંબઈમાં ૨૪ કલાક માટે પાણીપુરવઠો બંધ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઘાટકોપર (પૂર્વ)માં અમર મહેલ જંકશન પાસે મેટ્રો રેલવેનું કામ ચાલી રહ્યું હતું એ દરમ્યાન ૧૨૦૦ મિ.મી. વ્યાસની પાણીની પાઈપલાઈનમાં ગળતર થવાથી ઘાટકોપરથી લઈને છેક દાદર-પરેલ સુધીના વિસ્તારમાં પાણીપુરવઠાને અસર થઈ હતી. પાલિકાએ યુદ્ધનાં ધોરણે સમારકામ હાથ ધર્યું હતું, છતાં પૂર્વ ઉપનગર સહિત દક્ષિણ મુંબઈના અમુક વિસ્તારોમાં ૨૪ કલાક માટે પાણીપુરવઠો બંધ (જુઓ પાનું ૪) ▸▸

## મહારાષ્ટ્રમાં હિન્દી ભાષાનું ફરજિયાત શિક્ષણ નહીં થવા દઈએ: ઉદ્ધવ ઠાકરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્ય સરકારે પહેલાથી પાંચમા ધોરણના વિદ્યાર્થીઓ માટે હિન્દીને ફરજિયાત ત્રીજી ભાષા બનાવવાનો નિર્ણય લીધા બાદ શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ શનિવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમનો પક્ષ મહારાષ્ટ્રમાં હિન્દીને ફરજિયાત શિક્ષણ આપવાની યોજનાને સફળ થવા દેશે નહીં.

શિવસેના (યુબીટી)ની કામગાર પાંખ, ભારતીય કામગાર સેનાના એક કાર્યક્રમને સંબોધતા ઠાકરેએ કહ્યું હતું કે તેમની પાર્ટીને હિન્દી ભાષા પ્રત્યે કોઈ અણગમો નથી અને એવું પૂછ્યું હતું કે તેને શા માટે તેના માટે દબાણ કરવામાં આવી રહ્યું છે.

રાજ્યભરની મરાઠી અને અંગ્રેજી-માધ્યમ શાળાઓમાં પહેલાથી પાંચમા ધોરણના વિદ્યાર્થીઓ (જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1689/1957. ‘‘મુંબઈ સમાચાર સાપ્તાહિક’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલ: samachar.bombay@gmail.com ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1689/1957.